Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

BHARTI

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Samaj Foundation Chenn

ain. Gurukul Kangri Co

113537

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

COMPILED

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

COMPILED

पुस्तकालय
गुरुकुल काँगड़ी
3-9-68

भारती

27

पावका नः सरस्वती

पूज्य दीदी सवितावहन महेता
अभिनन्दन विशेषांक

प्रकाशक :

श्री आर्य कन्या गुरुकुल, पोरबन्दर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

113537 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

113537

ॐ

અનુક્રમ

卐

			પૃષ્ઠ
૧	अभिनंदनम्	—	૧
૨	નિવેદન	—	૨
૩	નૃત્ય-કળા	— પ્રા. એચ. એચ. દવે. એમ. એ	૪

શુભેચ્છાઓ અને આશીર્વચનો

૧	પૂ. કુલમાતાજીના આશીર્વાદ	— પૂ. કુલમાતાજી	૧
૨	શુભેચ્છા અને આશીર્વાદ	— શ્રી. કાલિદાસ રાડિયા	૨
૩	અંતરના અભિનંદન	— પં. આનંદપ્રિયજી	૨
૪	शुभेच्छा-संदेश	— ડૉ. મોતીચંદ્રજી	૩
૫	શુભેચ્છા	— શ્રી. રવિશંકર રાવળ	૩
૬	शुभाशीर्वचनम्	— મહંતશ્રી શાંતિપ્રસાદજી	૪
૭	શુભેચ્છા-સંદેશ	— શ્રી. ગુલાબદાસ બ્રોકર	૫
૮	સૌના દીદી	— સૌ. સ્નેહલીલાબહેન ઠકરાર	૬
૯	આદ્યાક્ષર કાવ્ય	— શ્રી. ગૌરીદાસજી મહારાજ	૮
૧૦	आजीवन विद्यार्थी	— श्री. सुशीला बहन पंडित	९
૧૧	शुभ-कामना	— श्री. शान्ति बहन अग्रवाल	९
૧૨	शुभ-कामना	— श्री. शान्ता बहन वर्मा	१०
૧૩	माननीय दीदी की सफलता	— श्री. सती बहन मोजवाणी	१०
૧૪	शुभेच्छाओ	— શ્રી. જયશ્રી દોશી	૧૧
૧૫	સંસ્કાર સંપન્ન વ્યક્તિત્વ	— શ્રી. વાસંતીબહેન વકીલ	૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬	શુ લખું ?	—	શ્રી. ગોદાવરીબહેન પટેલ	૧૨
૧૭	દીદી અને તેમના આદર્શ પરિચય	—	"આફ્રિકા સમાચાર" માંથી (દીપોત્સવી અંક-૧૯૭૦)	૧૪
૧૮	प्रियदर्शिन्यै कला-नन्दिन्यै स्नेहांजलि-		गुरुकुल-महिला-कॉलेज-परिवार	२०
૧૯	પ્રેરણામૂર્તિ પૂ દીદી	—	શ્રી. તારાબહેન દવે	૨૨
૨૦	જીવન-સ્વપ્ન	—	શ્રી. ગાર્ગીબહેન આર્ય	૨૪
૨૧	અભિવાદન-પત્ર	—	'લાયન્સ કલબ', પોરબંદર	૨૭
૨૨	શતાભિનંદન	—	શ્રી. ભાનુમતી કોટેચા	૨૯
૨૩	સિદ્ધેશ્વરી	—	શ્રી. પૂર્ણિમાબહેન પકવાસા	૨૯
૨૪	પ્રભાવશાળી વ્યક્તિત્વ	—	કુ. રૂપાકુમારી કુછડિયા	૩૦
૨૫	The Learned one	—	Eve's Weekly-July-1973	32
૨૬	Some Tributes	—	....	૩૫

ગુજરાતી-વિભાગ

૧	જીવનનું ધ્યેય (નિબંધ)	—	કુ. મધુરી કેરાઇ	૧
૨	વતનપ્રેમ-દેશપ્રેમ (,,)	—	કુ. શારદા દાવડા	૩
૩	શ્રમનું મહત્વ (,,)	—	કુ. હેમલતા પટેલ	૫
૪	એક અધુરું કામ (સંકલન)	—	શ્રી. શાંતિભાઇ જોષી	૭
૫	ગીતા-સિંહાવલોકન (અધ્યાય-૭)	—	શ્રી. વિષ્ણુભાઈ ભટ્ટ	૧૧
૬	ઉપનિષદોમાં બ્રહ્મચારીની આચાર-સંહિતા (લેખ)	—	પ્રો૦ શંકરદેવ વિદ્યાલંકાર	૧૫
૭	'હે ચકવા !'-એક રસાસ્વાદ (લેખ)	—	શ્રી. તારાબહેન દવે	૨૦
૮	૧૫ મી ઓગસ્ટ (નિબંધ)	—	કુ. શાંતા રાઠોડ	૨૩
૯	'ચિત્રાંગદા'નું પ્રણય-દર્શન (લેખ)	—	પ્રો૦ એચ. એચ દવે. એમ.એ.	૨૬
૧૦	ઉમા-મહેશ્વર (કાવ્ય)	—	શ્રી. હરખજી લક્ષ્મીરામ દવે	૩૨
૧૧	બાને નામે (વાર્તા)	—	શ્રી. છગનભાઇ પરમાર	૩૬
૧૨	ગુરુકુલ તપોવનના પંખીઓ (લેખ)	—	શ્રી. નરોત્તમભાઇ પલાણ એમ.એ.	૪૨
૧૩	તને રે શું કહીએ ? (કાવ્ય)	—	કુ. જ્યોતિબહેન થાનકી એમ.એ.	૪૫
૧૪	સ્ત્રી-શાકત મહિમા-શતક (કાવ્ય)	—	શ્રી. પિંગળશીભાઈ ગઢવી	૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫	સંસ્કૃતિ અને સમન્વયવાદી ભાવના	—	પ્રા. અરુણકુમાર મહેતા એમ.એ.	૫૨
૧૬	પરમ-ધર્મ (લેખ)	—	શ્રી. રવિશંકરભાઇ	૫૩
૧૭	પ્રવાસનું મહત્વ (લેખ)	—	શ્રી. ગોદાવરી બહેન પટેલ	૫૫
૧૮	બીજ માનવ્યનું (કાવ્ય)	—	શ્રી. હરસુખભાઇ આચાર્ય	૫૬
૧૯	નૃત્ય	—	પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા	૫૭
૨૦	અમર-વાણી (સંચય)	—	શ્રી. જગજીવન માવદીઆ	૫૯

हिन्दी-विभाग

१	शुचीनां श्रीमतां गेहे (लेख)	—	श्री. दीनदयालु जोशी	१
२	लोक-गीतों में कवित्व (लेख)	—	कु० राधा राठोड	४
३	औद्योगिक विकास क्यों ? (लेख	—	श्री. शामजीभाई वडुकर	६
४	संस्कृति के परिव्राजक (लेख)	—	कु. चारुस्मिता बी ए.	८
५	पारिजात की पाँखुरियाँ (चिंतन)	—	श्री. रश्मिबाला एम. ए.	१४
६	साधिकाके सान्निध्यमें (लेख).	—	श्री. लीला बहन वेगड़	१६
७	राधा (लेख)	—	श्री. कान्ता बहन सवजीयाणी	१८
८	प्रेमचन्द्रजी—कहानीकार (लेख)	—	कु. रंभाबहन टांक	२१
९	वन्देमातरम् गीत के पिता (लेख)	—	प्रो. शंकरदेव विद्यालंकार	२५
१०	हमारी संस्कृति (लेख)	—	स्व. श्री कन्हैयालाल मुनशी	२८
११	साधना-तपोवनकी साधिका (लेख)	—	अध्यापिका इन्दुबाला दीवान	३०
१२	जन साधारण के लिये आहार (लेख)	—	श्री. सुशीला बहन पंडित	३२
१३	बहो निरन्तर आनन्द-धारा (लेख)	—	श्री. वसंत बाला रावल	३४
१४	छन्द और संगीत	—	डॉ० नरेश पंड्या	३८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संस्कृत–विभाग

१ संस्कृतं किमर्थं पठनीयम् (लेख) — कु. नीलम दामोदर १

२ कला–सौन्दर्ययोः समन्वयः (लेख) — कु. जयश्री मामतोरा ३

३ कला (लेख) — कु. भारती राजाणी ३

४ गीर्वाण वाग् गौरवम् — पत्र व्यवहारक ५

५ स्वातन्त्र्यकी उषामें जग जाय मेरा देश= श्री. रवीन्द्रनाथ ठाकुर ६

ENGLISH SECTION

1 The Preparation of Soma — Miss Narmada Padhye 1

2 Didi — Shri D. D. Vaisnav 3

3 Our Didi, you may live long — Shri Kishor Joshi 5

4 Our Dear Didi — Miss Indira Thakrar 6

ગુરુકુલ સંસ્થા વિષે અભિપ્રાયો —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

चित्र-सूची

卐

૧ મહર્ષિ દયાનંદ સરસ્વતી
૨ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી
૩ અમારા કુલપિતાજી
૪ પૂ. શ્રી. કુલમાતાજી
૫ કુલબંધુ શ્રી. ધીરેન્દ્રભાઇ મહેતા
૬ કુલબંધુ શ્રી. મહેન્દ્રભાઇ મહેતા
૭ આચાર્યા શ્રી. સવિતાબહેન મહેતા
૮ પૂજ્ય ગાંધીજી સાથે પૂ. કુલપિતાજી અને પરિવાર ૧૯૪૪
૯ પ્રથમ સ્નાતિકા દીક્ષાંત સમારંભ ૧૯૫૧
૧૦ શ્રી દીદી દ્વારા મણિપુરી નૃત્યની ઝાંખી ૧૯૫૨
૧૧ દીક્ષાંત-સમારોહ — બીજું દશ્ય ૧૯૫૨
૧૨ ઉષા નૃત્ય-નાટિકાનું દશ્ય ૧૯૫૨
૧૩ નૃત્યનાટિકા — પત્તાનો પ્રદેશ ૧૯૫૨
૧૪ આફ્રિકા જતું પ્રવાસ-મંડળ ૧૯૫૨
૧૫ આફ્રિકા પ્રવાસ મંડળનું સ્વાગત-સાગર તીરે ૧૯૫૨
૧૬ કુલભૂમિમાં આફ્રીકા પ્રવાસ-મંડળ ૧૯૫૨
૧૭ પૂજ્ય શ્રી. ડો. રાધાકૃષ્ણન-સંસ્થાની મુલાકાતે ૧૯૫૨
૧૮ કેળવણી પ્રધાન શ્રી ઇંદુમતી શેઠ અને શ્રી દીદી ૧૯૬૬
૧૯ વડાપ્રધાન પૂ. ઇન્દિરાજી—ભારત-મંદિરમાં ૧૯૬૭
૨૦ પૂજ્ય ઇંદિરાજી તારા-મંદિરથી પાછા આવતાં ૧૯૬૭
૨૧ પૂજ્ય ઇંદિરાજી—સંસ્થાની મુલાકાતે
૨૨ પૂજ્ય ઇંદિરાજી—સંસ્થાની વિદાય લેતાં ૧૯૬૭
૨૩ શ્રી મહેરા અને રીયર એડમિરલ શ્રી નંદા અને પૂ. દીદી ૧૯૬૭
૨૪ પૂ. કુલપિતાજી અને પરિવાર—૮૧મી જયંતી સમયે ૧૯૬૭
૨૫ બ્રહ્મચારિણી બહેનોની બાંબૂડ્રિલ
૨૬ પ્રાથમિક સારવાર અને બાંબૂડ્રિલ
૨૭ પક્ષી-અભિનંદનમ્
૨૮ પક્ષી અભિનંદનમ્-બીજું દશ્ય
૨૯ નૃત્ય નાટિકા-શેણી-વિજાણંદ-એક દશ્ય ૧૯૬૭
૩૦ શેણી વિજાણંદ નાટિકા-બીજું દશ્ય ૧૯૬૭
૩૧ નાટિકા—સોમનાથની સખાતે—બે દશ્યો ૧૯૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨ પૂ૦ કુલપિતાજીના જન્મોત્સવ પ્રસંગે-શ્રી દીદીનું ઉદ્‌બોધન ૧૯૬૭

૩૩ સ્મૃતિ-મંદિરનો પ્રવેશ-દ્વાર ૧૯૭૨

૩૪ પૂ. કુલપિતાજીની પ્રથમ પુણ્યતિથિએ-શ્રદ્ધાંજલિ

૩૫ સ્મૃતિગ્રંથનું ઉદ્‌ઘાટન કરતા-માનનીય રાજ્યપાલ શ્રીમન્નારાયણજી ૧૯૭૨

૩૬ સ્મૃતિગ્રંથ ઉદ્‌ઘાટન—બીજું દૃશ્ય ૧૯૭૨

૩૭ સ્મૃતિ-મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે—પૂ. રાજ્યપાલજી અને કુલમાતાજી વિગેરે ૧૯૭૨

૩૮ સ્મૃતિ-મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે—કુલપિતાજીની જીવન-ઝલક એક દૃશ્ય ૧૯૭૨

૩૯ સ્મૃતિ-મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે—એક આફ્રીકન દૃશ્ય ૧૯૭૨

૪૦ સ્મૃતિ-મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે—શ્રી દીદીનું ઉદ્‌બોધન ૧૯૭૨

૪૧ પૂ. દીદી દ્વારા મણિપુરી નૃત્ય-કલાનું એક ભાવવાહી દૃશ્ય ૧૯૭૧

૪૨ પૂ. દીદી દ્વારા મણિપુરી-નૃત્યનું એક બીજું દૃશ્ય ૧૯૭૧

૪૩ પોરબંદર લાયન્સ કલબ તરફથી શ્રી દીદીનું બહુમાન ૧૯૭૩

૪૪ લાયન્સ કલબ પોરબંદરમાં શ્રી૦ દીદીનું પ્રવચન ૧૯૭૩

૪૫ પૂ. દીદીના વરદ હસ્તે લાયન્સ તરફથી મહર્ષિ દયાનંદ વિજ્ઞાન મહાવિદ્યાલયને વિજય-શીલ્ડ અર્પણ. વિજય-શીલ્ડ સ્વીકારના પ્રિન્સિપાલ શ્રી. જાની સાહેબ તા. ૨૬-૬-૭૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल शिक्षा प्रणाली के मंत्रदाता
महर्षि दयानन्द सरस्वती

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भारत के राष्ट्र-पिता

पूज्य महात्मा गाँधीजी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भारती

પૂ. દીદીશ્રી સવિતાબહેન નાનજીભાઇ મહેતા

અભિનંદન-અંક

ઑગસ્ટ-૧૯૭૩

: સંપાદકમંડળ :

પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર એમ. એ. (અધ્યક્ષ)
શ્રી. સુશીલાબહેન પંડિત (મુખ્ય વ્યવસ્થાપિકા)
શ્રી. કાન્તાબહેન દીક્ષિત (મુખ્ય અધ્યાપિકા)
શ્રી. ગોદાવરીબહેન પટેલ (મુખ્યાધિષ્ઠાત્રી)
શ્રી. શાંતિભાઇ જોષી (કાર્યવાહક મુખ્ય અધ્યાપક)

શ્રી. તારાબહેન એચ. દવે (મુખ્ય તંત્રિણી)
શ્રી. દીનદયાળુ જોશી (શાસ્ત્રીજી)
કુ. કાન્તા ધોકિયા શ્રેણી ૧૧
કુ. મુદ્રિકા વ્યાસ શ્રેણી ૧૧
કુ. જયશ્રી મામતોરા શ્રેણી ૧૦
} વિદ્યાર્થિની-પ્રતિનિધિઓ

પરામર્શક
પ્રા. શ્રી. એચ. એચ. દવે. એમ. એ.

સુશોભનકાર
શ્રી. જગજીવનભાઇ ર. માવદીઆ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
આર્ય કન્યા ગુરુકુલ
પોરબંદર

卐

: મુદ્રક :
જીવનલાલ ગોરધન પોરીઆ
જીવન પ્રિન્ટીંગ પ્રેસ, સુદામા રોડ
ફોન ૪૭૨ : પોરબંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોરબંદરના નાગરિક જનો તરફથી આચાર્યા પૂ. દીદીનું બહુમાન કરી તામ્ર-પત્ર
અર્પણ-વિધિ સમયે તેઓશ્રીએ મણિપુરી નૃત્યનો રસ-થાળ પીરસેલ
તે પ્રસંગનું દૃશ્ય-૧૯૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોરબંદરના શહેરીજનો તરફથી આચાર્યા પૂ. દીદીનું બહુમાન કરી તામ્રપત્ર અર્પણ–વિધિ સમયે તેઓશ્રીએ મણિપુરી નૃત્યનો રસથાળ પીરસેલ તે પ્રસંગનું દૃશ્ય. (૧૯૭૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri





ॐ

अभिनन्दनम्

卐

साधना-सिद्धि पुष्पाणां, आमोदैः मुदितं मनः ।
भावना-मंजरी-पुंजैः, संप्रीत्या परिपूज्यसे ॥
अभिनन्दन-पुष्पाणां, माल्यमेतत् सुमंजुलम् ।
भद्राय प्रीतये भूयाद्, भवानी-विश्वनाथयोः ॥

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्ष-२० पावका नः सरस्वती । अंक-१

: નિવેદન :

ગુરુકુલ સંસ્થાની પ્રેરણારૂપ અધિષ્ઠાત્રીદેવી પૂ. દીદીશ્રીનું કળા, સંસ્કાર, શિક્ષણ અને સંસ્કૃતિ–ક્ષેત્રે અપૂર્વ અને અનુપમ પ્રદાન છે.

૧૯૭૩ માર્ચમાં 'ગુજરાત લલિત–કલા અકાદમી' તરફથી પુરસ્કાર અર્પણ કરી તેમનું જે બહુમાન અને ગૌરવ કરવામાં આવ્યું છે તેથી ગુરુકુલનો સર્વ–પરિવાર આનંદ અને ધન્યતાની લાગણી અનુભવે છે.

સર્વ ગુરુકુલ–વાસિઓની ઊંડી લાગણી, અપાર મમતા, હાર્દિક શુભેચ્છાઓ અને ગૌરવના પ્રતીક તરીકે **ભારતી**નો પ્રસ્તુત વિશેષાંક અભિનંદન–અંક તરીકે બહાર પાડી, તેમના કરકમલોમાં અર્પણ કરતાં સૌ કૃતાર્થતા અને આનંદોલ્લાસ અનુભવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષાંકના આ અલ્પપૃષ્ઠોમાં ગુરુકુલ વિદ્યાલયની પ્રતિનિધિરૂપ અમુક બાલિકાઓથી માંડી અધ્યાપકો, શુભેચ્છકો, તથા અન્ય નિમંત્રિત વિદ્વાનોની રજૂ થતી, ધર્મ, સંસ્કૃતિ, કળા, શિક્ષણ, સાહિત્ય તથા અન્ય વિષયો પરત્વેની લેખન–સામગ્રી દ્વારા સમસ્ત પરિવારની પૂજાનો અર્ઘ્ય સમર્પણ કરીએ છીએ. આ રીતે આ અંક એક અર્ચના–રૂપ જ બની રહે છે. વિદ્યા, કળા અને સંસ્કૃતિ–ક્ષેત્રે આજીવન અખંડ ઉપાસના કરનાર વ્યક્તિને–પૂ. દીદીને આ પ્રકારનું વંદન અને અભિવાદન સર્વથા ઉચિત છે.

હૃદયની શુભભાવનાઓનું **किमपि द्रव्य**, સ્નેહાભિષિક્ત આ અલ્પ–પ્રદાન પૂ. દીદી ઉમંગથી સ્વીકારો એ જ અભ્યર્થના.

મણિપુરી નૃત્યક્ષેત્રે પૂ. દીદીની સાધના અને સિદ્ધિ અજોડ છે. સમગ્ર ગુજરાત એ સિદ્ધિ વડે ઉજ્જવલ અને ગૌરવાન્વિત બન્યું છે. સાંસ્કૃતિક–ક્ષેત્રે પૂ. દીદીની કીર્તિ અને પ્રદાન વધુ ને વધુ ઉજ્જવળપણે પ્રકાશિત બને, અને પરમકૃપાળુ પરમાત્મા તેમને દીર્ઘ–આયુષ્ય અર્પો એજ અભ્યર્થના. અસ્તુ.

— સંપાદકો



प्रज्ञानं वितरन्तीयं
मनोज्ञा हंस वाहिनी ।
कल्याणी कमला नित्यं
योग-क्षेमाय कल्पताम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્યકળા
(એક પરિચય)

પ્રા. એચ. એચ. દવે, M. A.
મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદર

સર્વ લલિતકળાઓ ઇશ્વરી વરદાન છે. કળાને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય. (૧) ચાક્ષુષકળાઓ (૨) શ્રાવ્યકળાઓ. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર ચાક્ષુષકળાઓ છે. સંગીત, કાવ્ય શ્રાવ્યકળાઓ છે. નૃત્ય ચાક્ષુષ અને શ્રાવ્ય બંને છે. કેમકે નૃત્યમાં સંગીત પણ મહત્વનો ભાગ ભજવે છે.

સંસ્કૃત ધાતુ **कल्** = જાણવું પરથી કળા શબ્દ આવ્યો છે. તેની વ્યુત્પત્તિ **कलयति कलते, कल्यते ज्ञायते वा इति कला ।** એમ આપવામાં આવી છે. કેટલાક વિદ્વાનો **कं आनन्दम् लाति ददाति इति कला ।** એટલે કે જે આનંદ આપે છે તે કળા, એમ પણ આપે છે.

સઘળી કળાઓ કોઇને કોઇ માધ્યમ દ્વારા પ્રગટ થાય છે. ચિત્રમાં રંગ, પડદો વગેરે જોઇએ. શિલ્પ-સ્થાપત્યમાં પત્થર-આરસ વગેરે જોઇએ. સંગીતમાં વિવિધ વાદ્યો દ્વારા સૂરનું પ્રગટીકરણ છે. સાહિત્યનું ઉપાદાન સાર્થ શબ્દ છે. ઉપાદાનો દ્વારા કલાકાર-પછી તે કવિ હોય, ચિત્રકાર હોય, શિલ્પી હોય કે સંગીતજ્ઞ હોય— એક અપૂર્વ રમણીય સૃષ્ટિ જન્માવે છે. હૃદયના અમૂર્ત ભાવોને કળા મૂર્ત રૂપ આપે છે.

નૃત્યનો સંબંધ ચિત્ર, શિલ્પ, સંગીત સાથે છે. નૃત્યકલાનું માધ્યમ કે ઉપાદાન શું ? સ્ત્રી અથવા પુરુષના સપ્રમાણ સૌષ્ઠવયુક્ત દેહની લાવણ્યમય અંગભંગિ. અન્ય કલાકારની જેમ નૃત્યકારમાં પણ નૈસર્ગિક સર્જકપ્રતિભા હોવી આવશ્યક છે.

કળાની શક્તિ ઇશ્વરી બક્ષીસ હોઇ, કલાકારો જગતમાં પ્રમાણમાં ઓછા જોવા મળે છે. કળાના ભાવકો વિશેષ હોય છે. પરંતુ, કળાને સમજવા માટે ભાવકની પણ એક વિશિષ્ટ પ્રકારની પ્રતિભા સંસ્કૃત આલંકારિકોએ સ્વીકારી છે. કલાકારની પ્રતિભાને **कारयित्री** અને ભાવકની પ્રતિભાને **भावयित्री** પ્રતિભા કહે છે.

અન્ય કળાઓની જેમ નૃત્યનું પણ અંતિમ ધ્યેય રસનિષ્પત્તિ છે. નૃત્ય દ્વારા નર્તક શૃંગાર, કરુણ, વીર, અદ્ભુત વગેરે રસોની નિષ્પત્તિ કરે છે. નાટકમાં શબ્દ વડે સંવાદ થાય છે. જ્યારે નૃત્યકળામાં સંવાદનું માધ્યમ અભિનય છે, વિવિધ મુદ્રાઓ છે. આ સાંકેતિક મુદ્રાયુક્ત અભિનય-સંવાદ બુદ્ધિશાળી વર્ગ જ સમજી શકે. માટે બધી લલિતકલાઓની જેમ નૃત્યકળા પણ અધિકારીજનો, સહૃદયભાવકોની જ અપેક્ષા રાખે છે. સમજદાર પ્રેક્ષકગણ સમક્ષ જ તે રજૂ કરી શકાય. **अरसिकेषु कवित्व निवेदनम् । शिरसि मा लिख**...............એ સઘળી કળાઓ માટે સાચું છે. અરસિક જનો નૃત્યનું કાવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજે નહિ. કળાના અર્થ અને સૌંદર્યનું, ભાવ અને રસનું યથાતથ સંક્રમણ–પ્રત્યાયન–Communication થવું જોઇએ. No Communication, no Art. નૃત્યમાં વ્યક્ત થતી વિવિધ અંગભંગિ, અંગમરોડ, ભ્રુચાલન, ભ્રુવિક્ષેપ, કંપન, હાથપગની ગતિ, ઓષ્ટવિસ્ફુરણ આદિના સંકેત ન સમજાય તો કળાના સૌંદર્ય, રસ અને આનંદ પ્રાપ્ત થતા નથી. અંગોપાંગોની વિવિધ ગતિ અને છટાદ્વારા નર્તક પોતાની ભાવાનુભૂતિ અને આનંદાનુભૂતિ વ્યક્ત કરે છે.

નૃત્યકળાનો આધાર દેહના અંગવિન્યાસ પર હોઈ, આ કળામાં પારંગત થવા માટે દેહનું સૌષ્ઠવ અને લાવણ્ય જાળવવાં ખૂબ જરૂરી છે. અન્ય લલિતકળાઓનું ઉપાદાન જડ–ભૌતિક પદાર્થ છે. જ્યારે મનુષ્યદેહ ચેતન–અવસ્થા છે. જડ પદાર્થ કરતા ચેતનમાં પરિવર્તનની ગતિ વિશેષ રહેલી છે. એટલે દેહની અમુક ખાસ રીતે જાળવણી તે ખૂબ સંયમ અને તપશ્ચર્યા માગી લે છે. નૃત્યાંગનાના યોગ્ય ગુણો પ્રાચીન શાસ્ત્રકારોએ નીચે મુજબ દર્શાવ્યા છેઃ 'નર્તકી તન્વી (પાતળી), યુવાન, સુડોળ, પ્રગલ્ભા (આત્મવિશ્વાસવાળી), રસિક. મોટી આંખોવાળી, ગીત, વાદ્ય ને તાલને અનુસરે એવી, પ્રસન્નમુખવાળી, આભુષણ-યુક્ત, બહુ ઊંચી નહિ, બહુ નીચી નહિ, એવી હોવી જોઇએ. તેનામાં વેગ, સ્થૈર્ય, સુરેખતા, દૃષ્ટિ, બુદ્ધિ, સ્પષ્ટવાણી વગેરેનું જ્ઞાન આવશ્યક છે.' વિખ્યાત નર્તકોની સાધના આ રીતે તપઃસાધના છે.

વિશ્વસ્રષ્ટા અને નિયંતા ભગવાન શિવની–નટરાજની મૂર્તિને વંદન કરતો એક શ્લોક છેઃ

आंगिकं भुवनं यस्य
वाचिकं सर्व. वाङमयम् ।
आहार्यं चन्द्रतारादि
तं नुमः सात्विकं शिवम् ॥

સમસ્ત વિશ્વ જેનું આંગિક છે, સઘળું વાઙમય જેનું વાચિક છે. અને ચંદ્રતારા આહાર્ય છે એવા સાત્વિક શિવને અમે નમસ્કાર કરીએ છીએ.

આ શ્લોક એમ સૂચવે છે કે જગતનું સર્જન નૃત્યરૂપે જ થયું છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વિશ્વના સ્રષ્ટા, પાલક અને સંહર્તા છે. આ ત્રણમાં નૃત્યનો જ આવિર્ભાવ જોઈ શકાય છે. નૃત્ય એ જગતનો લય છે. આ પૃથ્વી, ગ્રહો, ઊડુમંડલો, સૂર્યચંદ્રતારાદિ, તારાવિશ્વો, સમગ્ર બ્રહ્માંડ તાલબદ્ધ રીતે ચક્રાકારે ગતિ કરે છે. તેમાં લય છે, નિયમિતતા છે. રુદ્રનું તાંડવનૃત્ય એ વિશ્વસંહારનું નૃત્યપ્રતીક છે. સૂક્ષ્મદષ્ટિએ નિહાળતાં જગતના સઘળા ચેતન, અર્ધચેતન પદાર્થોમાં ગતિ–તાલબદ્ધતા જોવા મળશે. પ્રાણીમાત્રનું હૃદય પણ તાલબદ્ધ રીતે ધબકે છે. નૃત્ય એટલે તાલબદ્ધ–લયયુકત–ગતિ એવો વ્યાપક અને વિશાળ અર્થ લઇએ તો સમગ્ર વિશ્વ નૃત્યનો જ આવિર્ભાવ જણાશે પરંતુ એ વ્યાપક અર્થને બાજુએ મૂકી નૃત્યનો કિંચિત શાસ્ત્રીય અર્થ સમજીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્યના બે સામાન્ય પ્રકાર જાણીતા છેઃ તાંડવ અને લાસ્ય. તાંડવનૃત્ય એ શિવનું રુદ્ર નૃત્ય છે. જ્યારે લાસ્યનૃત્ય એ પાર્વતીનું કોમળ–લલિત નૃત્ય છે.

ભારતીય નૃત્યશૈલીનું મૂળ ઘણું પ્રાચીન છે. નૃત્યની વિવિધ મુદ્રાઓ ચિત્ર અને શિલ્પમાં જોવા મળે છે. મુનિ માર્કન્ડેય કહે છેઃ 'ચિત્રકલાના સિધ્ધાંતો જાણ્યા સિવાય શિલ્પકળાના સિદ્ધાંતો સમજાય નહિ. અને ચિત્રકલાના સિધ્ધાંતો, નૃત્યકલાના સિધ્ધાંતોના જ્ઞાન વિના સમજાય નહિ.' વળી વાદ્યસંગીતના જ્ઞાન વગર નૃત્યકલા સમજાય નહિ. એટલે આ બધી ભગિનિકળાઓ પરસ્પર સંકળાયેલી છે.

પ્રાચીન શાસ્ત્રકારોએ નૃત્યને નાટયનું અંગ ગણ્યું છે. નૃત, નૃત્ય અને નાટય ત્રણ શબ્દો જુદા છે, છતાં એકબીજાનો એકબીજામાં અંતર્ભાવ થઈ શકે છે. નૃત્ અને નૃત્ય વચ્ચે ભરતમુનિએ ભેદ દર્શાવ્યો છે. **भावाभिनयहीनं तु नृतम् अभिधीयते ।** એટલે કે જેમાં માત્ર શરીરના અંગોનું જ હલનચલન હોય તે નૃત્ અને **रसभावादियुक्तं नृत्यम् ।** રસ અને ભાવથી વ્યંજનાયુકત તે નૃત્ય. ભરતનાટયમાં 'જતીસ્વરમ્' એ નૃત્નું સ્વરૂપ છે, જ્યારે 'શબ્દમ્' એ નૃત્યનું. 'વર્ણમ્'માં નૃત્ અને નૃત્ય બંને આવે છે.

નાટયને પાંચમો વેદ કહેવામાં આવ્યો છે. આ નાટયવેદ બ્રહ્માએ ભરતમુનિને આપ્યો એમ કહેવાય છે. તેમાં નૃત્ અને નૃત્ય વિશેની માહિતી છે. આ ગ્રંથની રચના પરત્વે એમ જણાવાયું છે કે ઋગ્વેદમાંથી પાઠય, યજુર્વેદમાંથી અભિનય, સામવેદમાંથી ગીત અને અથર્વવેદમાંથી રસ લઈ તે રચાયા છે. ભરતના 'નાટયશાસ્ત્ર' જેવું જ નંદિકેશ્વરકૃત 'અભિનયદર્પણ' નામે શાસ્ત્રીયગ્રંથ છે. ભારતીય નૃત્યશાસ્ત્રના આ બે પ્રમાણભૂત ગ્રંથો છે. ભરતમુનિએ ગંધર્વો અને અપ્સરાઓની મદદથી શિવની સમક્ષ નાટય અને નૃત્ય ભજવ્યું એવી કથા છે. પછી શિવે તંડુ નામના ગણોના પતિ દ્વારા ભરતમુનિને તાંડવ નૃત્ય શીખવ્યું. અને પછી મુનિએ તે મર્ત્યલોકના માનવીને શીખવ્યું. પાર્વતીએ બાણની પુત્રી ઉષાને લાસ્ય શીખવ્યું. તેણે દ્વારકાની ગોપીઓને શીખવ્યું. અને પછી અન્ય પ્રદેશની સ્ત્રીઓ શીખી. એ રીતે આ કળા જગતમાં સ્થિર થઈ, એવો પૌરાણિક ઉલ્લેખ મળે છે. પ્રાચીનકાળમાં પર્વો અને ઉત્સવો વખતે આ નૃત્યકળા પૂરજોશમાં પ્રવર્તતી હતી.

નૃત્યમાં હાથની મુદ્રાઓનું ખૂબ મહત્વ છે. તે દ્વારા સંજ્ઞા–સંકેત વ્યકત થાય છે. નૃત્યશાસ્ત્રમાં તેથી એમ કહેવાયું છે કે, 'જ્યાં હાથ ત્યાં દષ્ટિ, દષ્ટિ ત્યાં મન, જ્યાં મન ત્યાં ભાવ, અને જ્યાં ભાવ ત્યાં રસ.' આમ રસનિષ્પત્તિ એ નૃત્યની મુદ્રાઓનું ધ્યેય છે. નાટય–નૃત્ય આદિ કળા હોઈ તે સદ્યઃ પરનિર્વૃત્તિ, પરમાનંદ–બ્રહ્માનંદસહોદર અલૌકિક આનંદ આપે છે.

ભારતીય પ્રણાલીમાં વિશ્વનિયંતાને પ્રાર્થના કર્યા વિના નૃત્યની શરૂઆત થતી નથી. નટરાજ એ આરાધ્યદેવ છે. પછી રંગસ્તુતિ થાય, પછી પુષ્પાંજલિ થાય, અને પછી નૃત્ય શરૂ થાય એવો ક્રમ છે. સંગીત ... શૈલીને અલગ અલગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદ્યો ને લયપદ્ધતિ હોય છે. મુદ્રાઓના ખાસ નામ હોય છે, જેમ કે, પતાક, અર્ધચંદ્ર, ભ્રમર, શિખર, પાશ, મત્સ્ય, ગરુડ વગેરે. એક હાથથી થતી મુદ્રાને અસંયુકત અને બે હાથથી થતી મુદ્રાને સંયુકત મુદ્રા કહે છે.

ભરતનાટયમ્, કથક અને મણિપુરી એ ભારતીય નૃત્યશૈલીના જાણીતા પ્રકારો છે. તે દરેકના કેટલાક પેટાપ્રકારો છે. આ સર્વમાં કમનીયતા અને લાલિત્યની દૃષ્ટિએ મણિપુરી નૃત્ય ચઢિયાતું ગણાય છે. તેના નિયમો ઘણા અટપટાને સંકુલ છે. મણિપુરીમાં નૃત, નૃત્ય અને નાટય ત્રણેનો સુમેળ–સમન્વય જોવા મળે છે. મણિપુરી આસામ રાજ્યનું નગર છે. અને નૃત્યનું ધામ છે. શિવે પાર્વતી દ્વારા લાસ્ય વ્યકત કરવા મણિપુર પસંદ કર્યું હતું, એવી કથા છે. અર્જુન ચિત્રાંગદાને અહીં પરણેલો, એમ મહાભારતમાં ઉલ્લેખ છે.

મણિપુરી નૃત્યમાં ધાર્મિક વિચારસરણી અનુસાર ભિન્ન ભિન્ન સ્વરૂપોનું સર્જન થયેલું છે. કૃષ્ણલીલાનું મહત્વ તેમાં વધારે છે. માનવહૃદયના ચંડ, કોમળ, મધુર ભાવો આ નૃત્યમાં જીવંતપણે પ્રગટે છે. મણિપુરવાસીઓ વિશે કહેવાય છે કે તેઓ જન્મે છે નૃત્યમાં, જીવે છે નૃત્યમાં અને મરે છે નૃત્યમાં. મણિપુરી નૃત્ય તેમના જીવનસમગ્રનો અભિસાર છે. તેનાં કેટલાય રૂપો ભૂતકાળમાં વિલીન થઈ ગયાં છે. જે થોડાં બચ્યાં છે. તેને તદ્‌વિદો મૂળસ્વરૂપે જાળવી રાખવાનું કઠિન કાર્ય કરે છે. એની ઉપાસના ખૂબ શ્રમ અને સાધના માગી લે છે.

અર્વાચીન યુગમાં ગુરુદેવ ટાગોરે ૧૯૧૭માં સૌ પ્રથમ તેની કદર કરી 'શાંતિ–નિકેતન'માં તેને ગૌરવ ભર્યું સ્થાન આપ્યું ત્યારથી તેને ઉત્તેજન મળતું રહ્યું છે.

આ નૃત્યમાં ખૂબજ કમનીય હલન–ચલન અને માર્દવતાભરી ગતિ રહેલાં છે. લાસ્ય અને તાંડવ બંને નૃત્યપ્રકાર તેમાં આવે છે. મૃદંગ અને મંજિરા આ નૃત્યના મુખ્ય વાદ્યો છે. તદુપરાંત ઢોલક ખંજરી, ડફ, પખવાજ, કરતાલ, બંશી, શંખ, શિંગડું, ઇસરાજ, તંબુર વગેરે અન્ય વાદ્યોનો ઉપયોગ થાય છે મણિપુરી નૃત્યની વેશભૂષા પણ એ પ્રદેશનું આગવું સ્વરૂપ છે. ઘેરદાર લીલા રંગનો ચણિયો, જેને કુમિન કહે છે, તથા કોકટુમ્બી નામનું વસ્ત્ર માથે પહેરવામાં આવે છે. રેશમનો કબ્જો, પોશવાન, આભલાંયુકત ખાઓન, કેડે બાંધવાનો પટ્ટો (જેને 'કવાંગોઇ' કહે છે) તે આ નૃત્ય કરનારનો આગવો વેષ છે. મણિપુરી નૃત્યના વિખ્યાત ગુરુ શ્રી. બિપિનસિંહા ગણાય છે. તે ઉપરાંત લોકેશ્વર સિંઘ, તરુણકુમાર, વગેરે છે. ગુજરાતમાં પૂ. દીદીશ્રી સવિતાબેન, નયના, રંજના, સુવર્ણા વગેરે ઝવેરી બહેનો આ નૃત્યમાં પારંગત વ્યકિતઓ છે.

ભરતનાટયમ્ નૃત્યશૈલી દક્ષિણમાં તામિલનાડ પ્રદેશમાં ખૂબ પ્રચલિત છે. તેનું મોટું કેન્દ્ર તાંજોર જિલ્લો છે. સ્ત્રી અને પુરુષ બંને આ નૃત્યો કરે છે. એકલા પુરુષો નૃત્ય કરે તેને ભાગવતમેલા કહે છે. આ નૃત્યશૈલી પણ પ્રાચીન છે. પરંતુ વચ્ચે વિદેશીઓના આક્રમણ અને મોગલયુગ દરમ્યાન તે અદૃશ્ય થઈ. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તે ફરી ઝળકયું. ર[illegible] નર્તકી આમાં પાયારૂપ અને ગુરુદેવ ટાગોરની પ્રેરણા–પ્રોત્સાહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદ તે ફરી વિકસી. ભરતનાટયમ્‌ના પેટા પ્રકારો પણ છે, જેને અલારિપુ, જતિસ્વરમ્‌, શબ્દમ્‌, વર્ણમ્‌, પદમ્‌, તિલ્લાના, શ્લોકમ્‌, વગેરે નામે ઓળખવામાં છે. આ સર્વના પારિભાષિક અર્થો છે. કુચીપુડી, મોહિનીઅટ્ટમ્‌, વગેરે તેના અન્ય પ્રકારો પણ છે. ધાર્મિક કથાનકો આ નૃત્યદ્વારા અભિનયપૂર્વક રજૂ થાય છે. ભરતનાટયમ્‌ના મહાન ગુરુ શ્રી મીનાક્ષી સુંદરમ્‌ પિલ્લે છે. અને સિદ્ધહસ્ત નર્તકોમાં બાલા સરસ્વતી, રુકિમણીદેવી, રામગોપાલ, શાંતારાવ, મૃણાલિની સારાભાઇ, કમલા લક્ષ્મણ, રીટા ચેટરજી, ચંદ્રલેખા, પદ્મલોચની વગેરે છે.

ભારતમાં નૃત્યકલા શીખવવાની સંસ્થાઓ શરૂ થઈ છે. ગુજરાતમાં અમદાવાદમાં 'દર્પણ' સંસ્થામાં નૃત્યની તાલીમ અપાય છે. સાત વર્ષનો તેનો અભ્યાસક્રમ છે. પછી કસોટી પરીક્ષા લેવાય છે, જેને 'અરંગેત્રલ' કહે છે. 'અરંગેત્રલ' બાદ નૃત્યની સ્નાતક પદવી મળે છે.

કથકશૈલી પણ વેદકાળ જેટલી પ્રાચીન છે. મધ્યકાળમાં તેનો હ્રાસ થયો હતો. અર્વાચીન કાળમાં તેનું ફરી ઉત્થાન થયું છે, પુનર્જીવન સાંપડયું છે તેનો સર્વપ્રથમ પુનુરુદ્ધાર કરનાર વાજિદઅલી શાહ ગણાય છે. તેમણે લખનૌ ઘરાનાની સ્થાપના કરી. કથક એ ઉત્તરભારતનું નૃત્ય છે. સમયે સમયે તેમાં પરિવર્તનો થતાં રહ્યાં છે. લખનૌ-ઘરાના ઉપરાંત જયપુરઘરાના, બનારસઘરાના વગેરે અન્ય છે. કથકલીના ગીતોને પદમ્‌ કહે છે. ભૈરવી, તોડી, શંકરાભરણ, કલ્યાણી વગેરે રાગોનો ગીતોમાં ઉપયોગ થાય છે. મૃદંગ, ઢોલક, ઝાંઝ વગેરે તેનાં વાદ્યો છે.

વલ્લથોલ, કુંચુ કુરુપ, કૃષ્ણન્‌ નાયર, અંકુલમ્‌ વિષ્ણુ, નામ્બુદ્રી, રાઘવન પિલ્લે, કૃષ્ણન્‌ કુટ્ટી, કુરીચી કુંજન, પણીકર, રામનકુટ્ટી નાયર, ચંપાકુલમ્‌ પિલ્લે, ગોપીનાથ, વગેરે આ નૃત્યના નિષ્ણાતો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ओ३म्

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कला और संस्कृति की साधिका, शिक्षण-कार्यो में तन्मय,

परम-श्रद्धेय पूज्य दीदी सविता बहन मेहता के करकमलों में—

सन्मानपत्र

कुल-दीदी पुण्यकीर्तें हृदयेन पूजयामः ।
विमलं यशस्त्वदीयं जगति प्रसारयामः ॥
निज-ज्योति-रश्मि-पुंजैः उपयामिनंदिता त्वम् ।
तव गीत-गुंजनैः त्वां हृदयेन भावयामः ॥

हे तपोगिरि की साधिका यात्रिके,

आपने अपने जीवन में पुरुषार्थ–चतुष्टय की प्राप्ति के लिए ज्ञान, कर्म और उपासना की एक अखंड साधना प्रारंभ की हुई है। शिव और सौन्दर्य के उदात्त मार्ग से आपकी सत्य की खोज चालू है। उसकी सिद्धि के लिए हम सब आपका अभीष्ट चिन्तन करते हैं।

सारस्वत-प्रदेश में संस्कृति–सेवा का आपका अभियान निरंतर प्रशस्त बनता रहा है। कला-क्षेत्र की आपकी अनुपम सेवाओं और उपलब्धियों के लिए गुजरात राज्य ललित कला अकादमी ने पुरस्कृत कर आपको गौरवान्वित किया है। अतः हम सभी कुलजन सहर्ष आपका हार्दिक अभिनंदन करते हैं, आपका स्वागत करते हैं।

इस शुभ अवसर पर हम सब आपके दीर्घ आयुष्य और कला-वैभव की संवर्धना के लिए ईश्वर से प्रार्थना करते हैं।

हम हैं आपके गुणानुरागी—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

कुलभूमि–पोरबन्दर
श्रावण–२०२९

आर्य कन्या गुरुकुल की सर्व छात्राएँ
गुरुजन तथा कार्यकर्तागण।

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

भारतीय संस्कृति की परम पूजिका, संनिष्ठ कला साधिका
स्नेह-शालिनी मान्य दीदी श्री सविता बहन महेता की सेवा में—

अभिनन्दन-पत्र

आंगिकं भुवनं यस्य, वाचिकं सर्व-वाङ्मयम् ।
आहार्यं चन्द्रतारकादि, तं नुमः सात्विकं शिवम् ॥
भरत-कुल-भाग्य-कलिके, भाव-रसानन्द-परिणताकारे ।
जगदेक-मोहन-कले, जय जय रंगाधिदेवते देवि ॥

卐

हे ललाम कला—साधिके,

ज्ञान की ज्योत्स्ना, संस्कृति की सुषमा और कला के आलोक से आपका व्यक्तित्व और कर्तृत्व आलोकित हुआ है । मयूर—वाहिनी भगवती भारती की एकान्त आराधना करके आपने नानाविध वरेण्य सिद्धियाँ उपलब्ध की हैं ।

कला के माध्यम से जीवन में दिव्यता, भव्यता और मांगल्य की अवतारणा के लिए आप सर्वदा पुरुषार्थ—रत रहती हैं । कलाओं का सैद्धान्तिक और प्रायोगिक अध्ययन, अनुशीलन और पर्यालोचन आपके जीवन की एक श्रेयस्करी साधना रही है ।

विशेषतः मणिपुरी नृत्य की सुरम्य कला के प्रावीण्य से आपने देश-देशान्तर के कला—रसिकों और साधकों को विमुग्ध किया है । अभिनव उषा, चन्द्रप्रभा, नर्तनाचार्या और नृत्य—साम्राज्ञी आदि के वरेण्य विरुदों से आपका कला—देह अलंकृत और आलोकित हुआ है ।

आपकी महनीय कला—सेवाओं की कद्रदानी के लिए गुजरात राज्य ललित—कला अकादमी ने आपकी जो संवर्धना, अर्चना और संभावना की है, उसकी शुभ स्मृति में गुरुकुल महिला कॉलेज, पोरबंदर की विद्यार्थिनी बहनें तथा गुरुजन आपका सस्नेह, सादर अभिनंदन करते हैं, आपको बधाई का जयमाल्य अर्पित करते हैं ।

जीवने भासतां भव्यं, कलायाः ज्योतिरुत्तमम् ।
प्रतिष्ठां लभतां चित्ते, कल्याणी भारती-कथा ॥
बोधयन्ती कलां रम्यां, 'दीदी' संस्कृति-साधिका ।
आयुषा वर्चसा लोके, महिमानं प्रपद्यताम् ॥

卐

कुलभूमि,
पोरबंदर
१९७३

हम हैं आपके गुण—वशंवद
गुरुकुल महिला कालेज की विद्यार्थिनी बहनें,
गुरु-जन तथा कार्य-कर्त्तागण ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वागत-गीतिका

वयस्याः, मंगल-शब्दै रनिशं
स्वागत-गानं गीयताम् !!

स्वागत-गानं मधुर-वचोभिः
स्नेह-संतोषं लीयताम् ।
सखायः, सौरभ-सान्द्राः मृदुलाः
कुसुमाञ्जलयः कीर्यताम् ॥

रम्य-निकुंजे सहृदय-संगे
हर्षं विमुग्धं स्थीयताम् ।
मिलिन्दाः, मंजुल-कुंजे विमलं
प्रेम-पीयूषं पीयताम् ॥

वाति सुरभिले शनकै रनिले
काव्य-प्रसून चीयताम् ।
रसज्ञाः सूक्ति-सरोजैः सुभगं
देव-समाजं प्रीयताम् ॥

[कविः —विद्यालंकारः श्रो० प्रियहंसः]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सब गाने लगें

प्यार इतना दो, अपरिचित पाहुने
देहरी दर-द्वार सब गाने लगें ॥

फिर फुहारें फिर रिमझिम कभी, दान हो यह, पर नहीं वरदान हो।
माँगने पर दे दिया विश्वास जल तो, मान है यह, पर नहीं सम्मान है।
नीर इतना दो अपरिचित बादलो, भूमि के पाषाण लहराने लगें।
देहरी दर-द्वार सब गाने लगें।

फिर जलन, फिर स्नेह सिंचन जख्म पर, राग हो यह पर नहीं अनुराग है।
ज्योति बिखरा दी, मगर दे दी नहीं, त्याग हो यह, पर नहीं परित्याग है।
पीर इतनी दो शलभ को वर्तिके, पंख अपने आप जल जाने लगें।
देहरी दर-द्वार सब गाने लगें ॥

जिन्दगी है, घात है, प्रतिघात है, हरतरफ संघर्ष है, बलिदान है।
सिन्धु से ज्यादा अभागे आदमी के, प्राण में उठते हुए तूफान हैं।
धीर इतना दो, सिसकती साँस को, आँसुओं में हास मुस्काने लगें।
देहरी दर-द्वार सब गाने लगें ॥

पंथ पर हारा हुआ, बैठा हुआ, बाँसुरी इतिहास में खोई हुई।
तथ्य के पाषाण पर सिर टेक कर, भावना बेहोश-सी सोई हुई।
क्षीर इतना दो कि प्रेरित हों अधर, कल्पना में गीत अँगडाने लगें।
देहरी दर-द्वार सब गाने लगें ॥

[श्रीयुत् तन्मय]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कला-साधिकायाः संवर्धना

卐

कुलेऽस्मिन् यः कलादीपः, विमलो जृंभते मुदा ।
प्रणेत्री तस्य "दीदी" वै, तेजसा सुमहीयते ॥
प्रतिष्ठामाप्नुयाल्लोके, शिवं वै सत्य–सुन्दरम् ।
जागर्तु जीवने भव्ये, संस्कृत्याः सौरभं नवम् ॥

एषा विभावना भद्रा, यस्या श्चित्ते विभासते ।
तपस्यां तनुते दीर्घां, कल्याणी प्रिय–दर्शिनी ॥
भगीरथो यथा गंगां, निरुद्धां आनयद् भुवि ।
नृत्य-विद्यां तथा प्राच्याः, देवीयं संप्रकाशते ॥

शीलेन विद्यया भव्यं तपो वै संप्रवर्धताम् ।
कल्याणं सर्वलोकानां, शारदा संप्रसीदतु ॥
एतत् तपोवनं रम्यं, भासतां ज्ञान-ज्योतिषा ।
"तातस्य" भावना भद्रा, संसिद्धिं ननु विन्दताम् ॥

नृत्ये चित्रे तथा गीते, प्रतिभा लोक-नंदिनी ।
स्वदेशस्य कला-लक्ष्मी प्रबोधाय प्रकल्पताम् ॥
संस्कृत्याः गौरवं लुप्तं भासतां लोक–मानसे ।
मंगलानां विधात्रीयं, भारते भातु भारती ॥

[श्लोकयिता—विद्यालंकारः श्री० शंकरदेवः]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे देशबंधुओ

ओ देशवासियो, बैठ न जाओ पत्थर से ।
ओ देशवासियो, रोओ मत यों निर्झर से ।
दरखास्त करें, आओ, कुछ अपने ईश्वर से ।
सुनता है, गमजदों और रंजीदों की ॥

जब सार सरकता सा लगता जग-जीवन से
अभिषिक्त करें, आओ, अपने को, इस प्रण से—
हम कभी न मिटने देंगे भारत के मन से
दुनियाँ ऊँचे आदर्शों की उम्मीदों की ॥

साधना एक युग-युग अन्तर में ठनी रहे ।
यह भूमि बुद्ध-बापू-से सुत की बनी रहे ।
प्रार्थना एक युग-युग पृथ्वी पर बनी रहे ।
यह जाति, योगियों संतों और शहीदों की ॥

[कविवर—श्रीयुत् हरिवंशराय बच्चन]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા કુલપિતાજી પુણ્યશ્લોક
શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા ને
અમારા શત શત વંદન

વાત્સલ્યમયી પૂ૦ શ્રી કુલમાતાજી
જેમના બહોળા અનુભવની પ્રેરણા અવિરત મળતી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા માટે અહર્નિશ સ્નેહ વરસાવતા કુલભ્રાતા



શ્રી. ધીરેન્દ્રભાઇ નાનજીભાઈ મહેતા

શ્રી. મહેન્દ્રભાઇ નાનજીભાઇ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

શુભેચ્છાઓ, સ્નેહાંજલિઓ અને આશીર્વચનો

卐

પૂ. કુલમાતાજીના આશીર્વાદ.

તમારા સર્વેના 'વહાલા દીદી' શ્રી સવિતાબેનને 'ગુજરાત રાજ્ય લલિત–કલા અકાદમી' તરફથી નૃત્યકલા અંગે અપૂર્વ સિદ્ધિ અને સંસ્કૃતિ–પ્રદાન અર્થે પુરસ્કાર પ્રાપ્ત થયો છે, તેથી હું પણ તમો સર્વેની સાથે ખૂબ જ આનંદ અને ધન્યતા અનુભવું છું. આ વસ્તુ ખૂબ જ ગૌરવપ્રદ છે. આપણે તેની કળાની કિંમત કદીપણ ચૂકવી શકીશું નહિ. કારણ કે આપણે સૌ એ ક્ષેત્રે બીન આવડતવાળા છીએ અને હૃદયના નાના છીએ.

શ્રી. દીદીએ સૌથી પહેલાં નૃત્ય શીખવાની ઇચ્છા પ્રગટ કરી ત્યારે મારા મનમાં થયેલું કે આવું તે આપણાથી શીખાય ? છતાં હિંમત કરીને હા પાડી, પછી તો મને પણ તેમાં થોડી સમજ પડી, અને આનંદ થયો. બંને બહેનો જ્યારે રાધા–કૃષ્ણનું સાથે નૃત્ય કરે છે, ત્યારે બહુજ સુંદર લાગે છે, જાણે રાધા અને કૃષ્ણ અહીંજ છે, એમ લાગે છે. કળાને સાધ્ય કરતાં બહુ વાર લાગે છે. તે ખૂબ કઠિન તપ માગી લે છે પૂર્ણ તપ કર્યા પછી તે મળે છે. ગુજરાત સરકારે જે કદર કરી છે. તે યોગ્ય છે.

મણિપુર દ્વારકાથી ઘણું દૂર છે. એક છેડાને, બીજા છેડા સાથે સાંધતા ઘણાં વર્ષો લાગે, પણ આ નૃત્યકલા દ્વારા બન્ને છેડા સંધાયા છે, અને તે ઐતિહાસિક બનાવ બની રહેશે. તેને માટે આખાય સૌરાષ્ટ્ર–ગુજરાતને ગૌરવ લેવા જેવું છે. ભારતમાં અનેક રત્નો થઇ ગયા છે. તેમાંનુ એક રત્ન આપણા શ્રી દીદી છે.

હરસિદ્ધ–માતા તેમને લાંબુ આયુષ્ય અર્પે અને તેમની કળામાં હજુએ તે ખૂબ આગળ વધે, પ્રગતિ કરે અને આખા વિશ્વમાં કળાની દેવી તરીકે ઓળખાય ને પૂજાય એવા મારા અંતઃકરણના આશીર્વાદ છે.

લિ. કુલમાતાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભેચ્છા અને આશીર્વાદ.

ચિ. સવિતાબહેન મહેતા, આપનાં લાડીલાં 'દીદી' ને ગુજરાત રાજ્ય લલિત-કલા એકેડેમી તરફથી મણિપુરી નૃત્યનાં અભ્યાસ અને સિદ્ધિ માટે જે એવોર્ડ પ્રાપ્ત થયો છે, તે માટે હું આનંદ અનુભવું છું અને 'દીદી' ને આશીર્વાદ આપું છું કે પરમ-કૃપાળુ પરમાત્મા તેમની કલા-પૂજાને નિત્ય વિકાસમાન અને ગતિશીલ બનાવે અને તેમ કરી તેમને આત્મસિદ્ધિનાં ઉચ્ચોચ્ચ શૃંગ ચઢવાની શક્તિ આપે.

મને એ લખતાં હર્ષ થાય છે, ઇ. સ. ૧૯૭૧ની જાન્યુઆરીની ૩૧ મી તારીખે પૂજ્ય મહારાણા સાહેબ તથા મહારાણી સાહેબાની ઉપસ્થિતિમાં પોરબંદરનાં સમસ્ત નાગરિકોની પ્રતિનિધિ સમિતિએ તેમની નૃત્ય અર્ચનાના સમયે બહુમાન કર્યું હતું અને તેમને માટે જે શુભેચ્છા વ્યક્ત કરી હતી, તે આ કલા-પુરસ્કારથી પરમાત્માએ સફળ બનાવી છે. અનેક શુભેચ્છાઓ સાથે.

શ્રી કાલિદાસ વનરાવનદાસ રાડિયા (કાકુમામા)
વાડિયા રોડ, પોરબંદર

卐

સંસ્કારમૂર્તિ કલાસ્વામિની આયુષ્મતી સવિતાદીદીને
અમારા અંતરના અભિનંદન

સંસ્કાર-મૂર્તિ સવિતાદીદી જન્મથી લક્ષ્મીપુત્રી હોવા છતાં આજે સરસ્વતીની વરદપુત્રી છે. લક્ષ્મીને સરસ્વતીની સુમેળના સાક્ષાત દર્શન આયુષ્યમતી સવિતાદીદીમાં થાય છે. 'સત્યં શિવં સુંદર' ઉપર આધારિત ભારતીય સંગીત અને નૃત્યની તે કલા-સ્વામિની છે. તેની વાક્-છટા ભલભલા શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરે છે. તેમની પાસે કોઇપણ વિષયની છણાવટ કરવાની કલા અદ્‌ભુત છે. શેઠ નાનજીભાઈ તથા માતા સંતોકબેનની સંસ્કૃતિ-પ્રેમની ઉદાત્ત ભાવનાઓ તેમની પુત્રીમાં અવિરત થઇ છે.

બાળપણથી જ આર્ય કન્યા મહાવિદ્યાલય-વડોદરા જેવી મહાન્ સાંસ્કૃતિક સંસ્થામાં રહી તપોમય જીવન દ્વારા સરસ્વતીની સાધના કરી પોતાની ઉજ્વલતાની પોતાની માતૃ-સંસ્થાની કીર્તિમાં ચાર ચાંદ લગાવ્યા છે.

પોરબંદર આર્ય કન્યા ગુરુકુલના આચાર્યપદે વિરાજી તેમણે તેમના પિતાજીનો વૈદિક સાંસ્કૃતિક કન્યા કેળવણીનો મહાન આદેશ પૂર્ણ કર્યો છે. દેશ વિદેશોમાં ભ્રમણ કરી તેમને જગતના પ્રવાહોનું અધ્યયન કરી આપણી સંસ્કૃતિની સુમેળ સાધવા જે મૌલિક રચનાઓ કરી છે તે અદ્‌ભુત છે.

ગુજરાત રાજ્યે લલિતકલા એકેડેમી તરફથી તેમનું બહુમાન કરી એક યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિની કદર કરી છે તે માટે તેમને પણ અભિનંદન. આજે આયુષ્મતી સવિતાદીદી વ્યક્તિ નથી પણ પ્રાચીન આર્ય આદર્શોને જીવન દ્વારા વ્યકત કરતી સંસ્થા છે.

'ભારતી'ના તંત્રી મંડળે તેમને અભિનંદન આપવા વિશિષ્ટ અંક કાઢી એક સુંદર કાર્ય કર્યું છે. આ પ્રસંગે આયુષ્મતી દીદીને મ્હારા અંતરના આશીર્વાદ આપીને પ્રભુને પ્રાર્થું છું કે તેજસ્વી તારલા બની આ જગતને આલૌકિક કરી પોતાના કુલ અને કાર્યને કીર્તિમાન કરે.

નિયામકઃ– શ્રી. પં. આનંદપ્રિયજી
આર્ય કન્યા મહાવિદ્યાલય, વડોદરા

卐

शुभेच्छा–संदेश

मुझे यह जानकर बड़ी प्रसन्नता हुई कि आप 'भारती' का एक अंक श्रीमती सविता बहेन की अभ्यर्थना के लिए निकाल रही हैं। सविता बहेन ऐसी अभ्यर्थना के लिए बड़ी ही सुयोग्यपात्र है। स्त्री-शिक्षाका कैसा रूप होना चाहिए, यह सविता बहेनने स्वयंके कामों से दिखला दिया है। संस्कृत-साहित्य, विशेषतः वैदिक-साहित्य की वह पूर्ण ज्ञाता हैं और वैदिक विचार-धारा की वह पूर्ण रूपसे समर्थक है। स्त्री-शिक्षा के क्षेत्रमें उन्हों ने जो कुछ किया हैं, वह सर्व विदित है। कला एकांगी नहीं होनी चाहिए, उस में ललितकलाओं, संगीत, नृत्य और नाट्य का सामंजस्य होना चाहिए। वह स्वयं नृत्य कला में पारंगत है, तथा वह पूर्ण रूप से जानती है कि नृत्य से जीवन में ऐसी सुचारुता आती है जिससे हम अनेक कष्ट साध्य कामों पर विजय पा सकते है। मुझे पूर्ण आशा है कि, आपका यह प्रयत्न सफल होगा और सविता बहेन शिक्षा और कला के क्षेत्र में नई दिशा दिखा सकेगी।

— डॉ. मोतीचन्द्रजी
संचालक-म्यूजियम, मुंबई-१

卐

'આર્ય કન્યા ગુરુકુળ'ના અધિષ્ઠાત્રી સવિતાબહેનને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી બહુમાન–પુરસ્કાર અર્પણ થયો તેના સમાચારથી હું આનંદ અનુભવું છું અને આ પ્રસંગે મારા અંતરની શુભેચ્છાઓ પૂર્વક પાઠવું છું.

ભારતીય સંસ્કૃતિમાં નૃત્યકળાને આદ્યકળામાં સ્થાન મળ્યું છે તેથી જ ચિત્ર માટે પ્રબોધન થયું છે કે 'યથા નૃત્યે તથા ચિત્રે.' એટલે હાવભાવ તથા અભિનયો અને ગતિના સ્વરૂપો ચિત્રકારે પ્રાપ્ત કરવું ઘટે છે. આશા છે કે તેમના દ્વારા આ સૂત્ર આર્ય કન્યા ગુરુકુળમાં આદર પામશે.

—રવિશંકર રાવળ
('કુમાર'ના સંસ્થાપક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સૌએ આ પવિત્ર વિચાર દ્વારા અંક બહાર પાડી બહેનને અભિનંદન અર્પવા જે યોજના પ્રારંભ કરી છે તે ઈશ્વર કૃપાથી પરિપૂર્ણ થાઓ અને આનંદ અનુભવો.

शुभाशीर्वचनम्

महेता कुल-सम्भूता नानजी-देहजा मता ।
'सविता'नृत्यनिष्णाता जीयाद् वर्षशरच्छतम् ॥ १ ॥

विमल-वर-गुणैर्या भूषिता भाग्य-युक्ता
सकल-सुजन-बाला-पालने दत्तचिता ।
हरि-विनत सुदाम्नो मान्यदेशे प्रिया या
पितृपदनत 'दीदी' जीवताद् दीर्घकालम् ॥ २ ॥

नृत्ये याऽस्ति विशारदा मणिपुरे बालाऽप्यबालाऽमला
यत्कीर्तिः प्रसुताऽमरा नटवरैर्गीता मुदा भारते ।
यस्या मार्गपरा परे गुरुकुले विन्द्या-परा बालिकाः
सत्यं सा 'सविता' सदा शिवरता भूयात् सदा सौख्यभाक् ॥३॥

--મહંત શ્રી શાંતિપ્રસાદજી વેદાન્તાચાર્ય
આણદાબાબા સેવા-સંસ્થા (જામનગર)

સકલગુણગણયુકતા સદાચાર સદ્ધર્મ કર્મપરપરા પરમવિદુષી બહેન શ્રી સવિતાબહેન (દીદી) નાનજીભાઈ કાલિદાસ મહેતાની મનઃ-કામના શ્રીહરિ પૂર્ણ કરે. શુભાશીર્વાદ સાથ નિવેદન જે-

સાક્ષર શિરોમણિ બહેન શ્રી. સવિતાબહેને પોતાના પૂર્ણ પરિશ્રમ દ્વારા અથાગ ખંત, અપૂર્વ ઉત્સાહ સાથે કષ્ટમય તપ રૂપે મણિપુર-નૃત્યની સિદ્ધિ સંપ્રાપ્ત કરી છે. બહેનમાં સાહિત્યની વિશિષ્ટતા, કળાનું કૌશલ્ય, સંગીતનું સર્વાંગીણ જ્ઞાન, સભાનું સભા પાંડિત્ય, વ્યવહારમાં પ્રત્યુતન્નમતિતા, ગુરુકુળની સર્વાંગીણ વ્યવસ્થા કરવાની અપૂર્વ વ્યવહાર દક્ષતા, આશ્રિતજનો પ્રત્યે પૂર્ણ ભાવુકતા સાથે ઉદારવૃત્તિ, પિતૃ ભકિતનાં પ્રતીકરૂપે ગુરુકુળની આજીવન માતૃસાંનિધ્ય સાથે પૂર્ણ માતૃવાત્સલ્યની પ્રાપ્તિ અને અપૂર્વ ધન-વૈભવ હોવા છતાં સાદાઈ, સરળતા, સાત્ત્વિકવૃત્તિ સાથે પૂર્ણ ત્યાગ તપસ્યામય જીવન આદિ ઉત્તમ ગુણો જોઇને તેઓના પ્રતિ જે જે પરિચયમાં આવેલ છે, તે તે સર્વ વ્યકિત-ઓનું હૃદય તેઓ પ્રત્યે અત્યંત લાગણી સાથે પૂર્ણ આદર ધરાવે છે. મને પણ બહેન પ્રત્યે કુદરતી રીતે પૂર્ણ સદ્‌ભાવ છે. અને તે કેવળ અમારા જૂના સંબંધને લઇને નહીં કિન્તુ તેઓના વ્યકિતગત ગુણોથી આકર્ષાઈ હું હરહંમેશ આશીર્વાદ આપતો રહ્યો છું. અને આપું છું. એક સર્વ સાધારણ વ્યકિત પણ થોડું ઐશ્વર્ય કે માન મળતાં પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યેષ્ઠ કુલભ્રાતા



શ્રી ખીમજીભાઈ નાનજીભાઈ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના મંદિર



આર્ય કન્યા ગુરુકુલ–પોરબંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોવૃત્તિને સંયમમાં રાખી શકતી નથી, તો પછી જેના પાસે જગતનાં સુખ સાધનોનું પૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત હોય, છતાં એક સાધુ જેવું પવિત્ર સાદું તપસ્વી જીવન ધરાવી સંસારથી ઉપરત રહી, ગુરુકુલના પવિત્ર સેવાયજ્ઞમાં પોતાનું જીવન તથા સર્વસ્વ અર્પવું તે કાંઈ સાધારણ વાત નથી. ઇશ્વરકૃપા, મહાપુરુષોની દયા પ્રારબ્ધની અનુકુળતાથી જ આવી ઉત્તમ વૃત્તિ અને આવું પવિત્ર જીવન સાંપડે છે.

— મહંત શ્રી શાંતિપ્રસાદજી વેદાન્તાચાર્ય
આણંદાબાબા સેવા–સંસ્થા (જામનગર)

卐

શુભેચ્છા–સંદેશ

શ્રી સવિતાબહેને મણિપુરી નૃત્યના ક્ષેત્રે સ્પૃહણીય સિદ્ધિ મેળવી છે એ સિદ્ધિ દ્વારા તેમણે ભારતભરમાં ગુજરાતનું અને ગુજરાતભરમાં આપણા પ્યારા પોરબંદરનું નામ સુકીર્તિત બનાવી દીધું છે એ સર્વવિદિત હકીકત છે. એમની એ સિદ્ધિને લક્ષમાં લઇ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેમનું બહુમાન કર્યું એ સર્વથા યોગ્ય જ છે. યોગ્યનું યોગ્ય સમ્માન કરવામાં આવે ત્યારે જ પ્રજાનો અભ્યુદય થાય.

મણિપુરી નૃત્યના ક્ષેત્રની આ વિશિષ્ટ સિદ્ધિ ઉપરાંત પણ કલા, સંસ્કાર અને વિદ્યાના ક્ષેત્રોમાંની શ્રી સવિતા બહેનની સિદ્ધિઓ નાનીસૂની નથી. સંસ્કૃત ભાષા અને સાહિત્યનું તેમનું ઊંડું જ્ઞાન, હિંદી ભાષા ઉપરનું તેમનું અસાધારણ પ્રભુત્વ, એ બંને ભાષાઓમાં અભિવ્યક્ત થતી તેમની ઉત્તમ વાક્છટા, અને નારીશિક્ષણના ક્ષેત્રમાં તેમણે કરેલું મહત્વનું પ્રદાન તેમને હંમેશાં સહુના આદરનાં અધિકારી બતાવે છે. પોરબંદરનું 'આર્ય કન્યા ગુરુકુલ' જેટલી તેમના પિતાશ્રીની સરજત છે તેટલું જ તેમનું પોતાનું પણ બહુમૂલું બાળક છે. તેના સંવર્ધન, સંરક્ષણમાં તેમનો ફાળો અત્યંત મહત્વનો છે.

એ ગુરુકુલની બહેનો તેમનાં પૂજ્ય દીદીના બહુમાનના પ્રસંગે ગૌરવ અને આનંદ અનુભવે એ સ્વાભાવિક છે. એ આનંદની અભિવ્યક્તિ તેઓ પોતાના મુખપત્ર **भारती**નો વિશેષાંક પ્રસિદ્ધ કરીને કરે એ પણ સર્વથા યોગ્ય છે. પ્રેમપ્રદર્શનની આ સરસ રીતિ આચરવા બદલ તેમને હુ મારા અભિનંદન પાઠવું છું.

અને પોરબંદરના એક શહેરી તરીકે, આ મંગળ પ્રસંગે હું પણ મારો આનંદ વ્યકત કરું છું, અને પોરબંદરની આ સુપુત્રીની સિદ્ધિઓને અંગે હું પણ ગૌરવ અનુભવું છું. હું પ્રાર્થું છું કે શ્રી સવિતા બહેન હજીયે ઘણાં ઘણાં વર્ષો સુધી તેમની આ સુંદર અને મંગળની ઉપાસના ચાલુ રાખે, અને પ્રભુ હંમેશાં તેમની એ ઉપાસનાને સિદ્ધિમાં પલટાવતો રહે.

વિલેપાર્લે — ગુલાબદાસ બ્રોકર.
તા. ૨૩–૭–૭૩.

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌના દીદી

યજ્ઞના બે પાસા છે. એક કર્મ સાથે સંબંધ ધરાવે છે અને બીજું એની પાછળ રહેલી ભાવના સાથે સંબંધિત છે.- પ્રભુ સમર્પિત કાર્યને યજ્ઞનું રૂપ આપવું જોઇએ. કુ. સવિતાબેન (દીદી) જે કર્મ આરંભી બેઠા છે તે પ્રભુ સમર્પિત છે તેથી યજ્ઞ કહી શકાય. ક્રિયાને ક્રિયાસિદ્ધ બેનું મિશ્રણ થઇને યોગ બને છે. યોગસિદ્ધ કર્યો હોય તેનું ચિત્ત કેળવાયેલું ને કસાયેલું હોય. રાગ, ભય અને દ્વેષ એના ચિત્તને સ્પર્શ ન કરી શકે. તે એકજ પદાર્થ વિષે એકાગ્ર થયેલું હોય, અને અવિરત કુશળ કાર્યો દ્વારા પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. દીદી એ રીતે નૃત્ય દ્વારા પોતાનું સ્વરૂપ ભારતીય સંસ્કૃતિના ભાગરૂપે પ્રગટ કરે છે. ભારતીય સંસ્કૃતિ એ જીવંત બળ છે. શ્રદ્ધા, સંયમ, અને સમર્પણ આ કાલાતીત સંસ્કૃતિના પાયા છે. પછી તે સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌માં પરિણમે છે. આ મુલ્યો માટે આપણા પૂર્વજો જીવ્યા ને મૃત્યુ પામ્યા.

ભારતીય સંસ્કૃતિના અંતરમાં આત્મારૂપે વાસ કરનારી કેન્દ્રવર્તી કલ્પના એ છે કે એકતાનતા એજ મનુષ્યનો પરમ પુરૂષાર્થ છે, એજ એના જીવનનું અંતિમ લક્ષ્ય છે. દીદીએ એ લક્ષ્ય સિદ્ધ કર્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં કેળવણી મુખ્ય છે. કેળવણી એ સર્જનાત્મક કલા છે વિદ્યાર્થીએ વિકાસ સાધવો હોય તો મનના દ્વાર ખુલ્લા રાખીને નવી કલ્પનાઓ નવી વિચારસરણીને નવા સિદ્ધાંતોના અંતરમાં પ્રવેશ થવા દેવો જોઇએ. જૂના નવાનો સમન્વય કરી દીદીએ જીવનપુષ્પને જગતના બગીચામાં ખીલવ્યું છે-અને આત્મવિકાસ કર્યો છે. આત્મવિકાસનો નિયમ એક વાસ્તવિક હકીકતના પાયા પર રચાયેલો છે, અને તે હકીકત એ છે કે મનુષ્યના સંકલ્પમાં સર્જનશક્તિ રહેલી છે. ભારત આધ્યાત્મિક ભૂમિ છે. વેદકાળથી લઇને એનું જીવન ચેતનવંતુ રહ્યું છે-આધ્યાત્મિક વિકાસ સાધતું રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ એ એક સુગ્રથિત જીવનરીતિ છે. ભૌતિકવાદને ભારતીય સંસ્કૃતિમાં લેશમાત્ર સ્થાન નથી. પોતાના અહમના બીડાયેલા દ્વાર ઉઘાડી પ્રભુને પ્રગટ થવાનો સહેજ પણ અવકાશ આપી શકીએ તો પોતાનું કર્તવ્ય કર્યું ગણાય. એક વાર આ દ્વારકામાં પ્રવેશ મળે કે પ્રભુ એના ચિત્તમાં સમાઇ જાય ને તે વ્યકિતના માધ્યમદ્વારા કાર્ય કરે. નૃત્યના માધ્યમદ્વારા દીદીના અંતરમાં પ્રવેશી પ્રભુ પોતાનું ધ્યેય પાર પાડતા નથી લાગતા ?

દીદીએ અપનાવેલું મણિપુરી નૃત્ય અલગ અલગ નૃત્યશૈલીઓમાં ધાર્મિક વિચાર સરણી ધરાવે છે-કોમળ છે. બીજા નૃત્યોની માફક આ નૃત્યનાં હાવભાવમાં કઠોરતા નથી. મણિપુરી નૃત્યના તાંડવમાં વીજળીનો વેગ છે છતાં હળવાશ સહિત ફૂલ જેવી કોમળતા વર્તાય છે. મણિપુરમાં લોકો જન્મે છે નૃત્યમાં ને મરે છે પણ નૃત્યમાં. નૃત્ય એ ભકિતનો વિષય છે. ૭૦-૭૫ વર્ષ સુધી નૃત્ય કરતા હોય છે. ભકિતપૂર્ણ નૃત્ય ચાલતા હોય ત્યારે કોઇ ને આવવા દેતા નથી. છતાં દીદીને મણિપુરવાસીઓને મહારાજા મહારાણી તરફથી ખાસ બોલાવવામાં આવ્યા હતા ને 'ચંદ્રપ્રભા' નામનો ઇલ્કાબ આપ્યો છે. સામાજીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિટંબણાઓ ભોગવી અપૂર્વ સાધના કરી છે. આરંભથી મણિપુરી નર્તનના મહાન ગુરૂઓના સાન્નિધ્ય અને માર્ગદર્શન મળ્યા છે એ દીદીનું સદ્ભાગ્ય છે. ગુરૂ તો એવા જોઇએ જેનામાં સમર્પણની ભાવના હોય. મણિપુરના કલાકારોની ખાસિયત છે કે પોતે જાણતા હોય તે બધું ન શીખવે પણ દીદીની મીઠી મધ જેવી વાણીથી 'ગુરૂથી ચેલા સવાયા' કહેવત પ્રમાણે દીર્ઘ સાધનાને અંતે થઇ શકયા છે. એમની સફળતાને લઇને મણિપુરના સ્વ. મહારાજાએ એમને 'મૈતેઇ જગોઇ હાંજબી' નામની ડિગ્રી આપી છે. ગુજરાતમાં અર્થ થાય' મણિપુરી નર્તનના સર્વશ્રેષ્ઠ સાધક' આ ઉપાધિ ૨૦૦ વર્ષથી કોઇને મળી નથી. ત્યાંના મહારાણીએ 'દ્વિતીયઉષા'નું કીર્તિભૂષણ આપી એમનું સન્માન કર્યું છે. 'નહેરૂ ડાન્સ કોલેજ'માંથી 'ડીપ્લોમાં ઈન ડાન્સિંગ'ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. ગોવિંદજી મંદિરની બ્રહ્મસભાએ 'નૃત્યના આચાય'ની ઉપાધિ આપી છે. આમ નૃત્યમાં અનેક નવીનતા લાવી ગુરૂની મહેનત સાર્થક કરી છે શ્રીકૃષ્ણની પૌત્રવધુ ઉષા મણિપુરના હતા પુરાણ કહે છે કે ઉષા અનિરૂદ્ધને પરણી સૌરાષ્ટ્રની ગોપીઓને નૃત્ય શીખવ્યું. તો સૌરાષ્ટ્રના દીદીએ ઉષાનું બિરૂદ મેળવ્યું એ ઓછી સિદ્ધિ કહેવાય ? તાજેતરમાં ગુજરાતી સેન્ટર સોસાયટીએ એવોર્ડ આપી બહુમાન કર્યું છે. મણિપુરી નૃત્ય. ઘણા જાણે છે પણ દીદી એટલા ઊંડા ઊતર્યા છે કે સરળતાથી બધી ભાષામાં નૃત્યના પ્રકાર ને તેના અર્થ સમજાવી શકે છે એમની એ વિશિષ્ટતા છે.

કલા ચીલા ચાલુ રીતે ઘણા શીખે છે. પણ હૃદયના ઉલ્લાસથી કલામાં નાવીન્ય લાવી એમાં પોતે ઓતપ્રોત થઈ-ગૂંથાઇ જાય એવા દીદી જેવા કલાના ઉપાસક જૂજ હશે. આવા કલાકારનું તેજ જુદું જ હોય છે.

કુ. સવિતા બેન નાનજીભાઇ મહેતા તરીકે ઓળખાવા કરતાં સ્વજનો દીદી નામે વધુ ઓળખે-જાણે છે. એ પોતાના ધ્યેયને પહોંચવા અવિરત કાર્ય કરે છે. કરોડપતિની પુત્રી પાસે આવા અસીમ કાર્યની આશા કોઇએ ન રાખી હોય. એને અંગત ન ઓળખનાર શેઠ નાનજીભાઇની પુત્રી એટલે એશઆરામી ને મોજશોખમાં ડૂબેલી એક વ્યક્તિની કલ્પના કરે. પરંતુ ના, અહિ કંઇક જુદું જ જોવા મળશે એમના જીવનમાં આળસ કે પ્રમાદને સ્થાન નથી. હંમેશ ઊગતી ઉષા એમને નવિન રંગોએ રંગાયેલી-નવું તેજ લઇને આવતી દેખાય છે ને પોતે હંમેશા નવું ઝંખતા, નવું મેળવી પોતાના ધ્યેયને પહોંચવા મંથન કર્યા જ કરતા હોય છે. મારી દૃષ્ટિએ પૂર્ણતાને વરેલાં સમાજની દૃષ્ટિએ પંડિતા (ઇલકાબ-ડિગ્રી છે તેથી), પોતે માને છે કે હું શીખાઉં છું એ નમ્રતાની પરાકાષ્ટા જ ને ?

નૃત્યમાં રીધમ છે, આત્મામાં રીધમ છે. નૃત્યના રીધમ દ્વારા આત્માના રીધમની શોધ કરે છે. ઉઠતા પ્રશ્નોના જવાબ નૃત્યને માધ્યમ બનાવી-મેળવી આત્માની ખોજ કરે છે. આ રીતે એ શીખાઉ ખરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીદીના હૃદયદ્વાર ખૂલેને માનવ ક્ષિતિજ તોડી આગળ વધે એ જ અભ્યર્થના. પ્રભુ એમને વધુ વિકાસ સાધવામાં સદાયે સહાય કરે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

— સૌ. સ્નેહલીલાબ્હેન ઠકરાર

卐

આદ્યાક્ષર કાવ્ય

શ્રીખંડ સમ છે જેની સુવાસ

સહસ્ર કર શો જેનો ઉજાસ
વિણાધારીનો ભીતર વાસ
તાલ નૃત્યમાં મેળ મીઠાશ
બેહદ બુદ્ધિ બળનો પ્રકાશ
નવલ ધવલ ને વળી નરમાશ

નાટ્ય નિપુણ સંપૂર્ણ સમાસ
નજરે ન ભાળું એવી કુમાશ
જીવનરણ સંઘર્ષે ઉદાસ
ભાગિરથી શો ભાષાવિલાસ

ઈલાની જેમ ખમંતી ત્રાસ

મહાસાગરનાં મોતીને ખાસ
હેતથી હૈયે ભરી હુલ્લાસ

તાપસ આશિષ ગૌરીદાસ.

પ્રેષક : ગૌરીદાસજી મહારાજ
વડાલ.

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાના પ્રાણસ્વરૂપા પૂ૦ દીદી
જેઓએ અનેકવિધ કલાક્ષેત્રે સફળતાપૂર્વક
સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અમારા અંતરના વંદન.



પૂજ્ય કુલપિતા શ્રીયુત નાનજીભાઈ મહેતા
સપરિવાર પૂ૦ મહાત્મા ગાંધીજી સાથે પોતાના નિવાસસ્થાને, પંચગિની. ૧૯૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ સ્નાતિકા દીક્ષાન્ત સમારંભ—આચાર્યા શ્રી દીદી દીક્ષાન્ત-વિધિ કરાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आजीवन विद्यार्थी

दीदी के बचपन का विद्यार्थी काल आर्य कन्या महाविद्यालय बड़ोदा में अनेक विध भिन्न भिन्न विषयों के शिक्षण तथा प्रवृत्तिओं के साथ बड़ा ही उज्जवल रहा है।

आर्य कन्या गुरुकुल पोरबन्दर की आचार्या के रूपमें सफल संचालिका तथा मार्ग-दर्शिका हैं।

भारतीय कला, साहित्य और संस्कृति की उत्तम प्रचारिका है। आज भी जीवनका आधे से अधिक समय उनका अपने गुरुओं के सांन्निध्य में अपनी ज्ञान और कला को विकसित करने में, अपने उद्देश की पूर्ति के लिए निरंतर साधना में लगा रहता है।

परम देव परमात्मन् इस सत्यं, शिवं सुन्दरम् की उपासिका को उत्तम स्वास्थ्य, शक्ति और दीर्घायु प्रदान करें तथा वे वैदिक-धर्म की सच्ची पुजारी बनें।

— पंडित सुशीला बहन
व्यवस्थापिका,
आर्य कन्या गुरुकुल,
पोरबन्दर

卐

शुभ-कामना

प्राचीन काल से 'जगद्गुरु' के रूप में भारत की ख्याति रही है, चाहे वह ज्ञान के क्षेत्र में हो। भारत और भारत के बाहर विदेशों में भी कला मर्मज्ञों को अपने नृत्य से प्रभावित करके पूज्या दीदीने भारत की इस परम्पराको गौरवान्वित किया है। उन्होंने मणिपुरी नृत्य में जो विशेष सिद्धि प्राप्त की है वह उनकी वर्षों की अखंड तपस्या और साधना का परिणाम है। पूज्य दीदी को हमारे शत शत अभिनंदन।

पू. दीदी की नृत्यकला का आस्वाद लेनेका जब भी अवसर मिला है, मन एक दिव्य अनुभूति में मग्न हो गया है। उनके नृत्यका उल्लास, सात्विक आनंद और दिव्यता आजतक और कहीं दिखाई नहीं दी। कला का यह वरदान सरस्वती देवी के कृपापात्रा को ही मिलता है। देवी वीणापाणि के वरद हस्त की छत्र-छाया उनकी कला का नित्य नया निखार और परमोत्कर्ष प्रदान करे, यही हार्दिक शुभकामना है।

— शान्ति अग्रवाल
भूतपूर्व मुख्य अध्यापिका
आर्य कन्या गुरुकुल, पोरबन्दर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शुभ-कामना

चि. दीदी की 'रसो वै सः' में महती श्रद्धा है। सब नृत्यों में केवल मणिपुरी नृत्य को अपनाना इसका प्रबल प्रमाण है। उन्हें अटल विश्वास है कि यह नृत्य उन्हैं भगवान्‌की भक्ति की ओर ले जाकर अननुभूत आनन्द प्रदान करता हे। इससे उनके आध्यात्मिक अनुरागकी प्रतीति होतीं है। वे सबका त्याग कर सकती हे पर प्रभु की पूजासे विमुख नहीं हो सकतीं। उनके प्रखर पाण्डित्यका कारण उनका सतत स्वाध्याय में संलग्न रहना है।

'गुजरात की ललित कला अकादमी ने उनका सन्मान करके प्रशंसनीय कार्य किया है। मैं तो उस दिन की प्रतीक्षा में हूँ जब हमारी भारत-सरकारको ओर से उनकी कलाका सन्मान किया जाय। आप सबको इसके लिएभी प्रयत्नशील रहना चाहिए। काठियावाड की जनता उनके कौशल से अनभिज्ञ नहीं है।

मैं आपको अभिनन्दन देती हूं कि आप अपनी आचार्या के प्रति अपनी कर्तव्य-पूर्तिकी दृष्टि से उनकी उच्च कोटिकी कला के सन्मान के रूप में उन्हें 'भारती' का अंक समर्पित करने जा रही हैं। आपको इसमें पूर्ण सफलता प्राप्त हो और चि. दीदी अपनी कलाकी चरम सीमा पर पहुँच कर जगद् व्यापी कीर्ति प्राप्त करें, यही मेरी शुभ कामना है।

—शान्ता वर्मा, स्नातिका
मु. रांची,

卐

माननीय दीदी की सफलता

माननीय प्रिय दीदी मेरी हार्दिक बधाई स्वीकार करें। आपने नृत्यक्षेत्र में अपने परिश्रम से विशिष्ट सिद्धि प्राप्तकी है, न केवल गुजरात परन्तु समस्त भारत के लिये यह गौरव की बात है। आप कोई भी कार्य हाथ में उठाती हैं तो आप लगन से करती हैं, और जब तक पूर्ण सफलता नहीं पाती हैं, तब तक उसको नहीं छोडती हैं।

गुजरात ललित कला एकेडेमी की तरफसे आपको पुरस्कार मिला है, यह जान कर मुझे हर्ष हुआ है। आपको तथा आपके परिवारको मेरी मुबारक हो। परमात्मा आपको दीर्घ आयु दे. ओर सदा सुखी रखे-आपकी गुरूकुलकी बेटियाँ आपसे इस उत्तम कलामें लाभ ले सके और आपके आध्यात्मिक जीवन से भी कुछ सीख सकें।

— भोजवाणी

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. દીદીએ નૃત્યકલા-ક્ષેત્રે સિદ્ધિનું શિખર સર કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. તેમને અમારા હાર્દિક અભિનંદન.

જ્યાં આવી સાધક પુત્રીઓ આપણા દેશમાં છે, ત્યાં આપણા દેશનું ભાવિ ઉજ્જવળ છે.

ઇશ્વર પાસે અમે પ્રાર્થના કરીએ છીએ કે પૂ. દીદી હંમેશા કલાક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરતા રહે અને દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવે અને આપણા દેશનું ગૌરવ વધારે, એવી હું અને અમારા મંડળની દરેક બહેનો શુભેચ્છાઓ વ્યકત કરીએ છીએ.

લિ.

જયશ્રી આર. દોશી,
મંત્રી-સૌરાષ્ટ્ર, સીમેન્ટ, મહિલા મંડળ,
રાણાવાવ-૨

卐

સંસ્કાર-સંપન્ન વ્યક્તિત્વ

અમે પોરબંદરમાં આવ્યા તેને થોડોક સમય થયો હતો તે દરમિયાન આર્યકન્યા ગુરુકુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ જોવાનું થયું. મારી બાજુમાં બેઠેલ એક બહેને મને 'દીદી' તરફ નિર્દેશ કરીને પૂછ્યું, 'તમે એમનું પ્રવચન કોઇ વખત સાંભળ્યું છે ? ખૂબ સુંદર બોલે છે; અને એક પરમ સંસ્કારસંપન્ન બહેન છે.' એ બહેનના મંતવ્યની પ્રતીતિ દીદીએ કાર્યક્રમની સમાપ્તિ પછી જે.વક્તવ્ય રજૂ કર્યું તેનાથી થઇ ગઇ. તેમની વકતૃત્વ-શકિત તો ખૂબ હૃદયસ્પર્શી છે જ પરંતુ એમના શબ્દો અને ભાવ એક પ્રકારની આભા લઇને પ્રકટ થાય છે.

ત્યારબાદ અનેક પ્રસંગોએ એમને મળવાનું તથા સાંભળવાનું થયું અને તેમની લલિતકલા વિષયક સિદ્ધિની અનેક વાર ઝાંખી થઇ. એમની પ્રતિભા જ એવી છે કે તેઓ જે વિષયને સ્પર્શે છે તેમાં પારંગત થયા સિવાય રહી શકતાં નથી. એમનાં મણિપુરી નર્તન અને તેના ઊંડા અભ્યાસનું દૃષ્ટાંત લઇએ તો થોડા પહેલાં જ એમણે પોરબંદરના સંસ્કારી સમુદાય સમક્ષ મણિપુરી નૃત્યના બધાં અંગો ઉપર એક સપ્રયોગ નૃત્ય સમારંભ રજૂ કર્યો હતો. આ નૃત્ય દ્વારા એમણે મણિપુરી નર્તનના સમસ્ત પાસાંને આવરી લીધા હતા અને એમણે એ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિની પ્રતીતિ તો વાતાવરણમાં જે પ્રસન્નતા અને પવિત્રતા ફેલાઇ ગઇ તેનાથી થઇ, આ સમારંભ એક અવિસ્મરણીય ઘટના બની ગયો છે.

સૌરાષ્ટ્રની લોકકલા અને સંસ્કૃતિની તેમની ચાહના પણ અનેક સમારંભોમાં જોવા મળી. તેઓ હિન્દુ ધર્મ, આયુર્વેદ, યોગ, સંવાહનવિદ્યા અને ભારતીય તત્ત્વજ્ઞાનનાં પણ સારાં એવાં અભ્યાસી છે. મુંબઇમાં એમણે સ્થાપેલી 'પરિમલ એકેડેમી' સંસ્થાનું ધ્યેય ભારતીય સંસ્કૃતિના [illegible] શોધન કરવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યકન્યા ગુરૂકુલનાં અધિષ્ઠાત્રીપદે રહીને પણ તેમણે વિદ્યાર્થિનીઓમાં લલિતકલા અને નૃત્ય પરત્વેનો પ્રેમ ઉત્પન્ન કરેલો છે, અને ત્યાંના ગુરૂમંડળ તથા શિષ્યાસમુદાયનાં તેઓ પ્રેરણામૂર્તિ બન્યા છે.

મને ઘણીવાર પ્રશ્ન થાય છે કે આવા પ્રતિભાશાળી બહેન રાજકારણમાં કેમ ભાગ લેતાં નહિ હોય ? પરંતુ સાથોસાથ મનમાંથી જ ઉત્તર મળે છે અને એક જાણીતું વાકય યાદ આવે છે, 'Politics is a sirou that promises everything but fulfills nothing.' દીદીને વચનથી સંતોષ નથી; સિદ્ધિથી સંતોષ છે; એટલે જ કદાચ એ તપશ્ચર્યાપૂર્ણ ધ્યેયો જીવનમાં પસંદ કરે છે. અને તેની પાછળ લગનથી મંડી રહીને તેમને પાર પાડે છે.

આવા પ્રતિભાશાળી, સંસ્કારસંપન્ન, કલારસિક અને ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા 'દીદી' પોરબંદરનું તો ગૌરવ છે જ પરંતુ ગુજરાત તથા ભારતવર્ષનું પણ અમોલું રત્ન છે. કલા અને સંસ્કૃતિની અર્ચના દ્વારા દેશની સેવા કરવાનું પ્રભુ એમને મહાભાગ્ય આપો એવી અભ્યર્થના.

—વાસંતીબહેન વકીલ.
બીરલા કોલોની, પોરબંદર

卐

શું લખું ?

આજે આપણાં વહાલસોયાં પૂ. દીદી માટે કંઇક લખવું એવું મનમાં ઊઠયું. તરંગો ઉછળવા લાગ્યા. પરંતુ મારા જેવી સામાન્ય વ્યક્તિ શું લખી શકે ? અને તે પણ પૂ. દીદી માટે ? વાણી, વિચાર અને કલમની શક્તિ અંગે હું સાશંક છું. સૂર્યનારાયણદેવનું વર્ણન સામાન્ય માનવી કયાંથી કરી શકે ? છતાં પણ મનની ઊર્મિઓને સમાવવા, હૃદયની ઇચ્છાને પૂર્ણ કરવા પૂ. દીદી માટે તેઓશ્રીના વર્ષોના સહવાસથી મારી ભાંગીતૂટી ભાષામાં લખું છું તો વાચકો મારી ક્ષતિઓ નિભાવી લેશે એવી આશા છે.

સોનાને સોનું કહેવું તે ભૂલ નથી તેમ પૂ. દીદીનું નામ 'સવિતા' પ્રભાતનાં સૂર્યની સુંદર સપ્તરંગી રેખા છે. તેને ભારતનું એક 'નારીરત્ન'–દેવી કહી સંબોધું તો પણ અધૂરું જ લાગે છે. તેઓશ્રીની શકિતનો પ્રકાશ બાલ્યકાળથી જ દીપી ઊઠ્યો છે. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં સૌને મંત્રમુગ્ધ કરી દીધેલ છે. જેમ પુત્રના લક્ષણ પારણામાંથી જ જણાય તેવી રીતે વિદ્યાર્થી–જીવનથી સૌને પોતાની મધુર વાણીથી, વિનયથી, આજ્ઞાંકિત-પણાથી તેમ નિયમિતપણે જીવનના કાર્યો કરવાની ટેવથી સર્વને પ્રભાવિત કરી મૂકેલ છે, અને પ્રેરણારૂપ બનેલ છે, તેઓશ્રીના વિદ્યાર્થી–જીવનના ગુરુ પૂ. શ્રી. ભ્રાતાજીની પાસેથી મેં અનેકવાર સાંભળ્યું છે કે પોતે જે કાર્ય કરવા માટે નિર્ણય કરે તે પૂર્ણ કર્યા પછી જ જંપવાનું એ એમની વિશિષ્ઠતા છે. એટલે સ્વેચ્છાએ, સ્વમહેનતે, અનેક પ્રકારના ઝંઝાવાતોનો હિંમતપૂર્વક, હસતેમુખે સામનો કરી અથવા વિનયપૂર્વક બાજુએ મૂકી દઇ, આજે ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કક્ષાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેનો આનંદ કયા શબ્દોમાં વર્ણવું ? 'ગાગરમાં સાગર' ની હું તો કલ્પના જ કરી શકું. એ વર્ણવવાનું કામ તો શ્રેષ્ઠ વિદ્વાનનું જ છે. છતાં નજરે નિહાળેલ એક બે પ્રસંગો અને અનુભવો રજુ કરીશ.

હું તો વર્ષોથી જોતી જ રહી છું કે તેઓશ્રીએ કેટકેટલી પદવીઓ પ્રાપ્ત કરી છે. ધન્ય છે તેમના માતાપિતાને કે જેમણે આવી સુપુત્રીને જન્મ આપી ભારતની નારીજાતિની પ્રેરણામૂર્તિ બન્યાં !

પૂ. દીદીને તપ, ત્યાગ, સાધના અને સિદ્ધિથી મણિપુરના મહારાજા અને મહારાણી તરફથી 'દ્વિતીય ઉષા' અને 'ચંદ્રપ્રભા'ના બિરુદો પ્રાપ્ત થયાં છે. આવું સન્માન ભારતની કોઈ નારીને પ્રાપ્ત થયું નથી. મણિપુરી નૃત્યક્ષેત્રે પૂ. દીદીની સિદ્ધિ અજોડ છે. આ સર્વ સિદ્ધિઓ પૂ. દીદીની એકનિષ્ઠા, તપશ્ચર્યા, દર્શાવે છે. ત્યાગ સાથે વૈરાગ્ય પણ અતિશયોકિત નથી.

કૃષ્ણ–સુદામાની વાત યાદ આવી જાય છે. પૂ. દીદી પાસે હું તો સુદામા જેવી છું. વર્ષો પછી સુદામા કૃષ્ણને મળ્યા ત્યારે બોલ્યા હતાઃ–

'એ તો થઈ બેઠો પૃથ્વી પતિ
મારે તો તુંબડી ને લાકડી

પૂ. દીદી 'ભારતનું નારીરત્ન' બની નારીસમાજનું ગૌરવભૂષણ બન્યા છે. લાગણીના ભારથી મારી વાણી મૌન બની જાય છે પણ હૃદય પુલકિત બની નાચી ઊઠે છે. હું નૃત્યકળાની જ્ઞાતા તો નથી છતાં જ્યારે તેઓશ્રી કૃષ્ણદર્શન નૃત્યદ્વારા કરાવે છે ત્યારે સદેહે સ્વર્ગમાં બેઠા હોઈએ એમ લાગે છે. પૃથ્વી પર સ્વર્ગ ઊતર્યું હોય તેમ લાગે છે. પૂ. દીદી અસાધારણ શકિતઓ ધરાવતા વ્યકિત છે. પૂર્વ જન્મની દૈવી શકિત જન્મથી જ સાથે લઈ કોઈ પવિત્ર આત્માએ અવતાર ધારણ કર્યો છે. દેવી સ્વરૂપે તેઓ સંસ્થાના પ્રાણસમાન છે. એમની વિદ્વતા, નમ્રતા, નૃત્યકલાશકિત, સંસ્કૃતિ પ્રેમ, ઇશ્વરકૃપા, સ્વશકિત, અને વડિલોના આશીર્વાદ મેળવી તેમણે અનન્ય સિદ્ધિ અને સાધનાનું દર્શન કરાવ્યું છે

૧૯૫૭માં તેઓશ્રીએ કહેલા શબ્દો હજુ મને યાદ છે. 'આધ્યાત્મિક શકિત આત્માનું સૌંદર્ય છે. ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરે તે કલા. કલાને બાહ્યસૌંદર્યના અર્થમાં સમજવાની નથી. ઉચ્ચ કોટિના જીવન માટે સત્યમ્ અને શિવમ્ ની સાધના બસ નથી. તેની સાથે સુન્દરમ્ ની સાધના થતાં ઉચ્ચ કોટિનું જીવન પૂર્ણ બને છે. કલાનું ધ્યેય સુંદરમ્ ની સાધના છે. આત્મામાં સૌંદર્ય વસી જાય એજ જીવનની ધન્યતા છે.' ભારતીય કલા માટે શ્રી અરવિંદના શબ્દો કેટલા યથાર્થ છે કે :– 'હિંદની કલાના સર્જનનો પાયો આધ્યાત્મિક અને સહજપ્રજ્ઞા ઉપર મંડાએલો છે. આપણા કલાકારો આ વસ્તુ પ્રત્યે પૂરેપૂરા સભાન હતા. અને શાસ્ત્રોએ પણ આ વાત સ્વીકારેલ છે.'

ટૂંકમાં, ધર્મગ્રંથો અને ઉપદેશોથી નથી આવતું તે કલા દ્વારા સાધી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાની અધિષ્ઠાત્રીદેવી સરસ્વતીનું વર્ણન જુઓઃ 'સરસ્વતીના ચાર હાથોમાંથી બે હાથ વીણા પકડવામાં રોકાયેલા છે. વીણા કલાનું પ્રતીક છે. વિદ્યાનું અર્ધું રૂપ જ આમ કલાનું છે. કલા આત્માને સૌંદર્ય અર્પે છે, કલા દ્વારા ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય છે.'

વર્ષોની સતત સાધના પછી પૂ. દીદી આજે મહાદેવી કે જગદંબા સ્વરૂપે પહોંચ્યા છે. સત્યં, શિવં અને સુંદરમ્‌ની સાધિકા પુજારિણી, 'દ્વિતીય ઉષા' આપણાં દીદીને પૂર્ણ આરોગ્યમય વૈદિક આયુ પ્રાપ્ત થાઓ, એમની તપશ્ચર્યા, આરાધના, ઉત્તરોત્તર સમૃદ્ધ બને, એમનું શીલ, સૌજન્ય અને વિદ્યા–કલાનો વૈભવ વૃદ્ધિ પામતો રહે, એમની વિજય-પતાકા અવિરતપણે ફરકતી રહે, એમણે મેળવેલ પવિત્ર શ્રેષ્ઠ કલાના દર્શન ફક્ત ભારતમાં જ નહીં, વિદેશોમાં ભારતની સંસ્કૃતિની સૌરભ ફેલાવે, અને પ્રભાવિત કરે, અને એમની સુકીર્તિનો સુવર્ણકળશ હર–હંમેશ ઝગમગતો રહે, એજ પરમ દયાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ. અસ્તુ.

શ્રી ગોદાવરીબહેન પટેલ
મુખ્યાધિષ્ઠાત્રી–ગુરુકુલ સંસ્થા, પોરબંદર

卐

દીદી અને તેમના આદર્શનો પરિચય
('આફ્રિકા સમાચાર' માંથી)

કુમારી સવિતાબહેન નાનજીભાઇ કાલિદાસ મહેતાએ પોતાનું જીવન કળાના વિકાસ, પ્રસાર તથા સાધનાર્થે સમર્પિત કર્યું છે કળાની ઉપાસના દ્વારા પ્રભુસંપર્ક સાધી શકાય. જેમ ભક્તિ માર્ગમાં તપસ્યા કરવી જરૂરી છે તે જ પ્રમાણે કળાની પ્રાપ્તિ માટે શિસ્ત, સાધના અને તપસ્યા આવશ્યક છે. શિસ્ત માત્ર શારીરિક જ નહીં પરંતુ તન, મન અને આત્માની. આ ત્રણેને કેળવીને એક માર્ગે દોરવા સરળ નથી. કારણ શિસ્ત મેળવ્યા પછી સાધનાની પ્રાપ્તિ કરવી રહી. લાગણી, કલ્પના અને પુરુષાર્થને એક તારે વણે તો જ કોઇ પણ કળા સિદ્ધ થાય. દા. ત. ચિત્રકારના હૃદયમાં વિષયની સ્ફુરણા થતી તો વિષયને ક્યા રંગે રંગાવો વગેરે કલ્પનાઓ માત્રથી જ ચિત્રકાર ન થવાય. પણ આજ વિષય એ કલ્પનાને સાકાર રૂપ આપવા પીંછી અને કેનવાસ લઇ ચિત્ર દોરે ત્યારે જ તે કળા સર્જી શકે. આવું છે, બધી જ કળાના ક્ષેત્રે. સંગીત કળામાં–સંગીત જાણવાની ઝંખના થયાથી મહાન સંગીતકાર નથી થવાતું ! પણ એ જ ઝંખનાને શિસ્તના દોરડે બાંધી સાધનાનો પ્રારંભ કર્યો તો કળા–પ્રાપ્તિની સંભાવના ખરી ! સાધનાના બે પાસાં છે. ત્યાગ અને ઇશ્વરમાં શ્રદ્ધા. કળાની પ્રાપ્તિ જોઇતી હોય તો સામાજિક આકર્ષણોનું બલિદાન કરવું પડે. સાધના અને કળાની તમન્નામાં અહંને પણ ત્યજી દેવો પડે. સામાજિક ટીકા અને વિરોધનો યોદ્ધાની જેમ સામનો કરવો પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધા કપરા માર્ગોને પાર કરીને દીદીએ આજે એક સાધ્વીનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કળા અને દીદી તો વિખૂટા પાડી જ ન શકાય ! વળી કળા સાથે ભકિત અને વિદ્વતા જ નહીં પણ સમાજની ગહેરી સમજણ દીદી ધરાવે છે. તેમની સાથેના ટૂંક સમયના વાર્તાલાપમાં પણ તેમનો ભારતીય સંસ્કૃતિને માટેનો ગૂઢ પ્રેમ સબળ વ્યકત થાય છે.

કળાથી વિમુખ થયેલ ભારતીય પ્રજા અહીં પૂર્વ આફ્રિકામાં આત્મા ગુમાવીને જાણે ન જીવી રહી હોય ! કળા સંસ્કૃતિનો આત્મા છે. તેથી જ તો કળાહીન પ્રજામાં ખામી અને અસંતોષ જણાતા હોય છે ! અહીંની પ્રજાની આ હાલત જોઇ દીદીનું હૃદય પીગળે છે. અને આ પ્રજામાં કળા પ્રત્યેની જાગૃતિ આણી ગુમાવેલ આત્માની શોધમાં મદદરૂપ થવું એ દીદીના જીવનનું એક મહાન ધ્યેય છે. ખરા વિદ્વાનની વ્યાખ્યા છે કે જ્ઞાનની પ્રાપ્તિથી સંતોષ ન માનવો હંમેશ વધુ જ્ઞાનની પ્રાપ્તિ કરવાની ઝંખના અને પ્રયાસ રાખનાર સદાયનો વિદ્યાર્થી તે જ વિદ્વાન ! દીદી પોતાની જાતને કાયમ વિદ્યાર્થી જ માને છે અને તેમના શબ્દોમાં, 'હું તો વિદ્યાર્થી છું અને સદાય રહેવાની છું. દુનિયામાં એટલું જાણવાનું છે કે જેમ તમે જ્ઞાન સમંદરમાં ઊંડા ઉતરો તેમ વધુ ઊંડા જવાની ઇચ્છા જાગે છે. સર્વજ્ઞ થવાની અભિલાષા હોય તો હું જાણું છુ" તેવો ગર્વ તો કોઇપણ કક્ષાએ ન લેવાય.' દીદીના મંતવ્ય પ્રમાણે કલાકાર અને સાધક થવા ધીરજ, પ્રેમ, સમજણ, જીજ્ઞાસા ધર્મ અને શિસ્તના ગુણો કેળવવા આવશ્યક છે.

આ સર્વેની સંપૂર્ણ પ્રાપ્તિ કર્યા પછી કળાકારનો ધર્મ છે કે સામાન્ય પ્રજામાં પોતાની કળા પ્રત્યે અભિરૂચિ ઉત્પન્ન કરવી, કારણ જેટલી અભિરૂચિની ઉચ્ચતા હોય તેટલા જ ભાવ ઉદાત્ત હોય. જેટલા ભાવ ઉદાત્ત હોય તેટલું જ આવિષ્કરણ ઊંચું. જેમ સંસ્કૃત સુભાષિત કહે છે,

'ભાવાવિષ્કરણં કલા'–અર્થાત
'ભાવ આવિષ્કરણ તે કલા'

શાસ્ત્રીય કળાના ક્ષેત્રમાં ભારતમાં કળાકાર અને સામાન્ય પ્રજા, અથવા તો કળાભોકતાઓ વચ્ચે લાખ ગાડાનાં અંતર હતા. કળાકાર અને પ્રેક્ષકોની અભિરુચિ એક કક્ષાએ ન હોય તો કળાનું પતન થવાનો ભય રહે. આથી જ તો હાલના મહાન કલાકારો કળાની સાધના અને પ્રાપ્તિ બાદ સામાન્ય માણસોને કળાની કેળવણી આપવાના યજ્ઞો હાથ ધરે છે. કારણ, કળાની અભિરૂચિની ઉચ્ચતામાં જ તો કળાની ઉચ્ચતા સમાયેલી છે. આથી જ તો દીદીએ આ યોગ હાથ ધારણ કરી લુગાઝીમાં 'પરિમલ'ની સ્થાપના કરી છે.

એટલુંજ નહીં પરંતુ તેમના દરેક કાર્યક્રમમાં કોઇપણ કળાની રજૂઆત કરતાં પહેલા દીદી તેમના પ્રેક્ષકોને કળાનું ઊંડુ જ્ઞાન અને સમજણ આપે કે જેથી પ્રેક્ષકો કળાને સમજીને માણી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીદીએ સાધનાના કઠિન માર્ગોનો કેવો સામનો કર્યો અને કઇ કળાની પ્રાપ્તિ કરી તે તરફ આપણે દૃષ્ટિ માંડીયે.

કળાની પ્રાપ્તિ

દીદીએ ભારતીય શાસ્ત્રીય નૃત્યની દુનિયામાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતીય નૃત્યની અનેક શૈલીઓના અભ્યાસ બાદ તેમણે પોતાની જાતને મણિપુરી નૃત્યના અભ્યાસને સમર્પી અને એ ક્ષેત્રમાં નિષ્ણુતા મેળવી શ્રી. ટી. અમુદોંન શર્મા, શ્રી. એમ. અમુબીસીંગ તથા શ્રી એચ. તોમ્બાસીંગ જેવા મહાન ગુરુઓ પાસેથી વિદ્યા મેળવી છે, મૃદંગ ચલમ્ સ્વ. ગુરુ ન. લૈશનજાઓ પાસે, ખંજરી તથા ખોલ શ્રી સ્વ. રાસબિહારી શર્મા પાસે તથા કરતાલ ચલમ્ શ્રી. ઓઝા એન. ઇબોહસીંગ પાસે શીખ્યા. કુમારી સવિતાબહેને મણિપુરી નૃત્યની એટલી સંપૂર્ણ વિદ્વતા પ્રાપ્ત કરી છે કે મણિપુરીના મહારાજા સ્વ. શ્રી-બોધચંદ્રસીંગે તેમને (મૈતેઇ જગોઇ હનજાબી, અર્થાત મણિપુરી શૈલીના પ્રથમકક્ષ નિષ્ણાત'નું બિરૂદ બક્ષ્યું. આ બિરૂદ કોઇક ભાગ્યે જ પ્રાપ્ત કરે છે ને વળી છેલ્લા ૨૦૦ વર્ષમાં કોઇને મળ્યું નથી! દીદીની કળાથી પ્રભાવિત થઇને દોવાગરના મહારાની ધનમંજરી દેવી (ખુદ પોતે પણ નૃત્યકાર હોઇ) અને મણિપુરની પ્રજાએ થઇને તેમને 'દ્વિતીય ઉષા'નું અજોડ ઉપનામ આપ્યું. (ઉષા શ્રી કૃષ્ણ ભગવાનની પૌત્રવધૂ હતી અને દ્વારિકાની ગોપીઓને લાસ્ય શૈલીનું નૃત્ય તેણે શીખવ્યું હતું) કુમારી સવિતાબહેન તથા તેમના નાના બહેન શ્રીમતી નિર્મળા ખટાઉ, નહેરૂ નૃત્ય કોલેજ (ઇમ્ફાલ)નો નૃત્ય ડિપ્લોમા મેળવનાર પ્રથમ વિદ્યાર્થિનીઓ હતા. કુ. સવિતાબહેને શ્રી ગોવિંદજી મંદિર બ્રહ્મસભાની નર્તન-આચાર્યની પદવી પણ પ્રાપ્ત કરી છે.

થોડા સમય પૂર્વે મણિપુરમાં દીદીને 'ચંદ્રપ્રભા'નું અનોખું બિરૂદ આપવામાં આવ્યું હતું. મણિપુરી નૃત્યના વિવિધલક્ષી નિષ્ણાત તરીકે કુ. સવિતાબહેન અજોડ છે. તેથી જ એક વાર મણિપુરના રાજકુમાર મૈયાકરીને વ્યક્ત કર્યું હતું કે કોઇપણ મૈતઇ લેઇમા (મણિપુરની કન્યા)એ આ નૃત્ય શૈલીની ગૂઢ છટા આટલી સહજ રીતે અપનાવી નથી.

કપરો માર્ગ

દીદી માટે આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચવાનો માર્ગ સરળ ન હતો. રૂઢિચુસ્ત કુટુંબ અને જુનવાણી સમાજના સંકુચિત વિચારોનો સામનો દીદીએ આશાવાદી સૈનિકના જુસ્સાથી કર્યો. ભારતીય સંસ્કૃતિની નહીં પણ તેના અભિનયની અવગણના કરતા કુટુંબ અને સમાજના વિરોધ છતાં. દીદીએ વિવિધકળાનો અભ્યાસ કરવાનો આગ્રહ જારી રાખ્યો. માત્ર નૃત્ય જ નહીં પરંતુ સંસ્કૃત, ગુજરાતી, હિંન્દી અને મૈતઇ (મણિપુરની ભાષા)નું વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પોરબંદરના દાનેશ્વર સ્વ. શ્રી. નાનજીભાઇ કાલિદાસ મહેતાના પુત્રી સવિતાબહેને બરોડાની આર્ય કન્યા મહાવિદ્યાલયમાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. અહીં તેમને સંસ્કૃત સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવાની પ્રેરણા મળી. અને સમય જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય નૃત્યનો અભ્યાસ કરવામાં આ સંસ્કૃત સાહિત્ય અને તત્વજ્ઞાન તેમને અત્યંત મદદ રૂપ થયા–

થોડા સમય બાદ સવિતાબહેને પોરબંદરના 'આર્ય કન્યા ગુરુકુળ'નાં આચાર્યાનો હોદ્દો સ્વીકાર્યો. ૧૯૫૦માં સવિતાબહેન લંડન ગયા અને ત્યાંની વિદ્યાપીઠ (યુનિવર્સિટી)માંથી કેળવણીનો ડીપ્લોમા મેળવ્યો. ગુરુકુળની શિક્ષણ પદ્ધતિમાં આજે પૂર્વના તેમજ પાશ્ચાત્યના દેશોના ગુણોનો સુમેળ જોવા મળે છે–તેથી જ તો આજે ગુરુકુળની ખ્યાતિ ગુજરાતને ખૂણે ખાંચરેથી મહિલાઓને આકર્ષે છે.

મણિપુરી નૃત્ય

હિમાલયની તળેટીમાં ભારતના પૂર્વ કિનારે, ૨,૬૦૦ ફીટની ઊંચાઇ પર એક લંબ–ગોળ આકારનું તળાવ હતું. ત્યાં દેવ–દેવીઓ નિવાસ કરતા. ધાર્મિક કહેણી અનુસાર ભગવાન શિવ અને પાર્વતી ઉદયાચલ પર્વતની પરિક્રમા કરતા હતા. અહીંના કુદરતી સૌંદર્યથી પ્રભાવિત થયેલ શિવ–(લાઇ–નુરા–તારેત) જમીન પવિત્ર કર્યા બાદ પાર્વતી અહીં રાસલીલા રમ્યા, નૃત્ય કરતી સમયે પાર્વતીનું (મેખલા) નામનું વસ્ત્ર પડી ગયું. ત્યારથી શંકર ભગવાને આ સ્થળને (મેખલી) કહેવડાવ્યું. આસામની પ્રજા મણિપુરને 'મેખલી'ના નામથી ઓળખતી હતી. મહાભારતમાં પણ વાંચવામાં આવે છે કે અર્જુનની પત્ની ચિત્રાંગદા મેખલીની રહેવાસી હતી.

અહીંની પ્રજા ત્રણ ભાગમાં વહેંચાયેલી હતી–ગંધર્વ, માયા અને નાગ. જે પ્રજાએ પોતાની જાતને સંગીત, નૃત્ય અને વાદ્યગાનને સમપર્ણ કરી હતી, તેઓ 'ગાંધર્વ' કહેવાતા (ગંધર્વ વેદનાનુસાર), મંત્ર તંત્ર અને યંત્રના નિષ્ણાતો 'માયા' કહેવાતા (સૂર્ય સંહિતા) અને અમુક ઇતિહાસકારોની માન્યતા મુજબ આ ઉપરથી મણિપુરની પ્રજા માટેનું આધુનિક નામ 'મૈતેઇ' પડયું, એમ (મીત્તેઈ એટલે અગ્નિ પૂજક અને મી–અતેઈ એટલે અન્ય જનો) 'નાગ' લોકો આજે પણ એ જ નામ ધારણ કરે છે.

'લાઈ હરા ઓ બા'નો ઉત્સવ ફેબ્રુઆરીથી જૂન મહિનાના પંડિતોએ કહેલ પવિત્ર દિવસો પર ખૂબજ ધામ–ધૂમથી ઉજવાય છે આખું ગામ, ગામના મંદિરોમાં ઉત્સવમાં ભાગ લેવા માટે ઊમટે છે. આ મંદિરોમાં મૂર્તિઓ ન હોવા છતાં આ ઉત્સવ પર ભગવાન શંકર (લાઈ મીંગ થાઉ) અને દેવી પાર્વતી (લાહ રેમા)ની મૂર્તિઓનું સ્થાપન થાય છે. એમ કહેવામાં આવે છે કે મણિપુર ગંધર્વનો દેશ છે. અને 'લાઈ–હરાઓબા'નો ઉત્સવ આ માન્યતાને સાબિત કરે છે. ઈ. સ. ૧૭૬૩–૯૮માં રાજેશ્રી ભાગ્યચંદ્ર મહારાજાના રાજ્ય દરમ્યાન મણિપુરી નૃત્યનો વિકાસ થયો. મહારાજ ભાગ્યચંદ્ર સ્વપ્નમાં શ્રીકૃષ્ણ ભગવાંને રાસલીલાના સાક્ષાત્ દર્શન દીધાં ! ત્યાર બાદ આ રાજાએ કાંચીપુર કોનુંગમાં શ્રી ગોવિંદજીનું મંદિર બંધાવ્યું અને પંડિતોના પુરાણ, નૃત્ય, સંગીત વિષેના જ્ઞાનની મદદથી રાસ–લીલા રચાંવી પરિણામરૂપે મણિપુરની ધરતી ઉપર નૃત્ય, સંગીત અને ભાવિક લાગણીઓ ખીલી ઊઠયાં તે સમયે વૈષ્ણવ ધર્મ પ્રચલિત હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવરી 'સીજા લાઈ સેઇન' એ પોતાની જાતને ભગવાન શ્રી કૃષ્ણના કમલવત્ ચરણોમાં સમર્પિત કરી અને રાસલીલામાં તે રાસેશ્વરી બની. આમ કાંચીપુરના રાસમંડળનું પ્રથમ નૃત્ય 'ભાંગી અચૌબા' તેણે કર્યું. જેના ગાનમાં રાધા કહે છે કે, 'પ્રતિ જન્મે જન્મે, જીવને, મરને, સંગના ચાડી હા શ્રી ચરને'. અર્થાત 'પ્રત્યેક જન્મે જન્મે, મરણે અને જીવન સમયે શ્રીકૃષ્ણના ચરણોનો સંગ નહીં ત્યજુ'.

કાર્તિકી પૂર્ણિમાની રાત્રે રમાયેલ 'મહારાસ' પણ 'શ્રીમદ્ ભાગવત્' ના 'રાસપાંચમ અધ્યાય' પર રચાયો છે. આધ્યાત્મિક મહત્વ એ રાસલીલાનો મુખ્ય વિષય છે. તેની તેને રહસ્યમયી લીલા પણ કહેવાય છે. પુરુષ અને પ્રકૃતિનું રહસ્ય તે જ રાસલીલા ! પાર્વતીએ અહીં નૃત્ય–સ્થળ રચવાનો સંકલ્પ કર્યો. પોતાના આધ્યાત્મિક બળથી ભગવાન શંકરે 'ચીંગ્નુનઘટ' પર્વતમાં ત્રણ કાણાં કર્યા જેથી તળાવનું પાણી સૂકાઇ ગયું. પછી જગ્યાને પવિત્ર કરવાના આશયથી નવદેવી અને સાત દેવીઓને આમંત્ર્યા આ રાસલીલા ઉપરાંત દીવારાસ, નિત્ય રાસ, હોળી નૃત્ય, મુબાક ઇસેઇ ઝૂલન, દેવીપૂજા વગેરે પણ મણિપુરી નૃત્ય શાસ્ત્રના આનંદમય ઉત્સવો છે.

દીદીના આદર્શો અને કળા.

દીદીની તીવ્ર માન્યતા છે કે વિવિધ કળાના જ્ઞાન વિનાનું પ્રત્યેક શિક્ષણ અપૂર્ણ છે. જીવનમાં આધ્યાત્મિક સિદ્ધાંતો મહત્વના છે. અને યોગ તથા નૃત્યને ગહન સંબંધ છે. પ્રથમ શિક્ષણકર્તા હોઈ, સવિતાબહેનને ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનના વિષયો પર ભાષણ કરવામાં તેમજ ભારતીય મહાન વારસાના પ્રચારાર્થે નૃત્યનો અભિનય કરવામાં અનેરો આનંદ અનુભવે છે.

દેશ-વિદેશમાં અભિનય.

કુમારી સવિતાબહેને દેશ–વિદેશમાં મણિપુરી નૃત્યના પ્રદર્શનો પ્રસ્તુત કર્યા છે. લંડન, પેરીસ (યુનેસ્કો અને એમીસ ડેલા ઓરીએન્ટના આમંત્રણથી) જીનિવાના ઇરોબી, કંપાલા તથા દારેસલામમાં માનવંતા મહેમાનોની સમક્ષ નૃત્યની રજૂઆત કરી છે. ભારતીય તેમજ વિદેશી ટીકાકારોએ દીદીના કળાની મહાન પ્રશંસા કરી છે. છેલ્લા સાત વર્ષથી દીદી મણિપુરી નૃત્યની શૈલીનો અભ્યાસ અને સંશોધન કરી રહ્યા છે.

પ્રશંસા

દીદીના અભિનયની પ્રશંસા અનેક પ્રેક્ષકોએ કરી છે. જો દરેક પ્રશંસાની નોંધ કરવા જઇએ તો પાનાના પાના ભરાય ! ખેર, તેમના હાલના પૂર્વ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન દીદીએ કંપાલા, જીન્જા, દારેસલામ અને નાઇરોબીમાં પ્રશંસનીય અભિનયો રજૂ કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઇરોબીમાં રજૂ કરેલ સમારંભના મુખ્ય મહેમાન, ગૃહમંત્રી શ્રીમાન મ્બીયુ કોઇનાંગેએ કહ્યું કે 'તમારા શાસ્ત્રીય નૃત્યની રજૂઆત જોઇ મને અવર્ણનીય આનંદ થયો. હું આશા રાખું છું કે ભવિષ્યમાં એમને તમારી કળા શીખવાનો લાભ મળે.'

જીન્જાના પિયર : 'જીન્જાની પ્રજા કુ. સવિતાબહેન મહેતાની કળાનો ગર્વ લે છે. કારણ કે તે જીન્જાના પુત્રી છે. એટલું જ નહીં પણ તે જગવિખ્યાત પણ છે ! એકવાર દીદીનો સમારંભ જોયા બાદ શ્રી મોરારજી દેસાઇએ સાચું જ કહ્યું કે 'સવિતાબેન મણિપુરી નૃત્યની કળાની અથાગ સાધિકા છે.'

પરિમલ આર્ટ એકેડેમી.

સપ્ટેમ્બર મહિનાની ૧૦, ૧૧, અને ૧૨ તારીખે કંપાલાના કલાપ્રેમીઓને 'શેણી–વિજાણંદ'ની નૃત્ય–નાટિકા જોવાનો અનેરો લાભ મળ્યો. આ નૃત્ય–નાટિકા યુગાન્ડાની 'પરિમલ આર્ટ એકેડેમી' તરફથી રજૂ કરવામાં આવી. પરિમલનો અર્થ જ સુવાસ. અને પ્રસરવું એ તો સુવાસનો ગુણ છે.

૧૯૫૫માં શ્રીમતી સવિતાબેન મહેતા (દીદી) ની પ્રેરણા અને શ્રી ધીરૂભાઇ તથા મહેન્દ્રભાઇ મહેતાના માર્ગદર્શન હેઠળ આ સંસ્થાની સ્થાપના થઇ. હાલ શ્રીમતી સુનયનાબેન મહેતા આ સંસ્થાના પ્રમુખ છે.

દીદીની ધગશ અને પ્રેરણા આ સંસ્થાને કાયમ સીંચી રહ્યા છે. તેમની સહાય અને માર્ગદર્શન વિના અનેક સમારંભોની સુંદર, સફળ રજૂઆત અશક્ય બનત. આ સંસ્થાએ અત્યાર સુધીમાં ઘણાંય નૃત્ય, સંગીત, ચિત્રકળા તથા હસ્તકળાના પ્રદર્શનો પ્રસ્તુત કર્યા છે. તેમજ વિવિધ વિષયો પર ભાષણો પણ રજૂ કર્યા છે. વિવિધ ધર્મ અને જાતિના સભ્યોની સહાયથી 'પરિમલ' જુદીજુદી સંસ્કૃતિઓને વિકાસ તેમજ સંકલન થાય તેવી શુદ્ધ આશાઓ સેવે છે. સ્વ. શ્રી. જવાહરલાલ નહેરૂએ પણ એકવાર કહ્યું હતું કે માનવ જાતનો રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સંસ્કૃતિઓનો સુમેળ થાય તેવી ભવિષ્યની એક દુનિયા રચવાના માર્ગ ભણી આપણે કદમ ઉઠાવીએ છીએ.

મોટા ભાગની યુગાન્ડામાં વસતી ભારતીય પ્રજાને ભારત છોડયે વર્ષોના વહાણા વીતી ગયા. પરદેશમાં વસવાટ અને રોજીંદા કાર્યક્રમના ચક્રમાં ફસાયા એટલે ભારતીય સંસ્કૃતિની અસર સામાન્ય જીવનમાં ઓછી થવા માંડી. આ પરદેશ વસેલ પ્રજા આધુનિક, ભારતીય કળાથી ધીમે ધીમે વિખૂટી પડવા માંડી. આ ગંભીર થતી પરિસ્થિતિની નોંધ સંસ્કૃતિ–પ્રિય મહેતા કુટુંબે તરત જ લીધી અને વધુ ગંભીર પરિસ્થિતિ ન બને તેવા આશયથી દીદીની પ્રેરણા હેઠળ 'પરિમલ'ની સ્થાપના થઇ. અહીંના સભ્યોને ફરી એક વાર માતૃભૂમિના સાંસ્કૃતિક વૈભવના સંપર્કમાં લાવવાનો અને આ સંપર્ક જારી રાખવો એ 'પરિમલ'નો મુખ્ય આદર્શ છે. થોડા સમય પૂર્વે દીદી પૂર્વ આફ્રિકાની ટૂંકી સફરે આવ્યા હતા. તેમના માર્ગદર્શન અને અથાગ ધગશના પ્રભાવે માત્ર ૨૫ દિવસના ટૂંકા ગાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પરિમલ'ના પ્રમુખ-સભ્યોએ 'શેણી વિજાણંદ' નામની અદ્ભુત કથાને નૃત્ય-ગાનના રૂપે વણીને તખ્ત મંચ પર સતત ત્રણ દિવસના કાર્યક્રમ રૂપે રજૂ કરી. દીદી પોતે જ કળાનું સ્વરૂપ છે. મણીપુરી નૃત્ય શાસ્ત્રના તેમજ ગુજરાત-સૌરાષ્ટ્રની લોકકળાના તીવ્ર અભ્યાસી છે. તેથી જ તો માત્ર ૨૫ જ દિવસના ટૂંક સમયમાં જેમણે કોઇ દિવસ રંગમંચ પર પગ પણ નહોતો માંડયો તેવા ૮૦ લુગાઝીજનોને શેણી-વિજાણંદની જીવંત રૂપ સમાન નૃત્ય-નાટિકાના પાત્રો દીદીના કુશળ દર્શન અને ઉત્સાહથી તૈયાર થઇ શકયા. કાર્યક્રમની ત્રણે રાત્રિઓ પ્રેક્ષકોથી ભરચક હતી.

'આફ્રિકા સમાચાર'માંથી
(૧૯૭૦-દીપોત્સવી અંક)

卐

प्रिय-दर्शिन्यै कला-नन्दिन्यै स्नेहांजलिः-

सुदामापुरीस्थ-गुरुकुल महिला महाविद्यालयस्थाः
अन्तेवासिन्यः, विद्यार्थिन्यः, गुरवश्च ।

卐

न तज्ज्ञानं न तच्छिल्पं
न सा विद्या न सा कला ।
न सो योगो न तत् कर्म
नाट्ये ऽस्मिन् यन्न दृश्यते ॥

卐

जीवनं खलु सौमनस्याय सौख्याय च कल्पते । तच्च सुखं द्विविधम्— भौतिकं, आत्मिकं च । भौतिकः परितोषः तावत् सरसैः भोज्यवस्तुभिः रम्यैश्च परिधानादिभिः संपाद्यते । सूक्ष्मं च सौख्यं ज्ञानसेवया, कलया च अधिगम्यते । साहित्यं, कला, जन-सेवा च आत्मानन्दस्य साधनानि । वास्तविका आनन्दोपलब्धिः ताभिः एव भवति । बुद्धिः ज्ञानेन शुध्यति । जीवनोत्कर्षाय विधात्रा विश्वकर्मणा द्विविधा कला निष्पादिता—ललित-कला, उपयोगिनी कला च (एप्लाइड आर्ट्स) ते द्वे च चारुकला, कारुकला इति नाम्ना अभिधीयेते । कारुकलाभिः जीवने भौतिकः संतोषः संपाद्यते । नृत्य-नाट्य-संगीत-चित्र-काव्य-साहित्यादिभिः कलाभिः जीवने गरीयसी आनन्दोपलब्धिः जायते । ताभिरेव जीवने संस्कृतयाः आधानं भवति, रुचीनां, वृत्तीनां च परिष्कारः संपद्यते । चारुकलासु — साहित्य — नृत्य-चित्र-संगीतानां च प्राधान्यम् । तथापि या दृश्य-प्रधानाः — नृत्य-नाट्य-चित्र-प्रभृतयः कलाः प्रवर्तन्ते, तासु जनानां चित्तं सविशेषं रमते ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

113537

પૂ. દીદી દ્વારા મણિપુરી નૃત્યની ઝાંખી—તેઓશ્રીની સ્વમહેનતે કરેલી પ્રથમ કલાકૃતિ—
ઉષા નૃત્ય-નાટિકામાં, વચમાં ઉભેલા મુખ્ય કલાકાર પૂ. દીદી (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ દીક્ષાન્ત સમારોહનું એક દૃશ્ય (૧૯૫૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रूप-कलासु नाट्यं, नृत्यं, नृत्तं च सविशेषं लोकप्रियाः कलाः, तासां नयनानन्द-प्रदायित्वात् । पात्राणां नाना अवस्थानां यत्र अनुकृतिः विधीयते तानि नाट्यानि (नाटकानि) रूपक-शब्देन अभिधीयन्ते । भावं आश्रित्य यानि प्रयुज्यन्ते तानि खलु नृत्यानि । यथा, दशरूपके आचार्यः धनंजयः ब्रूते—अन्यद् भावाश्रयं नृत्यम् ।

तच्च नृत्यं मधुर-उद्धत भेदेन द्विविधम्— लास्यं, तांडवं च । यत्र मृदुता-संचारो भवति तत् लास्यम् । अथ च यत्र पौरुष-शौर्यस्य औद्धत्यं स्फुटीभवति तत् तांडवं निगद्यते ।

अस्यां नृत्य-विद्यायां गुरुकुल तपोवनस्य प्रधाना नियामिका सुश्री सविता देवी (दीदी) प्रकामं प्रकर्षं प्रपेदे । पूर्व-भारते मणिपुर प्रदेशे या महीयसी नृत्य— परंपरा प्रवर्तते, तस्यां देव्याः दाक्षिण्यं लोकोत्तरं प्रतिभाति । तत्रस्थेभ्यः गुरुभ्यः सकाशात् सुबहूनि वर्षाणि यावद् दीर्घं तपो तप्त्वा मणिपुरीय नृत्य-कलायां परमां सिद्धिं लेभे । अस्य नृत्यस्य सैद्धान्तिकं प्रायोगिकं च ज्ञानं साकल्येन अवगतम् । तस्यां प्रगुणितं प्रावीण्यं संप्राप्य मणिपुर-नरेन्द्रस्य सकाशात् 'जयपत्रं' समधिगतम् ।

मणिपुरीय-नृत्य-परम्परायां देव्याः दाक्षिण्यं दर्शं दर्शं एकेन मनीषिणा एकदा सोल्लासं समुदाहृतम्— मणिपुरे प्रवर्तितायाः प्राच्य-नृत्य-कलायाः समुद्धार-विधायिनी देवी सुदूरात् पश्चिम-सागरात् सौराष्ट्र-प्रदेशात् समागता । सा च समुद्धार-कर्त्री अस्माकं प्रीति- भाजनं सुश्री सविता देवी देश-देशान्तरेषु अस्य नृत्यस्य वैशिष्ट्यं गौरवं च चारुतया दर्शयन्ती कला-यात्रां प्रकुर्वते । भारतस्य विविधैः सारस्वत-प्रतिष्ठानैः देव्यै अभिनव-उषा, चन्द्र प्रभा, नर्तनाचार्या, नृत्य-साम्राज्ञी-प्रभृतीनि वरेण्यानि बिरुदानि प्रदत्तानि ।

भारतस्य प्राचीने साहित्ये, इतिहासे, शास्त्रेषु च देव्याः निरतिशया प्रीतिः, स्वाध्याय-व्यसनं च दरीदृश्यते । आर्य-धर्मे संस्कृत्यां च तस्याः परमा श्रद्धा । तस्याः विविध-विषय-गामिनी प्रज्ञा प्रासंगिकेषु प्रवचनेषु व्याख्यानेषु च चारुतया स्फुटीभवति ।

अत्र भवत्याः सविता देव्याः प्राच्य-नृत्य-कलायां प्रोज्ज्वलं नैपुण्यं निभाल्य गुजरात राज्यस्य ललितकला-समितिः सहर्षं, सप्रश्रयं, सोल्लासं च बहुमानं चक्रे । इमां संभावनां संवर्धनां च स्मारं-स्मारं गुरुकुलीय-महाविद्यालस्य अन्तेवासिन्यः, विद्यार्थिन्यः गुरवश्च तपो-दीप्तां कला-नन्दिनीं समोदं, सादरं, सस्नेहं च नमस्याञ्जलिभिः संभावयामः ।

प्रियदर्शिन्याश्च इयं नवनवोन्मेष-शालिनी प्रतिभा विजयेतरां, अनुदिनं समधिकं प्रोत्कर्षं विन्दताम्, एवं च भावयामः ।

साधिकेयं कला-कर्त्री । महिमानं प्रपद्यताम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરણામૂર્તિ પૂ. દીદી

'પૂ. દીદી'ના વત્સલ નામથી આપણે સૌ જેમને સંબોધીએ છીએ અને જેમની પ્રેરણા હેઠળ આ તપોવનસમી પવિત્ર ગુરુકુળ સંસ્થામાં નિશ્ચિતપણે અને આનંદપૂર્વક આપણો વિકાસ, પ્રગતિ અને ઉન્નતિ સાધીએ છીએ, તેઓ યથનામગુણઅંકિત ખરેખર સૂર્ય સમા તેજસ્વી; વિદ્યા, કળા અને શુચિ–સંસ્કારથી વિભૂષિત, દીપ્તિમંત આપણા પ્રેરણામૂર્તિ છે.

પૂ. દીદીશ્રીનીમાતૃ પિતૃભક્તિ, વિદ્યાપરાયણતા, કળા–સાહિત્યની આરાધના–ઉપાસના, ધર્મ–સંસ્કૃતિની અર્ચના–ભકિત સર્વ કંઇ, સર્વ કોઇ માટે પ્રેરણાનો મહાસ્રોત છે.

પૂ. કુલપિતાજીએ સ્થાપેલ આ પવિત્ર તપોવન ભૂમિમાં તેઓ હૃદયસ્થાને વિરાજે છે. જેમ હૃદયના ધબકારા વગર સર્વ અંગો અચેતન–નિશ્ચતન બની જાય, તેમ વિદ્યાલયની સર્વ પ્રવૃત્તિઓમાં પૂ. દીદીની પ્રેરણાસૌરભ સદા મહેંકતી હોય છે. એ પ્રેરણા વડે જ સઘળું ચેતનવંત, જાગ્રત અને ક્રિયાશીલ રહે છે, બને છે. ભારતભરમાં આવું સંસ્કારી–વાતાવરણવાળું ગુરુકુળ જવલ્લે જ જોવા મળશે. તેની ખ્યાતિ દેશ–વિદેશમાં પ્રસરેલી છે. કેટકેટલા મહાનુભાવો, વિદ્વાનો, કળાકારો, કલાધરો, રાજદ્વારીપુરુષો, અને સંત–મહાત્માઓએ આજ સુધીમાં આ વિદ્યાલયની મુલાકાત લીધી છે અને એની પ્રગતિ, ઉન્નતિ, ભાવનાપરાયણતા, કર્મયોગ નિહાળી, આનંદ, સંતૃપ્તિ અને ધન્યતાના ઉદ્‌ગારો ઉચાર્યા છે. તે જ શું બતાવે છે ? આ વિદ્યાસંસ્થા એ પૂ. દીદીના જવલંત પુરુષાર્થ અને ભાવનાશીલતાનું નૂતન આવિષ્કરણ છે. અહીં જે વિદ્યા, કળા અને સંસ્કારનું સિંચન થાય છે, તેવું અન્યત્ર ભાગ્યેજ જોવા મળશે. કેટકેટલી સુવિધા આ વિદ્યાલયની બાલિકાઓ પામે છે ? વિદ્યાની ઉપાસના તો ખૂબ તિતિક્ષા માગી લે છે. પરંતુ, આ સંસ્થાની સર્વ બાલિકાઓને સંસ્થાના આદ્ય–અધિષ્ઠાતા અને પ્રસ્થાપક પૂ. કુલપિતાજીની, આદર્શ જ્ઞાનપ્રાપ્તિ અને જીવનની ભાવના અનુસાર, પૂ. દીદીની પ્રેરણા દ્વારા તથા સર્વ ગુરુજનોની સેવા અને ભકિત દ્વારા જે પ્રાપ્ત થાય છે, તે ઇશ્વરી આશીર્વાદ રૂપ જ ગણવું જોઇએ.

નદી બીજાને માટે વહે છે, વૃક્ષ પોતાના મિષ્ટ ફળો અન્યને આપે છે. એમ પૂ. કુલપિતાજીએ અનેક કઠિનતાઓ વેઠી જે દ્રવ્ય સંપાદન કર્યું તેનો જીવનભર કલ્યાણાર્થે જ સદુપયોગ કર્યો છે. ધન–સંપત્તિનો યોગ્ય અને કલ્યાણમાર્ગે વ્યય કરવા તેઓ સદા ચિંતિત અને ઉદ્યત રહેતા. તેમની સૌથી મોટી સેવા અને યજ્ઞ આ નારીપ્રતિષ્ઠા–નારી સમ્માનનું દ્યોતક અને પ્રતીક ગુરુકુળ વિદ્યાલય છે. નારીગૌરવ અને નારી–અસ્મિતાના તેઓ સદા પૂજક અને ઉપાસક હતા. તેમણે સ્થાપેલ આ વિદ્યાલયના પૂ. દીદી એક પ્રેરકમૂર્તિ, અધિષ્ઠાત્રી દેવી છે. તેમની ભાવનાઓ અને સિદ્ધિઓ સ્વતઃપ્રકાશિત અને ઉજ્જવલ છે, તેજોમય છે.

પૂ. દીદીએ પોતાનું શિક્ષણ અને અભ્યાસ વડોદરાના 'આર્ય કન્યા વિદ્યાલય'માં લીધેલું છે. દેશ–વિદેશમાં ખૂબ વિદ્યા–યાત્રાઓ પણ કરી છે અને આ રીતે જ્ઞાન–સમૃદ્ધ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ-સમૃદ્ધ છે. લંડન યુનિવર્સિટીની 'ડિપ્લોમા ઇન એજ્યુકેશન' ની ઉપાધિ તેમણે પ્રાપ્ત કરેલ છે.

પૂર્વ-પશ્ચિમના ઉત્તમ અંશોનો તેમના શિક્ષણ અને કળા-અભ્યાસમાં સુંદર સમન્વય થયેલો છે. ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ પર તેમને અનહદ પ્રેમ છે. સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના તેઓ નિષ્ણાત છે અને અદ્ભૂત પ્રભુત્વ ધરાવે છે. તેમની વાક્-છટા અનોખી છે. કલાકો સુધી પ્રેક્ષકો તેનું રસપાન કરી અને જ્ઞાનાનંદ પ્રાપ્ત કરે છે. એમના પ્રવચનમાંથી કળાનો રસાસ્વાદ પ્રાપ્ત થાય છે. એ વ્યાખ્યાન ખૂબ ચિંતનપૂર્ણ અને મર્મપૂર્ણ પણ હોય છે. તેમને સાંભળવા એ જીવનનો એક લ્હાવો છે, ધન્યતા છે.

પૂ. દીદીએ નૃત્યકળાક્ષેત્રે ઉદાત્ત સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે. ઇમ્ફાલની 'નહેરુ ડેન્સ કોલેજ'માં તેમણે અભ્યાસ કર્યો છે. અને નૃત્યકલાની ઊંચી ડીગ્રી પ્રાપ્ત કરી છે. ગોવિંદજી મંદિરની બ્રહ્મસભા તરફથી તેમને 'નર્તન આચાર્યા'ની પદવી મળી છે. મણિપુરના રાજવી તરફથી 'દ્વિતીય ઉષા' નું બિરુદ મળેલું છે. મણિપુરના રાજવી ખુદનો એવો અભિપ્રાય છે કે મણિપુરની કોઇ કન્યાએ કે વિદ્વાને પૂ. દીદીના જેટલું નર્તનકળા અને શાસ્ત્રમાં પ્રાવીણ્ય સિદ્ધ કરેલું નથી. આ સંદર્ભમાં પદ્મવિભુષણશ્રી સુનીતિકુમાર ચેટરજીના નીચેના શબ્દો નોંધપાત્ર છે.

'The dance recitals which were given the other day by Savitaben in Calcutta was quite unique and it gave us a glimpse of a really fine master of this dance, who combined both technical perfection with soul-fulness. She has integrated in herself the beauty and the tradition of the greet dance system of Manipur.

Her heart has once again linked up the Estern end of India with the Western, and this has been for the enrichment of Indian Culture.'

આમ છતાં કહેવું જોઇએ કે નૃત્યકળાની સાધના અને સિદ્ધિ તેમણે કોઈ ડિગ્રી ખાતર, મેળવી નથી. કોઇં યશઃ કામના તેની પાછળ રહેલી નથી. કલાદ્વારા ઘણા કલાકારો સંસ્કૃતિ- ઉપાસના અને ઈશ્વિરોપાસના કરતા હોય છે. પૂ. દીદી આજન્મ કલાકાર છે. આજન્મ કલાકાર માટે કલાનો માર્ગ એ અધ્યાત્મમાર્ગ બની જાય છે. નૃત્યકલા દ્વારા તેમણે **सत्यम् शिवम्** અને **सुन्दरम्**ની જ ઉપાસનાઅર્ચના કરેલી છે. આ ત્રણ શબ્દો સંસ્કૃતિ અને ઈશ્વિરોપાસના ના દ્યોતક છે. આ કળાની સાધના બાબતમાં પૂ. દીદી એક મૂર્તિમંત તપસ્વિની છે, સાધિકા છે. સંસ્કૃતમાં એક સુત્ર છે કે **तपसा चीयते ब्रह्म**। બ્રહ્મ એટલે અંતિમ સાધ્ય; જીવનનું ઉમદા અને પરમ ધ્યેય, એ ધ્યેયમાં જ મનુષ્ય જીવનનું અંતિમ સાર્થક્ય અને પરમ નિર્વાણ છે. એટલે ઉચ્ચ કક્ષાએ કોઇપણ કળાની સાધના ખૂબ તિતિક્ષા માગી લે છે. પૂ. દીદી સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ આદિ સર્વકળાના જ્ઞાતા અને દ્રષ્ટા છે, પ્રેરક અને માર્ગદર્શક છે. છતાં, નૃત્યક્ષેત્રે તેમની સિદ્ધિ અદ્ભૂત અને અજોડ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન વ્યકિતઓના જીવન અને વ્યકિતત્વના અનેક પાસાં હોય છે. પૂ. દીદીશ્રીના વ્યકિતત્વના પણ ઝગમગતા અનેક પાસાં છે. વિનમ્રતા, આભિજાત્ય,ધૈર્ય, સંયમ, ત્યાગ, તપસ્યા, ઔદાર્ય, ક્ષમાશીલતા, કલાસાહિત્ય–સંગીત પરત્વેનો પ્રેમ, વકતૃત્વશકિત, ધર્મપ્રીતિ, વગેરે વ્યકિતત્વગુણો બહુમુલ્ય હીરાના અનેકરંગી અને તેજસ્વી પાસાંઓની જેમ ઝળહળે છે. આવું અદ્‌ભૂત વ્યકિતત્વ સર્વ કોઇ માટે પ્રેરણારૂપ જ બને. ગુજરાત લલિતકલા અકાદમીએ પુરસ્કાર અર્પણ કરી તેમનું જે સન્માન અને ગૌરવ કર્યું છે તેથી આપણા સૌના હૃદય અતિઉલ્લાસ અનુભવે છે. તેમનું જેટલું અભિવાદન કરીએ એટલું ઓછું જ છે.

શ્રી તારાબહેન એચ. દવે.
અધ્યાપિકા : આર્ય કન્યા ગુરુકુલ.

卐

જીવન-સ્વપ્ન

‘સૃષ્ટિની સર્વ લીલામાં પશુ પંખી પ્રાણીમાં,
નિર્જીવ વૃક્ષવેલીમાં છએ નર્તનની કલા.’

જ્યારથી મનુષ્યસૃષ્ટિની ઉત્પત્તિ થઇ ત્યારથી મનુષ્ય કલાપ્રિય રહ્યો છે. મનુષ્ય જીવન સાથે કલા વણાએલી છે. લલિતકલા એ મનુષ્યના સ્વભાવથી આવે છે. મનુષ્યના સ્વભાવનો સંગ્રહ તે લલિતકલા. મનુષ્ય સ્વભાવને એકત્ર કરીને તેને કલાનું રૂપ આપી દીધું, અને તેમાંથી ઉત્પન્ન થયા સંગીત, કાવ્ય, અને નાટક.

‘काव्येषु' नाटकं रम्यम्’ લલિતકલાઓનું, ઉપયોગી કલાઓથી ઊંચું સ્થાન છે, તેમાં નાટક સૌથી ઉત્તમ છે. નૃત્ય, સંગીત અને અભિનયનો સમન્વય નાટકમા થાય છે. મનુષ્યના જીવનને ઊંચે ઊડવા, મોક્ષ તરફ જવા ધર્મની આવશ્યક્તા છે. મસ્તિષ્કની ઉપજ Mentel Exercise કલા નથી. મનુષ્યના મસ્તિષ્કથી અનુસ્યૂત નથી અને કર્મેન્દ્રિયોથી પ્રયુકત થનારી વસ્તુ તે કલા. પ્રત્યેક હૃદયને આહ્‌લાદિત અને આંદોલિત કરતી વસ્તુ તે કલા. જીવનમાં સરળતાની સાથે કલાનો ઉદ્દેશ પૂર્ણતા પ્રાપ્ત કરવાનો છે. કલાનો આદર્શ ઊંચો હોય તો જ કલાની સફળતા છે. સ્ત્રીને એ જ કલાની મૂર્તિ કહેવામાં આવે છે.

આ પૃથ્વી ઉપર પુણ્યશાળી આત્માઓના જીવનમાં કેટલાક પ્રસંગો જાણ્યે–અજાણ્યે બનતાં જ હોય છે. ભાવિમાં જે થવાનું હોય તેની આગાહી વર્તમાનમાં થતી હોય છે. કોને ખબર હતી કે ઈ. સ. ૧૯૫૨માં રંગમંચ માટે નિરન્તર સતત પરિશ્રમથી તૈયાર કરાવેલ નૃત્યનાટિકા ‘નર્તન અર્ચના’ (દ્વારિકાપુરી) પૂ. દીદીના જીવનમાં સત્ય બીના બની રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારિકાપુરીનું પ્રથમ દૃશ્ય :—

જ્યાં અમરોને અવતાર લેવાનું મન થાય, જ્યાંના શૂરવીરોના ઈતિહાસ સ્થળે સ્થળે અંકિત હોય, તેવા સૌરાષ્ટ્ર જેવા પુણ્યવંતા ધામની દ્વારિકાપુરીમાં બાણાસુરની દીકરી અને શ્રીકૃષ્ણના પ્રપૌત્ર અનિરૂદ્ધની પત્ની ઉષાને પાર્વતીએ કૈલાસમાં નર્તનની દીક્ષા દીધી, અને ત્યારથી ઉષાનું જીવન નૃત્ય બની ગયું.

'નૃત્ય છે યજ્ઞ લોકોનો દેવોનો ચ મહોત્સવ,
લાસ્ય નૃત્ય વળી એમાં અતીવ ઉત્તમોત્તમ.'

ઉષાએ સૌરાષ્ટ્રમાં દ્વારિકાપુરીમાં નૃત્યકલાના પ્રચાર દ્વારા સૌરાષ્ટ્રવાસીઓને કલાભિમુખ કરી જનકલ્યાણ સાધવાનો નિર્ણય કરી, નૃત્યશાળા ખોલી સૌરાષ્ટ્રની ગોપ-કન્યાઓને નર્તનાલયમાં નૃત્યનું શિક્ષણ આપી રહી છે. ત્યાં શ્રીકૃષ્ણ નૃત્યવિદ્યાનો શિક્ષણોત્સવ જોવા પધારે છે. તેઓ ઉષા પાસે નૃત્યશિક્ષા પામતી કન્યાઓને સાનંદાશ્ચર્યથી જોઇ ખૂબ પ્રશંસા કરે છે અને તેમના મુખેથી શબ્દ સરી પડે છેઃ-

'સૃષ્ટિના સર્વ સંઘર્ષો આયુધો ન હણી શકે,
સંવાદી સુખની સૃષ્ટિ કલા નિત્ય રચી શકે.'

આથી ઉત્સાહિત થઈ ઉષા સર્વ કન્યાઓને 'ભવાર્ણવે ગણજો સર્વે એને પાથેય શકિત દા.' એવો બોધ આપી પોતપોતાનાં વતનમાં જવા કહે છે. સર્વ કન્યાઓ પોતાનું જીવન કલા-સાધનામાં વીતાવવાનો નિરધાર કરી સૌરાષ્ટ્રમાં જુદે જુદે સ્થળે ચાલી જાય છે.

એ જ પ્રમાણે આપણા પૂ. દીદી મણિપુરી નૃત્યની શિક્ષા લઈ સૌરાષ્ટ્રમાં આવેલી પોતાની જ સંસ્થામાં કન્યાઓને કલાભિમુખ કરી જનકલ્યાણ સાધવાનો નિર્ણય કરી મણિપુરી નૃત્યની શરૂઆત કરે છે. એમના જ શબ્દોમાં કહું તો મનુષ્યના વિકાસ માટે વારસો અને વાતાવરણ મહત્વનો ભાગ ભજવે છે. સંસ્થા ને વાતાવરણ એકબીજાં સાથે સંકળાએલાં છે. મનુષ્યને પૂર્ણ બનાવવા એવા વાતાવરણની જરૂર છે કે જે પુસ્તક વિના બાળકને પૂર્ણ માનવ બનાવે. સંસ્થા એવી જ હોવી જોઇએ જ્યાં પૂર્ણતા મળે. એ જ સ્વપ્ન લઇ પૂ. દીદીએ જ્ઞાનની સાથે કલાની સાધના શરૂ કરી. પૂ. દીદીના સાન્નિધ્યમાં રહી બાળાઓ ખૂબ ઉત્સાહથી નૃત્યનું શિક્ષણ લેવા લાગી. નૃત્યશિક્ષણ લેતી કન્યાવૃંદની સિદ્ધિ જોઇને પૂ. દીદીના અનુભવી કલાગુરુએ એમના આ અથાગ પ્રયાસને અભિનંદન આપવા લાગ્યા, અને મુકતકંઠે વખાણ પણ કરવા લાગ્યા. ગુરુના આનંદની ચરમ સીમા એ શિષ્યના જીવનની સફળતા છે. પૂ. દીદી સર્વ કન્યાઓને નૃત્યકલાની શકિતનું મંગલમય હાર્દ સમજાવતા. નૃત્યશિક્ષણ આપવાની પાછળનો હેતુ પૂ. દીદીનો એ હતો કે આ તપોભૂમિ ઉપર કલાનું વૈભવશાળી ધામ બને. અહીંથી નૃત્યકલાનું શકિતદાયક મંગલ પાથેય લઈ બાળાઓ સંસારમાં જ્યાં જાય ત્યાં કલાની દીપશિખાને પ્રજ્વલિત કરે. એ જ આશયથી પોરબંદરમાં 'ઉષા કલાકેન્દ્ર'ની સ્થાપના કરી.

બીજું દૃશ્ય :—

નૃત્યની શિક્ષા પામેલી કન્યાઓ સોમતીર્થના પનઘટ પર પાણી ભરવા જઇ રહી છે. જેમના અંગેઅંગમાં ને શ્વાસે શ્વાસે નર્તન છવાઇ ગયું છે. એવી બાલિકાઓ વાટમાં પણ નૃત્ય કરતી જાય છે. એમાંની પોતાની એક સખી લલિતાને ન આવેલી જોઇ બધી સખીઓ ચિંતાતુર બની જાય છે. એટલામાં જ શોકાતુર લલિતા આવે છે. ખિન્નવદની લલિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ સખીઓ કારણ પૂછે છે. પોતાના કુટુંબીજનોને જ કલાસાધનામાં વિક્ષેપ નાંખતાં જોઈ પોતે ખિન્ન છે એમ જણાવે છે. આથી સર્વે સખીઓ સંકેત કરી લલિતાને ઉત્સાહિત કરવા લલિતા સહિત 'રાસલીલા' પ્રસંગ ભજવે છે. રાસલીલામાં તલ્લીન સખીઓ સાન-ભાન ભૂલી રાસલીલા કરતી હોય છે, ત્યારે ગામના વડીલો, આગેવાનો, ને રૂઢિચુસ્ત નાગરિકો પ્રવેશ કરે છે ને કન્યાઓને ઘરે જવાનું કહી દ્વારિકામાં શ્રીકૃષ્ણ પાસે જઈ ઉષાની નર્તનશાળા બંધ કરવાનું કહે છે. અને કહે છે :-

'સુણો અરજ પ્રભુ અમ કન્યાએ નથી મેનકા થાવાનું,
નર્તન, વાદન બીજું નામ છે વિલાસપંથે ધાવાનું.'

તે જ સમયે શ્રીકૃષ્ણ લોકવૃંદને સંબોધતા કહે છે કે વૃક્ષોમાં શ્રેષ્ઠ વૃક્ષ કલ્પવૃક્ષ છે, પ્રાણીઓમાં શ્રેષ્ઠ કામધેનુ છે તેવી જ રીતે નૃત્યકલા કલારાજ્ઞી જેવી શોભે છે. ઉષા પણ વડીલોને સમજાવતાં કહે છે કે કલા નિત્ય પવિત્ર છે, કલા હીન નથી. દોષ છે આપણી દૃષ્ટિમાં. કલાની ઉપાસના કરતાં આત્માની શક્તિ વધે છે. જે કૃષ્ણની તમે આરાધના કરો છો તે ભગવાન વિષ્ણુરૂપે નર્તક બનેલા. અને એમના જ મોહિની રૂપે ત્રાહિ ત્રાહિ પોકારતી ધરતીને પીડા દેતા અસુરને સંહાર્યા.

આ જ ઘટના પૂ. દીદીના જીવન સાથે વણાએલી છે. એમની સામે અનેકો વિરોધો થયા, છતાં તેઓ પોતાની સાધનાથી ચલિત થયા નહિ. એક વખત એવો પણ આવી ગયો કે સૌ એમની સાધના સામે નમી પડયા. એમના જ મુખેથી શબ્દો સરી પડયા :-

'જે જડચેતનમાં વ્યાપી, પાપો પૃથ્વીના કાપે,
તે કલા ન હોયે હીણી, અમ અન્તર સત્ય પ્રમાણે.'

આવી પરિસ્થિતિમાં પ્રેરણાદાયી અમારા વહાલા બાનો સાથ એમને સદાય મળતો જ રહ્યો છે. પૂ. દીદીની ઊંડી ધગશ અને કલા પ્રત્યેની અગાધ શ્રદ્ધાને લઇ તેઓએ મણિપુર જઈ મણિપુરી નૃત્યની તાલીમ ત્યાંના અનુભવી ગુરુઓના સાન્નિધ્યમાં રહી મેળવી. હજારો વર્ષોથી કોઇ બેને ન મેળવ્યું હોય તેવું 'નર્તનાચાર્યા'નું મહામૂલું માન પૂ. દીદીએ મેળવ્યું, તેમ જ મણિપુરના મહારાજા તરફથી 'દ્વિતીય ઉષા'નું માનભર્યું બિરૂદ મેળવી સૌરાષ્ટ્રની બીજા ઉષા બન્યા. 'ચંદ્રપ્રભા', 'કલાસામ્રાજ્ઞી' વગેરે પદવી મેળવનાર, ગુજરાતને અપાવનાર દીદી હિંદભરમાં મણિપુરી નર્તનક્ષેત્રે એક અને અજોડ નારીરત્ન છે.

આ રીતે વર્ષોની સાધના પછી પૂ. દીદીનું જીવન-સ્વપ્ન સાકાર બન્યું.

'બન્યું આજ જીવન ઉજમાળું, ફળ્યું સ્વપ્ન જીવનનું તરૂ,
બીજ ધરી ગંકે ધરબેલું વૃક્ષ થઇને ફૂલે.'

આપણા સૌના વહાલા દીદી વિષે કાંઈ લખવું એ **'मोहात् उडुपेन दुस्तरं सागरं तितीर्षुं इच्छामि'** તરણાથી બનેલી હોડીથી સાગરને તરવા જેવો મારો પ્રયત્ન છે.

પોયણી શી પ્રફુલ્લિત, આર્ય સંસ્કૃતિની જ્યોતિ, વૈદિક ઋચાઓની મંગલ ગાયિકા, વિશ્વ નવયૌવનની ઉજ્જવલ શક્તિ, વ્રતધારિણી, વિશ્વની અનેક સંસ્કૃતિઓની ધરોહર એવા વહાલસોયા દીદીનું જીવન સુખમય શાંતિમય બની રહો. એ જ અભ્યર્થના સાથે **'शरदः शतं जीव'** ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શ્રી ગાર્ગીબહેન આર્ય
અધ્યાપિકા : આર્ય કન્યા ગુરૂકુલ પોરબંદર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ नृत्यं ताल-लयाश्रयम् ॥

લાયન્સ કલબ ઑફ પોરબંદર

અભિવાદન પત્ર

સુશ્રી સવિતાબહેન નાનજીભાઇ મહેતા,

'मणिपुरी नृत्यना श्रेष्ठ प्रकाशक', 'चन्द्रप्रभा',
'द्वितीय उषा', 'जयपत्र' संमानित 'नर्तनाचार्या

પોરબંદર

સંપૂજ્ય દીદી,

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા મણિપુરી નર્તનનાં ઉત્કૃષ્ટ સંશોધક, પ્રકાશક તથા ક્રિયાશીલ નિષ્ણાત તરીકે આપનું બહુમાન થતાં, પોરબંદર લાયન્સ કલબના અમે સૌ સદસ્યો ગૌરવની લાગણી અનુભવીએ છીએ; અને આ સ્મરણીય પ્રસંગે સન્માન અને સદ્ભાવના પ્રતીક સમું આ અભિવાદન-પત્ર આપને અર્પણ કરીને કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

આદરણીય અધિષ્ઠાત્રીજી,

આપણા પુરાણ-પ્રસિદ્ધ નગરના સુપ્રસિદ્ધ સંસ્કૃતિપ્રેમી શ્રેષ્ઠી અને ઉદ્યોગપતિ સ્વ. રાજરત્ન શ્રી નાનજીભાઇ કાલિદાસ મહેતાના અનેક રીતે સમૃદ્ધ સંસ્કારી કુટુંબમાં આપનો જન્મ થયો; અને ભારતીય સંસ્કૃતિના શુચિ અને શ્રેષ્ઠ સંસ્કારો આપને લોહીના વારસામાં જ સાંપડ્યા. એ સંસ્કારોએ આપને આર્ય કન્યા મહાવિદ્યાલય, વડોદરાની તપોભૂમિ ઉપર વિદ્યાભ્યાસ અર્થે મોકલી આપ્યાં; ત્યાં સંસ્કૃત ભાષા તથા ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરીને એક શ્રેષ્ઠ બ્રહ્મચારિણી તરીકે વિદ્યા ઉપાર્જન કરી સ્નાતકની છેવટની પરીક્ષામાં ઉચ્ચોચ્ચ શ્રેણીમાં ઉત્તીર્ણ થયાં. આપના વિદ્યા અને સંસ્કૃતિક પ્રેમી પિતા દ્વારા આર્ય કન્યા ગુરુકુલની પોરબંદરમાં સ્થાપના થતાં, તેનાં અધિષ્ઠાત્રીપદે રહીને, તેમ જ યુનાઇટેડ કિંગ્ડમમાં શિક્ષણ-શાસ્ત્રનો વિશિષ્ટ અભ્યાસ કરીને, વૈદિક આદર્શોની પીઠિકા ઉપર એક નૂતન શિક્ષણ સંસ્થાનું સર્જન અને સંવર્ધન કરવાનું પરમ સદ્ભાગ્ય આપને પ્રાપ્ત થયું. આમ પિતાની સંપત્તિને આપે સંસ્કૃતિથી દીપાવી અને આર્ય કન્યા ગુરુકુલનો, ગુરુકુલ મહિલા કૉલેજમાં વિસ્તાર કરી બહેનો માટેની એક અદ્યતન સંસ્થા વિકસાવવાનું બહુમાન પામ્યાં. ક્રમશઃ સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના ભક્તિભાવ અને સતત અધ્યયનમાંથી આપનું લક્ષ ભારતીય નૃત્ય પ્રણાલિઓ તરફ વળ્યું; અને તે સર્વનો અભ્યાસ કર્યા પછી મણિપુરી નર્તનનાં અધ્યયન, સંશોધન, પ્રકાશન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિદર્શન પ્રત્યે આપ ધગશપૂર્વક વળ્યાં; અન ભારતીય સંસ્કૃતિના એ ભકિતમય અવિષ્કાર સમી નૃત્યશૈલીને આત્મસાત્ કરી, તેના પ્રયોગો દેશપરદેશમાં રજૂ કરી, તેના એક સમૃદ્ધ નિદર્શક અને પુરસ્કર્તા તરીકેની ખ્યાતિને વર્યાં. કલકત્તા, મદ્રાસ, દિલ્હી અને અમદાવાદ સમાં ભારતનાં મહાનગરોમાં, 'યુનેસ્કો'ની વિશ્વમાન્ય સંસ્કૃતિ–સંસ્થામાં, તેમ જ પૂર્વ આફ્રિકાનાં અગત્યનાં શહેરોમાં આ નૃત્ય પ્રકટનના સમારંભો યોજીને, તેના શુદ્ધ સ્વરૂપને ત્રિખંડમાં છત્તું કરી, આપે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી.

તપસ્વિની નર્તનાચાર્યાજી,

ભારતીય નૃત્ય પ્રણાલિની આ ગૌરવશીલ સિદ્ધિ મેળવતા પહેલાં ભારે પરિશ્રમ અને સાધના દ્વારા આપે મણિપુરમાં વસીને, તેમ જ શ્રેષ્ઠ ગુરુઓ પાસે અભ્યાસ જારી રાખીને આ શૈલીના લાસ્ય અને તાંડવ પ્રકારોમાં આગવી સિદ્ધિઓ મેળવી અને તેમ કરી 'મણિપુરી નૃત્યના શ્રેષ્ઠ પ્રકાશક', 'ચન્દ્રપ્રભા', 'દ્વિતીય ઉષા' અને 'નર્તનાચાર્ય'ની અનેક વિધ ઉપાધિઓ પ્રાપ્ત કરી, ત્યાંના નૃત્યશાસ્ત્ર–જ્ઞાતા રાજ્યકુલ, નહેરુ નૃત્ય એકેડેમી, ભાવિક નૃત્યસમાજ તથા સહૃદય વિદ્વાનોનાં માન અને પ્રેમ સંપાદન કર્યાં. વિશેષમાં પ્રત્યેક વર્ષ ત્યાંના શ્રી ગોવિંદજી મંદિર અને અન્ય ધર્મમંડપોમાં યોજાતા ભકિતભાવ પૂર્ણ વાસન્તી ધર્મમહોત્સવમાં ત્રણ ત્રણ વાર નિમંત્રણ મેળવવાનું વિરલ બહુમાન પામીને આપે આપની નૃત્ય સિદ્ધિ અને આરાધના માટે 'જયપત્ર' પ્રાપ્ત કર્યું; અને તેમ કરી આપણા સૌરાષ્ટ્ર પ્રદેશની ત્યાં પ્રતિષ્ઠા વધારી.

સન્માનનીયા બહેનશ્રી,

તેથી જ આ પ્રસંગે, અમારાં અધૂરાંપધૂરાં સાધનો દ્વારા આપનું બહુમાન કરતાં અમે સૌ સંકોચ અનુભવીએ છીએ અને આ વિનમ્ર અર્ઘ્ય આપને અર્પણ કરી, આપની ગરિમા તથા મહાનુભાવતાને વંદન કરી કૃતકૃત્ય થઇએ છીએ. શ્રદ્ધાપૂર્ણ હૃદયે અર્પિત થએલો આ ભાવઅર્ઘ્ય આપ સ્વીકારશો. અને અમને ઉપકૃત કરશો એવી વિનતિ સાથે આપનું, આપના ગુરુકુલ પરિવારનું અને આપની કલાસાધનાનું માંગલ્ય ઇચ્છીએ છીએ: અને આપની સાધના–સિદ્ધિનાં આ સોપાનો આપને જીવનના ચરમ લક્ષ્ય તરફ દોરી જઇ 'નૃત્ય અને યોગ વચ્ચે એક મોટું સામંજસ્ય છે'–એ આપના સાધના–સૂત્રની જગતને પ્રતીતિ કરાવી, આપ અનેક સૂક્ષ્મ અનુભૂતિઓ અને સંપ્રાપ્તિઓનાં ભાગીદાર થાઓ એવી પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

પોરબંદર,
તા. ૨૬–૬–૭૩
મંગળવાર

અમે છીએ આપના સદાના,
પરમાનંદ છ. શાહ,
પ્રમુખ, લાયન્સ કલબ, પોરબંદર અને તેના સહુ સદસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी
3/2/68



ઉષા નૃત્ય-નાટિકાનું બીજું દૃશ્ય—રાધિકા સ્વરૂપે કુલભગિની શ્રી. નિમાબેન (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર રવીન્દ્રનાથ ટાગોર રચિત પત્તાનો પ્રદેશ–નૃત્ય–નાટિકાનું દશ્ય,
પૂ. દીદી દ્વારા તૈયાર કરાવેલ. (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શતાભિનંદન

'ભારતી' તંત્રિણીઓની અભિનંદનગ્રંથની પુષ્પ પર્વણીમાં મારી પ્રસૂન પાંદડીનું ગુલાલછાંટણું કરતાં આનંદ ઉભરાય છે. સુસ્મરણોની સિંદૂરવર્ણી વાદળીઓ ચિદાકાશમાં આવનજાવન કરે છે. ગુરુકુલના આશ્રમપ્રાંગણનો કીશોરીજીવનનો આનંદભર્યો કલશોર, સહપાઠ સહગાન, સહકાર્યોની સ્મૃતિચિત્રાવલિનાં દશ્યો મનને પ્રસન્નસખ્યના માધુર્યથી ભરી રહ્યાં છે. તમારી વિદ્યાધ્યયનની વિચક્ષણ વિવિધા, સ્વાધ્યાય, સાહિત્ય, સંગીત–નૃત્યકલાનું દાક્ષિણ્ય, ઉન્નતશિખરો સર કરવાની લગન, અને પ્રયત્નોની પરાકાષ્ઠા, ગુરૂજનોની પ્રસન્નતા અને પ્રશંસાના દૃષ્ટાંતોથી ભરપૂર અધ્યયનકાળનો અધ્યાય અનુશીલક્ષમ હતો. જીવનની ઉત્તરાવસ્થાના આરંભકાળે તેથીય વધારે ક્રિયાશીલ, ગતિશીલ, સાધનાસભર છે. '**चरैवैति, चरैवैति**'નો આદર્શ અણથક આચરી રહ્યાં છો. તમારા અભિનંદન આનંદિત કરે તે સ્વાભાવિક છે.

વૈભવી દાનવીર પિતાનું વાત્સલ્ય આશ્રમકુળની અનેકાનેક પુત્રીઓમાં વ્હેંચાયેલું, હતું પણ આ વૈભવની વિભાવના તમારા પ્રયત્નોમાં પળભરનુંયે શૈથિલ્ય લાવી નહી. એ વટવૃક્ષની છાયાનાં છોડ શાં તમે ઠીંગરાયાં નહી, એની ડાળીઓના વિસ્તારમાં તમારો પ્રાણ પૂરતાં રહ્યાં. પ્રાપ્ત સિદ્ધિઓ અને પદવીઓ તમારી સાધના અને પ્રાવીણ્યના સુફલો છે. તમારાં અભિનંદન આગવાં છે.

વિદ્યાવારિધી શા, વાક્પ્રશસ્તા, સંગીતનૃત્યકલાપ્રવીણા એવાં 'દીદી'નું વ્યકિતત્વ જીવનની અર્ધશતાબ્દિના આરે સ્થિર પ્રકાશ પાથરી રહ્યું છે, સંસ્થાસભાઓ, વિદ્યા–શાખાઓને અજવાળી રહ્યું છે ત્યારે ઉમરથી અધિકાં–તમને શતાભિનંદન–ગુરુપારેખોએ આ સિદ્ધિઓને નાણી હતી. દેશથી માન્યકલાસંસ્થાએ એને મ્હોર મારી છે. જીવન શતશરદોનું હો અને અભિનંદનો શતસહસ્ત્રગુણા પામો એવી શુભેચ્છાઓ સ્વીકારશો.

—**ભાનુમતિ કોટેચા**

卐

સિધ્ધેશ્વરી

આર્ય કન્યા ગુરુકુળ પોરબંદરનો આ વર્ષનો 'ભારતી'નો અંક 'દીદી'નાં પ્યારા નામથી ઓળખાતા પ્રિય સવિતાબેનનાં અભિનંદન ગ્રંથ તરીકે પ્રગટ થવાનો છે, જાણીને બહુ જ પ્રસન્નતા થઈ. દીદી જેવાં તપસ્વિની કલાધારિત્રીને માટે આ સમુચિત સન્માન છે. ગુજરાત લલિતકળા એકેડમી તરફથી એમનું બહુમાન કરીને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો તે આપણાં સૌને માટે ગૌરવની વાત છે.

નૃત્યક્ષેત્રે અને વિશેષરૂપે મણિપુરી નૃત્યમાં એમનું સંશોધન, નૈપૂણ્ય, અને સિદ્ધિનાં દર્શન કરવાની થોડા સમયપૂર્વે તક મળી હતી. ત્યારે જ ખરો ખ્યાલ આવ્યો કે વર્ષોથી એકધારાપણાંની [illegible] નૃત્યશૈલીને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતત પરિશ્રમ અને સાધનાદ્વારા કેવી સુંદર રીતે તેને સંસ્કારી અને સંમાર્જન કરીને બહાર લાવી શકયાં છે ! અને તેમાં ઉત્કટ અને અભીપ્સાપૂર્ણ સંશોધન કરીને નાવીન્ય આણી શકયાં છે ? પુરુષોચિત ગણાતી આઇટેમોને પણ તેઓ આત્મસાત્ કરીને દીર્ઘસમય-પર્યંત વીરતાપૂર્ણ રજૂઆત કરી શકે છે. આ દ્વારા તેઓ સ્વયંમાં રહેલી કલા પ્રત્યેની અનન્ય ભક્તિ અને અથાક ચૈતન્યનું દર્શન કરાવે છે.

મણિપુરી નૃત્યશૈલીમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી પરંપરાગત વેશભૂષા આભૂષણો અને અન્ય શૃંગાર–સામગ્રીમાં તેમણે બહુજ સુરુચિપૂર્ણ ક્રાંતિકારી નાવીન્ય આણ્યું છે, જે દર્શકોનાં મનને અત્યંત પ્રસન્નતા આપીને મોહિત કરી લે છે. વકતૃત્વ ક્ષેત્રે તેમનાં જેવી પ્રાસાદિક અનુભવખચિત અને વિદ્વાનવાણી બહુ ઓછા પાસે સાંભળવા મળી શકશે.

આ ઉપરાંત બીજા અનેક ક્ષેત્રે તેઓએ સતત પરિશ્રમ, પુરુષાર્થ અને સાધના દ્વારા સિદ્ધિઓ હાંસલ કરી છે.

આવા આપણાં સૌનાં વહાલા સવિતાબહેન દીર્ઘ તંદુરસ્ત કુશલ આયુષ્યમાન હો, અને પોતે અપનાવેલા ક્ષેત્રમાં હજુ વધુ ઊંચેરા શિખરો સુધી પહોંચવામાં સમર્થ બનો એવી શુભકામના પાઠવું છું.

—પૂર્ણિમા પકવાસા

卐

પ્રભાવશાળી વ્યક્તિત્વ

ધર્મ તત્વજ્ઞાનના શાસ્ત્રો કહે છે કે જીવને આ સંસારમાં કર્માનુસાર અનેક અવતારો લેવા પડે છે. મનુષ્યજન્મની પ્રાપ્તિ એ દુર્લભ અવતાર છે. આવાગમનના ફેરામાંથી મુક્તિ મેળવવા માટેનું તે અમૂલ્ય દ્વાર છે. મનુષ્યદેહે આ સંસારમાં અનેક પ્રકારના સત્કર્મો, કલ્યાણકાર્યો કરી મોક્ષપ્રાપ્તિ એ જ અંતિમ ધ્યેય છે. મનુષ્ય જન્મની તેમાં જ સાર્થકતા રહેલી છે. ગાંધીજીએ પણ એક સ્થળે કહ્યું છે કે, 'દેહ આપણો નથી, તે આપણને મળેલું એક સંપેતરુ છે.' પુણ્યશ્લોક કુલપિતાજીએ પોતાનું સમગ્રજીવન લોકસેવા–દેશસેવામાં વીતાવ્યું. એવા પ્રતાપી અને પુણ્યશાળી આત્માઓ જગતમાં લોકકલ્યાણ અર્થે જ અવતાર લે છે. પુણ્યશ્લોક કુલપિતાજીની ભાવના અને કર્મની સૌરભ સર્વત્ર પ્રસરી રહેલી છે. ક્ષરદેહે જીવંત ન હોવા છતાં તેઓ અક્ષરદેહે હજુ જીવંત અને અમર છે. તેમનું જીવન એક યજ્ઞ સમાન હતું. તેમણે આદરેલો પુણ્યયજ્ઞ તેમના સંતાનો દ્વારા ચાલુ રહ્યો છે. પૂ. દીદી પણ તેમના કર્મયોગની ભાવનાને અનુસરીને પોતાનું સમગ્ર-જીવન કલ્યાણમય કાર્યો કરવામાં વ્યતીત કરે છે. તેમનું જીવન પણ એક યજ્ઞસમું છે. મહાન પિતાના તેઓ મહાન સંતાન છે. પિતૃદત્ત સંસ્કારવારસાને તેમણે ઉજાળ્યો છે. પુણ્યશ્લોક કુલપિતાજી સમાન તેઓ પણ કરુણાળુ, મમતાળુ અને ભાવનાશીલ વ્યક્તિ છે. જીવનને તેમણે એક તપસ્યા તરીકે સ્વીકારી, જીવનના બહુવિધ કલ્યાણકારી મૂલ્યો—ધર્મ સંસ્કૃતિ, કલા, સેવાભાવના, તપ, ત્યાગ. આદિની અખંડ ઉપાસના તેઓ કરતા આવ્યા છે.

અન્યજનો જ્યારે પોતાનું મોટાભાગનું જીવન ક્ષણિક મોજમજા, ભોગવિલાસ, શોખ વગેરે પાછળ ગાળે છે, ત્યારે આવા મહાન, સેવાભાવી આત્માઓ તપ અને સાધના દ્વારા ઊર્ધ્વપંથે ગતિ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. દીદીની જીવનસિદ્ધિઓ ઘણી અપૂર્વ, પ્રેરક અને ઉજ્જવલ છે. તેઓ એક મહા–વિદુષી, ધર્મનિષ્ઠ, કર્તવ્યપરાયણ, સંસ્કૃતિપ્રેમી અને કળાઓના ઉપાસક છે. ગુરુકુળ વિદ્યાલય તેમના અનોખા વ્યકિતત્વનો જ આવિર્ભાવ છે. ગીતાની પરિભાષામાં કહીએ તો **સ્વ** નો વિકાસ–વિસ્તાર છે. પોતાની જાતને–ભાવનાઓને વ્યકત કરી, સાકાર બનાવવા માટે ઘણી મહાન અને સેવાભાવી વ્યકિતઓને એક વિશાળ સંસ્થાની જરૂર પડે છે. આ સંસ્થા દ્વારા જ પુણ્યશ્લોક કુલપિતાજીનું સંસ્કાર–સ્મારક પ્રકાશિત રહ્યું છે. તેમનો કર્મયોગ પ્રોજ્જવલ રહ્યો છે. સંતાનો, સ્વજનો, અને અંતેવાસિઓ તપ, ત્યાગ, કર્મ, સેવાભાવનાની શુભ આહૂતિઓ અર્પી શકે છે. પૂ. દીદી તેના મુખ્ય અધિષ્ઠાત્રી પ્રેરણા–દેવી છે. તેમના વ્યકિતત્વના અનેક પાસાં છે. અહીં શી શી વસ્તુની ઉપાસના નથી થતી? ભારતમાં સ્ત્રી જીવનને ઉન્નત, ઉજ્જવળ બનાવે, તેમને મુકત રીતે જીવનની પ્રગતિ અને સત્કાર્યો કરવાની તક સાંપડે, વિદ્યા, જ્ઞાન અને સંસ્કારની અખંડ સાધના થઈ શકે, એવું આ તપોવનસમું વિદ્યાલય અન્ય સ્થળે ભાગ્યેજ મળે. આ પાવન તપોભૂમિના કણકણમાં એક પુણ્યશાળી આત્માની સંસ્કાર–સૌરભ વિલસી રહેલી છે. સર્વને તે પ્રેરક અને માર્ગ–દર્શક બને છે. આજના યુગમાં પ્રાચીન વૈદિક સંસ્કૃતિના સુતત્ત્વોનો હ્રાસ થતો જોઇ પૂ. દીદીનું અનુકંપાશીલ હૃદય ખૂબ જ દ્રવી ઊઠે છે. સમગ્ર દેશનું ઉત્થાન કરવાની મહાશકિત સ્ત્રીમાં રહેલી છે, એમ તેઓ શ્રદ્ધાપૂર્વક માને છે. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ, મહાત્મા ગાંધીજી વગેરે મહાપુરુષોના આદેશ અને સદેશને તેમણે ઝીલ્યો. અને આ ગુરુકુળ વિદ્યાલયનો જન્મ થયો. પુણ્યશ્લોક કુલપિતાજી તથા પૂ. દીદી નારી સન્માનના–નારીગૌરવના જ્યોતિર્ધર છે.

કોઈપણ મહાકાર્યની પરિણતિ તન, મન, અને ધનનું–સર્વસ્વનું સમર્પણ માગી લે છે. પૂ. કુલપિતાજીએ અનેક કઠિનતાઓ વેઠી સંચિત કરેલું દ્રવ્ય માનવ કલ્યાણાર્થે વાપર્યું પરંતુ કેવળ દ્રવ્ય એ સ્થૂલ સંપત્તિ છે. સાચી સંપત્તિ મન અને હૃદયની ભાવનાઓની છે. પૂ. કુલપિતાજી અને પૂ. દીદીએ તન, મન, અને ધન ત્રણે સેવાના મહાયજ્ઞમાં નિયોજ્યા છે.

કળા, શિક્ષણ અને ધર્મની ઉપાસના તેમના જીવનનું પરમ ધ્યેય બની રહ્યું. એક તપસ્વિની દેવી અને સાધિકા તરીકે આપણે પૂ. દીદીને પૂજીએ છીએ. કેમકે તેઓ આજીવન અખંડ સેવાવ્રતને વરેલાં છે.

લલિતકલાઓમાંથી નૃત્યકલાને તેમણે પોતાની આરાધ્યદેવતા ગણી છે. અને તેમાં ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. નૃત્યકળાની અખંડ ઉપાસના દ્વારા ને કઠિન તપશ્ચર્યા બાદ તેમણે એક અજેય શિખર સર કર્યું છે. દેશ–વિદેશમાં તેમની કીર્તિ ફેલાયલી છે. તો શું તેમનું કીમતિ પ્રદાન ગુજરાત–પ્રદેશથી જ વણમૂલવ્યું રહે? ગુજરાત લલિતકલા અકાદમીએ તેમને પુરસ્કાર અર્પણ કરી, જે બહુમાન કર્યું છે તેમાં સમગ્ર પ્રદેશની શાન, માન, અને ગૌરવ રહેલાં છે.

આ મંગલ–સમારોહ પ્રસંગે તેમનું અભિવાદન કરતાં આપણે આનંદ–ઉલ્લાસ અને ગૌરવ અનુભવીએ છીએ અને હૃદયની અનેક શુભભાવનાઓ પ્રદર્શિત કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શ્રી રૂપાકુમારી કુછડિયા
અધ્યાપિકા : આર્ય કન્યા ગુરુકુલ–પોરબંદર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"THE LEARNED ONE"

Somthing compelling deep down within and an iudividual's life becomes almost a restless pursuit after perfection. Be this in art, music, dance, literature or it can be just a matter of routine existence. but with such a person it gets invested with a special aura of its own.

For, Savita Mehta (Didi to her friends) life has been one long search for self-realisation. 'And even if I am nowhere nearer my goal, the pursuit is proving a great experiance. With every new day is born a new feeling of anticipation, it is as through one is ever growning, ever learning.

Savita Mehta, daughter of a millionaire father, the late Nanji Kalidas Mehta, chooses to become a 'pandita' (the learned one). 'For even now there are questions in me, to which I have to find answers.'

'At the moment, I am trying to grasp life through my dance. When I place 'ghungaroos' around my feet and they dance, forming their owu patterns of rhythm, I am filled with a kind of explosive ecstacy, with a strange, obssessive desire to break free of all bonds and reach out for something that is beyond the meeting line that appers to hold the earth to the sea— somthing that promises to be infinitely beautiful and where perhaps I shall flnd my answer to life.'

For Savita it is Manipnri dance. "The 'gurus' of this form, are known to lead absteminous, disciplined lives, and behind their dedication is a feeling of 'samarpan' (total giving). The movements in Manipuri are light, airy almost ethereal, even its 'tandava' has been described as one that is harder than 'vrija' (thunderbolt) but also as soft as a flower. The feet in Manipuri hardly ever fall harshly on the ground, but gently touch the earth like a bird poisen for flight.

"In Manipur, almost everyone knows dancing, from the king to the lowliest commoner, and they dance even at 70 to 75, and also

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

when there is a death, for the dance, the Manipuris say, is the rhythmic spirit of life, and it is what I am searching too."

Savita has been honourd in Manipur with the rare coveted title of Jagoi Hanjabi (Fitst class exponent of Manipuri), a degree not awarded for almost the last 200 years. And the people of Manipur titled her "Second Usha," as a token of their appreciation. And recently, the Government of Gujarat conferred upon her the State award for her excellence in the art of Manipuri dance, the first person to be so honoured.

At this public recognition Savita is pleased, "because in truth it is appreciation of Manipuri, a dance that sprang from the fullness of man's heart towards his Creator.

" 'Nad' the rhythm of sound," says Savita, "is expressed through its three main forms: gan (music), vadan (playing) and nartak (dance). The universe is continually involved in creating eternal, rhythmic patterns, and probably it is this sence of rhythm that completely claims one while dancing, filling one's entire person, wlth ecstacy, and at that moment it is as through one were embraeing the entire universe.

"Nature, life, they too, in a sense, represent patterns of rhythm, and through them we can best worship and realise God. Take Yoga with all its 'kalas', together they create inside you a harmonious rhythm, and there is 'shanti' (peace). Continuity of the same movement is what creates rhythm, which when released, can burst forrh as stupendous energy."

"Man," observed Savita, "was conceived in a state of 'ananda' (happiness), and it is through this that one can best merge with God, described as the eternal 'ananda'."

Savita is also an educationist, who had once dreamed of an institution that shall happily blend in its curriculum lessons in modern technology with classes in traditional culture and values— a dream that today stands concretised as the Arya Kanya Gurukul, Porbandar.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"The concept of education," says Savita, "must extend to the development of finer sensibilities in a human being. Because of the fine arts, one becomes more aware of iife, of its beauty and its melody. I would include Sanskrit too as a subject. There are certain eternal values that time does not change— for us these are contained in Sanskrit and yet today our shastries and pundits are starving— and it is quite probable that their learning too will die with them. What moral anchor then, do we propose to leave our children ?"

It is evening and in the mellow sunlight that fills the room, the brass lamp standing at the corner assumes almost a golden halo, and Didi's pale skin to shines, as it absorbs the rays. Perhaps it is the quiet hour, but a rhythm of rare contentment starts beating, growing somewhere inside me and I fall silent— for me, the interview is over.

—Jyotsna Sheth

("Eve's Weekly" July–1973)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

SOME TRIBUTES

"....An event of great value and the Mehta sisters' dances clearly explained what to the Western mind is otherwise incomprehensible. One willingly goes to such a school."

–**Mr. Scott Goddard**, the noted English Critic, London.

卐

"......The pure art and perfect technique."

–**Amis De L'Orient**, Paris, France.

卐

"....The charm of the strange movement, the unfailing precision with which the Mehta sisters command every limb of thin bodies; must attract all interested in culture. In this expressive noble gestures lived the Eastern Soul."

–**Aroserzeritung of Arosa - Switzerland**.

卐

"....The dances were of Manipuri style. All the performances gave proof of excellent qualities and were highly appreciated, and above all Miss Savita Mehta herself who figured with admirable grace the Goddess Radha waiting for the Lord Krishna."

– **Tribune De Geneve**.

卐

"....Miss Mehta is a keen educationalist and through her untiring efforts the dignity of dancing has been revived."

–**Dr. S. Zake**, Minister of Education, Uganda.

卐

"....She has dedicated herself like a true Sadhika and has won wide acclaim as an exponent of Manipuri dance. She has not only gone through the rigors of discipline of this school but has learnt all its subtleties, forms and nuances."

Shri Morarjibhai Desai,
Ex-Deputy Prime Minister of India.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"....It is perfectly clear that, like Rukmini Devi, who enforces the most exacting standards of purity and discipline in Bharat Natyam, Savitaben does the same for the Manipuri School of Dancing. Her style is enchanting. At the same time, it is very highly disciplined and conforms to the classical pattern. It gave me great pleasure to pay a public tribute to her for her art and for the efforts she is making to recapture for our country a very beautiful part of our old tradition.

–H. V. R. Iengar,
Ex-Governor, Reserve Bank of India.

卐

"....The dance recitals which were given the other day by Savitaben in Calcutta was quite unique ond it gave us a glimpse of a really fine master of this dance, who combined both technical perfection with soul–fulness. She has integrated in herself the beauty and the tradition of the great dance system of Manipur.

Her art has once again linked up the Eastern end of India with

卐

the Western, and this has been for the enrichment of Indian culture.

–Padma–Vibhushan Dr. Suniti Kumar Chatterjee.
the National Professor.

卐

"....Kumari Savitaben transported the house in to a state of rapture by her complete mastery of the Manipuri dancing and this is a series of solo items which merely held the house in a breathless spell of wonderment. It brought to the fore her complete dedication to the spiritual bliss and concord inherent in it, into which she seemed to have comptetely submerged her personal entity.

–Amrita Bazar Patrika.

卐

"....Her complete mastery af the Rhythm, Tala, Rasa and Abhinaya of Manipuri dance in its Tandav and Lasya from has kept us spell bound.

There dances of Savitaben reminds us not of the traditional dancer but of the rishis, sadhikas and Brahmvadinis of Vedic times."

S. Neelkant Singh.
Art Critic, Professor, Imphal, Manipur.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. દીદીના નેતૃત્વમાં ગુરુકુલની બ્રહ્મચારિણીઓનું આફ્રિકા જતું પ્રવાસ-મંડળ (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકાના છ માસના સફળ સંસ્કાર-પ્રવાસ બાદ પોરબંદર પધારતાં પૂ. દીદી પ્રવાસ-મંડળ સાથે
સમુદ્ર કિનારે સ્વાગત. (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ॐ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोक-संस्कृति के उपासक, लोक-साहित्य के संन्निष्ठ प्रसारक और लोक-कविता के भव्य उद्गाता मान्यवर श्रीमान् मेरुभा मेघाणंदभाई गढवी के करकमलों में—

सन्मान-पत्र

लोक-संस्कृति के आम्र-कुंजों के हे मधु-कोकिल,

आपने गुजरात-सौराष्ट्र की लोक-संस्कृति की भव्य परम्परा को तथा लोक-साहित्य की गौरव-मयी अमूल्य संपदा को जीवन्त रखने के लिए जीवन-भर अद्भुत साधना और तपस्या की है।

लोक जीवन के श्रृंगार-भूत लोक-गीतों के उदात्त उद्गाता बनकर अपने मेघ-निनाद-मयी, धीर-गंभीर, बुलन्द, कंठ-माधुरी से गुजरात, सौराष्ट्र और महा-गुजरात के वन-उपवनों, खेत-खलिहानों, हाट-बाटों और गृह-निकुंजों को रस-पूरित और प्रति-गुंजित किया है।

लोक-गीतों के वसन्त-वैतालिक हे कविपुत्र,

लोक-साहित्य और लोक-गीतों के माध्यम से आपकी सुदीर्घ तपस्या ने हमारे राष्ट्र की परम्परागत सांस्कृतिक संपदा के गौरव और वैशिष्ट्य को प्रबुद्ध और प्राणवंत रक्खा है।

गुजरात राज्यकी ललित कला अकादमी ने आपकी अविरत लोक साहित्य सेवा का अभीष्ट मूल्यांकन करते हुए आपका पूजन और बहुमान किया है। उसकी मंगल-स्मृति में हम सब कुलवासी-जन आपका सादर अभिनन्दन करते हैं, आपको बधाई की स्नेह-सुमनांजलि अर्पित करते हैं।

भगवती माँ भारती आपके जीवन-पंथ को सदा उजागर करती रहे और आप आरोग्य-पूर्ण दीर्घायुष्य और जीवन-मांगल्य प्राप्त करते रहें, वही भावना, कामना और प्रार्थना है।

हम हैं आपके गुणानुरागी
आर्य कन्या गुरुकुल और महिला
महाविद्यालय की विद्यार्थी बहनें,
गुरुजन और कार्यकर्ता-जन।

कुलभूमि
पोरबन्दर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભારત મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનું ધ્યેય

કુ. મધુરી કેશાઈ શ્રેણી અગિયાર

મનુષ્ય જીવનની ચાર અવસ્થાઓ છે; બાલ્યકાળ અથવા શૈશવાવસ્થા, કિશોરાવસ્થા, યૌવનાવસ્થા અને વાર્ધક્ય આમાંથી પ્રથમ અવસ્થામાં નિશ્ચિંતતા અને રમતિયાળપણું હોય છે. માતાપિતાની છત્રછાયા હેઠળ જીવન નિર્દોષ અને બિન-જવાબદારી ભર્યું વહે છે. કિશોરાવસ્થામાં અભ્યાસની ચિંતા અને પરિશ્રમ શરૂ થાય છે. આ કાળ ઉત્સાહનો છે. તેથી બુદ્ધિશાળી બાળક પ્રગતિ કરે છે. અક્ષરજ્ઞાન વાંચન, સામાન્ય-સમજ વગેરે કેળવાય છે. ૧૫-૧૬ વર્ષની વય પછી મુગ્ધ યુવાવસ્થાના પગરણ થાય છે. જગતને કુતૂહલતાથી ને રોમાંચક રીતે વ્યક્તિ નિહાળે છે. આ સમય દરમ્યાન મુગ્ધ હૃદય અનેક પ્રકારની ભાવનાઓ અને તમન્ના સેવે છે. ભાવિ જીવનનું ઘડતર આ ગાળા દરમ્યાન વ્યકિતત્વનો કેવો બીજ નિક્ષેપ થાય છે, તેના ઉપર આધાર રાખે છે. મનુષ્ય અમુક સંસ્કાર વારસાગત ધરાવે છે. પરંતુ વાતાવરણ અને જગતના અનુભવોથી પણ તેનું ઘડતર થતું હોય છે. વિદ્યાભ્યાસ અને જ્ઞાનપ્રાપ્તિનો આ કિંમતિ ગાળો છે.

કિશોરાવસ્થા અને પૂર્ણ યૌવનાવસ્થાના સંધિકાળે વ્યકિતહૃદય રમણીય મુંઝવણો અનુભવે છે. હજુ ભાવિજીવન અજ્ઞાત જેવું ભાસે છે. ચિત્ત સ્વપ્નશીલતા અને ભાવના વિહારમાં ઝૂમતું હોય છે, હિલ્લોલતું હોય છે. ધંધો, નોકરી, વ્યવસાય આદિની જવાબદારી આવી રહી હોય છે. તેથી ગંભીર પ્રકૃતિ પણ ધારણ કરે છે. આ કાળ દરમ્યાનજ ધ્યેય નિર્ણય થાય છે. શું થવું છે, અથવા શુ કાર્ય કરવું છે તેનો નિર્ણય આ ગાળા દરમ્યાન કરી તદનુસાર અભ્યાસ, જ્ઞાનપ્રાપ્તિ, કલાકૌશલ વગેરે શીખી લેવાનાં હોય છે. કેમકે આ ઘડતરકાળ પૂરો થયા બાદ જીવનમાં સક્રિયપણે સંચરવાનું છે. કોઈ ધંધો કે નોકરી કરે છે, કોઇ ઉદ્યોગો ચલાવે છે. કોઇ વેપારમાં ઝંપલાવે છે. કોઇ ડૉકટર, વકીલ, શિક્ષક પ્રોફેસર, વૈજ્ઞાનિક આદિનો વ્યવસાય કરે છે, તો કોઇ રાજકારણ, સમાજસેવા વગેરે ક્ષેત્રોમાં પોતાના જીવનની નાવ વહેતી મૂકે છે. મનુષ્ય જીવનના બધાં જ ક્ષેત્રોમાં એકી સાથે કાર્ય કરી શકતો નથી. તેથી જીવનના કોઇ એક ક્ષેત્રને પકડી લઇ તે દિશામાં આગળ પ્રગતિ કરી નિષ્ણાત બનવાનો તે પ્રયત્ન કરે છે. કોઇનું લક્ષ્ય કેવળ ધનસંપત્તિના સંચયનું, વૈભવ, વિલાસ, મોજમજા આદિ ભોગવવાનું હોય છે. તો કોઇ માનવસેવાના કલ્યાણકારી કાર્ય કરવાની ભાવના સેવે છે.

પુરુષ અને સ્ત્રીના ક્ષેત્રો જુદા છે. તેમનાં રસ-રુચિમાં પણ ફેર પડે છે. શક્તિ-અશક્તિમાં પણ ભેદ રહેલો છે. એટલે બુદ્ધિમત્તા, જ્ઞાનપ્રાપ્તિ, શક્તિ, રસરુચિ, ઉત્સાહ, તમન્ના, ભાવનાશાલીતા વગેરે અનેક દૃષ્ટિએ વિચારી મનુષ્યે પોતાના જીવનનું ધ્યેય નક્કી કરવું જોઇએ. વિદ્યાભ્યાસના કાળ દરમ્યાન મુગ્ધ હૃદય અનેક સ્વપ્નો સેવતું હોય છે. અલબત્ત આ કાળ ખૂબ જ ઉત્સાહને તમન્ના કે ધગશવાળો છે. છતાં તેનામાં પૂર્ણ સ્વસ્થતાપૂર્વક પરિપકવ રીતે વિચારવાની, દૂરગામી દૃષ્ટિથી જોવાની થોડી કચાશ અને મર્યાદા પણ રહેલી હોય છે. તેથી મોટા અનુભવી માણસો, વડિલો, ગુરુજનો વગેરે પાસેથી પ્રેરણા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખામણ, માર્ગદર્શન મેળવાય તો તેમાં કશું ખોટું નથી, ઊલટું સહાયક બને છે. કેમકે ભાવનાશીલ, ઊર્મિશીલ, કુતૂહલપ્રિય મુગ્ધ યુવાન હૃદય અનેક આશા–અભિલાષાઓ, આકાંક્ષા–મહત્વાકાંક્ષાઓ સેવતું હોય છે. અંતિમ ફલપ્રાપ્તિ કે પરિણામનો તે પકવ વિચાર કરી શકતું નથી. સફળતા–નિષ્ફળતાનો કયાસ કાઢી શકતું નથી. પરિણામે કોઈવાર નિરાશા કે આઘાત સાંપડે છે. એટલે કેવળ યુયુત્સા સાથે સ્વસ્થતા, સંયમ, ધૈર્ય, સહિષ્ણુતા આદિ ગુણો પણ જોઇએ. છતાં ઉત્સાહ અને આત્મશ્રદ્ધા એ મોટા ગુણો છે. એટલે 'આશા અમર છે,' 'હિંમતે મર્દા તો મદદે ખુદા,' 'A will will find a way', 'આગે બઢો', 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું", **कर्मण्येवाऽधिकारस्ते । मा फलेषु कदाचन ॥** વગેરે સૂત્રો અને મંત્રોના આદેશ અનુસાર જીવનનું કોઈ ચોક્કસ ધ્યેય તો અવશ્ય બાંધવું જ જોઇએ. પોતાની સગવડતા, અનુકૂળતા, સાધન-સંપત્તિ, પ્રેરણા, શ્રમશક્તિ, તંદુરસ્તી, ઉત્સાહ, મક્કમતા, આત્મવિશ્વાસ વગેરેને અનુલક્ષીને વિચારવું જોઇએ.

વળી મનુષ્યજીવન કેવળ સ્વાર્થ માટે નથી. જીવનમાં પરમાર્થને, પરોપકારને, સેવાને–માનવસેવા, સમાજસેવા કે દેશસેવાને પણ સ્થાન છે. મનુષ્યના ઉપર દેવઋણ, પિતૃઋણ, માતૃઋણ, બંધુઋણ, મિત્રઋણ દેશઋણ આદિ અનેક ઋણ રહેલાં છે, જીવનપર્યંત ચૂકવતાં રહેવાનાં છે. તેનો પણ વિચાર કરી લેવો ઘટે. અને તદનુસાર ધ્યેય નિર્ણિત કરી ધંધો, વ્યવસાય કે અને સેવાકાર્ય પસંદ કરવા જોઈએ.

સંસારનો પંથ એ ગુલાબથી વેરાયેલો પંથ નથી. અનેક ખાડા–ખૈયાઓમાં આથડવું પડે, આઘાત પ્રત્યાઘાત સહન કરવાના આવે, અનેક વિઘ્નો અને સમસ્યાઓ મૂંઝવે, છતાં ધૈર્ય, સહિષ્ણુતા અને સ્વસ્થતાપૂર્વક આગળ વધવાનું છે. દુઃખ અને નિષ્ફળતાનો વિચાર કરી જીવનથી હારી જવું ન જોઇએ, કે નિરાશ થવું ન જોઇએ. એક કવિએ કહ્યું છે તે પ્રમાણે "નિશાનચૂક માફ, ન કદી નીચું નિશાન"

સરસ્વતીજીની પાસે આપણે સેવા લઇશું ? કે સરસ્વતીજીની આપણે સેવા કરીશું ? સરસ્વતીની આપણે સેવા કરવાની છે, એનો અનુગ્રહ પામવાનો છે ....સાહિત્ય, કલા, તત્વજ્ઞાન, એ જનસમાજની સેવા અર્થે રચાયેલી કૃતિઓ નથી, અને તેથી એની કિંમત જનસમાજને થતા લાભ પૂરતી થવી ન જોઇએ. એ લાભ તો જગન્માતા સરસ્વતીના ઊભરાતા પ્રેમનો પ્રસાદ છે.

—આનંદશંકર ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતનપ્રેમ દેશપ્રેમ

કુ. શારદા દાવડા શ્રેણી દશમી

સંસ્કૃતમાં એક સુભાષિત છે કે-**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि।** એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. દરેક માણસ પોતાની જનની અને જન્મભૂમિને ચાહે છે. વોલ્ટર સ્કોટ નામના કવિના કાવ્યની પંક્તિઓ છે:

Breathes there the man
With soul so dead

Who hath never said
This is my own Countryland.

કોણ એવો નગુણો જન હશે કે જે પોતાની જન્મભૂમિ પ્રત્યે માન અને પ્રેમથી ન જોતો હોય? ખરેખર માતા અને ભૂમિમાતાના આપણાં ઉપર અગણિત ઉપકારો છે. તેનું ઋણ કદી ચૂકવી શકાતું નથી. કવિ મલબારીની પંક્તિમાં કહીએ તો,

અર્પી દઉં સો જન્મ,
એવડું મા તુજ લ્હેણું!

સંસ્કૃત શાસ્ત્રગ્રંથોમાં ત્રણ પ્રકારના ઋણ ગણાવાયા છે. દેવઋણ, પિતૃઋણ, માતૃઋણ અહીં માતા એટલે જન્મભૂમિ અને જનની બંને. જે ભૂમિમાં આપણે જન્મ લીધો, જેની પૃથ્વી–માટીમાંથી આપણી કાયા બની, જેના હવા–પાણીથી દેહનું પોષણ–સંવર્ધન થયું, તે ભૂમિમાતાને માટે સર્વસ્વસમર્પણ કરવા કોણ તૈયાર ન બને? જેમ બાળકમાં માતાનું રૂધિર ફરતું હોય છે, માતા તેનું પાલન–પોષણ કરે છે સાર–સંભાળ રાખે છે, તેમ ભૂમિ એ પ્રજા સમસ્તની માતા છે. કેમ કે તેનો જીવનનો આધાર ભૂમિ, તેનાં નદ–નદીનાં જળ વનસ્પતિ વગેરે છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે 'ઊંટ મરે ત્યારે મારવાડ સામું જુએ.' આ કહેવતમાં એક નાચીજ પ્રાણીને પણ પોતાનું વતન કેવું પ્યારૂં છે તે સૂચિત થયું છે તો બુદ્ધિ–સંસ્કાર–સંસ્કૃતિ જેણે ખીલવ્યાં છે તે મનુષ્ય નિમકહરામ હોઈ શકે? તેનું હૃદય પ્રેમ અને ભાવનાવિહિન હોઇ શકે? બાબર મધ્યએશિયાનો વતની હતો. હિંદુસ્તાનનો બાદશાહ બન્યા પછી પણ તેને તેના વતનના તરબૂચ યાદ આવતાં. પોતાની માતૃભૂમિના દર્શનને તે ઝંખતો. ગમે તેવી ક્ષુલ્લક ચીજ પણ માતૃભૂમિની હોય તો મનુષ્યનું હૃદય પુલકિત થઇ ઊઠે છે. અંગ્રેજો આપણા દેશમાં શાસન કરતા હતા. ત્યારે તેમને પણ વર્ષે છ મહિને પોતાના દેશમાં ગયા વગર ચેન ન પડતું.

પોતાનું વતન રળિયામણું ન હોય, ત્યાં સાદાં વૃક્ષો, ફળ, ફૂલ થતા હોય અથવા કશું જ ન થતું હોય એવો વેરાન પ્રદેશ હોય, અનેક અગવડતાઓ હોય, પાણી અને ખેતીની મુશ્કેલી હોય છતાં તે ભૂમિ માનવીને પ્યારી લાગશે જ. કેમ કે એ ભૂમિના કણ કણમાંથી તેના દેહ, મનનું બંધારણ થયું છે. કવિ પ્રજારામ રાવળ કૃત 'ઝાલાવાડી ધરતી' ગીત સ્મરણીય છે. આવળ–બાવળ–બોરડીથી ભરેલો એમનો વતન પ્રદેશ શુષ્ક જેવો ભાસે છે, લીલો ડુંગર નથી છતાં આ રણપ્રદેશ જેવી શુષ્ક ભૂમિને પણ તેઓ દેવની વિરાટ હથેળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી નવાજે છે ! ગમે તેવી ભૂમિ પણ તેના સંતાનને પ્યારી લાગે જ. ગુજરાતી–અંગ્રેજી સંસ્કૃત વગેરે દરેક ભાષાના કવિઓએ વતન પ્રેમ–દેશપ્રેમનાં અગણિત ગીતો રચ્યાં છે ને ભવ્ય અંજલિઓ અર્પી છે. ગુજરાતીમાં નર્મદ, ત્રિભુવન વ્યાસ, ઉમાશંકર જોશી, ખબરદાર, બોટાદકર, ચંદ્રવદન મહેતા, પૂજાલાલ, મેઘાણી, નાનાલાલ વગેરે કવિઓનાં ગીતો-કાવ્યો પ્રસિદ્ધ છે.

આ સર્વ કવિઓએ ગુજરાતની પ્રકૃતિ, સંસ્કૃતિ, માનવસમાજ, તેનાં નદી, નાળાં જળાશયો, જંગલો, પર્વતો, ખેતર, ઉદ્યાનો પશુ–પક્ષીઓ, જવલંત ઇતિહાસ વગેરેની ઉમંગપૂર્વક પ્રશંસા કરી છે. કાકાસાહેબ કાલેલકરે 'જીવનલીલા' વગેરે પુસ્તકોમાં પોતાની ભારતભકિત આર્દ્ર હૃદયે દર્શાવી છે.

જન્મભૂમિનો માત્ર જન્મસ્થળનો પ્રદેશ એવો સંકુચિત અર્થ ન લેવો જોઇએ. સમગ્ર દેશને પણ લક્ષમાં લેવો જોઇએ. પ્રજા પોતાના દેશ ખાતર તન, મન, અને ધન કે જરૂર પડયે પ્રાણુાર્પણ કરે છે. અપભ્રંશમાં એક દૂહો છે કે, "પોતાની ભૂમિ પારકા (દુશ્મનો)વડે ચંપાય ત્યારે પુત્ર જીવ્યો તોય શું ? અને મર્યો તોય શું ? જીવતાં મૃત્યુ પામેલા સમાન જ છે." માતૃભૂમિનું રક્ષણ કરવું જ જોઇએ. યુદ્ધકાળે ભૂમિનાં સંતાનો એટલું જ કહે કે, "ખબર છે એટલી કે માતની હાકલ પડી છે !"

કેવળ યુદ્ધમાં ભાગ લઇને જ દેશભક્તિ દર્શાવી શકાય એવું નથી. યુદ્ધમાં ભાગ લેતા સૈનિકોને વસ્રો, ખાદ્યપદાર્થો, દવા વગેરે જરૂરિયાતની ચીજો અર્પવાથી પણ દેશપ્રત્યેનું ઋણ ચૂકવ્યું ગણાય.

ચંદ્રવદન મહેતા કૃત "કલ્યાણ" નામની કવિતામાં પોતાનો પુત્ર યુદ્ધમાં મૃત્યુ પામ્યા છતાં, વૃદ્ધ માતા શોક કરતી નથી. દેશ ખાતર તે સર્વસ્વનું બલિદાન આપવા તત્પર છે. કરસનદાસ માણેક કૃત એવા જ એક અન્ય કાવ્ય, "અખોવન માવડી" માં એક વૃદ્ધ જનેતાના પાંચ સંતાનો યુદ્ધમાં મરી ફીટ્યા, દેશના રક્ષણાર્થે બલિદાન આપી દીધું, ત્યારે માતા શોક કરતી નથી અને તે દેશના અન્ય સર્વ યુવાનોની પોતાને માતા તરીકે ઓળખાવે છે.

આપણા દેશની આઝાદીનો ઇતિહાસ ખૂબ જવલંત અને તેજસ્વી છે. ગાંધીજી અને તેમના સમકાલીન દેશનેતાઓ, દેશસેવકો અને દેશભક્તોની એક મોટી હારમાળાના ત્યાગ, બલિદાન અને સમર્પણ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે દીપી રહ્યા છે.

ભગતસિંહ, સાવરકરભાઇઓ, સુભાષચંદ્ર બોઝ, અરવિંદ, ગાંધીજી, જવાહરલાલ, રાજેન્દ્ર પ્રસાદ, વલ્લભભાઇ પટેલ, ચક્રવર્તી રાજ ગોપાલાચારી, લાલ, બાલ અને પાલની ત્રિપુટી, શાસ્ત્રીજી અને ઈન્દિરા ગાંધી પર્યંત દેશભક્તો ની તેજસ્વી હારમાળા જોવા મળે છે. તેમની વીરતા, ભક્તિભાવના અને સેવાકાર્ય અનન્ય પણે પ્રકાશે છે.

દેશપ્રેમ ગમે તે ક્ષેત્રમાં કાર્ય કરી બતાવી શકાય. સંત, સાહિત્યકાર, કવિ, વિદ્વાન, સમાજસેવક, અને રાજપુરુષ–સૌ પોતપોતાની રીતે શક્તિ–મતિ મુજબ દેશસેવા, દેશસંરક્ષણ અને દેશની સમૃદ્ધિ કે વિકાસ અર્થે કાર્યો કરે છે. એક કવિએ ગાયું છે તે મુજબ દરેક વ્યક્તિનો એક જ જીવનમંત્ર હોઇ શકેઃ–

લીધો જનમ તે ગમે
થવું જ રાખ આ ભૂમિમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમનું મહત્વ

કુ. હેમલત્તા પટેલ શ્રેણી નવમી

ઇશ્વરે મનુષ્યને હાથ–પગ–બુદ્ધિ આપેલાં છે. પરંતુ, મનુષ્ય તેનો બરાબર ઉપયોગ કરતો નથી. આ જગતમાં કેટલાંક માણસો કેવળ બુદ્ધિજીવી છે, કેટલાક શ્રમજીવી છે. ખરી રીતે બધી ઇન્દ્રિયો એક બીજાની પૂરક છે. દરેકનો યથોચિત ઉપયોગ કરવો જોઇએ. તો જીવનમાં આરોગ્ય, આનંદ, રસ, શાન્તિ શકિત વગેરે પ્રપ્ત થાય. બુદ્ધિજીવી અને શ્રીમંત લોકો શારીરિક શ્રમ ઓછો કરે છે. શારીરિક શ્રમ કરનાર ખેડૂત, મજૂર ખાણિયા વગેરે પ્રમાણમાં બુદ્ધિનો ઉપયોગ ઓછો કરે છે. તેથી સાંસ્કારિક દૃષ્ટિએ તેમનું જીવન પછાત રહે છે. તન, મન, અને બુદ્ધિ બધું કસાવું જોઇએ. તો જ મનુષ્ય દીર્ઘાયુષી અને આરોગ્યવંત બને. શ્રમજીવીઓની કાયાને જો પૂરતું પોષણ ન મળે તો તે ઘસાઇ જાય છે. દમ વગેરે વ્યાધિઓ લાગુ પડે છે. પ્રમાણસર અને માફકસરનો જ શ્રમ ઉપયોગી નીવડે છે. શ્રીમંતો બિલકુલ શારીરિક શ્રમ કરવામાં માનતા નથી, તો તેમનું શરીર પણ ચરબી વાળું, અદોદળું, કઢંગુ, મેદયુકત બની જાય છે. અને લોહીના દબાણ, લોહીના વિકાર વગેરે દર્દોથી પીડાય છે. હૃદય બંધ પડી જવાના મોટા ભાગના કિસ્સા ચરબીવાળા લોકો અને શ્રમવિહિન જીવન જીવનારના વિશેષ હોય છે. માટે જીવનમાં બધું પ્રમાણસર હોવું જાઇએ.

દરેક મનુષ્ય માટે પગવડે ચાલવાનો શ્રમ અત્યંત જરૂરી છે. આરોગ્યના તમામ ગ્રંથોમાં તેનુ મહત્વ દર્શાવાયું છે. ગાંધીજી પણ ચાલવાની કસરત ઉપર ખૂબ ભાર મૂકતા. ગાંધીજી. વિનોબા ભાવે અને રવિશંકર મહારાજ જેવી સંત વિભૂતિઓએ દેહની પાસેથી જેટલું કામ લીધું છે તેટલું અન્ય કોઇએ ભાગ્યેજ લીધું હશે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં એકવાર એક દિવસમાં ૫૫ માઇલ જેટલું ચાલ્યા હતા. અમેરિકાના પ્રથમ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન પરિશ્રમ કરીને જ ઉચ્ચ જગ્યાએ પહોંચ્યા હતા. શ્રમમાં તેઓ ગૌરવ સમજતા. ટોલ્સ્ટોય જેવી મહાન વ્યકિત વૃધ્ધાવસ્થામાં પણ લાકડાં ફાડવા અને ચીરવાનું કાર્ય કરતાં. આમ શ્રમ એ જીવનનું ભૂષણ છે, દૂષણ નથી. તેનાથી આરોગ્ય અને આયુષ્ય વધે છે. હૃદય અને ફેફસાં મજબૂત બને છે. શરીર અને મન નીરોગી કે ખડતલ બને છે.

ઘણીવાર ખોટી શરમ, સામાજીક મોભો, પ્રમાદ વગેરેને લીધે મનુષ્ય શ્રમ કરતો નથી. પણ તે ખોટું કહેવાય. તે વિકાસને રુંધે છે. અનુભવ ઓછો મળે છે. ગાંધીજી કહેતા કે ઈશ્વર બીજે દિવસે જીવનને માટે પૂરતી શક્તિ આપે જ છે. તેથી દરેક દિવસની શકિત વાપરી જ નાંખવી જોઈએ ગાંધીજી, ટોલ્સ્ટોય, રાજાજી રાજેન્દ્રપ્રસાદ વગેરેએ સ્વાવલંબીપણું. અને સ્વાશ્રયથી શ્રમનોજ આદર્શ વ્યક્ત કર્યો છે, શ્રમથી બુદ્ધિ તેજસ્વી તેજસ્વી બને છે, તીક્ષ્ણ બને છે. જે એક વ્યક્તિને માટે સાચું છે, તે સમગ્ર સમાજ, દેશ અને માનવજાતને માટે પણ સાચું છે. શ્રમ વડે જ સમાજ અને દેશની ઉન્નતિ થાય છે. આબાદી અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. રશિયા, જાપાન, અમેરિકા, જર્મની જેવા દેશોના માનવીઓ શ્રમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્વ ખૂબ જોણે અને સમજે છે તેથી તે બધા દેશો ભૌતિક રીતે ઘણા સમૃદ્ધ બન્યા છે. વિશ્વમાં વિજ્ઞાનની અભૂતપૂર્વ સિધ્ધિઓ પાછળ બૌધ્ધિક અને શારીરિક શ્રમ જ રહેલો છે ભારત દેશ પ્રમાણમાં અન્ય દેશો કરતાં પછાત છે, તેનું કારણ મનુષ્યોના પ્રમાદી માનસ છે. ઓછી મહેનતે વધુ મેળવવાની વૃત્તિ અને લાલસા તજી દેવી જોઈએ. વળી સાચા દેશાભિમાનનો પણ અભાવ છે. હડતાલો પાડી ભાંગ ફોડની પ્રવૃત્તિને બદલે લોકોએ સંરક્ષણ, સમૃદ્ધિ અને નવરચનાના ઉપાયો પ્રતિ વળવું જોઇએ. ઉદ્યમથીજ વિકાસ થાય છે. **न हि उद्यमेन कार्याणि सिध्यन्ति ।** એ સત્ર સર્વ ક્ષેત્રો માટે પ્રેરક છે. યુવાન મનુષ્યોએ કોઇ કાર્યને શરમ જનક ન લેખવું જોઇએ. ખેતીનું કાર્ય મજૂર અને નિરક્ષર લોકોનું જ નથી. ભણેલા લોકો પણ ખેતી કેમ ન કરી શકે ? દેશમાંના ગરીબી, બેકારીના પ્રશ્નો તેથી હળવા થશે. શ્રમની ભાવનાનો ખૂબ પ્રચાર થવો ઘટે શ્રમ એટલે માત્ર દૈનિક કાર્ય કરવું કે વ્યાયામ કરવો કે ફરવા જવું, એટલોજ નથી. બૌદ્ધિક અને શારીરિક બંને પ્રકરના શ્રમોને ઉત્તેજન આપવું જોઇએ. તોજ સંસ્કાર અને સંસ્કૃતિ ખીલશે. વિનોબા ભાવેએ ભૂદાનયજ્ઞમાં શ્રમ-યજ્ઞનો પણ સમાવેશ કર્યો છે. પોતાને માટે, બીજાને માટે, સમાજ કે દેશને માટે શ્રમ કરવો, તે શ્રમયજ્ઞ છે. શ્રમયજ્ઞ શ્રમદાન શબ્દો પાછળ પરોપકારની કલ્યાણ ભાવના રહેલી છે. ગ્રામસુધારણા, ગ્રામોધ્ધાર અને લોક સેવા અર્થે તેઓ શ્રમનોજ મહિમા દર્શાવે છે.

સરકાર તરફથી શાળા–મહાશાળાઓમાં N.C.C. ની તાલીમ અપાય છે તેમાં ગુજરાતનો વિદ્યાર્થી પ્રમાણમાં ઓછી રુચિ અને રસ ધરાવે છે. ભારતીય ભૂમિદળ, જલસેના એને વાયુસેનામાં ગુજરાતીઓનો પ્રમાણમાં ઓછો ફાળો છે. પંજાબ, ઉત્તરપ્રદેશ અને પહાડી-મુલકની વસ્તીનો તેમાં અધિકાંશ હિસ્સો છે. ગુજરાતે પણ એ સર્વે બાબતોમાં નામના મેળવવી જોઇએ. સ્ત્રીઓને પણ લશ્કરી તાલીમ આપવામાં આવે છે, અને તેઓ પણ શ્રમ ભરેલા કાર્યો કરે છે. ભારતના નારીસમાજે પણ શ્રમનું ગૌરવ સમજી સંરક્ષણ, સમૃદ્ધિ અને ઉન્નતિના દરેક ક્ષેત્રોમાં આગળ વધવું જોઇએ.

સાહિત્ય જેવું, જીવનને શુદ્ધ અને ઉદાત્ત આનંદ આપનાર, જીવનને સમૃદ્ધ કરનાર, સત્યની ઝાંખી કરાવનાર, અને માનવની દષ્ટિને દૂરગામી, ગહન અને વિશાલતર બનાવનાર બીજું કશું નથી....જગતની સર્વ અંધાધુંધીના અને કલહના મૂળમાં, સત્યનું અધૂરું દર્શન, પરસ્પરની અશ્રધ્ધા, પરસ્પરની ગેરસમજૂત, અને અધીરાઇ જ રહ્યાં છે, એમ હું માનું છું. અને એ સર્વને મટાડવાનો નહી તો ઘટાડવાનો ઉપાય જગતનું ઉત્તમ સાહિત્ય છે.

—રા. વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અધુરું કામ

(આશ્રમનાં બાળકોને ઉદ્દેશીને કરેલા શ્રીમાતાજીના વાર્તાલાપમાંથી સાભાર ઉદ્ધૃત)

સંકલન :- શ્રી શાંતિભાઇ જોષી
અધ્યાપક :- આર્યકન્યા ગુરુકુલ

પ્રશ્ન :- બાળકોમાં હમેશાં વસ્તુઓ માગ માગ કરવાની-ખાસ કરીને સ્થૂલ વસ્તુઓ માગવાની ટેવ કેમ હશે ?

ઉત્તર :- કારણ કે બાળકો કામનાઓથી ખૂબજ ભરેલાં હોય છે એમનું ગર્ભ ધારણ થયું હશે તે વખતે જ કદાચ તેમનામાં કામનાનાં આંદોલનો ભરી દેવાયાં હશે. અને બાળકોને તો પોતાના ઉપર કશો કાબૂ હોતો નથી એટલે તેઓ પોતાની લાગણીઓને છુટ્ટી રીતે પ્રગટ થવા દેતાં હોય છે. મોટા માણસોમાં પણ કામનાઓ તો ભરેલી હોય છે જ, પરંતુ એ પ્રગટ કરતાં તેમને શરમ લાગતી હોય છે, એમને આ વસ્તુઓ શરમાવા જેવી લાગતી હોય છે. તેઓ બીતાં પણ હોય છે કે પોતે જો પોતાની ઇચ્છાઓ જાહેર કરશે તો લોકો તેમની ઠેકડી કરશે અને તેઓ પોતાની કામનાઓને સંતાડી રાખે છે. પરંતુ બાળકો મોટાં કરતાં વધારે સરલ અને સીધાં હોય છે. તેમને કશુંક જોઇતું હોય ત્યારે તરતજ તેઓ બોલી દે છે. તેઓ એમ વિચારતાં નથી હોતાં કે પોતાની જાતને ખુલ્લી કરવી એ બરાબર નથી યા તો તેમાં ડહાપણ નથી તેમનું મગજ એ રીતે કામ કરતું નથી. બેશક, લોકો-આ હું સામાન્ય માણસો વિષેજ કહું છું-સતત કામનાઓથી ભરેલું જીવન જ ગાળતા હોય છે. તેઓ માત્ર આ કામનાઓને પ્રગટ કરતા નથી એટલું જ. કોઈ કોઇ વાર તો તેઓ પોતામાં કામનાઓ છે એ વાતનો સ્વીકાર પણ કરતા નથી. પરંતુ પોતાને કાંઇ જોઇએ છે એ રીતનો ભાવ તો તેમનામાં હંમેશા હોય છે. તમારી નજરે કોઈ સુંદર પદાર્થ પડે કે તરત જ તમને એ વસ્તુને તમારી કરવાની ઇચ્છા થઇ આવે છે. અને આ એક ઘણી બાલિશ વસ્તુ છે, હાસ્યાસ્પદ પણ છે. અને જીવનમા સો માંથી નવાણું લોકોને પોતાને જોઇતી વસ્તુ કદી પણ મળતી નથી. અને જે એક ટકાને પોતાની વસ્તુ મળે છે તેમાંથી પણ કેટલાને પોતાની જોઇતી વસ્તુ મળી આવે પછી તેમાં રસ ટકી રહે છે ? બાળક પણ આવું જ હોય છે, એથીય વિશેષ એને જોઇતી વસ્તુ એને આપો અને એક સેકન્ડ પછી એના તરફ એ જોશે પણ નહીં.

પ્રશ્ન -: આ ટેવમાંથી નીકળી જવા માટે બળકને કેવી રીતે મદદ કરી શકાય ?

ઉત્તર: એ માટે એક કરતાં વધુ પદ્ધતિઓ અજમાવવાની રહે છે. પ્રથમ તો આપણે એ જાણવાનું રહે છે. કે બાળકને જે કાંઇ લાગણી થતી હોય, વિચાર આવતા હોય તેને છૂટથી પ્રગટ કરતાં તેને બિલકુલ અટકાવી દેવું જોઈએ ખરું? લોકો સામાન્ય રીતે આમ જ કરતા હોય છે. અને તે સતત રીતે. માણસો બાળકોને ઠપકો આપ્યા જ કરતાં હોય છે, સજા કરતાં રહેતાં હોય છે. અને તેમાંથી બાળકોમાં પોતાની ઇચ્છાઓને સંતાડવાની ટેવ પડવા લાગે છે. આ પદ્ધતિથી બાળકમાં સુધારો થતો નથી. બાળકને તમે જો હંમેશાં એમ જ કહેતા રહો કે, 'ના, ના, તને એ નહિં મળે,' તો પછી તમે એનામાં એથી માત્ર એવો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર દાખલ કરી દો છો કે, 'હા, હું બાળક છું એટલે જ મને કશું આપવામાં આવતું નથી. હું મોટો થાઉં ત્યાં લગી મારે વાટ જોવી પડશે. હું મોટો થઇશ કે મને જોઇતી બધી ચીજો મળશે.' એટલે હું કહું છું કે આ રીતે બાળકને સુધારી શકાતું નથી. ખરી વાત તો એ છે કે બાળકને ઉછેરીને મોટું કરવું એ સહેજ પણ સહેલી વસ્તુ નથી. આ પછી બાળકની સાથે કામ લેવાનો એક બીજો રસ્તો રહે છે, બાળક જે માગે તે આપતા રહેવું, આ વિષે હું વાત કહી ગઇ છું પણ આ પદ્ધતિમાં મુશ્કેલી એ છે કે બાળકને એક વસ્તુ આપ્યા પછી તરત જ એ બીજી વસ્તુ માગશે અને એમ કયાંય અટકયા વિના તે કાયમ નવું નવું માગ્યા જ કરશે કારણ કે કામનાનો નિયમ જ એવો છે, તે કદી તૃપ્ત થતી નથી. એટલે તમે આ પદ્ધતિ બદલીને, બાળક જો પૂરતું બુદ્ધિશાળી હોય તો તેને આમ કહી શકો છો કે, 'જો ભાઈ તેં એક વસ્તુ માટે આટલી બધી બૂમરાણ કરી મૂકેલી, પણ હવે તને તે આપ્યા પછી તો તું એની કશી પરવા કરતો જ નથી. એ મૂકીને હવે વળી તું કોઇ બીજી વસ્તુ જ માગવા લાગે છે. એ તને આપીશું ત્યારે પણ તું વળી આમ જ કરવાનો.' પણ બાળક જો ચતુર હશે તો વળી એવો જવાબ પણ આપશે કે, 'હા, મારી ઇચ્છામાંથી મને મુક્ત કરવો હોય તો તે માટેનો સારામાં સારો રસ્તો એ છે કે હું જે જે માગું તે તે મને આપતાં રહેવું'

ઘણા લોકો પોતાના જીવનભર આમ જ માનતા રહે છે. તેમને પોતાની કામનાઓને વશ કરવાનું કહેવામાં આવે છે ત્યારે તેઓ જવાબ આપે છે, 'કામનાને જીતવાનો એક જ ઉત્તમ માર્ગ છે, તેને તૃપ્ત કરી લેવી.' પરંતુ આ રીતે તો તમે એક પછી એક કામનાના વિષયોને માત્ર બદલતા રહો છો. આ રીતે તમારી કામના જિતાશે નહિ. કામનામાંથી મુક્ત થવાને માટે તમારે એ વૃત્તિને જ, કામનાની આખી ગતિને જ બદલી લેવાની રહે છે. અને એ કરવા માટે તો તમારે ખૂબ જ જ્ઞાનની, સમજશકિતની અને અનુભવની જરૂર રહે છે. અને બાળકો પાસેથી તમે આ વસ્તુઓની આશા નહિ રાખી શકો. પહેલું તો બાળકમાં વિચાર કરવાની એટલી બધી શકિત જ હોતી નથી અને તમે એને આ વાત સમજાવી શકવાના પણ નથી. એ તમારી કરેલી દલીલોને સમજશે જ નહિ, અને એટલે જ માબાપો પાસે સામાન્ય રીતે માત્ર એક જ રસ્તો રહે છે. બસ કર હવે, તું તો મારું માથું ખાઇ ગયું !' એમ કહીને તેઓ બાળકને બોલતું બંધ કરી દે છે. અને એ રીતે આ મુશ્કેલીમાંથી માબાપો મુકત થઇ જાય છે.

પરંતુ આ પણ કંઈ નિરાકરણ તો નથી જ. આ વસ્તુ કરવી ઘણી જ કઠણ છે. તેને માટે તમારે સતત પ્રયત્ન કરવાનો રહે છે, અવિચલ ધીરજથી કામ કરવાનું રહે છે. જગતમાં એવા ઘણા બધા લોકો છે કે તે બાળક મટી ગયા હોય છે છતાં જિંદગીભર બાળક જેવા જ રહે છે. તેઓ બુદ્ધિની વાતને સમજી શકતા જ નથી હોતા. તમે એમને કહો કે, તમે ભાઇ જરા પણ બુદ્ધિનો ઉપયોગ નથી કરતા, તમારી ઇચ્છાઓને સતત પૂરી પાડવાનું કામ શકય નથી. તો એની સામે એ લોકો માત્ર એટલો જ વિચાર કરવાના કે, 'ઊફ, આ તે કેવાં માણસો છે, આપણું કહ્યું જરાયે કરવાના નહિ.' અને વાત ત્યાંજ પૂરી થવાની.

બાળકને માટે તમે એક વસ્તુ અજમાવી શકો છો અને તે એ કે તમે એની ઇચ્છાઓની દિશા બદલી આપો. બાળકને તમે વધુ સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓની ઇચ્છા કરતું કરો. વધુ સારી એટલે વધુ સાચી, અને મેળવવામાં વધુ મુશ્કેલ હોય તેવી વસ્તુ સમજવાની. દા. ત. બાળક જ્યારે ઇચ્છાઓથી ભરેલું બની માગણીઓ કરવા લાગે ત્યારે તમે તેનામાં એક વધુ ઉચ્ચ પ્રકારની ઇચ્છા મૂકી આપો. એટલે કે, તમે એવું કરો કે બાળક માત્ર એક કામચલાઉ સંતોષ આપે તેવી સ્થૂલ વસ્તુઓ માગવાને બદલે તેનામાં તમે જ્ઞાન મેળવવા માટેની, નવું નવું શીખવા માટેની, જીવનમાં મહાન બનવાની કે, એવી એવી બીજી ઇચ્છા જાગૃત કરી આપો. આ રીતે તમે બાળકને કેળવવામાં ખરેખર ઘણી સારી શરૂઆત કરી શકશો. આ બધી વસ્તુઓ મેળવવી વધુ મુશ્કેલ હોય છે એટલે એ માટે પ્રયત્ન કરતાં બાળકની સંકલ્પશક્તિ વધુ વિકાસ પામશે, વધુ બળવાન બનશે. આ મુશ્કેલી જો સ્થૂલ પ્રકારની પણ હશે, દા. ત. તમે બાળકને જો એક ઢીંગલી બનાવવાની આપો કે કોઇ કોયડો ઉકેલવાનું સોંપો કે 'ધીરજ'ની રમત રમવાનું કહો તો એ માટેની મહેનત કરતાં કરતાં બાળકમાં એકાગ્રતા, ખંત, વિચારોની અમુક રીતની સ્પષ્ટતા એવું ઘણું વિકાસ પામવામાં મદદ થશે. આ રીતે તમે બાળકની સંકલ્પશક્તિને ખોટી પ્રવૃત્તિમાંથી વાળી લઇને સાચી પ્રવૃત્તિઓ પ્રત્યે દોરી શકશો. હા, એ સાચું છે કે તમારે, માબાપોએ આ બાબતમાં સતત ધ્યાન આપતાં રહેવું પડશે તેમજ મહેનત પણ ઘણી કરવી પડશે. પરંતુ, બાળકને વિકસાવવાનો વધુમાં વધુ ભરોસાદાર માર્ગ તો આ જ છે. હા, એ સહેલો તો નથી, પણ સૌથી અસરકારક તો છે જ.

આમ આપણે જોઈએ છીએ કે બાળકને 'ના' કહેવાથી તે સુધરતું નથી તો તેને 'હા' કહેવાથી પણ તે સુધરતું નથી. હું કેટલાંક માબાપોને જાણું છું કે જેઓ પોતાનાં બાળકોને મન ફાવે તેમ કરવા દેતાં હતાં. એક બાળક એવું હતું કે એના હાથમાં જે કાંઇ આવે એને તે ખાવાનો પ્રયત્ન કરતું. આવું બાળક કુદરતી રીતે જ માંદુ પડી જાય અને છેવટે એ છોકરો એટલો બધો કંટાળી ગયો કે તેની આ ટેવ ચાલી ગઇ. આ છતાં આ પદ્ધતિમાં જોખમ છે. આનો એક બીજો દાખલો પણ છે. એક બાળકના હાથમાં એકવાર દીવાસળીની પેટી આવી ગઇ. ઘરમાંથી કોઇએ તેને અટકાવ્યું નહિ. અને પરિણામે એની સાથે રમતાં રમતાં દાઝી ગયું, જો કે પછીથી તે દીવાસળીની પેટીને કદી અડયું નહિ. પરંતુ, આ પદ્ધતિ કોઇવાર મહાઆફતરૂપ પણ બની શકે છે. કેટલાંક બાળકો—અને મોટા ભાગનાં બાળકો—ખૂબ જ આંધળિયાં કરનારાં હોય છે. અને એવાં બાળકોનો કોઇ ઈચ્છા કબજો લઇ લે છે ત્યારે પછી એમને દુનિયામાં કોઇ વસ્તુ અટકાવી શકતી નથી. કેટલાંક બાળકોને દિવાલ ની ધાર પર કે પછી ઘરોનાં છાપરાં પર ચાલવાનો શોખ હોય છે તો વળી કેટલાંક ને પાણી દેખાય કે તરત જ તેમાં કૂદી પડવાનું મન થતું હોય છે. કેટલાંક તો એવાં હોય છે કે રસ્તા પરથી કોઇ મોટર પસાર થતી હોય તે જ વખતે બરાબર તેમને રસ્તો ઓળંગવાનું જોખમ ખેડવામાં ગમત પડે છે. આવાં બાળકોને જો તેમનું મનફાવતું કરવા દેવામાં આવે તો પછી એ પ્રયોગ કોઇવાર પ્રાણઘાતક પણ નીવડી શકે છે. કેટલાંક માબાપો પોતાનાં બાળકોને આવી સ્વતંત્રતા આપતાં પણ હોય છે અને તે માટેનું જોખમ ખેડવા પણ તૈયાર હોય છે. એમનું કહેવું એમ હોય છે કે બાળકને તમે અટકાવો તેથી કાંઈ તેનામાં સુધારો થતો નથી. બાળકને તમે કોઇ વસ્તુની ના પાડો તો સામાન્ય રીતે બાળક એમ નથી માની લેતું કે એ ના પાડેલી વસ્તુ ખરાબ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ તો એમજ માનતાં હોય છે કે આ મોટાં માણસોને કોઈ અમુક વસ્તુ આપવી નથી હોતી એટલે જ તેઓ વસ્તુ ખરાબ છે એમ કહી દે છે. જો આમ છે તો પછી બાળકને પૂરી સ્વતંત્રતા આપી દેવી એ જ શું વધારે સારૂં નથી ? આ રીતની દલીલ પેલાં માબાપો કરતાં રહે છે. આની પાછળનો સિદ્ધાંત એવો છે કે તમારે કોઇપણ ભોગે વ્યકિત સ્વતંત્રતાનું રક્ષણ કરવું જ જોઇએ. જગતમાં તાજાં આવેલાં આ નવાં બાળકો આગળ ભૂતકાળના અનુભવો મૂકવાની કશી જરૂર નથી. એમને પોતાને જ અનુભવો મેળવવા દેવા જોઇએ. ભૂતકાળના કશા પણ બોજા હેઠળ આવ્યા વિના તેમણે પોતાના જ પ્રયોગો કરવા જોઇએ. મેં એકવાર એવી સૂચના મૂકેલી કે જ્યારે કોઇ અકસ્માત થવાનો સંભવ હોય તો બાળકને તે માટે ચેતવણી આપવી જ જોઇએ અને મને જવાબ મળેલો કે આ કામમાં તારે માથું મારવાની જરૂર નથી. પણ પછી મેં આગ્રહ-પૂર્વક કહ્યું કે આમાં તો બાળકનું મોત પણ થઇ જાય અને તેનો જવાબ મળ્યો કે, 'થાય તો શું થઇ ગયું ? દરેક જણે પોતાના ભાવિને ભોગવવાનું છે. બીજાના કામમાં માથું મારવાનો કોઇને પણ હક્ક નથી તેમજ ફરજ પણ નથી. માણમ જો મૂર્ખાઇ ભરેલાં કામ કરતો રહેશે તો તેનાં પરિણામ તેણે જાતે જ ભોગવવાં પડશે. અને પછી મોટે ભાગે તે આપોઆપ જ તે રીતનાં કામ કરતો અટકી પડશે. અને આ વસ્તુ બીજાઓ તેને અટકાવે તે કરતાં હજાર દરજ્જે વધુ સારી છે !' વાત તો ખરી છે. આવા ઘણા પ્રસંગોમાં માણસ કુદરતી રીતે અટકી તો જાય છે જ. પણ ફેર માત્ર એટલો જ હોય છે કે આપણે ધાર્યું કે ઇચ્છયું હોય તેના કરતાં કોઇ જુદી જ રીતે તે અટકી જાય છે.

તમે જ્યારે કોઈ એક સિદ્ધાંત બાંધી લો છો અને એને જ વળગી રહેવાનો પ્રયત્ન કરવા લાગો છો ત્યારે જ વસ્તુ મુશ્કેલ અને ગૂંચવણવાળી બની જાય છે. ખરી રીતે જોતાં તો દરેક પરિસ્થિતિ જુદી જુદી હોય છે અને એ હરેક પરિસ્થિતિને બરાબર રીતે પહોંચી શકાય એ રીતની શકિત મેળવવા માટે તમારે આખુંયે જીવન એની પાછળ ખરચવાનું રહે છે.

(મધર ઇન્ડિયા. જાન્યુ. ૧૯૫૫)

રેલાઇ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની
સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમીવાદળી

—પૂજાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકા-પ્રવાસ પછી કુલભૂમિમાં પધારતાં પૂ. દીદી તથા પ્રવાસ-મંડળ—હર્ષઘેલી કુલબાળાઓ સાથે (૧૯૫૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સર્વપલ્લી ડૉ. શ્રી. રાધાકૃષ્ણન્ સંસ્થાની મુલાકાતે પધારતાં, આશીર્વાદ આપી, સરસ્વતી–મંદિરમાંથી વિદાય લેતા, આચાર્યાશ્રી. દીદી સાથે (૧૯૬૨)



ગુજરાત–રાજ્યના કેળવણી–પ્રધાન માનનીયા શ્રી. ઈન્દુમતીબેન શેઠ સંસ્થાની મુલાકાતે પધારતાં પૂ. કુલપિતાશ્રી તથા પૂ. દીદી સાથે (૧૯૬૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા–સિંહાવલોકન અધ્યાય-૭

શ્રી વિષ્ણુભાઇ ભટ્ટ
અધ્યાપક : આર્ય કન્યા ગુરૂકુલ

છઠ્ઠા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે જણાવ્યું કે અનેક જન્મોમાં ચિત્તની ખરાબીનું સંશોધન કરી, ઇન્દ્રિયોને વશમાં કરી કલ્યાણ માર્ગ પર સાધનાપૂર્વક ચાલતા માનવીને અન્તમાં સફળતા, સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તપ, જ્ઞાન અને કર્મની તુલનામાં યોગ સર્વોત્તમ છે. માટે જ યોગી બનવું ઉચિત છે. પણ સાથે સાથે ઇશ્વરની શ્રદ્ધા અત્યન્ત જરૂરી છે. શ્રદ્ધા વગર સઘળું નકામું છે. એક શાયરે કહ્યું છે,

> "શ્રદ્ધાઓ નથી હોતી ત્યારે,
> હીરાએ પત્થર લાગે છે;
> શ્રદ્ધાઓ બરાબર બેસે તો
> પત્થરમાં ય ઇશ્વર લાગે છે."

શ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે ડોલી રહેલી જીવન નાવ કયે આરે જઇને ઊભી રહેશે તે કહેવું મુશ્કેલ છે. છતાં પણ જીવનનાવને સાચા આરે, મુક્તિ કે પરમ કૃપાળુ પરમાત્માની ગોદમાં લઈ જવા માટે ઇશ્વરી શ્રદ્ધા જ શ્રેષ્ઠ છે. તેનાથી જ જ્ઞાન અને વિજ્ઞાનને જાણી શકાય છે.

સાતમો અધ્યાય જ્ઞાન–વિજ્ઞાન યોગનો છે. એકથી અનેક ભાવની પ્રાપ્તિ તેનું જ નામ વિજ્ઞાન અને અનેકથી એકની તરફ જવું એજ જ્ઞાન. આને આપણે દૃષ્ટિ કહીએ તો અસ્થાને ન ગણાય. આ બે પ્રકારની દૃષ્ટિઓમાં વિજ્ઞાન દૃષ્ટિ રચનાની પ્રક્રિયા છે તેને સંચાર પણ કહી શકાય. જ્ઞાનદૃષ્ટિ પ્રલય અથવા મૂળ સ્રોતનો ખ્યાલ આવે છે, અને અનેકમાં વ્યાપ્ત એકતાનો અનુભવ કરાવે છે. તેને પ્રતિસંચાર પણ કહી શકાય. વિજ્ઞાનની દૃષ્ટિ અત્યન્ત પ્રાચીન અને વૈદિક દૃષ્ટિ છે. એક મૂળ સ્રોતથી આ વિવિધ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઇ તેની ઊંડી સમજ પ્રાચીન ભારતીય દર્શન અને ધર્મ–ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.

પરા. અપરા પ્રકૃતિનો ભેદ અને સ્વરૂપની ચર્ચા કરતાં ભગવાન શ્રી કૃષ્ણે સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આખા વિશ્વમાં ત્રણ પ્રકારની રચના છે.

(૧) અપરા પ્રકૃતિ
(૨) પરા પ્રકૃતિ
(૩) ઈશ્વર

આ ત્રણમાં અપરા પ્રકૃતિ ભૌતિક તેમજ જડ છે. તેના ઉપર પરા પ્રકૃતિની સંજ્ઞા જીવ છે. જે ચેતન છે, પરંતુ તેને અપરા પ્રકૃતિ રુપ શરીરનો આશ્રય લેવો પડે છે. માટે જીવને શરીરી કહેવામાં આવે છે. આ બન્નેની ઉપર ઇશ્વર તત્વ છે. વસ્તુતઃ ઇશ્વરનો જ અંશ જીવ છે. જે અપરા પ્રકૃતિ યા ભૌતિકતાની નીચે હોય છે. હવે પ્રશ્ન એ થવાનો પરા અને અપરા પ્રકૃતિનું સ્વરૂપ શું છે ? ગીતાના આ બે શ્લોક તેના સ્વરૂપની સ્પષ્ટતા કરે છે.

'भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિષયની ચર્ચા પુરાણોમાં પણ થયેલી છે. આપણે વિશ્વની વિવેચના કરીએ તો સૌથી પહેલાં પંચભૂત જોવા મળે છે. જેને આપણે પંચતત્વ પણ કહીએ છીએ. આ પાંચ તત્વોથી સુક્ષ્મ મન છે. તેનાથી સુક્ષ્મ અહંકાર. કયાંક કયાંક અહંકાર અને મનને એક જ તત્વના બે રૂપ માનવામાં આવે છે. અહંકારથી સુક્ષ્મ બુદ્ધિ છે. બુદ્ધિને મહતત્વ પણ કહે છે એ મહતત્વથી પણ સુક્ષ્મ પ્રકૃતિ છે, જેને અવ્યક્ત કહેવામાં આવે છે. પ્રકૃતિ પોતે જ્યારે અવ્યક્ત અવસ્થામાં રહે છે ત્યારે તેના ત્રણ ગુણ સામ્ય અવસ્થામાં રહે છે.

અહીં પ્રશ્ન થશે કે સામ્ય અવસ્થા એટલે શું ?

જ્યારે સત્વ અને તમ આ બે ગુણોમાં રજોગુણ મગ્ન રહે છે અને પોતાનો વિશેષ પ્રભાવ પ્રકટ નથી કરતો ત્યારે તેને ગુણોની સામ્ય અવસ્થા કહેવામાં આવે છે. ત્યારે પ્રકૃતિ અવ્યકત દશામાં રહે છે. પરંતુ જ્યારે રજોગુણ અથવા ગતિતત્વ પ્રબળ થઇ જાય છે. ત્યારે પ્રકૃતિમાં મહત્તત્વ અહંકાર અને પંચભૂતોનો ક્રમશઃ વિકાસ થઇ જાય છે. પ્રકૃતિની આ વ્યકત દશાને ખ્યાતિ પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં સમસ્ત રચના પ્રકટ ભાવમાં આવી જાય છે.

મહત્તત્વ અને અહંકારનો ભેદ પણ સ્પષ્ટ રીતે સમજી લેવો જોઇએ. તત્વ જ્ઞાનની ભાષામાં સમષ્ટિ એટલે મહત્તત્વ અને વ્યષ્ટિ એટલે અહંકાર અથવા મન. અંગ્રેજીમાં સમષ્ટિનો યુનિવર્સલ અને વ્યષ્ટિને ઇન્ડિવીજુઅલ કહેવામાં આવે છે. સમષ્ટિભાવની જ્યારે શકિત કોઇ બિન્દુ પર અભિવ્યકત થાય છે ત્યારે તેને મન યા અહંકાર કહેવામાં આવે છે. તે જ કેન્દ્રમાં આવેલી ચેતના જીવ કહેવાય છે.

સૃષ્ટિની રચના માટે આ પ્રકૃતિ પહેલાં એક પૂતળું તૈયાર કરે છે. તેમાં પાંચ ભૂત. મન અને અહંકાર તથા બુદ્ધિ એ આઠ તત્વ અલગ અલગ રહે છે. પરંતુ આ પ્રકૃતિ અચેતન અને જડ છે. આ બધાને એક સુત્રમાં બાંધનાર ચેતન તત્વ જીવ છે. એ જડની અપેક્ષાથી ઊંચી સત્તા ધરાવે છે. એટલા માટે તો ફકત જડ પ્રકૃતિને અપરા અને તેના પર પ્રતિષ્ઠિત ચેતનાત્મક જીવને પરા કહેવામાં આવે છે. અપરા અને પરા પ્રકૃતિના બીજા પણ નામ છે જે અપરા, ભૌતિક પ્રકૃતિને ક્ષર અને પરા પ્રકૃતિને અક્ષર કહેવામાં આવે છે. તત્વજ્ઞાનમાં ભૂતોની સંજ્ઞા ક્ષર છે. અને કુટસ્થ જીવનની સંજ્ઞા અક્ષર છે. જે ગીતામાં કહ્યું છે.

" क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते " ૧૫ / ૧૬

આપણે જ્યારે તત્વોનો વિચાર પ્રકૃતિ તરફથી કરીએ છીએ ત્યારે અપરા અને પરા સંજ્ઞાઓનો ઉપયોગ કરીએ છીએ પણ જ્યારે પુરુષ તરફથી તત્વોનો વિચાર કરવામાં આવે છે .ત્યારે પરા પ્રકૃતિને અક્ષર પુરુષ અને અપરા પ્રકૃતિને ક્ષર પુરુષ કહેવામાં આવે છે. આ બંનેની ઉપર અને તેનો નિયામક (સંચાલન કરનાર) અવ્યય પુરુષ છે. ગીતામાં તેને પુરુષોત્તમ કહ્યા છે. તેને અજ કહે છે. જીવની મુશ્કેલી (પ્રશ્ન) એ છે કે તે પ્રકૃતિના પ્રલોભનોથી ઉપર આવી અવ્યય પુરુષ યા પુરુષોત્તમ ઇશ્વરનો અનુભવ કરે. પ્રકૃતિની સંજ્ઞા અને વ્યવસ્થાને જાણવું તેનું નામ વિજ્ઞાન અને પ્રકૃતિથી ઊપર આવી ઇશ્વરનો સાક્ષાત્કાર કરવો (ઓળખવા) તે જ્ઞાનની દ્દષ્ટિ છે. આ અધ્યાયની શરૂઆતમાં ભગવાને અર્જુનને આજ કહ્યું છે કે હું તને વિજ્ઞાન અને જ્ઞાનની બન્ને દ્દષ્ટિ બતાવું છું કારણ કે બન્નેને જાણવાથી મનુષ્યનું જ્ઞાન પરિપૂર્ણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન અને વિજ્ઞાન બન્ને મળી જે નવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેને કૃત્સ્ન જ્ઞાન કહે છે. કોઇ માણસ ફક્ત વિજ્ઞાનમાં રસ ધરાવે છે અને યથાસંભવ સુક્ષ્મ રીતે પ્રકૃતિની રચના પર વિચાર કરે છે. કોઇ એવા પણ હોય છે જે પ્રકૃતિની અવહેલના કરે છે અને ફક્ત ચૈતન્ય તત્વ ઈશ્વરમાં જ રસ ધરાવે છે. આ બન્નેમાંથી પ્રથમ પ્રકારના માણસોને કર્મમાર્ગી અને દ્વિતીય પ્રકારને જ્ઞાનમાર્ગી કહેવામાં આવે છે. આ બન્ને પોતાનામાં અધૂરા છે. તેમને પૂરા થવા માટે બન્ને ગુણોને એક કરવાની જરૂર છે. ગીતાના ઉપદેશનો પણ આજ અર્થ છે.

આપણે જેને અપરા પ્રકૃતિ કહી તે એક પૂતળું છે, જેને આપણે શરીર કહીએ છીએ. આ શરીરમાં જે પાંચ ભૂત છે તે પોતાની શક્તિથી પંચીકરણ પ્રક્રિયા દ્વારા રુપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ આ પાંચ તન્માત્રાઓને અને તેમનો અનુભવ કરવા માટે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનો વિકાસ્ કરી લે છે. આ વીસ તત્ત્વો વગર શરીરનો પૂરો વિકાસ થતો નથી. આ પરથી સમાજમાં જન્મ લેતાં ખોડ ખાંપણવાળા બાળકોમાં ઉપરના વીસમાંથી કોઇ તત્ત્વનો અભાવ હોવો જોઇએ જેથી તેમનામાં કુરુપતા જોવા મળે છે. એમ વિચારીએ તો કદાચ અસ્થાને નહિ ગણાય છતાં પણ આગળ કર્મની જે ચર્ચા ભગવાને કરી છે એટલે એ વિચારને આપણે અહીં જ અટકાવી દઇએ.

દશ ઇન્દ્રિયો પર જે શકિત નિયમિત અનુશાસન કરે છે તે મન છે. તેને ઇન્દ્રિયાનુગામી મન કહેવામાં આવે છે. કોઇપણ ઇન્દ્રિયનો સંબંધ મનથી તૂટી જાય એટલે તે પોતાનું કામ કરતી બંધ થઈ જાય છે. આ જ મનનું ઊંચું સ્વરુપ અહં અથવા વ્યષ્ટિની ચેતના છે. જે એક એક શરીરમાં પ્રકટ થાય છે. જેટલા શરીર છે તેટલા જ અહં છે. પ્રત્યેક અહં જુદા જુદા જીવ અથવા શરીરી છે. તેને જ શરીરની ગતિ અથવા ચૈતન્ય શકિતના રુપમાં આપણે બીજામાં જોઇએ છીએ અને કરીએ છીએ.

હવે આપણે એ પ્રકારની સમિષ્ટિની કલ્પના કરીએ જે આ અલગ અલગ વ્યષ્ટિયો અથવા જીવ રુપ ચૈતન્ય કેન્દ્રોનું સ્રોત છે. તેને મહત્તત્વ કહે છે. આ શબ્દોનો અર્થ જાતે જ પ્રકટ કરે છે જે મહાન છે તે જ સમષ્ટિ છે.

વૈદિક ભાષામાં મહાન અથવા સમષ્ટિને મહિમા. પરમેષ્ઠિયાવિરાજ વગેરે કહેવામાં આવે છે. વિરાજ અથવા મહત્તત્વની અંદર પરમ પુરુષ ઈશ્વરનો સૃષ્ટિ સંકલ્પ પ્રકટ થાય છે તે સંકલ્પને કામ અથવા મન કહેવામાં આવે છે અને તે અનેક વ્યક્તિગત કેન્દ્રોના રુપમાં ઉત્પન્ન (પ્રકટ)થાય છે. એક એક બ્રહ્માન્ડ અથવા જગત તેનું કેન્દ્ર છે. આ રીતે પ્રત્યેક વ્યકિત અથવા પ્રાણી પણ તે જ મહાન તત્ત્વના વ્યષ્ટિ ભાવમાં આવેલું રુપ છે.

ટૂંકમાં અપરા અને પરા પ્રકૃતિનો ઉપદેશ આપીને ભગવાન શ્રી કૃષ્ણ ઇશ્વર તત્વની વ્યાખ્યા કરે છે. ગીતામાં તેમણે ઘણી જગ્યાએ પોતાને તેમજ ઈશ્વરને અજ્ઞેય માન્યા છે અને એટલા માટે તો કહ્યું છે કે હું અનેક રુપોમાં સર્વત્ર વ્યાપ્ત છું અને આ આખું વિશ્વ મારામાં એવું પરોવાયેલું છે જેમ ઘણા મન એક દોરામાં પરોવાયેલા હોય. મારાથી ઊપર કંઇજ નથી. હું જ સંસારની ઉત્પત્તિ અને (પ્રલય) નાશનું સ્થાન છું. પૃથ્વીની ગંધ અને અગ્નિનો પ્રકાશ (તેજ) હું છું. બધાજ ભૂતો અને પ્રાણીઓનું સનાતન બીજ પણ હું જ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન પ્રાણ અથવા જીવરુપી ચેતના પણ હું છું. જડ પ્રકૃતિમાં જે સત્વ, રજ અને તમસ્ નામના ત્રણ ગુણો છે તે બધા મારા કારણે છે. તે મારાથી ઉત્પન્ન થાય છે, હું તેમનાથી નહિ આ ત્રણ ગુણો મળીને બનેલ પ્રકૃતિ મારી દિવ્ય માયા છે. તેમાંથી નીકળવું મુશ્કેલ છે. પણ જો કોઇ તેમાંથી સફળતા પૂર્વક નીકળી જાય છે તે મારી નજીક આવી જાય છે. પ્રકૃતિના ભેદોથી ઊપર આવી તેમાં વ્યાપ્ત ઈશ્વર તત્વને જાણવું એજ જ્ઞાન છે. બહુજ ઇશ્વરનું રુપ છે એવું માનવાવાળા જ્ઞાની મહાત્મા દુર્લભ છે.

લોકો ભેદ દૃષ્ટિને કારણે અનેક દેવોની ઉપાસના કરે છે. [ગી. ૭/૨૦] એ સારૂં છે. હું નથી ઇચ્છતો કે તે પ્રકારના ભેદમયી શ્રદ્ધાને દૂર કરું. પરંતુ તે પૂજા-શ્રદ્ધાનું ફળ મર્યાદિત છે. તે થોડા સમય માટે મનને પ્રભાવિત કરે છે. દેવોને પૂજવા વાળા તે જ દેવોને પ્રાપ્ત કરે છે. પણ જે તેનાથી ઉપર જઈ ઇશ્વરની ઉપાસના કરે છે તે મને પામે છે. અને તેને જ ઇશ્વરનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

હું તો અવ્યય અને અવ્યકત છું મને અલગ અલગ દેવોના રુપમાં પ્રકટ થયેલો માનવું તે ઊંચી સમજ ન કહેવાય ઈશ્વરને જીવોના વર્તમાન, ભૂત અને ભવિષ્ય બધા જ જન્મોનો ખ્યાલ છે, છતાં અનાદિ અનંત ઇશ્વરને કોણ જાણી શકે છે ?

જરા મરણથી છૂટવા માટે ઈશ્વરને જાણવા જ એક માત્ર સાધન છે. આ માટે આ માટે કેટલીય વાતોને સ્પષ્ટ અને જૂદી જૂદી જાણવી જરૂરી છે અને એ વાતો છે. બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ. મનુષ્ય આટલું જાણી લે તો લખચોરાસીના ફેરામાંથી બચી જાય.

❋

વ્યકિત અને સમાજમાં મનુષ્યત્વની શકયતાઓના સમતોલ સર્વાંગીણ વિકાસ દ્વારા જ માનવજાતિનો ઉધ્ધાર થઈ શકશે. યુરોપની સલામતીએ માનવ જીવનના આધ્યાત્મિક લક્ષ્યોને માન્ય કરે એમાં રહેલી છે; અન્યથા એ પોતાના આત્મહીન સંગઠન અને પ્રકાશહીન જ્ઞાનના ભાર નીચે કચડાઇ જશે. આ આધ્યાત્મિક લક્ષ્યોને જે ભૌતિક ચોકઠામાં તથા માનસિક પરિસ્થિતિમાં સિધ્ધ કરવાના છે તેમની પિછાણમાં એશિયાની સલામતી રહેલી છે.

—શ્રી અરવિંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદોમાં બ્રહ્મચારીની આચાર-સંહિતા

શ્રી. શંકરદેવ વિદ્યાલંકાર
પ્રાધ્યાપક, ગુરુકુલ મહિલા કૉલેજ, પોરબંદર.

सह नौ यशः सह नौ ब्रह्मवर्चसम् ॥

प्रभु कृपा थी गुरु अने शिष्य समानरूप थी यशस्वी थाओ।

अने गुरु-शिष्यना ज्ञाननुं तेज साद वृद्धि पामो॥

ઉપનિષદ્ એટલે આર્યજાતિની જ્ઞાન વાટિકાના દિવ્ય પ્રસૂનો, ફળો અને દિવ્ય ઔષધિઓ: ઉપનિષદ્‌માં માનવીના આધ્યાત્મિક અને લૌકિક બન્ને પ્રકારના જીવનનાં પ્રકર્ષ માટે ઉદાત્ત પ્રકારનું જ્ઞાન-ભોજન પીરસવામાં આવ્યું છે: ઈશોપનિષદ્ પોતેજ કહે છે-

विद्यां च अविद्यां च यस्तद् वेद उभयं सह ।
अविद्ययां मृत्युं तीर्त्वा, विद्ययोऽमृतमश्नुते ॥

અર્થાત્— જે માણસ અવિદ્યા એટલે લૌકિક-જ્ઞાન અને વિદ્યા એટલે આત્મિક જ્ઞાન, બન્નેને એકીસાથે પ્રાપ્ત કરે છે, તે લૌકિક-જ્ઞાન વડે મૃત્યુ અર્થાત્ સાંસારિક કષ્ટોને તરીને, અધ્યાત્મ-જ્ઞાનથી અમૃતત્વને, પરમ આનંદને પ્રાપ્ત કરે છે.

ઉપનિષદ્ એટલે જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરૂની પાસે જઈને શ્રદ્ધા પૂર્વક બેસવું. ગુરુગૃહમાં એમના સાન્નિધ્યમાં રહીને બ્રહ્મચર્ય-પૂર્વક જ્ઞાનોપાસના કરવી. ઉપ એટલે સમીપ, અને નિષદ્ એટલે બેસવું. આ આખી પ્રક્રિયામાં ઉપનિષદ્‌કાલીન આર્યોની શિક્ષણપદ્ધતિનું સ્વરૂપ ઉપસી આવે છે.

આવા આશ્રમ અર્થાત્ ગુરુકુલીય તપોવનના શાંત એકાંત વાતાવરણમાંથી અધ્યાત્મ જીવનની પ્રેરણા પ્રબુદ્ધ થાય છે, આધ્યાત્મિક જીવન વિકાસ પામે છે, સમૃદ્ધ બને છે.

આચાર્યપ્રવર સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌જી આપણને બતાવે છે કે ઉપનિષદ્-કાલીન ભારતમાં આવું વાતાવરણ વધુ સુલભ હતું. કારણ કે ગુરુકુલાશ્રમોમાં એક જ સ્થાન પર ઘર, વિદ્યાલય અને મંદિરનું પ્રેમાળ અને પવિત્ર વાતાવરણ સર્જાયેલું હતું. ત્યાંના શિક્ષકો અહર્નિશ આધ્યાત્મિક જાગરણ માટે, ચારિત્રિક પ્રબોધ માટે અને તે પ્રબોધ પ્રમાણે જીવન જીવવા માટે સંકલ્પવાન્ હતા.

આ ગુરુકુલ આશ્રમો તપસ્વી ઋષિ-મુનિયોના નિવાસસ્થાન હતા. તે આશ્રમો અધ્યાત્મજીવન, સદાચાર અને શીલ પ્રાપ્તિના કેન્દ્રસ્થાન હતા. સાથે સાથે આ આશ્રમો નાના વિદ્યાર્થીઓના શિક્ષણકેન્દ્ર પણ હતા. સમાજ અને રાષ્ટ્રના બાલકોને નાની વયમાં આ આશ્રમોમાં મોકલી દેવામાં આવતા. ત્યાં ગુરુજનો તેમને પોતાના નિજના બાલકોની જેમ સ્નેહપૂર્વક [illegible] દરમ્યાન તે બાલકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મચારી કહેવાતા. તેઓ ગુરુની અને ગુરુ-પરિવારની સેવા કરતા, ગુરુ આશ્રમની વાટિકા અને ખેતરોને સાચવતા, આશ્રમની ગાયોનું પાલન કરતા, ગુરુજી માટે વનમાંથી સમિધાઓ અને ફળફળાદિ લઇ આવતા. સમીપની વસ્તીઓમાંથી ભિક્ષા પણ લઇ આવતા.

આ બધા વ્રતી બાલકો ખૂબ જ સાદું સરળ અને તપસ્યાપૂર્ણ જીવન ગાળતા. એ આખી જીવન પ્રક્રિયા માટે વેદમાં અત્યંત અર્થવાહી અને સુંદર શબ્દ યોજવામાં આવ્યો છે-**ब्रह्मचर्य**.

બ્રહ્મચારી એટલે વ્રતી, વર્ણી, જ્ઞાનાર્થી-અન્તેવાસી, બંટુ, શિષ્ય. બ્રહ્મચારી શબ્દની વ્યુત્પત્તિ ઘણી અર્થવાહક અને બોધપ્રદ છે. બ્રહ્મ એટલે ભગવાન અને બ્રહ્મ એટલે જ્ઞાન. **ब्रह्मणि चरति इति ब्रह्मचारी** અર્થાત્ જે બાલક ભગવાન્‌માં વિચરણ કરે, ભાગવત પ્રેમની અનુભૂતિ માટે પુરુષાર્થ કરે, તપસ્યા કરે તે બ્રહ્મચારી.

બીજો અર્થ— બ્રહ્મ એટલે જ્ઞાન, જે બાલક વિવિધ વિદ્યાઓના શિક્ષણ માટે ગુરુકુલાશ્રમમાં રહીને તપસ્યા કરે તે બ્રહ્મચારી.

આ બ્રહ્મચર્ય શબ્દમાં, વિદ્યાર્થી અવસ્થામાં પાળવામાં આવતા બધી ઇન્દ્રિયોના સંયમ, વ્રતો, સદાચારના નિયમો અને કર્તવ્યોનો સમાવેશ થઈ જાય છે. બ્રહ્મચર્ય એટલે તપ અને સંયમપૂર્વક વિદ્યાની ઉપાસનાનું પવિત્ર વ્રત. **ब्रह्मचर्यं परं तपः ।**

છાંદોગ્ય ઉપનિષદ્‌માં ફરીથી બતાવે છે-

ब्रह्मचारी आचार्य कुलवासी, अत्यन्तं आत्मानं आचार्यकुले अवसादयन् ।

અર્થાત્- બ્રહ્મચારી ગુરુકુલમાં રહીને પોતાની જાતને આચાર્ય માટે સર્વભાવે ખપાવી નાંખે છે. આવી તપસ્યા અને જીવન-પ્રક્રિયાથી તે બાલકમાં જ્ઞાનની શક્તિ અને તેજસ્વિતા પ્રકટ થાય છે. અને તે બ્રહ્મજ્ઞાની બને છે.

છાન્દોગ્ય ઉપનિષદ્ ફરીથી બતાવે છે-

यदा वै बली भवति, अथ उत्थाता भवति, उत्तिष्ठन् परिचरिता भवति, परिचरन् उपसत्ता भवति, उपसीदन् द्रष्टा भवति, श्रोता भवति, मन्ता भवति, बोद्धा भवति, कर्त्ता भवति, विज्ञाता भवति ॥

અર્થાત્- બ્રહ્મચર્યના તપથી બાલક બલવાન થઇને ઊઠીને ઊભો થાય છે, પછી તે ગુરુની પરિચર્યા કરે છે. ગુરુ પાસે જઇને બેસે છે. પછી તે ગુરુના જીવનને ધ્યાનપૂર્વક જૂએ છે. તેના ઉપદેશનું સ્મરણ કરે છે. તેનું મનન કરે છે, તેને સમજે છે. તે પ્રમાણે આચરણ કરે છે. આમ કરતાં છેવટમાં તેને વિજ્ઞાન એટલે અપરોક્ષની અનુભૂતિ થાય છે. તે બ્રહ્મવિદ્ બને છે. ઉપનિષદ્‌ની વિચારણા પ્રમાણે બ્રહ્મવિદ્ થવું એ માનવીય જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાય. ઉપનિષદ્ કહે છે- **ब्रह्मविद् ब्रह्म एव भवति.** અર્થાત્ બ્રહ્મવિદ્ પુરુષ બ્રહ્મમાં ભગવાનમાં વિચરણ કરે છે. પરમ આનંદને પામે છે.

અત્રે બ્રહ્મચારીના આચારની એક મહત્વપૂર્ણ વસ્તુ **शुश्रूषा** નો વિશેષ અર્થ જાણી લેવો જોઇએ. લોક પ્રચલિત અર્થગ્રહની દૃષ્ટિએ **शुश्रूषा** નો અર્થ સેવા થાય છે. પરંતુ એનો મૂલ ધાત્વર્થ **श्रोतुं इच्छा शुश्रूषा** અર્થાત્ શ્રવણ કરવાની ઇચ્છા એવો થાય છે. વ્રતી બાલક ગુરુના ઉપદેશ શ્રવણની ઇચ્છાનો અધિકારી ત્યારે જ બની શકે જ્યારે તે અહર્નિશ શ્રદ્ધા પૂર્વક ગુરૂસેવામાં તત્પર રહે. આવું શ્રદ્ધામય અને તપસ્યાપૂર્ણ જીવન ગાળનાર વ્યક્તિના ગૌરવનું સુંદર વર્ણન મુંડક ઉપનિષદ્ આ પ્રમાણે કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तपः श्रद्धे ये हि उपवसन्ति अरण्ये
शांता विद्वान्सो भैक्षचर्यां चरन्तः ।
सूर्य-द्वारेण ते विरजा प्रयान्ति
यत्राऽमृतः पुरुषो हि अव्ययात्मा ॥

અર્થાત્ જે જ્ઞાની લોકો શાંત અને સમાહિત ચિત્ત થઈને તપ અને શ્રદ્ધાપૂર્વક સાદું અને સરળ જીવન અરણ્યમાં ગાળે છે તેઓ રજોગુણ-રહિત થઈને અમૃતત્વને પ્રાપ્ત કરે છે.

આવા તપોનિષ્ઠ અને સંયમી જીવન માટે બ્રહ્મચારીની આચાર-સંહિતા ઘણી મહત્વની છે. બ્રહ્મચર્ય-કાળ એટલે તન અને મનની સમસ્ત શક્તિઓનો સંગ્રહ-કાળ, તેમાં આલસ્ય, શૈથિલ્ય, અનિયમિતપણું, વિલાસ અને આરામને સ્થાન નહિં હોય :-

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન-વેદવ્યાસજી મહાભારતમાં કહે છે-

सुखार्थिनां कुतो विद्या
कुतो विद्यार्थिनां सुखम् ।
सुखार्थी नः त्यजेद् विद्याम्
विद्यार्थी वा त्यजेत् सुखम् ॥

તૈત્તિરીય ઉપનિષદ્ બ્રહ્મચારીના આદર્શને આ પ્રમાણે નિરૂપિત કરે છે-

युवा स्यात् साधु अध्यापकः,
आशिष्ठः द्रढिष्ठः बलिष्ठः,
तस्य एव सर्वा पृथिवी वित्तपूर्णा स्यात् ॥

અર્થાત્- (૧) તરુણ બ્રહ્મચારીએ વિદ્યાભ્યાસમાં ખૂબ ધ્યાન આપવું જોઈએ

(૨) તે અનુશાસન-પ્રિય, શિસ્તબદ્ધ હોવો જોઈએ.

(૩) તે દૃઢ-નિશ્ચયી અર્થાત્ દૃઢ-સંકલ્પ હોવો જોઈએ.

(૪) તે શારીરિક દૃષ્ટિથી દૃઢ, પુષ્ટ, બલિષ્ઠ હોવો જોઈએ.

આવા તપસ્વી બ્રહ્મચારીને પૃથિવીની સમસ્ત સંપદા પ્રાપ્ત થાય છે.

આવો તપોદીપ્ત અને વિદ્યાવાન્ બ્રહ્મચારી પોતાનો ગુરુકુલવાસ સમાપ્ત કરીને, સ્નાતક બનીને જ્યારે દેશમાં પાછો આવે છે ત્યારે દેશના વિદ્વાનો અને માન્ય પુરુષો તેનું અભિનંદન કરે છે. સ્વાગત કરે છે, કે આજે આપણા રાષ્ટ્રનો એક તપઃપૂત બ્રહ્મચારી આપણી વચ્ચે આવી રહ્યો છે. અથર્વવેદ વર્ણન કરે છે.

तं जातं द्रष्टुं अभिसंयन्ति देवाः ।

જ્યારે બાલકનો વેદારંભ સંસ્કાર અર્થાત ગુરુકુલ-પ્રવેશનો વિધિ કરવામાં આવે છે ત્યારે તેના વડીલો તરફથી બ્રહ્મચારીની આચાર સંહિતા તરીકે આ પ્રમાણે ઉપદેશ અને આદેશ આપવામાં આવે છે-

૧ આજથી તું બ્રહ્મચર્ય વ્રતમાં દીક્ષિત થાય છે.

૨ તારે સંધ્યોપાસના અને ભોજન પહેલાં શુદ્ધ જલનું આચમન કરવું જોઈએ.

૩ ખાલી બેસવું નહિ સદા કર્મ-પરાયણ રહેવું.

૪ દિવસે સૂવું નહિં

૫ આચાર્ય પાસે વેદ-વિદ્યા અને બીજી વિદ્યાઓ અને શાસ્ત્રો ભણવા.

૬ બાર વર્ષ સુધી વેદ-શાસ્ત્રની એક એક શાખા માટે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું.

૭ ક્રોધ અને અસત્ય ભાષણ કરવું નહિં.

૮ દુરાચારથી દૂર રહેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ કોમલ પથારી અને પલંગ વગેરે ઉપર સૂવું નહિં. તારે માટે ભૂમિ-શય્યા જ સારી કહેવાય.

૧૦ ગાન-તાન અને મોજ-મજાના જલસા કરવા નહિં.

૧૧ સુગંધ અને અંજન વિગેરેનું સેવન કરવું નહિં.

૧૨ અતિસ્નાન, અતિભોજન, અતિનિદ્રા, અતિજાગરણ, નિંદા, લોભ, મોહ, ભય, શોક, વિગેરે નહિં કરવા.

૧૩ નિત્ય બ્રાહ્મ-મુહૂર્તમાં ઉઠીને શૌચ, દંત-ધાવન, આસન, સ્નાન વિગેરે નિત્યકર્મોમાં પ્રમાદ કરવો નહિં.

૧૪ ક્ષૌરકર્મ કરાવવું નહિં.

૧૫ બૈલગાડી, ઘોડાગાડી, હાથી, ઉંટ વગેરેની સવારી કરવી નહિં.

૧૬ માંસ ભોજન, રૂક્ષ આહાર મદ્ય-સેવન અને વિલાસ-પૂર્ણ ઉજાણી કરવી નહિં.

૧૭ નગર-નિવાસ અને છત્ર-ધારણ નહિં કરવા. પગરખાં નહિં પહેરવાં

૧૮ પોતાના શરીર અને મનને સર્વ રીતે પવિત્ર રાખી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.

૧૯ સદા સંયમપૂર્ણ આહાર-વિહાર કરતાં વિદ્યાની ઉપાસના કરવી.

૨૦ સદ્દવર્તન, અલ્પભાષણ અને સંસ્કારિતા માટે પ્રયત્ન કરવો.

૨૧ માતા, પિતા આચાર્ય અને અતિથિને દેવ-સમાન ગણવાં.

૨૨ મેખલા એટલે કૌપીન ધારણ કરવી.

૨૩ ગુરુજીના હોમ-કર્મ માટે સમિધાઓ લાવવી તથા આચાર્યના બીજા પ્રિયકર્મો કરતા રહેવું.

૨૪ આચાર્યના અધર્માચરણનું અનુકરણ કરવું નહિં.

તૈત્તિરીય ઉપનિષદ્દમાં સ્વાધ્યાય અને પ્રવચન પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. **स्वाध्याय-प्रवचनाभ्यां न प्रमदितव्यम्** । અર્થાત્ પોતે જ્ઞાનવાન્ થઇને લોગોમાં જ્ઞાનના વિસ્તાર અને પ્રચાર માટે પ્રગતિશીલ રહેવું તેની સાથે **ऋत, सत्य, तप, दम, शम, अग्निहोत्र** અને **समाज-सेवा** વિગેરે માટે ખાસ આગ્રહ રાખવામાં આવ્યો છે.

ऋतं च स्वाध्यायं प्रवचने च ।
सत्यं च स्वाध्याय-प्रवचने च ।
तपश्च स्वाध्याय-प्रवचने च ।
दमश्च स्वाध्याय-प्रवचने च ।
शमश्च स्वाध्याय-प्रवचने च ।
अग्निश्च स्वाध्याय-प्रवचने च ।
मानुषं च स्वाध्याय-प्रवचने च ।

दम એટલે બાહ્યઇંદ્રિયોનું દમન. શંકરાચાર્યજી દમની વ્યાખ્યા કરતાં કહે છે.

निग्रहो बाह्य वृत्तीनां-
दम इत्यभिधीयते ।

મહર્ષિ વેદવ્યાસ પણ એમજ બતાવે છે **मनसो दमनं दमः** । **शम** એટલે અન્તઃ કરણની વૃત્તિઓનું શમન **शमः चित्त-प्रशान्तता** ॥

સ્મૃતિકાર મનુ મહારાજ પણ ઉપનિષદ્દની આચાર સંહિતાનું પૂર્ણપણે સમર્થન કરે છે-

वर्जयेन्मधु मांसं च गंधं माल्यं रसांस्त्रियः ।
शुक्तानि यानि सर्वाणि प्राणिनां चैव हिंसनम् ॥
अभ्यंगं अजंनं चाक्ष्णोः उपानच्छत्र धारणम् ।
कामं क्रोधं च मोहं च नर्तनं गीत वादनम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्यूतं च जनवादं च, परिवादं तथाऽनृतम् ।
स्त्रीणां च प्रेक्षणालंभं, उपघातं परस्य च ॥

આવી તપસ્યાઓથી બ્રહ્મચારી જ્ઞાન અને બલના તેજથી દીપી ઊઠે છે. પોતાની પ્રજ્ઞા, શીલ, ચારિત્ર્ય અને તપ વડે તે આખા રાષ્ટ્ર માટે અભિમાનનો વિષય બને છે.

સાંદીપની ગુરુજીના આશ્રમમાં ભણેલા સુદામાજી જ્યારે પોતાના સહપાઠી દ્વારકાધિપતિ શ્રીકૃષ્ણજી પાસે ગયા હતા, ત્યારે શ્રીકૃષ્ણજીએ એમને ખાસ પૂછ્યું હતું–હે મિત્રવર, આપણે સાથે સાથે ગુરુકુલમાં ભણતા, તે ગુરુકુલ–નિવાસના દિવસો તને સાંભરે છે ? તે આશ્રમ, જ્યાં ભણીને દ્વિજ અંધકારને પાર કરે છે.

શ્રીમદ્‌ભાગવતકાર આ પ્રસંગનું મનોરમ વર્ણન કરે છે–

कच्चिद् गुरुकुले वासं
ब्रह्मन् स्मरसि नौ यतः ।
द्विजो विज्ञाय विज्ञेयं
तमसः पार मश्नुते ॥

આમ બધાં જ ઉપનિષદો આચાર્ય અને બ્રહ્મચારીની મધુર સંસ્કૃતિથી મહેંકી રહ્યાં છે.

आयुः तेजो बलं वीर्यम्
प्रज्ञा श्रीश्च महायशः ।
पुण्यं सुप्रीति सत्वं चं
प्राप्यते ब्रह्मचर्यया ॥

વિષયમાત્રનો નિરોધ એ જ બ્રહ્મચર્ય છે. જે બીજી ઇન્દ્રિયોને જ્યાં ત્યાં ભમવા દઇ એક જ ઇન્દ્રિયને રોકવાનો પ્રયત્ન કરે છે, તે નિષ્ફળ પ્રયત્ન કરે છે.....બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની–સત્યની શોધમાં, ચર્યા એટલે કે એને લગતો આચાર.

—ગાંધીજી

શમ (મનની શાંતિ), દમ (ઇન્દ્રિયોનું દમન), તપ, શૌચ (પવિત્રતા), ક્ષાંતિ (ક્ષમા), આર્જવ (વિચાર, વાણી અને વર્તનની એકતા), જ્ઞાન (પરમાત્મા સંબધી જ્ઞાન), વિજ્ઞાન (પરમાત્મા સંબંધી અનુભવ), અને આસ્તિકતા (શ્રદ્ધા) એ સ્વભાવથી જ બ્રાહ્મણના કર્મો છે.

—ગીતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે ચકવા !' —એક રસાસ્વાદ

શ્રીમતી તારાબહેન એચ. દવે B. A.
અધ્યાપિકા, આર્ય કન્યા ગુરુકુલ

હે ચકવા !

હે ચકવા, મત રોય, તું થી હું દુઃખિયો ઘણો,
પણ આંસુ આંખ ન જોય, મર ફાટે આખું હૃદય.

રાત પ્રહરની ચાર. કેવળ આડી તાહરે,
જુગ જુગની લંગાર, હું ને પ્રિય બિચ, બંધવા !

રુવે ન વ્હાણાં વાય, ચકવા, સાદી વાત એ,
સૂર ઊગે નિશ જાય, એ કળ હાથ કશે બને ?

એ કળ આવે હાથ, તે તટ આ તટ જો મટે,
કે જો આવે બાથ સૂરજ, રેણુ નહીં પડે.

સૂરજ સહે ન રેણ, હોય ન તટ આકાશને,
ચકવા, ઉરનાં વ્હેણ મળતાં દધિ, વ્હેવું મટે

વ્હેણુ નહીં, નહીં પૂર, ઓસરવું વધવું નહીં,
જલસાગર ચકચૂર, કેવલ લ્હેર છલી રહી.

—સુન્દરમ્

કવિશ્રી સુન્દરમ્ ગુજરાતી સાહિત્યના એક સમર્થ અને પ્રતિષ્ઠિત કવિ છે. તેમના 'યાત્રા' કાવ્યસંગ્રહમાં આધ્યાત્મિક અનુભૂતિનાં અનેક કાવ્યો જોવા મળે છે; પાર્થિવ પ્રેમને બદલે અપાર્થિવ પ્રેમનાં, પ્રભુમિલનના કે ઝંખનાના ગીતો જોવા મળે છે. પ્રેયને બદલે શ્રેય તત્વની ઝંખના કે ઝાંખી અને તેની અભિવ્યકિત અનેક કાવ્યોમાં ચોટદાર અને હૃદયંગમ વાણીમાં થયેલી છે.

'હે ચકવા !' કાવ્યમાં પણ સાદી-સરળ અને છતાં મધુર પદાવલીમાં કવિએ એક ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિનું લાઘવપૂર્વક નિરૂપણ કર્યું છે.

ચકવાને સંસ્કૃતમાં ચક્રવાક પક્ષી કહે છે. આ પક્ષીના પાત્રનો પ્રતીક તરીકે સુંદર વિનિયોગ કરી કવિએ અહીં ધ્વન્યાત્મક નિરૂપણ કર્યું છે.

કવિસમયના આ પાત્રો-ચક્રવાક અને ચક્રવાકીને ગાઢ પ્રેમ છે. પરંતુ, તેમને દૈવનો શાપ છે કે દિવસે તેઓ ભેગાં રહી ક્રીડા કરી શકે, પણ રાત્રે તેમને અનિવાર્યપણે છૂટાં પડવું પડે. ચંદ્રનો શીતળ પ્રકાશ તેમને દઝાડે બાળે. તેથી બન્ને પંખી નદીના સામસામે કાંઠે બેસી રુદનની આર્ત્ત ચીસો પાડયા જ કરે છે.

મિલન શકય નથી, અને વિરહયાતના સહી જતી નથી.

કવિશ્રી કાન્તે આ માન્યતાને અનુલક્ષીને 'ચક્રવાકમિથુન' નામે એક ઉત્તમ ખંડકાવ્યની રચના કરી છે. ચક્રવાકયુગલના પાત્રપ્રતીક દ્વારા જીવનમાં પ્રણયની તૃષા, ઝંખના, અતૃપ્તિ અને કરુણતાનું દર્શન કરાવ્યું છે; દૈવની ગહનલીલા કે વિધિવક્રતાનું વેધક નિરૂપણ કર્યું છે.

કાવ્યના આરંભમાં નદીતટ અને પર્વતરાજિનું સુંદર વર્ણન કર્યું છે.

પ્રસરી રહી ચોપાસ,
શાખાઓ શૈલ રાજની.
ન જણાય જશે કેવી,
સંધ્યા એ મધ્ય આજની !

ભાવિ આગાહીનું પણ અત્રે ગમગીન સૂચન થયેલું છે. ચક્રવાકયુગલની અનેક પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતના વડાપ્રધાન શ્રીમતી ઈંદીરા ગાંધી તથા ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેશાઈને ભારતમંદિરનું દર્શન કરાવતાં સંસ્થાના આચાર્યા શ્રી સવિતાબહેન મહેતા (૧૯૬૭)



તારા–મંદિરની મુલાકાત લઈને ભારત–મંદિરને દર્શને જતાં મા. શ્રી ઈંદિરા ગાંધી પૂજ્ય દીદી સાથે.

वडाप्रधान श्रीमती ईन्दिरा गांधी के आशीर्वचन

गांधीजी और नहेरुजी दोनों ही लड़कियों की शिक्षा को महत्व देते थे । उन्होंने भारतीय महिला के लिये बहुत से द्वार खोले । आगे बढ़ना और देश को बढ़ाना, यह देश की महिलाओं का कर्तव्य है । इसके लिए शिक्षा, स्वास्थ्य, अनुशासन और कला सब ही की आवश्यकता है । साथ ही साथ देश–सेवा की भावना और अपने देश की सभ्यता की पहचान भी चाहिये ।

यह संस्था देखकर खुशी हुई । सवितावहन को इस सुन्दर कार्य के लिए बधाई देती हूँ ।

ता. २९–९–१९६७

इन्दिरा गांधी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભારતના વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધી સંસ્થાની મુલાકાતે પધારતાં
સંસ્થાનું દર્શન કરાવતાં પ. દીદી (૧૯૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રીડા કવિ આલેખે છે. બીજી તરફ દિવસને અંતે સંધ્યાના ઓળા ઊતરી રહ્યા છે. આનંદ ઉલ્લાસમાં મગ્ન આ નિષ્પાપ યુગલ વિરહસંભવને જાણે ભૂલી ગયું હતું. સંધ્યા થતાં જ તેનું સ્મરણ દિલમાં મુંઝવણ પેદા કરે છે. આ વિરહનો કદી અંત જ નહીં ? ભોળી ચક્રવાકી પોતાના દયિત ચક્રવાક કને ફરિયાદ કરે છે, અને આર્જવપૂર્વક વિનવે છે.

પાષાણોમાં નહીં નહીં હવે
આપણે નાથ રહેવું !
ચાલો એવા સ્થલમહીં,
વસે સૂર્ય જેમાં સદૈવ !

ધીર ચક્રવાક ઉત્તર આપે છે :–

લાંબા છે જ્યાં દિન પ્રિય સખિ !
રાત્રિએ દીર્ઘ તેવી !
આ ઐશ્વર્યે પ્રણયસુખની
હાય ! આશા જ કેવી !

અંતમાં, વિરહથી વાજ આવી ગયેલું આ વ્યથિત યુગલ સૂર્યના પ્રકાશને જોવા માટે ઊંચે ને ઊંચે આકાશમાં ચઢે છે. અને સૂર્ય અસ્ત થતાં નીચે પડતું મૂકે છે

અમિત એ અવકાશ તણી મહીં
કયહીં અચેતન એક દિસે નહીં !

કાવ્યનો અહીં કરુણ અંત આવે છે. આ રીતે કવિનું વિશિષ્ટ પ્રણયદર્શન આ કાવ્યમાં વ્યકત થયું છે.

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી.
પ્રણયની અભિલાષ જતી નથી.

કાવ્યનો સૂર નિરાશા અને દર્દનો છે, અતૃપ્તિનો છે. જ્યારે સુન્દરમ્‌ના કાવ્યનો સૂર સમાધાનનો છે. દૈવના શાપ કે કરુણતા વિશે કશી ફરિયાદ નથી. કાન્તનું કાવ્ય વૃત્તવૈવિધ્ય-યુકત સુદીર્ઘ ખંડકાવ્ય છે, જ્યારે સુન્દરમ્ કૃત આ કાવ્ય માત્ર એક જ છંદમાં વહેતું, સરળ બાનીયુકત ચિંતનાત્મક ઊર્મિકાવ્ય છે. બંને કાવ્ય વચ્ચે આકૃતિ અને દર્શનની બાબતમાં ઘણો તફાવત છે. એક જ પાત્રપ્રતીકને અનુલક્ષીને જુદા જુદા કવિઓ કેવી પોતાની વિશિષ્ટ અનુભૂતિને અભિવ્યકત કરે છે, તે બંને કાવ્ય સાથે વાંચતા પ્રતીત થાય છે.

પ્રથમ દૃષ્ટિએ આ કાવ્યપણ વિરહવેદનાને વાચા આપતું જણાય.

હે ચકવા ! તું થી હું દુઃખિયો ઘણો.
તથા
જુગજુગની લંગાર, હું ને પ્રિય બિચ બંધવા !

એ પંકિતઓમાં જાણે પત્નીવિયોગે ઝૂરતા કવિહૃદયની અંતર્ગૂઢઘનવ્યથા છલકાય છે. પ્રેમીજનને પોતાના પ્રિયપાત્રના વિરહની ક્ષણેક્ષણ યુગ યુગ જેવડી દીર્ઘને દુઃખપૂર્ણ લાગે છે.

પંતુ કાવ્યમાં માત્ર પ્રણયદર્દનું જ નિરુપણ નથી. કાવ્યમાંથી આધ્યાત્મિક અર્થ પણ નિષ્પન્ન થાય છે. કવિ અને ચક્રવાક બંને અહીં જીવાત્માના પ્રતીકો બનીને આવે છે, એમ ઘટાવી શકાય. ચક્રવાક અબૂધ–અજ્ઞાન જીવ છે. કવિ જ્ઞાનદૃષ્ટિએ સમધાન મેળવી, આનંદના બૃહત્‌સાગરમાં, પ્રેમના મહોદધિમાં ડૂબી જાય છે, લીન બની જાય છે.

જીવાત્મા શિવતત્વથી–બ્રહ્મતત્વથી વિખૂટો પડી ગયો છે. ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મસિંધુમાં ભળી જવાની તેને તીવ્ર લગની લાગી છે. જળવિણ જેમ મત્સ્ય તરફડે તેમ તે તરફડે છે.

દુન્યવી પ્રણયઅર્થે તરફડતા ચક્રવાકના તરફડાટ કરતાં આ વધુ ઘેરો અને તીવ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફડાટ છે. એટલે કવિ ધૈર્ય અને સંયમપૂર્વક અબૂધ ચક્રવાકને સમાશ્વાસન આપે છે. "તારે તો માત્ર ચાર પ્રહરનો વિયોગ છે. મારે તો યુગોનું છેટું પડી ગયું છે. અશ્રુ સાર્યે શું વળે? રુદનથી કંઇ સવાર પડી જવાનું નથી. 'સૂર ઊગે નિશ જાય.' સૂર્ય ઊગશે ત્યારે નિશા–રાત્રિ આપોઆપ ચાલી જવાની છે."

અહીં રાત્રિ કે અંધકાર એ અજ્ઞાનતાનું સૂચન કરે છે. જ્ઞાનપ્રકાશ થતાં જ આપોઆપ શિવનું–બ્રહ્મતત્વનું દર્શન થશે.

માયામાં લિપ્ત અજ્ઞાનજીવના પ્રતીકરૂપ ચક્રવાકને કવિ જ્ઞાનદૃષ્ટિથી જોવા આ રીતે પ્રેરે છે. વાસના અને વેદના ખંખેરી નાંખી બ્રહ્મરૂપી પ્રેમપારાવાર સચ્ચિદાનંદના મહોદધિમાં નિત્ય કલ્લોલ કરવાનું સૂચવે છે. જીવનરૂપી નદી બે કિનારા વચ્ચે વહે છે. બે જુદા તટ જ ન હોવા જોઇએ. એમ કયાં બને? આકાશને તટ નથી. અથવા નદી સમુદ્રમાં ભળી જાય છે પછી ત્યાં જુદાપણું રહેતું નથી.

ચકવા, ઉરનાં વ્હેણ મળતાં દધિ, વ્હેવું મટે.

સમુદ્ર એટલે બ્રહ્મસિંધુ. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે કોઇ પટંતર રહેલું છે. એને તત્વજ્ઞાનીઓ માયાનું આવરણ કહે છે. જ્ઞાનનો પ્રકાશ થતાં જીવાત્મા પરમતત્ત્વમાં વિલીન થઇ જાય છે, અખંડ અને નિર્વિકાર બ્રહ્મરૂપી ચૈતન્યસિંધુમાં સચ્ચિદાનંદનો અનુભવ કરી રહે છે. આ ચૈતન્યસિંધુ અંગે અખાની કેટલીક પંક્તિઓનું સ્મરણ થાય છે.

૧ ચિદ્અર્ણવ સદા ભરપૂર, અખા
ઉત્પત્ય, સ્થિતિ, લય, લહેરીપૂર

*

૨ ચૈતન્ય બ્રહ્મ સદોદિત સદા
સહજ કલ્લોલ કરે છે ચિદા!

*

૩ અખા, શમી રહે તું તુજ માંય!

*

૪ ચૈતન્ય સિંધુમાં ઓ રે અખા,
કરો બ્રહ્મકલ્લોક!

આવું ગહન–ગંભીર તત્વજ્ઞાન કવિએ કેવી લલિત–મધુર પદાવલીમાં નિર્દેશ્યું છે!

વ્હેણ નહીં, નહીં પૂર,
ઓસરવું વધવું નહીં
જલસાગર ચકચૂર
કેવળ લ્હેર છલી રહી.

*

અહો મહાકાળની વાસુકીફણા
હા! સર્વભક્ષી યમ કેરી યંત્રણા
તથાપિ મૃત્યુ રસનાં નથી–નથી,
સૌંદર્ય ને સ્નેહ અજિત મૃત્યુથી.

—ન્હાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ મી ઓગસ્ટ (સ્વાતંત્ર્ય દિન)

કુ. શાંતા રાઠોડ, શ્રેણી નવમી

પંદરમી ઓગષ્ટ એ ભારતનો સ્વાતંત્ર્ય દિવસ છે. ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે ભારતે આઝાદી મેળવી, તેનો ઉત્સવ આજ ૨૫ વર્ષથી ઉત્સાહપૂર્વક ઉજવાય છે. ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયું. આ આઝાદી પ્રાપ્ત કરવા માટે વર્ષો સુધી અનેક દેશસેવકોએ તપશ્ચર્યા, ભોગ અને બલિદાન આપ્યાં. મહાત્મા ગાંધીજી આ સર્વ દેશભક્તોમાં મોખરે હતા. તદુપરાંત લોકમાન્ય તિલક, ગોખલેજી, લાલા લજપતરાય, બિપિનચંદ્રપાલ, મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરૂ, વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, રાજેન્દ્રપ્રસાદ, ચક્રવર્તી રાજગોપાલાચારી વગેરે અનેક દેશભકતોનો ઈતિહાસ અનોખો છે.

આપણે જે આઝાદી મેળવી તે જગતમાં ખૂબજ વિશિષ્ટ પ્રકારની છે. એ આઝાદીની લડત ગાંધીજીએ સત્યને અહિંસાના શસ્ત્રોથી લડી. લોહીનું ટીપું પાડ્યા વિના આવડા મોટા દેશને પરદેશી સત્તાની ચુંગાલમાંથી મુકત કરવો એ આશ્ચર્યકારક બીના કહેવાય. શ્રી મેઘાણી કૃત એક કાવ્યની નીચેની પંકિતઓમાં એ પરમ તપસ્વી મહાત્મા ગાંધીજીને અને તેમની સાધનાને–પ્રેરણાને કેવી ઉમદા અંજલી અર્પી છે !

શા રીતે જાગિયો આ
    અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ ?
કોની ફૂંકે રૂઝાયા
    દિલદિલ ભરિયા કલેશ–ધિક્કાર–દ્વેષ ?
કોણે આ ભસ્મપુંજે
    નવીન જીવનની ચેતના–છાંટ છાંટી ?
મુર્દામાં પ્રાણ ફૂંક્યા
    મુલક મુલકની વિસ્મયે આંખ ફાટી ?

('યુગવંદના')

ગાંધીજીએ મારવાને બદલે મરવાનો, ભોગ આપવાનો, બલિદાન આપવાનો, મંત્ર સૌને શીખવ્યો આ વિશિષ્ટ ક્રાંતિકારક યુદ્ધનો ઇતિહાસ ખૂબજ ભવ્ય, જવલંત અને તેજસ્વી છે. સત્યાગ્રહના આન્દોલનો, મહાપુરુષોના જેલગમન–ગાંધીજીના ઉપવાસ વગેરેથી રોમાંચક અને ભરચક છે. આ યુદ્ધથી હિંસા ઉપર અહિંસાએ વિજય મેળવ્યો. માતા વસુંધરા કૃતાર્થ થઈ.

મળ્યું તું જગત આપને કેવું, બાપુ ?
પરાધીન, નિષ્પ્રાણ, દૈન્યે ડુબેલું !
અને કેવું અમને જગત આપ્યું આપે ?
નવા પ્રાણથી મુક્તિના થગગતે જે ?
તમે જે રીતે જે કરી આ શકયાં તે
કરી કોણ કયારે કદીયે શકયું છે ?

(મનસુખલાલ ઝવેરી)

આ રીતે આપણો સ્વાતંત્ર્ય દિન ખૂબ જ ઉજ્જવળ અને ગૌરવાન્વિત છે. કેદખાનામાં સુવર્ણની થાળીમાં મિષ્ટાન્ન મળે તો પણ શા કામનું ? ભલે માટીના વાસણમાં સાદુ ભોજન મળે પણ સ્વતંત્રતા તે સ્વતંત્રતા. એની મીઠાશ કોઇ ઓર છે. કવિ મેઘાણીની પંકિતઓમાં :–

તારા નામમાં, ઓ સ્વતંત્રતા,
મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદાં મસાણેથી જાગતાં
એવી શબ્દમાં શી સુધા ભરી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા દેશના સહુ શોષિતો
દુનિયાના પીડિતો–તાપિતો
ખુણે ખુણે ગાય તારાં ગીતો
એનાં ભૂખ્યાં પેટ છતાં એને
કેવી મોંઘી તું કેવડી માવડી !

('યુગવંદના')

ભારતની રાજધાની દિલ્હીમાં આ દિવસે મોટી પેરેડ યોજાય છે. લાલકિલ્લા ઉપર જાહેર ધ્વજવંદન થાય છે લાખોની મેદની ઉત્સાહ-પૂર્વક આ શુભ દિવસે ધ્વજવંદન કરે છે. આપણા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આરંભના પંદરેક વર્ષ દેશનું સુકાન સંભાળ્યું દરવર્ષે ૧૫મી ઓગસ્ટે તેઓ ધ્વજારોહણ કરતા. ને ઉમદા ભાષણ આપતા. એ ભાષણો ખૂબ પ્રેરક અને જોશીલા છે. દેશાભિમાન યુકત છે. ત્યારપછી વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીએ બે વર્ષ ૧૫મી ઓગસ્ટે ધ્વજા-રોહણ કરી ખૂબ ગૌરવશાળી ભાષણો આપ્યાં છે. છેલ્લાં છ–સાત વર્ષથી ભારતના સર્વોચ્ચ સ્થાને બિરાજતાં પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી લાલકિલ્લા ઉપર ધ્વજ ફરકાવે છે અને દેશને એકતા, સંપ, સહકાર, અને પ્રગતિનો સંદેશો આપે છે. આકાશમાંથી હેલીકોપ્ટરો અને વિમાન મારફત પુષ્પવર્ષા થાય છે. નીચે ભૂમિ ઉપર તોપના અવાજોની સલામી, વિવિધ વાદ્યોના ઉત્તેજક સૂરો, સઘળું વાતાવરણ જીવંત, ઉત્સાહી, પ્રેરક અને હર્ષોન્માદી હોય છે.

ભારતના શહેરે શહેરમાં, નગરે નગરમાં નાના ગામડે ગામડે ધ્વજારોહક્રિયા થાય છે. આનંદોત્સવ યોજાય છે. પ્રવચનો થાય છે. મનોરંજન કાર્યક્રમો ગોઠવાય છે. રાત્રે રોશની હરીફાઇઓ યોજાય છે. નગરનાં મકાનો, જાહેર સંસ્થાઓ સુશોભિત બને છે. આકાશવાણી પરથી ભારતની આઝાદીના બુલંદ ગીતોના સૂર વહેતા મૂકાય છે.

અપૂર્વ અને અનોખું જુસ્સાદાર વાતાવરણ સર્જાય છે. 'જનગણ મન અધિનાયક જય હે !'ના બુલંદ સ્વરોથી આકાશ અને ધરતી ગાજી અને ગૂંજી ઊઠે છે. શાળા-મહાશાળાઓમાં—

'ભારત માતા કી જય'
'મહાત્મા ગાંધીજી કી જય'
'જવાહરલાલ કી જય'
'આરામ હરામ હૈ !'
'લાલબહાદુર શાસ્ત્રી કી જય'
'જય જવાન ! જય કિસાન !'
'ઇન્દિરા ગાંધી કી જય,'
'વીર શહીદો અમર રહો !'
'વંદે માતરમ્....વંદે માતરમ્'

વગેરે નારા અને નાદથી વાતાવરણ ઘોષિત બને છે.

ભારતના દરેક નાગરિકની ફરજ છે કે તેણે યોગ્ય સમયે ઝંડાવંદન કરવું, દેશભકિત દર્શાવવી રાષ્ટ્રની શાન જાળવવી, અને ગૌરવને અક્ષત રાખવું. કેમકે આ વિજયનો, માંગલ્યનો, ધન્યતાનો દિવસ છે. આપણા ત્રિરંગી ઝંડાની શાન હમેંશા બઢતી રહો, આકાશમાં તે ઊંચેને ઊંચે ફરકયા કરો, ભારતના ગૌરવ અને પ્રતાપને, પ્રભાવ અને પ્રગતિને દીપાવ્યા કરો એજ પ્રાર્થના.

વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા
ઝંડા ઊંચા રહે હમારા.

*

સપ્નસિંધુની અંજલિ વહેતો
ભારતદેશ તુજને ભેટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડખંડની આશિષ છોળો
ઉદધિ તરંગો છાંટે.
ઝંડા ! થાકેલા જગનો
દીસે છે તું આશા દીવડો !

✻

નીલગગનથી હાથ ઝુલાવી
વિશ્વ નિમંત્રણ દેતો.
પીડિત જનની બાંધવતાના
શુભ સંદેશા કહેતો
ઝંડા ! કરજે જગતેડાં
પ્રજા સઘળીના અહીં મેળા

✻

કુમળા બાળ, કિશોર, બુઝર્ગો
સહુ તુજ કાજે ધાયાં
નર નારી નિર્ધન–ધનવંતો
એ સબ ભેદ ભુલાયાં
ઝંડા સાહિદ રહેજે, હો !
રૂધિરનાં બિન્દુ બિન્દુ તણો

✻

તું સાચું અમ કલ્પતરુવર
મુક્તિફળ તુજ ડાળે,
તારી શીત સુગંધી નથી કો
માનસ–સરની–પાળે
ઝંડા ! જુગ જુગ પાંગરજે,
સુગંધી ભૂતલ પર ભરજે !

✻

આઠે પહોર હુંકારા કરતો
જાગ્રત રહે ઉમંગી !
સાવધ રહેજે ! પહેરો દેજે,
અમે ન રહીએ ઊંઘી
ઝંડા ! સ્વરાજ્યના સંત્રી
રહો તુજ ઝાલર રણઝણતી !

✻

(કવિ મેઘાણી : 'યુગવંદના')

✻

ચિંતનકણિકાઓ.

ભોજન કેવળ શરીર યાત્રાને અર્થે હોય, ભોગને અર્થે કદી નહિ. તેથા તે ઓસડ સમજીને સંયમ પૂર્વક લેવાની જરૂર છે.

✻

આપણે બાહ્ય ભયથી મુક્તિ મેળવવી છે. પણ અંતરમાં જે શત્રુ રહ્યાં છે, તેનાથી તો ડરીને જ ચાલવાનું છે.....એને જીતી લઇએ તો બાહ્ય ભયોનો ઉપદ્રવ એની મેળે મટે.

✻

ધર્મનું મૂળ એક છે, જેમ વૃક્ષનું. પણ તેને પાંદડા અસંખ્ય છે.

✻

દેહ આપણો નથી, એ આપણને મળેલું સંપેતરું છે. જેમ રૂપિયો તેમ દેહ, સારા કામમાં ખરચવો ઘટે. ––ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચિત્રાંગદા'નું પ્રણયદર્શન

પ્રા. એચ. એચ. દવે. M. A.
પ્રાધ્યાપક, ગુરુકુલ મહિલા કૉલેજ, પોરબંદર.

બહુરત્ના વસુન્ધરા ભારતમાતાએ ઉત્પન્ન કરેલ અનેક નવરત્નોમાંના એક મહર્ષિ રવીન્દ્રનાથ ટાગોર હતા. ભારતીય કળા, સાહિત્ય અને સંસ્કૃતિમાં તેમનું પ્રદાન અસાધારણ છે. તેમની સર્જકપ્રતિભાના પરિપાકરૂપ તેમની ઉત્તમ સાહિત્ય કૃતિઓએ વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમના સાહિત્ય સર્જનમાં ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ સનાતન મૂલ્યોનો આવિષ્કાર થયેલો જોવા મળે છે. તેમની પ્રતિભા સર્વતોમુખી હતી. તેઓ કવિ અને કલાકાર હતા, સ્રષ્ટા સાથે જ એક મહાન દ્રષ્ટા પણ હતા. સંસ્કૃતમાં કવિને **ऋषि** કહેવામાં આવ્યો છે. **कविर्मनीषि परिभूः स्वयंभूः** કવિવર ટાગોર એક એવા મનીષિ હતા, માનવજીવનના ઊંડા અભ્યાસી અને સમર્થ ચિંતક હતા. માનવજીવનનું માંગલ્ય શામાં રહેલું છે. તે તેમની તેજસ્વી પ્રભાવશાળી પ્રજ્ઞા જોઇ શકતી. એવી પ્રજ્ઞાને જ સંસ્કૃત વિદ્વાનોએ પ્રતિભા કહી છે. **प्रज्ञा नवनवोन्मेष शालिनी प्रतिभा मता ।**

આવા પ્રજ્ઞાવંત કવિની એક કૃતિ 'ચિત્રાંગદા' માં માનવજીવનના એક સર્વવ્યાપક તત્ત્વ-પ્રેમનું આદર્શ દર્શન આપણને જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો 'ચિત્રાંગદા' એ પ્રણયના અમર ઉદ્‌ગાતાનું સર્જન છે. તે કવિવર ટાગોર 'ચિત્રાંગદા'ના સાત દૃશ્યોમાં સાધે છે. બંને નાટકો કાવ્યનો રસાનુભવ કરાવે છે.

આમ તો, સ્નેહનું કે પ્રણયનું નિરૂપણ લગભગ ઘણા કવિઓના ટૂંકા ઊર્મિકાવ્ય, ખંડકાવ્યથી માંડીને મહાકાવ્ય સુધી તથા ટૂંકીવાર્તા, નાટકથી માંડી બૃહદ્‌કાય નવલકથા સુધી થયેલું આપણને જોવા મળે છે. પરંતુ મહાકવિઓની કૃતિઓમાં પ્રેમનું નિરૂપણ કે દર્શન કંઇક વિશેષ ધરાવતું હોય છે. તેઓ માત્ર અમુક ભાવપરિસ્થિતિનું નિરૂપણ કે વાસ્તવિક નિરૂપણ કે સ્રીપુરૂષના હૃદયમાં ચાલતા સંચલનો, ઊર્મિઓ, સંઘર્ષણો, આવેગો, મંથનો વગેરે આપીને જ અટકી જતા નથી. મૂળથી માંડીને અંતિમ ફલાગમ પર્યંત–આદર્શ પરિસ્થિતિ સુધીનું દર્શન કરાવતા હોય છે. અને તેથી જ એ દર્શનમાં સંપૂર્ણ તાત્ત્વિક મીમાંસા આપણે મેળવીએ છીએ. વિશ્વના કવિઓ–કાલિદાસ, ભવભૂતિ, ટાગોર, શેક્સપિયર આદિની કૃતિઓમાં એ અનુભવાશે. શેકસપિયરની નાટ્યકૃતિઓમાં કામનું અપ્રતિહતબળ, સ્નેહની અભિલાષા–આકાંક્ષા, પ્રણયની અતૃપ્તિ, મંથનો, ભાવાવેગો, વિધિની વક્રતા તથા માનવીની નિર્બળતા કે ભૂલના પરિણામરૂપે સર્જાતી મહાભયંકર કરુણતા–વગેરેનું દર્શન થાય છે. ગુજરાતી કવિઓ કાંત-કલાપી આદિના કાવ્યોમાં પણ શેક-સપિયર-શેલી–કીટસ આદિના કાવ્યોમાં દેખાતો કેપ્રણયની અતૃપ્તિ, નૈરાશ્ય અને વિધિની વક્રતા કે પ્રકોપનો જ સૂર સંભળાય છે.

પરંતુ, ભારતીય સંસ્કૃતિના શાશ્વત મુલ્યોને પિછાણનાર કવિકુલગુરુ કાલિદાસ, ભવભૂતિ, રવીન્દ્રનાથ ટાગોર, ગોવર્ધનરામ, નાનાલાલ વગેરેની સર્જનકૃતિઓમાં પ્રેમનું મૂર્ત તેમજ અમૂર્ત, ભાવનાશાળી અને આદર્શ નિરૂપણ અને દર્શન આલેખાયેલું પ્રતીત થશે. [illegible] તથા અન્ય ગુણોમાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળા કવિઓની કૃતિઓમાં ઉચ્ચાવચતા હોઈ શકે છે, પણ ભારતીય સંસ્કૃતિના ઉમદા તત્ત્વોના ભાવનામય ઉદ્ઘોષ કે સૂરની બાબતમાં સઘળે એકતાના દર્શન થશે. ભવભૂતિનો પ્રેમનો આદર્શ 'ઉત્તરરામચરિત' નાટકના નીચેના શ્લોકમાં વ્યકત થયો છે.

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु य-
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेनावरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं
भद्रं प्रेम सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते ॥

કાલિદાસે 'શાકુન્તલ'માં કામનું બળ, વિધિનો પ્રકોપ, વિપ્રલંભની વેદના, માનવીની નબળાઈ, પ્રારબ્ધ વગેરે શેકસપિયરની જેમ બતાવેલ જ છે. પરંતુ, શેકસપિયરનું દર્શન એટલેથી અટકી જાય છે, સમાપ્તિ પામે છે. દંપતીનું પુનર્મિલન કે અચલપ્રતિષ્ઠિત તપઃપૂત સ્નેહનું દર્શન તેમના નાટકોમાં થતું નથી. પ્રો. સી. એન. પટેલના શબ્દોમાં, 'સ્ત્રી-પુરૂષના પ્રેમ સંબંધમાં રહેલા કામના અંશને વૃક્ષના મૂળ ધારણ કરતી જમીન સાથે સરખાવી શકાય; અને એ પ્રેમવૃક્ષ ઉપર ખીલેલાં પુષ્પો તે સ્ત્રી-પુરુષના હૃદયમાં પરસ્પર ઉત્પન્ન થતી કોમળતાની, આદરની, ભકિતની ઊર્મિઓ. શેકસપિયર સામાન્ય રીતે પ્રેમવૃક્ષ પર ખીલેલાં પુષ્પો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કાલિદાસની કવિતામાં મૂળ અને પુષ્પો બંને નિરૂપાયાં છે.' એટલે ભારતીય તત્વજ્ઞ કવિઓ-કાલિદાસ, ભવભૂતિ, રવીન્દ્રનાથ ટાગોર માત્ર વિધિની વક્રતા, પ્રકોપ કે શાપ દર્શાવી અટકી જતા નથી. પરંતુ, પ્રેમીયુગલને અગ્નિકસોટીમાંથી પસાર થઈને, વિશુદ્ધ કુંદનસમ બનીને અન્તિમ માંગલ્યની સ્થિતિ પર્યંત પહોંચતા બતાવે છે. વિધિના પ્રકોપ અને શાપની સાથે વિધિની સાહાય્ય, શાપમોચન અને વરદાનનું પણ નિરૂપણ કરે છે. શ્રી ટાગોરના જ શબ્દોમાં, 'મોહમય હોઈ જે અકૃતાર્થ બને છે. તે જ પ્રેમ મંગલમય થઈ કૃતાર્થ બને છે. સૌંદર્યને સંયત રાખનાર ધર્મભાવના જ અચળ છે, અને પ્રેમનું શાંત સંયત કલ્યાણરૂપ જ શ્રેષ્ઠ રૂપ છે. સંયમમાં સૌંદર્યની યથાર્થ શ્રી છે, અને ઉચ્છુંખલતામાં તેની વિકૃતિ થાય છે. પ્રેમ એ જ પ્રેમનું અંતિમ સાર્થકય નથી. મંગલ જ પ્રેમનું પરમલક્ષ્ય છે.' ટૂંકમાં, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિની વિચારધારા અનુસાર બે પ્રકારનું પ્રેમદર્શન જોઈ શકાય છે. એક શેકસપિયર આદિનું કરુણાસભર દર્શન અને બીજું કાલિદાસ-ટાગોર આદિનું માંગલ્યસભર દર્શન-કવિવર ટાગોરે 'પ્રાચીન-સાહિત્ય'માં 'શાકુન્તલ' અને 'કુમાર સંભવ' વિશે મૌલિક વિવેચના આપી છે. પોતાને માન્ય આ દર્શન અનુસાર 'ચિત્રાંગદા'માં પણ કામ અને પ્રેમ વચ્ચેનો ભેદ, અવસ્થા, વિકાસ અને પરિણામનું નિરૂપણ તેઓ કરે છે. અર્જુન-ચિત્રાંગદાના સ્થૂલ શારીરિક પ્રણયમાંથી-વ્યકિતનિષ્ઠ પ્રેમમાંથી આત્માના અદ્વૈત સુધીનો વિકાસ બતાવી સમષ્ટિ પર પ્રતિષ્ઠિત આદર્શ માંગલ્યમય સ્થિતિનું દર્શન તેઓ કરાવે છે.

કાલિદાસની જેમ પોતાના કાવ્ય-નાટકનું વસ્તુબીજ તેમણે મહાભારતમાંથી લીધું છે, અને તેમાં અનુકૂળ ફેરફારો કરી અભિનવ રજૂઆત કરી છે. એકવાર શાંતિનિકેતનથી કલકત્તા જતાં મુસાફરી દરમ્યાન ચૈત્રપ્રકૃતિની વાસંતી પુષ્પશોભા જોતાં તેમના ચિત્તમાં પ્રેમ અને સૌંદર્યની ક્ષણિકતા અને શાશ્વતતા અંગે વિચારો ઉદ્ભવ્યા. અને તેમાંથી આ કૃતિનો જન્મ થયો. પ્રકૃતિના વાસંતી સૌંદર્ય-પરથી નારીના યૌવન, સૌંદર્ય અને પ્રેમ અંગે કંઈક ઝાંખી, અનુભૂતિ થઈ કે કંઈક દર્શન લાધ્યું. અને તે આ કૃતિમાં આવિર્ભાવ પામ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક લાલિત્ય સભર અને આદર્શ ભાવનામય કૃતિ પ્રગટ થઇ. મહાભારતની ચિત્રાંગદાની વાર્તા તેમાં આધારરૂપ કે સાધનરૂપ બની નિમત્ત બની કેમ કે કવિના દર્શનને અનુકુળ ફેરફારોથી તેનું રૂપ સમૂળગું બદલાઇ ગયું છે. અને તે એક નવો અભિનવ અવતાર પામે છે. મહાભારતમાં ચિત્રાંગદાની કથા ૨૭ અનુષ્ટુપ્ શ્લોકોમાં કહેવાયેલી છે.

મૂળ કથાનો તંતુ આટલો છે. તપશ્ચર્યા કરવા નીકળેલો અર્જુન અનેક દેશોમાં પરિ-ભ્રમણ કરીને મણિપુર આવે છે. ત્યાંના રાજા ચિત્રવાહનની અતિસ્વરૂપવાન કન્યા ચિત્રાં-ગદાને જોઈ તે મોહિત થાય છે. રાજાને તે પોતાનો પરિચય આપે છે. અને તેથી તેના પ્રતાપ ને પ્રભાવથી પ્રસન્ન થઈ, ચિત્રાંગદાને વરવાની તેના ઇચ્છાને એક શરતે માન્ય કરે છે. ચિત્રવાહનના પૂર્વજ રાજા પ્રભંજન નિઃસંતાન હતા. તેમને ભગવાન શંકરની તપશ્ચર્યા પછી વરદાન મળેલું કે 'તારા વંશમાં કદી કન્યા નહિ જન્મે'. પણ ચિત્રવાહનને ત્યાં ચિત્રાંગદાએ કન્યા જન્મીને એ અમોઘ વરદાનને વ્યર્થ કર્યું. રાજાએ તેને પુત્રતુલ્ય ગણી પુરુષોચિત સંસ્કારોથી ઉછેરી. વંશવૃદ્ધિનો પ્રશ્ન તેને મૂંઝવતો હતો. તેથી અર્જુન સમક્ષ તેણે શરતરૂપે પ્રથમ સંતાનની માગણી કરી. અર્જુને તે કબૂલ રાખી. અને બંનેના લગ્ન થયાં. મહાભારતના 'શકુન્તલોપાખ્યાન'માં પણ શરતની વાત આવે છે. પરંતુ કાલિદાસ ટાગોર જેવા પરિણતપ્રજ્ઞાવાળા કવિઓને પ્રેમ અને લગ્ન જેવી પવિત્ર, સ્વયંભૂ બાબતમાં શરતનું તત્વ ઔચિત્યવાળું અને સ્વીકાર્ય ન લાગે તે સ્વાભાવિક છે. એટલે પોતાના ઇષ્ટ દર્શનને અનુકુળ તેમણે મૂળકથામાં આમૂલ ફેરફારો કર્યા છે. કહો કે મૂળ કથાનો કાયાકલ્પ થઈ, ગયો છે સંસ્કૃત નાટયશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો 'શાકુન્તલ' કે 'ચિત્રાં-ગદા'નું વસ્તુ 'ઉત્પાદ્ય' ન હોતાં 'આહાર્ય' ભલે હોય. પરંતુ, પૌરાણિક કથાના ખોખામાં બંને કવિઓએ નવાં રસ, ધ્વનિ, સૌંદર્ય અને તેજ પૂર્યા છે. દર્શનનો અપૂર્વ પ્રભાવ એ તેની વિશિષ્ટતા છે. અને કવિના ક્રાંતદર્શન રૂપે પ્રગટતું જીવનનું કોઇ સનાતન કે મંગલ તત્વ એ મહત્વનું છે. બંને મહાકવિઓની કૃતિમાંથી અવનવીન લાવણ્ય પણ નીતરે છે.

'ચિત્રાંગદા'ની મૂળકથામાં ત્રણ પાત્રો છે. અને અર્જુનનું પાત્ર તેમાં કેન્દ્રસ્થાને છે. કવિના નાટકમાં ચિત્રાંગદાના પિતા ચિત્રવાહનનું પાત્ર આવતું નથી મદન તથા વસંતના પાત્રો પણ સાધનરૂપ જ છે અને અર્જુનને બદલે ચિત્રાંગદા કેન્દ્રસ્થ પાત્ર છે. મૂળમાં અર્જુન ચિત્રાંગદાના લાવણ્ય પર મોહિત થાય છે એમ નિરૂપણ છે. નાટકમાં ચિત્ર.ગદા અર્જુનના પૌરુષ અને વીરત્વથી પ્રભાવિત બની તેને મેળવવા અને પરણવા ચાહે છે. પુરુષવેશે યુવરાજરૂપે તે રાજકાજ કરે છે, યથેચ્છ વિહરે છે, ધનુર્વિદ્યા શીખી છે. પણ સ્ત્રીસુલભ લજ્જા, ભય કે વિલાસચાતુરી તે જાણતી નથી. એક દિવસ શિકારની શોધમાં પૂર્ણાનદીને તીરે ગાઢ વનમાં તેનો અર્જુન સાથે મેળાપ થાય છે. અર્જુન અરણ્યમાં સન્યાસી વેશમાં બ્રહ્મચર્યવ્રત પાળતો હોય છે. અર્જુનના વિરત્વ વિશે ચિત્રાંગદાએ ઘણું સાંભળ્યું છે. પ્રત્યક્ષ મળવાની ને હરાવવાની તેને ઘણા વર્ષોની તીવ્ર ઉત્કંઠા હતી. પરંતુ, આજે અર્જુનને જોતાં તેનું સઘળું શૌર્ય-વીર્ય ધૂળમાં મળી ગયું પુરુષવેશમાં હોવા છતાં, ચિત્રાંગદાને સ્ત્રી તરીકે ઓળખી જઇ, તેને ચિત્રવત્-બબૂચક જેવી-ઊભેલી ને વિચાર કરતી મૂકીને અર્જુન વિસ્મય પામતો વનમાં ધીમે ધીમે ચાલ્યો જાય છે. ભાનમાં આવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રાંગદાને અનહદ પશ્ચાતાપ થાય છે. સ્ત્રીસુલભ લજ્જા અને રોમાંચનો તેને પ્રથમવાર અનુભવ થાય છે.

ચિત્રાંગદાને હવે પોતાના પુરુષવેશ તરફ તિરસ્કાર છૂટે છે. સાચા સ્ત્રીત્વથી અને સર્વાત્મ-સમર્પણભાવથી તે અર્જુનને મેળવવા ઝંખી રહે છે. બીજે દિવસે પ્રભાતે પુરૂષવેશ દૂર કરી, લાલ સાડી સજી, હાથે કંકણ ધારણ કરી, પગે નૂપુર પહેરી, કટિભાગે મેખલા બાંધી, લજ્જા અનુભવતી તે વનમાં શિવમંદિરમાં તપશ્ચર્યા કરતા અર્જુનને મળવા ઊપડી. અર્જુન સમક્ષ દીન બની પ્રેમની યાચના કરી. પરંતુ, 'મેં બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું છે, પતિયોગ્ય નથી હું, વરાંગને !' એવો ઉત્તર સાંભળી, પરાભવ પામી, નિરાશ વદને, પોતાની જાતને ધિક્કારતી પાછી ફરી. આ તેનું અર્જુન સાથેનું બીજું મિલન ! આ ચિત્ર, 'કુમાર સંભવ' માં, શિવ પાસેથી અનાદર પામી **शून्याजगाम भवनाभिमुखी कथंचित्** એવી પાર્વતીના ચિત્રની યાદ આપી જાય છે.

ખંડિતા નારી હવે દેવોનું શરણું લે છે. કેમકે તેને લાગે છે કે પોતાનો સાચો પરિચય આપવા માટે તો બહુ ધૈર્ય જોઈએ, દિવસો જોઈએ, સારી જિન્દગી જતી રહે, જન્મ-જન્માન્તર વ્રત લેવાં પડે' એટલે મદન તથા વસંત પાસેથી વરદાન લઈ, અપૂર્વ લાવણ્યવતી બની, અર્જુનને આકર્ષવા નીકળી. સરોવરના સ્વચ્છ જળમાં પોતાનું પ્રતિબિંબ નિહાળી તે વિસ્મય પામતી હોય છે. તે જ સમયે દૂરથી વૃક્ષઘટામાં સૂતેલા અર્જુનની નજર આ નવસૌંદર્યસંપન્ન રમણી ઉપર પડે છે, અને તે મોહિત બને છે. નવયૌવના નારીના રૂપચંચળ દેહને પામવાની અદમ્ય કામના તેનું મન કરી રહે છે. પોતે જેનો એકવાર અનાદર કરેલો તે જ આ મણિપુરની રાજ્ઞી કન્યા ચિત્રાંગદા છે, એમ એ ઓળખી શકતો નથી. દેવોના વરદાનને લીધે પણ ઓળખાવું મુશ્કેલ હતું. સૌંદર્ય કામને ઉત્તેજે છે.

अपूर्वोऽयं धनुर्वेदो मन्मथस्य महात्मनः ।
शरीरमक्षतं कृत्वा भिनत्त्यन्तर्गतं मनः ॥

એવી ધનંજયની પણ સ્થિતિ થઈ !

રાતદિવસ કામવિહ્વળ બની જેની અત્યંત ઝંખના કરી રહ્યો હતો, તે રુપરમણીને પોતાની સામે ઊભેલી અને પ્રણયાતુર જોઈ તે ચકિત બને છે, ને બોલી ઊઠે છે : 'ખ્યાતિ મિથ્યા છે, વીરત્વ મિથ્યા છે,....આજે મને સપ્તલોક સ્વપ્નસમ ભાસે છે. માત્ર તું જ એક પૂર્ણ છે, તું સર્વ છે, તું વિશ્વનું ઐશ્વર્ય છે, તું જ સકલ દૈન્યનું મહત્ અવસાન છે, સકલ કર્મનું વિરતિ સ્થાન છે....ચોદિશથી દેવની અંગુલિ જાણે મને નિર્દેશ કરે છે કે આજ તમારા અલૌકિક પ્રકાશમાં કીર્તિકિલષ્ટ જીવનનું પૂર્ણ નિર્વાણ છે.'

થયું ! **संमोहात् स्मृतिविभ्रमः** । મોહાંધ અર્જુન કશું સાંભળતો નથી. **कामी स्वतां-पश्यति** । કામીજનો પોતાની બાબતનું જ ચિંતવન કરે છે ! સગાંવહાલાં, કર્મ, ફરજ, સઘળું ભૂલી જાય છે. અર્જુનને પણ રાજકાજ, સગાંસંબંધી, તપશ્ચર્યા, વ્રત વગેરેનું વિસ્મરણ થયું. તેનો આત્મા કર્તવ્યવિમુખ કર્મશૂન્ય બન્યો. પરંતુ, સૌંદર્યોપભોગ એ સાચો પ્રેમ નથી. શારીરિક પ્રણયની પરિણતિ આત્મ-લગ્નમાં થવી જોઈએ. વ્યક્તિનિષ્ઠપ્રેમ સમષ્ટિ-નિષ્ઠ બનવો જોઈએ. કાકાસાહેબના શબ્દોમાં, 'પ્રેમ અનંત છે, પ્રણય પરિમિત છે, પ્રેમની પરિણતિ આત્મોત્સર્ગ અને આત્મૌપમ્યમાં છે. પ્રણયની પરિણતિ–પરિણામ ઇન્દ્રિયતૃપ્તિ અને ગ્લાનિમાં છે. પ્રણયની પેઠે પ્રેમ, પુરુષાર્થને હણતો નથી, યશને મલિન કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં, 'આપણે બે'ની સંકુચિતતા ધારણ કરે નહીં. પ્રણયમાંથી મુક્ત થાય તેજ પ્રેમને ઓળખી શકે છે.'

પોતાના ક્ષણિક રૂપને જોઇ, વ્રતભંગ કરી, એક અણનમ વીરને અત્યંત દીન બની પ્રેમની યાચના કરતો જોઇ, ચિત્રાંગદાને હૃદયમાં દુઃખ થાય છે. તે કહે છે: 'ધિક્, પાર્થ, શું છે મારી પાસે? શું દેખો છો મારા માં? કોને માટે તમે પોતાને ભૂલી જાઓ છો? એક ક્ષણુ પ્રતિજ્ઞાનો ભંગ કરી અર્જુનને કરો છો અનર્જુન? અહા! કયાં ગઇ પ્રેમની મર્યાદા? કયાં ગયું નારી સન્માન! હાય! મારા અમર અંતરાત્માના આ ક્ષણસ્થાયી કપટવેશે વિજય મેળવ્યો! આ હું નથી, હું નથી, પાર્થ! આ તો કોઈ દેવની છલના છે. તમારું શૌર્ય, વીર્ય, મહત્વ મિથ્યા વસ્તુને પદે ન ધરો, જાઓ પાછા ફરો!' પરંતુ ભોગલીન અર્જુન કશું સમજવા ઇચ્છતો નથી. અને દેવોએ આપેલું સૌંદર્યનું વરદાન જ ચિત્રાંગદાને શાપરૂપ થઇ પડે છે! તેની કાયા જ જાણે તેની સપત્ની થઇ! પ્રતિદિવસ તે સપત્નીને સ્વહસ્તે સજાવીને અર્જુનને સમર્પણ કરવામાં તેનું અંતર ભડકે બળવા લાગ્યું. અનંગદેવને વરદાન પાછું લઇ લેવાનું કહેવા તે ગઇ. પરંતુ, દેવોએ વર્ષની અવધિ સુધી રાહ જોવાનું તેને સાંત્વન આપ્યું. 'યથાકાળે તાપકિલષ્ટ તારા લાવણ્યની પાંખડી આપોઆપ ખરી પડશે, ત્યારે તું તારા ખરા ગૌરવમાં પ્રગટ થશે. પછી તને નિરખીને અર્જુન પોતાને નૂતન સૌભાગ્ય પ્રાપ્ત થયું માનશે.'

વર્ષ પૂરું થવાની અવધિ નજીક આવી. તે દરમ્યાન અર્જુનને પોતાના ભોગજનિત જીવનથી અવસાદ આવ્યો અને કર્તવ્યવિમુખતા સાલવા લાગી ચિત્રાંગદામાં તે કોઇ સ્થાયી તત્ત્વ શોધી તેનો પૂર્ણ પરિચય પામવા તલસી રહ્યો. ચિત્રાંગદાને કહ્યું:– 'બીજાં મનુષ્યોની જેમ નામ, ઠામ, ગોત્ર, ગૃહ, દેહ, મન, વાચા વગેરે સહસ્ર બંધનોમાં તું યે બધાં કે ચોબાજુથી તારો સ્પર્શ અને અખંડ નિર્ભયતામાં હું વાસ કરું.'

અહીં અર્જુનની સમષ્ટિ સાથે એકરૂપ થવાની તાલાવેલી જોઇ શકાય છે. શ્રી ઉમાશંકર જોશી 'મેઘદૂત'ના અવલોકનમાં દર્શાવે છે, તે પ્રમાણે 'માનવી પ્રણય ઉપર કોઇ શાપ હોય તો તે એકમાં પૂરાવું એ છે. ભરીભરી સૃષ્ટિમાં એકમાં પૂરાવા જનારના હૃદયમાં શૂન્યતા જામે છે........(શકુન્તલાનું) હૃદય ભરીભરી સૃષ્ટિનું સ્વાગત કરે છે. અને એની ઉપરથી આપમેળે શાપ ઊતરે છે. મેઘદૂતનો યક્ષ વિરહીરૂપે વલવલતો આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. પરંતુ, વિરહના તાર ઉપર એનું જે વેદનાગીત ગુંજે છે. તેમાં એ સમગ્ર સાંસ્કૃતિક પરિસ્થિતિ સાથે એકરસ થાય છે, એ જ એનું શાપમોચન છે. દુષ્યંત બીજાની વેદના બૂઝે છે...તે ક્ષણે દુર્વાસાના શાપની અસર પૂરી થાય છે.'

અર્જુન અને ચિત્રાંગદાની બાબતમાં પણ આમ જ બને છે. વનવાસીઓ પાસેથી રાજકુમારી ચિત્રાંગદાની શૌર્ય–વીર્યની વાતો સાંભળી મુગ્ધ થતો તે પણ કર્મક્ષેત્રમાં ઝંપલાવવા અધીરો થઇ રહ્યો. વારંવાર ચિત્રાંગદાને તે ગૃહની યાદ આપવા લાગ્યો. ભોગમય પ્રમાદી જીવનથી ગુંગળામણ અનુભવવા લાગ્યો. બીજી બાજુ, ઉછીના લીધેલા સૌંદર્યથી તીવ્ર ખિન્નતા અનુભવતી હોવા છતાં, ધીરજપૂર્વક ચિત્રાંગદાએ ફરી એકવાર અર્જુનની સૌંદર્યાસક્તિ જાણવા પૂછી જોયું: 'જેને બાંધવા ઇચ્છો છો, તેણે બંધન કયાંય જાણ્યા નથી. એ તો કેવળ મેઘની સુવર્ણ–પ્રભારૂપ, તરંગની લીલારૂપ છે. હજી વર્ષ તો પૂરું થયું નથી, એટલામાં જ થાકયા? વધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ તેનું આનન્દમધુ ધરાઇ ધરાઇને પી લો. પછી પેલો મધુતરસ્યો ભમરો કાલ સાંજે આપણે ચૂંટી લીધેલા માધવી પુષ્પની આશે આશે ભમતો હતો. તેમ ફરી ફરીને મારી સ્મૃતિની માયાજાળમાં વારંવાર આવશો નહિં.'

છેવટે, અર્જુનની 'સુખમાં ને દુઃખમાં, સારે તેમ નરસે દિવસે, છાતી સરસું ચાંપી રખાય' એવા ધનની માગણી સાંભળી ચિત્રાંગદાએ કહ્યું: 'હે કૌતેન્ય ! આ લાલિત્ય.... શિરિષસમું સુકુમાર આ રૂપ........ધૂળમાં રોળી દઉં તો તે ક્ષતિ સહેવાશે તમથી ?.... રાત્રિની ક્રીડાસહચરી દિવસની કાર્યસહચરી થાય........તો શું તે આપના વીર હૃદયને રુચશે ?' અર્જુન તરફથી સંમતિરૂપે 'તારો કંઇક પરિચય મહીંમહીં તારી વાતોમાંથી મને મળે છે. તેના આગળ તારો આ સૌંદર્યરાશિ મને કેવળ માટીની મૂર્તિ લાગે છે.' એવો જવાબ સાંભળી, વરદાન પૂરું થવાના પ્રભાતે ચિત્રાંગદાએ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી, 'અક્ષય અને અમરપ્રેમ–ભર્યું' નારીહૃદય તેને ચરણે ધર્યું. માયાવી સૌંદર્યરૂપી હિરણ્યમય પાત્રથી ઢંકાએલું સત્ય જાણે અપાવરણ પામ્યું.

કાકાસાહેબના શબ્દોમાં, કહીએ તો આ રીતે 'પાર્થિવ સૌંદર્યના દર્શનથી આકર્ષણનો ઉદ્દ્ભવ થાય છે. આકર્ષણની પરિણતિ આકંઠ વિષયોપભોગમાં થાય છે. આકંઠ વિષયોપભોગમાં વિષાદનું સ્વરૂપ પકડે છે. વિષાદમાંથી પ્રેમનું દર્શન થાય છે. પ્રેમ સૌંદર્યનું કવચ ભેદી સત્યને જાણવા ચાહે છે, અને સૌંદર્યથી ઉત્પન્ન થયેલી ઉત્કંઠા સત્યના સાક્ષાત્કારથી શમી જાય છે.'

આમ, નાટકનું પ્રણયદર્શન મુખ્યત્વે ચિત્રાંગદાના પાત્રદ્વારા આવિર્ભાવ પામે છે. નવયૌવના રમણી પોતાના બાહ્ય શારીરિક રૂપ, છટા અને લાવણ્યથી જે પ્રેમ પ્રાપ્ત કરે છે તે આગંતુક, ઉછીનું લીધેલું હોઇ ક્ષણિક છે. ક્ષણિક સૌંદર્ય ક્ષણિક મોહ ઉપજાવે છે. શાશ્વત પ્રેમનું પ્રાગટ્ય મોહમુક્ત ચરિત્ર-શકિત દ્વારા થાય છે. યૌવનવસંત પાસેથી મળેલું રૂપ અચિરંતન વરદાન હતું. પ્રેમનો આધાર ચિરંતન હોવો જોઇએ. બાહ્ય આકર્ષણ પર તે નિર્ભર ન હોય. સત્યની આરાધના કરતો પ્રેમ જીવનને ઊર્ધ્વગતિ આપી માંગલ્ય તરફ લઇ જાય છે.

❁

આનંદ, સૌંદર્ય અને રસનું નિર્માણ–સર્જન એ કવિતાનું સ્વકર્મ સ્વધર્મ છે. આખા જીવનમાં આ તત્વો વત્તાઓછા અંશે સ્ફુટ–અસ્ફુટ છે, તેનો આછો–પાતળો શુદ્ધ–અશુદ્ધ અનુભવ દરેકને થાય છે, પરંતુ એ તત્વોને એક ઉચ્ચ પ્રકર્ષમાં અનુભવગમ્ય કરવાનું કાર્ય કળા કરે છે. એ કાર્ય સાધવાની પધ્ધતિ–પ્રક્રિયા એ કળાની પોતાની આગવી ખૂબી, વિશિષ્ટતા છે. કવિતા માનવ વ્યવહારની પ્રાકૃત વાણીનો આશ્રય લે છે, છતાં તેને એવી અપ્રાકૃત રીતે પ્રયોજે છે કે તેમાંથી એક અનન્ય અસાધારણ રસપ્રકર્ષ અનુભવાય છે.

—સુન્દરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમા-મહેશ્વર

ઇન્દ્રવજ્રા

કૈલાસવાસી તન પદ્મપુંજઃ
કેડે ધર્યું વ્યાઘ્રજ રશ્મિપુંજઃ
દેવી ગુણો-રૂપ ન શક્તિ જાણું
હે દેવના દેવ, ઉમેશ વંદું. ૧

શિર્ષે વહે જાહ્નવી ઘોઘ ભારે
બાલેન્દુ કાલાપ પરે પ્રકાશે
કંઠે ઉરે ભુજ પરે ભુજંગઃ
ગ્રીવા વિષે નીલ પ્રચંડ વિષઃ ૨

વિશાલ હસ્તે પરશુ ત્રિશૂલઃ
નિર્ભીક અંધાર સ્મશાન ફૂલ
ધારી મહારુંઢ કરાલ માલા
અંગાગ શ્વેતાંબર ભસ્મધારા. ૩

શ્વેતાંગ સુરૂપ્ય ગિરિ સમાન
પદ્માસને રાજત શાંત પ્રાણઃ
ગંભીર ઉન્મેષ સમાધિ લગ્નઃ
સાક્ષાત્ સ્વયં બ્રહ્મ આનંદ-મગ્નઃ ૪

અંકે ઉમા, દ્વાર પ્રદેશ વીર
નંદી મહાઘોષ કરંત સિંહઃ
શૃંગે ખિણે ગાજતું ભૂતવૃંદ
ભૂતેશ તાપે નવ, વૈર બુંદઃ ૫

જેના પ્રતાપે ભગિનિ સમાનઃ
ગંગા ઉમા સ્નેહ વિશેષ સાનઃ
ના દ્વેષ-ઉદ્વેગ-અગાધ રાગ-
વર્ષાવતાં, ધન્ય ગણી સુભાગ. ૬

ગૌરી પ્રતાપે-વનરાજ ભૂલે
હિંસા તણો ભાવ, મહોક્ષ મૂલે
ફેણા પરે આખુ રમે હમેશઃ
ખેલે, મયૂરો સહ સર્પ શેષઃ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શ્રી. મેહરા તથા રીયર–એડમિરલ શ્રી. નંદા સાથે આચાર્યા પૂ. શ્રી દીદી.
પૂ. કુલપિતાજીની જયંતી પ્રસંગે સંસ્થામાં પધારતાં (૧૯૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧મા વર્ષમાં પ્રવેશતાં પૂ. શ્રી કુલપિતાજી પાસે આશીર્વાદ લેવા જતાં આચાર્યા શ્રી. દીદી, કુલભ્રાતાઓ પરિવાર સહિત શાંતિ–કુટીર (૧૯૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્લેપ રાગી વિજયાદિ હાથઃ
યોગી મહા-ગૌરી નિવાસ સાથ
પ્રારંભ વાદ્યાદિ ડિડિંમ હસ્ત
ધારી ધનુ તાંડવ નૃત્ય મસ્તઃ ૮

એ તાંડવ ભેરી ડિડિંમ વાતા
ને ગીત-સંગીત, ભૂતાદિ ગાતા,
આકાશ પાતાળ ધરા ય ગાજે,
સ્વર્ગાદિ દેવો મન મોદ પામે. ૯

તોટક

ધન ધાન્ય ધરા દશચાર મળ્યાં
નવ રત્ન, મહાસુર, દાનવની-
ઘન મૈત્રી થતાં-વિષ આખરમાં
ભયભંગ થવા નીલકંઠ થયા ૧૦

તપથી રિઝતા, વચને પડતા
બળથી ન ડર્યા, કર રાવણના
નગરાજ તળે દબળી જ દીધા
રિપુ કૈંક વિમાસણમાં પડિયા ૧૧

સુત સગરતણા ઉદ્ધાર થવા
અવતાર-મહા સ્વરૂ ગંગ તણા
-ઝિલવા શિરમાં કટિબદ્ધ થયા
બળવાન નહિ, ત્રિપુરારિ સમા ૧૨

ઈન્દ્રવજ્રા

કામાંધ ભસ્માસુર ભાન ભૂલે-
-જાણ્યા નહિ ઇશ પરાક્રમોને,
એકાગ્ર ભ્રુભંગ વિચિત્ર નૃત્યે-
-ભસ્માંગ કીધો ઘડિ અષ્ટભાગે ૧૩

બાંધી મહાપુર અજેય ખીણે
પીડે પ્રજાને મતિમંદ થૈને
કાલાગ્નિ ક્રોધાંધ અરિ ત્રિપુરઃ
હણ્યો મહાદૈત્ય કરાલ શૂલઃ ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈન્દ્રવંશા

નિર્દોષ ઉમા અપવાન પામતાં,
ઉદ્વિગ્ન થઇ–યજ્ઞ વિદારવા જતા,
દેવો મહાસ્થાન સ્વીકારતા થયા.
દક્ષાદિનો ધ્વંસ પ્રત્યક્ષ પામતા. ૧૫

તાપે તપેલી નગરાજ દુહિતા
નિર્લેપ સ્નેહે–દિનરાત ઝંખના

ઇન્દ્રવજ્રા

પૂર્વે મહાયજ્ઞ વિખ્યાત ધ્વંસ
સાક્ષાત્ પેખી ભજતી મહેશઃ ૧૬

સંસાર શૃગાર રસે રસેલો
યુદ્ધે મહાદેવ પરે ચઢેલો,
એ માર સ્કંધે શરપંચ ગાજે
તાકી રહ્યો દેવ સત્કાર્ય કાજે ૧૭

ઇન્દ્રવંશા

ઉગ્રે વિચાર્યું પલમાત્રમાં બધું
રૂપે ગુણે ગર્વિષ્ઠ,–કાર્ય કામનું
ઉન્મેષ નેત્રો પ્રજ્વલિત અગ્નિ શાં
ભસ્મી થયો કામ નિમેષ માત્રમાં ૧૮

કીધી પરીક્ષા બહુ પાર્વતી તણી
તાપે તપાવી નવવર્ણ શી મણિઃ
દેવી ચળી ના લવલેશ ચિત્તે
પામી પુનઃ શંકર– લગ્ન નિમિત્તે ૧૯

અનુષ્ટુપ્

વાણી અર્થ સમાયુક્ત, મહેશ–પરમેશ્વરી
સાધતાં રૂપ અદ્વૈત, ગંગા જેમ મહોદધિ. ૨૦

રચયિતા : **શ્રી હરખજી લક્ષ્મીરામ દવે.**
નિવૃત્ત અધ્યાપક, : ગુરુકુલ-ચોકી (સોરઠ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ

કડી (૧) પદ્મપુંજ=ધોળા કમળનો ઢગલો; વ્યાઘ્રજ=વાઘનું ચામડું બાંધ્યું; રશ્મિમુંજ=મુંજનામના ઘાસની દોરી. તેનાથી વ્યાઘ્રચર્મ બાંધ્યું છે. (૨) બાલેન્દુ= બીજનો ચંદ્ર; કાલાપ=જટા; ગ્રીવા=ડોક; શ્મશાન કુલ=સ્મશાનનો કિનારો. (૩) સુરુપ્યગિરિ=રૂપાના પર્વત સમાન. (૬) મહોક્ષ=વૃષભ. (૭) આખુ=ઉંદર. ફેણ ઉપર ઉંદર રમે છે. (૮) મયૂરો શેષ-સર્પ સાથે રમે છે. ગૌરી સાથે છે. છતાં નિર્લેપ. (૯) ડિંડિમ=ડમરુ. ભેરી=શરણાઈ; વાતા=વગાડતા. મોદ=હર્ષ. (૧૦) દશ ચાર=૧૪ રત્નો મળેલાં તે. મહાસૂર=ઇન્દ્ર; ૧૧-૧૨ રાવણે કર- હાથથી કૈલાસને ઉપાડી નીચે નાખવા પ્રયત્ન કર્યો- મહાદેવે તેને પગથી દબાવી દીધો. સગરરાજાના ૬૦ હજાર પુત્રોની સદ્દગતિ કરવા ભાગિરથને જટામાં ઝીલી (૧૩-૧૪) ભસ્માસુરને ત્રિપુરારિના નાશનો ઉલ્લેખ છે. (૧૫) દક્ષના યજ્ઞનો નાશ. (૧૬-૧૭) કામદેવનો નાશ (૧૮) ઉગ્ર=મહાદેવ, શંકર, મહેશ. (૧૯) પાર્વતીની પરીક્ષા કરી. 'કુમારસંભવ'ની યાદી. (૨૦) વાણી અને અર્થ સમાન શંકર પાર્વતી. 'રઘુવંશ'ની યાદી. મહોદધિ અને ગંગા જેવું મિલન.

જીવનસરિતા

જીવનના પ્રતીક સમી નદી ક્યાંથી આવે છે. અને ક્યાં જાય છે ? શૂન્યમાંથી આવે છે અને અનંતમાં સમાઇ જાય છે. શૂન્ય એટલે અત્યલ્પ, સૂક્ષ્મ પણ પ્રબળ; અને અનંત એટલે વિશાળ અને શાંત. શૂન્ય અને અનંત બંને સરખાં જ ગૂઢ છે, બંને અમર છે. બંને એક જ છે. શૂન્યમાંથી અનંત-એ સનાતન લીલા છે. કૌશલ્યા અને દેવકીના પ્રેમમાં સમાવા માટે જેમ પરબ્રહ્મે બાલરૂપ ધારણ કર્યું, તેમ કારુણ્યથી પ્રેરાઇને અનંત પોતે જ શૂન્યરૂપ ધારણ કરી આપણી આગળ ઊભું થાય છે. જેમ જેમ આપણી આકલન શકિત વધે છે તેમ તેમ શૂન્ય વિકસતું જાય છે, અને પોતાનો જ વિકાસવેગ સહન ન થવાથી મર્યાદા ઓળંગી કે તોડી અનંત બની જાય છે, બિંદુનો સિંધુ બની જાય છે. માનવજીવનની પણ આજ દશા છે. વ્યકિતમાંથી કુટુંબ, કુટુંબમાંથી જાતિ, જાતિમાંથી રાષ્ટ્ર, રાષ્ટ્રમાંથી માનવ્ય, માનવ્યમાંથી ભૂમા વિશ્વ, આમ હૃદયની ભાવનાઓ વિકસતી જાય છે. ગ્રામમાંથી પ્રાંત પ્રાંતમાંથી દેશ અને દેશમાંથી વિશ્વ એમ આપણે **સ્વ**નો વિકાસ કરી **સર્વ**માં સમાઇ જઇએ છીએ. નદીનો અને જીવનનો ક્રમ સરખો જ છે નદી નામરૂપનો ત્યાગ કરી સમુદ્રમાં અસ્ત થઇ જાય છે. અસ્ત થયાં છતાં તે નષ્ટ થતી નથી. ચાલ્યાં જ કરે છે. જીવનનો અને જીવનમુક્તિનો પણ એ જ ક્રમ છે.

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાને નામે

શ્રી છગનભાઇ પરમાર,
આચાર્ય, બાલુબા કન્યા વિદ્યાલય, પોરબંદર

'તારી બાને કેટલું બધું દુઃખ થાત, બેટા, આજે જીવતી હોત તો ? તારા માટે કેવાં કેવાં સ્વપ્ન એ બિચારી સેવ્યા કરતી ! 'મારો બિપિન તો બહુ ડાહ્યો ને લાયક થવાનો, ખૂબ ભણીગણીને મોટો મોટો માણસ બનવાનો,' એવું એવું એ કહ્યા જ કરતી..... છેક છેલ્લી ઘડીયે પણ એ જ ભલામણ 'જો જો, મારા બિપિનને ક્યારેય ઓછું આવવા ન દેતા. એને ખૂબ ભણાવજો–ગણાવજો, હો ! મોટો માણસ બનાવજો.'

બોલતાં બોલતાં નરોત્તમદાસની આંખ છલકાઇ આવી, અવાજ તરડાઇ ગયો, છતાં એવી જ આંખે ને એવા જ અવાજે એમણે ઉમેર્યું–જાણે એ બધાંની કોઇ જીવનવિધાયક અસર બિપિન પર પાડવા માગતા હોય તેમ:

'એની આ ઉમેદ પાર પાડવાનું મેં વચન આપ્યું, મોંમાં પાણી દીધું, ત્યારે જ એણે શાંતિથી દેહ છોડયો... સ્વર્ગમાં બેઠી બેઠીયે આપણા ઉપર મીટ માંડી રહી હશે.... તારામાં બિપિન, જે દિવેલાઇ દેખાય છે એ તારી બાનો જ વારસો છે. એ વારસાને તું દીપાવશે તો જ એના આત્માને શાંતિ વળશે.....ત્યારે બેટા, તું તો તોફાની ને રખડુ થતો જાય છે !'

બારતેર વર્ષનો બિપિન એકકાન, એકચિત્ત થઇને પિતાને સાંભળી રહ્યો હતો. પિતાનો ગળગળો સાદ સાંભળી તેનું હૈયું ભરાઇ આવ્યું. બોલ્યો ત્યારે તેનોયે સાદ ગળગળો થઇ ગયો: 'સમજું તો છું હું, બાપુજી ! પણ કાંઇ ચાલતું નથી મારૂં ઘણું ઘણું કરૂં છું મનને કાબૂમાં રાખવા, પણ એ તો કૂતરાની પૂંછડી જાણે ! જરીક ઢીલું મૂકું કે વાંકું !' જરાવાર રહીને: 'કેવા ભલા છો બાપુજી, તમે ! મારાં બા પણ, તમે કહો છો, બહુ જ લાયક હતાં, મને પણ બહુ લાયક બનાવવા માગતાં'તાં. તો ય હું કેમ આવો નાલાયક નીવડ્યો ?' અને બિપિન ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

બિપિનનો છેવટનો મૂંઝવણભર્યો પ્રશ્ન સાંભળીને નરોત્તમદાસ ચમકયા. પત્નીનાં સ્મરણોનો જાણે જળસ્રોત તેમના મન પર ફરી વળ્યો. અનેક અવનવા ભાવોનાં મોજાં મુખ પર ઊછળવા લાગ્યાં, પણ તરત જ તેમણે આ બધાં આંદોલનો દબાવી દીધાં, ને બિપિનને વહાલ કરતાં બોલ્યા:

'કોચવા નહિ બેટા ! તું તો હજી બાળક છે. છતાં આટલી કોશિષ કરે છે તો જરૂર સુધરી જઇશ. તારી બા જેવો જ લાયક થઇશ. મન આડુંઅવળું દોડે કે તારી બાને સંભારવી. એની ઉમેદનું, એના ગુણનું રટણ કર્યા કરવું; એટલે મન એની મેળે ઠેકાણે આવી જશે.... અને બીજું, રખડુ છોકરાઓનો સંગ ન કરવો. એવાઓને સંગે આપણે પણ બગડીએ.'

'સાચું કહું, બાપુજી ?' બિપિને સંકોચથી છતાં નિખાલસતાથી કહ્યું: 'રખડુ હું જ છું. હું જ બીજાઓને બગાડું છું.....આપણી શેરીમાં પેલી વાઘરણ માગવા આવે છે ને, એને કે'છે, ડાકણનો વળગાડ છે. એકવાર શેરી વચ્ચે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓથાર આવ્યો'તો. માણસો ભેગાં થઇ ગયેલાં. હું પણ જોવા ગયેલો....મને પણ, બાપુજી, કાંઇક એવું થાય છે, વળગાડ જેવું લાગે છે.'

નરોત્તમદાસ ચોંકી ઊઠયા, પણ તરત જ સ્વસ્થતા ધારણ કરી લીધીઃ 'એવા વહેમમાં ન ફસાઇએ, બિપિન! હલકાં માણસો સ્વાર્થ સાધવા ખોટો ખોટો દેખાવ કરે. એવા ખોટા માણસોનો વિશ્વાસ ન કરીએ. તને વળગાડ જેવું શું હોય, બેટા ?'

'એ તો કોણ જાણે, બાપુજી, પણ થોડીક વાર વર્ગમાં ભણું ત્યાંતો રખડવા જવાનું એવું જોશ આવે કે ન પૂછો વાત. વળગાડ જ જાણે! મનને મારવા બાને ખૂબ યાદ કરું, પણ રહેવાય નહિ. પાણી પીવાની રજા પડે કે દફતર લેતાકને ભાગી છૂટું ત્યારે જ ચેન પડે. સાથે બેચાર છોકરાઓને પણ ખેંચતો જાઉં. ભાગેડુ બીજાને ય ભાગેડુ બનાવે.'

'ભાગેડુ' શબ્દે અને એ અંગેના વિધાને નરોત્તમદાસના હૃદય પર જાણે કારમો મર્મઘા વાગ્યો! છતાં એ ઘાની વેદના હૃદયમાં જ સમાવી કે શમાવી દઈને બોલ્યાઃ 'તે તારા માસ્તર કાંઇ કહેતા નથી ?'

'માસ્તર તો ઘણુંય કહે છે. ઘેર ભણાવવા આવે છે એટલે હેત પણ બહુ રાખે છે. વળી તમારી રોજરોજની ભલામણ, એટલે ચીવટ પણ એટલી જ, છતાં હું ભાગી જાઉં છું એમની આંખ આંજીને. રમી કરીને ધરાઉં એટલે પાછો નિશાળે જાઉં, ત્યારે પણ સમજાવવામાં કાંઈ બાકી ન રાખે.'

'શું સમજાવે ?' નરોત્તમદાસે તીવ્ર કુતૂહલ દર્શાવ્યું.

'કહેઃ 'બિપિન બાપુજીને તારે માટે કેટલી બધી લાગણી ને કાળજી છે! એટલી મેં ક્યાંય નથી જોઇ. તમારી સ્થિતિ બહુ સારી નથી, છતાં ટ્યુશન રખાવ્યું છે ચાર્જ પણ સારો ચુકવે છે.' જરા વાર રહીનેઃ

'પછી બાપુજી, એકવાર માસ્તરને મેં એનું કારણ કહી દીધું કે, 'મારી બા હતાં ને, એ બહુ સમજુ ને લાયક હતાં. મને બે મહિનાનો મૂકીને ગુજરી ગયાં, પણ મરતાં મરતાં બાપુજી પાસેથી વચન લઇ લીધું–મારૂં બરાબર ધ્યાન રાખવાનું, મને ભણાવવા ગણાવવાનું, મને મોટો માણસ બનાવવાનું.'

'પછી શું કહ્યું માસ્તરે ?' નરોત્તમદાસનુ કુતૂહલ એકદમ વધી ગયું. એમાં સંતોષની માત્રા પણ ભળી.

'કહ્યુંઃ 'ત્યારે તો તારે બા જેવા ખાસ લાયક થવું જોઇએ. તો જ એમના આત્માને સંતોષ મળે.'

'માસ્તરે બરાબર કહ્યું, બિપિન!' નરોત્તમદાસે મોટી રાહત અનુભવી.

'માસ્તર તો ભણેલા માણસ રહ્યા. આવું બધું સમજાવતાં આવડે એમને તો. પણ આપણા રસોઇયા મહારાજ છે ને, એ પણ મને જ્યારે ત્યારે સમજાવે છે.'

'શું સમજાવે છે એ વળી ?' નરોત્તમદાસનું કુતૂહલ પરાકાષ્ટાએ પહોંચ્યું

'એણે મારી બાને તો કયાંથી જોયાં હોય ? એટલે એમના વિશે તો શું કહે ? પણ એ તમારાં બહુ વખાણ કરે. તમારી જ વાત માંડીને બેઠા હોય. કહેઃ 'બાપુજી કલકત્તાથી દેશમાં પાછા આવ્યા ત્યારે ભરજુવાનીમાં હતા. કમાણા પણ હતા. વેપારનો અનુભવ લીધો'તો. એટલે માગાં પર માગાં આવવા મંડયાં. પણ બાપુજીની તો એક જ વાતઃ 'નહિ, નહિ. મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે બીજું ઘર કરવું જ નથી. મારો બિપિન દુઃખી થઇ જાય.' લોકોએ સમજાવવામાં મણા ન રાખી, પણ બાપુજી એકના બે ન થયા તે ન જ થયા. એમને નહિ કોઇની સાથે હળવું કે ભળવું. એ તો ભલા એ, ભલો એનો ધંધો, અને ભલા તમે ! ચોથી ચીજ વિશે વિચાર જ નહી ને ! મને નોકરીમાં રાખ્યો ત્યારે કેવો કસી જોયેલો ! બધી રીતે ઠીક લાગ્યો એટલે જ રાખ્યો.'....ને એક દી મહારાજ કહેઃ 'બાપુજી તો ખરેખર દેવ જેવા છે, હો ! એમના જેવું બીજાથી ન થવાય. આ હું ઘરડો થવા આવ્યો, છતાં હમણાં ઘરભંગ થયો કે તરત જ બીજું ઘર કરી લીધું.'

નરોત્તમદાસ ફિક્કું હસ્યા–કંઇક વિચિત્ર જેવું. ભૂતકાળની સ્મૃતિમાં તેમનું ચિત્ત ફરીથી જરા ડૂબકી મારી બેઠું કે ચહેરા પર અગમ્ય ભાવ તરી આવ્યા. એ ભાવ તેમણે તરત રોકયા, સ્વસ્થ થયા, અને પોતાના શબ્દોની ધારી અસર ઉપજાવવા માગતા હોય એવી કુનેહથી, વિચારી વિચારીને બોલવા લાગ્યાઃ

'મારી તો વાત જ જુદી છે, બિપિન ! તારી બાનું શરીર ભલે ને પડી ગયું, પણ એનો આત્મા ઊડીને જાણે મારા આત્મામાં ભળી ગયો છે ! એનામાં કોઇ એવી અજબ મીઠાશ હતી કે, એક વખત એની સાથે રહેનારા હૈયાને બીજે કયાંય ધરપત ન વળે હું જનમનો દુઃખિયો. નાનપણમાં જ માબાપ ગુમાવી બેઠેલો, પણ મનમાં ને મનમાં મોટા મોટા મનોરથની કંઇક મહેલાતો બાંધ્યા કરૂં કોઇનો સાથ મળી ગયો તે આ કાઠિયાવાડ છોડયું. સાહસ કરીને પહોંચ્યો કલકત્તા. પરચૂરણ વેપાર આદર્યો. નસીબે યારી આપી. ગાંઠમાં નાણું થઇ ગયું. હું તો હતો ભલો–ભોળો, પણ રૂપરૂપના અંબાર સમી એક જુવાનજોધ કન્યા સામેથી જ આવી [illegible] એટલે ત્યાં જ પરણ્યો. તારી એ બા હતી તો બંગાળણ, પણ એણે આવીને મારા જીવનમાં સ્વર્ગ ખડું કરી દીધું ! તારો જન્મ થયો ત્યારે તો જાણે સાક્ષાત્ પ્રભુ પધાર્યા હોય એટલો બધો હરખ અમને થયેલો. અને તને ખરેખર પ્રભુ જેવડો મહાન બનાવી દેવો હોય. એવી કલ્પનાઓ એ કર્યા કરતી. જિંદગી આખી એની રજેરજ વાતને સંભાર્યા કરીએ, એના કહ્યા પ્રમાણે કર્યા કરીએ તો બેડો પાર થઇ જાય. એના રૂપનો વારસો તને સોંપીને ચાલી ગઈ; એના ગુણનો પણ વારસો તારે સંભાળવાનો છે, બેટા !'

નરોત્તમદાસ ફરી લાગણીવશ થઇ ગયા, પરંતુ નજર તો તેમણે બિપિનના મોં પર જ નોંધી રાખી. બિપિન પર અસર થતી હોય એમ સ્પષ્ટ જણાયું. તે વધુ નજીક આવ્યો. પોતાની ભૂલ માટે ક્ષમા માગતો હોય અને ગમે તે થાય તોયે હવે એવી ભૂલ નહિ થવા દઉં, એની ખાતરી આપતો હોય એવી નજરે પિતા તરફ તાકી રહ્યો.

નરોત્તમદાસ હર્ષનું પૂર અનુભવી રહ્યા. પોતાનો હેતુ આખરે પાર પડતો લાગ્યો. બિપિનને તેણે પડખે લીધો, હૈયા સરસો ચાંપ્યો, જાણે વાત્સલ્ય–રેણ રેડીને તેની ભાવનાને વજ્રલેપ ન કરી દેતા હોય !

અને ખરેખર બિપિનના જીવનમાં ધાર્યો ફેરફાર થતો ગયો. પ્રગતિના પંથ પર તે મક્કમતાથી આગેકદમ ભરતો થયો. પિતાએ બમણા વેગથી પુત્રને સાથ આપ્યો. કમાણી વધારવા તે રાતદિવસ એક કરવા લાગ્યા. કમાણી બધી બિપિન પાછળ છૂટે હાથે વાપરવા મંડયા. બિપિન આ બધું સમજતો અને એમાંથી પ્રેરણા ને નવું બળ મેળવીને સ્વપ્નોને સિદ્ધિમાં [illegible] રહ્યો. એક પછી એક પગથિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટાવતો, ઝળહળતી કારકિર્દીને વરતો એમ. એ. માં આવી પહોંચ્યો. ગઈકાલનો રખડુ મનોવૃત્તિવાળો વિદ્યાર્થી આજે સૌનું ધ્યાન ખેંચી રહ્યો–એટલી હદ સુધી કે કોઈ કોઈવાર કૉલેજની સભામાં તેનું ખાસ પ્રવચન યોજાતું. તેને સાંભળવા વિદ્યાર્થીઓ તો ઠીક, પ્રાધ્યાપકો સુદ્ધાં ઉત્સુક રહેતા.

આવું એક પ્રવચન એક સાંજે ગોઠવવામાં આવ્યું હતું. સમય થવા આવ્યો હતો. બિપિન જવાની તૈયારી કરી રહ્યો હતો, એટલામાં તેના ખંડમાં રસોઇયો આવ્યો, ને બહુ જ ખાનગી વાત કરતો હોય એવા ધીમા ગંભીર અવાજે બોલ્યો:

'બિપિનભાઈ, આધેડ ઉંમરની કોઈ બંગાળણ બાઈ આવી છે. એની આંખ, એનો અવાજ, એનો પહેરવેશ, બધું એવું વિચિત્ર છે કે હું તો તેને ઓટલા પરથી કાઢી મૂકતો'તો, પણ નજીક જઈને જોયું તો એનો ચહેરો કંઈક તમારા જેવો લાગ્યો. ભાંગ્યું તો ય ભરૂચ, એવું એનું રૂપલાવણ્ય લાગ્યું.'

'કોણ છે? તમે પૂછ્યું નહિ?' બિપિનને એકદમ કુતૂહલ થયું.

'આખી વાત તો સાંભળો........બાઈએ પૂછ્યું: 'શેઠ છે ઘરમાં?' મેં કહ્યું: 'નથી.' તો કહે: 'શેઠના વહુ?' કહ્યું: 'એમને ગુજરી ગયે બાવીસ વર્ષ થઈ ગયાં. શેઠ ફરી પરણ્યા જ નથી....પણ બિપિનભાઈ છે ઘરમાં.'

'તમારૂં નામ સાંભળતાં જ બાઈના મોંમાંથી ધીમી ચીસ નીકળી. એનો અવાજ ફરી ગયો. તીરછી આંખ સીધી થઈ ગઈ. એમાં હેતની સરવાણી ફૂટી. સાડલાનો જેમ તેમ લટકતો છેડો સરખો કરી લીધો. ધ્રૂજતા, ભાવભર્યા અવાજે બોલી: 'બિ....બિ...ન ?....શેઠનો દીકરો?....એ જીવે છે?....એને તો એ જ મહિનાનો મૂકીને એની મા....'

'બાઈ પછી બોલી ન શકી. એનો આવો દયામણો ચહેરો જોઈને મેં કહ્યું: 'ખરું', મા તો એવડો મૂકીને ગુજરી ગઈ....મા તો મા હતાં! જાણે દેવતાઈ જીવ! મરતાં મરતાં શેઠને ભલામણ કરતાં ગયાં: 'મારા બિપિનને જીવની જેમ જાળવજો, હો! એને લાયક ને મોટો માણસ બનાવજો.'

'અને શેઠે શેઠાણીનું વેણ સંભારી સંભારીને નાનકડા બિપિનભાઈને એવા તો જાળવ્યા કે એ જીવી ગયા. નાના હતા ત્યારે તો ભારે રખડુ હતા; પણ એમને સુધારવા શેઠે જાણે ભેખ લીધો!....આજે બિપિનભાઈ મા–બાપનું નામ ઉજાળે એવા લાયક થયા છે.'

'બાઈ મારો શબ્દે શબ્દ એક કાને સાંભળી રહી હતી, બરોબર સમજવા કોશિશ કરી રહી હતી, છતાં વચ્ચે વચ્ચે મારું કહેવું સમજી ન શકતી હોય એવી બાઘામંડળ જેવી પણ બની જતી'તી. તેના મોં પર ન સમજાય એવા પથરાતા જતા'તા. કશુંક યાદ કરી રહી હોય તેમ બોલી: 'ત્યારે તો તેના બાપુજીનું સ્વપ્નું, તેને મોટો માણસ બનાવવાનું સાચું પડયું....બોલાવોને બિપિનભાઈને. મારે જોવા છે.'

'મેં કહ્યું: 'બિપિનભાઈને અટાણે સભામાં ભાષણ કરવા જવાનું છે. સમય થઈ ગયો છે,' તો કહે, 'ભલેને જાય હું વધુ વખત....'

રસોઇયાનું વાકય પૂરૂં થાય એ પહેલાં તો બિપિનનું કૌતુક તેને દીવાનખંડ તરફ ખેંચી ગયું. તેની આંખ એક ચીંથરેહાલ, બેઠેલી, અર્ધભ્રમિત જેવી સ્ત્રી ઉપર પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિપિનને જોતાંવેંત એ બાઈની વ્યાકુળતા વધી ગઈ. બાવરી બની તે બિપિનને જોઈ રહી. કોઇ અપાર્થિવ મમતાનું તેજ તેની આંખમાં આવી વસ્યું. ભાવોર્મિ ને ભાવનાના અતિરેકથી તેની છાતી ઊછળી રહી. એક મટકુંય મારવા તેની આંખ તૈયાર નહોતી. બિપિનને આખો ને આખો આંખમાં સમાવી લેવા એ તલસી રહી.

'માજી ! આવો....હું બિપિન.'

બિપિને આવકાર આપ્યો, પોતાની ઓળખાણ આપી, પણ બાઈની આંખ તો બિપિન પર સ્થિર હતી. બિપિનના શબ્દોથી તે પૂરી જાગૃત નહોતી થઈ.

'તમે બાપુજીને ઓળખો છો ?' બિપિને પૂછ્યું. બાઇએ બોલ્યા વિના, માથું હલાવી હા કહી.

'મારાં બાને ?'

બાઇ હવે ચમકી. એની આંખ ચકળવકળ થવા લાગી. આ ઘરની હવામાં ભરેલી સુંગધ પકડી થોડી ક્ષણો પછી બોલી: 'હા.'

બિપિન તેની સાવ નજીક ગયો. 'મને એમની વાત કરો. બા કેવાં હતાં ? મને બે જ માસનો મૂકીને એ સ્વર્ગે સિધાવ્યાં. મને એમનું સુખ નથી મળ્યું.' તૃષાતુર ચાતકની નજરે બિપિન તાકી રહ્યો.

'બેટા !' બાઇના વલોવાતા અંતરમાંથી પડઘો પડયો અને એ હમણાં ઢગલો થઇ ઢળી પડશે એમ લાગ્યું. બિપિને તેના હાથને જરા ટેકો આપ્યો, ત્યાં રસોઇયો આવ્યો ને બિપિન તરફ જોઇને બોલ્યો:

'તમારે સભામાં નથી જવાનું ?'

બિપિને ઘડિયાળ જોઇ કાંટો સમયને સહેજ વટાવી ગયો હતો. રાહ જોઇ રહેલા ને ગણગણાટ કરી રહેલા સભાજનોના આતુર ચહેરાઓ તેનાં ચક્ષુ સમક્ષ તરવરી આવ્યા.

'માજી તો રોકાશે. તમતમારે જઈ આવો. હું માજીને નાસ્તો-પાણી કરાવીશ.'

'હેં માજી, તમે રોકાશો, હું પાછો આવું ત્યાં સુધી ? કલાકેકમાં તો આવી જઇશ.' બિપિનના અવાજમાં ગડમથલ ભરી હતી.

'હાં, બેટા ! જરૂર રોકાઇશ. તું તારે જા. ફતેહ કર.'

'પણ જરૂર રોકાજો, હો ! બા વિશે સાંભળવું મને બહુ ગમે છે. અહીં તો બાપુજી સિવાય કોઇએ એમને જોયાંયે નથી. બાપુજી કહે છે કે એ તો એક દેવતાઈ જીવ હતાં.... બાપુજીના રૂડા પ્રતાપે ને બાનાં પુણ્યસ્મરણે જ હું મારા રખડુ, ભાગેડુ સ્વભાવને સુધારી શકયો છું.'

પેલી બાઇનો ચહેરો, ભાગેડુ સ્વભાવના નિર્દેશે એકદમ ભોંઠો પડી ગયો-કાપો તો લોહી ન નીકળે એવો. માંડ માંડ તે બોલી શકી-એના એ જ શબ્દો:

'જરૂર રોકાઇશ. તું તારે ઊપડ. ફતેહ કર, બેટા !'

અને જતાં જતાં ભારે વેદના અનુભવી રહ્યો હોય તેમ બિપિન ઊપડયો. ઘરનાં પગથિયાં ઊતરતી વખતે પાછું ફરીને પેલી બાઇને ભાવપૂર્વક નીરખી રહ્યો. વળી સભા સાંભરી. વિલંબ થવાને કારણે બડબડાટ કરી રહેલા સભાજનોના ફરિયાદી ચહેરાઓ તેની નજર સામે ફરીથી તરી આવ્યા. તેણે તરત જ સાયકલ ઉપાડી, ને કોલેજની દિશામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી મૂકી. મારમાર કરતી જતી સાયકલ ઉપરથીયે તે એક બે વાર પાછળ, ઘરના ઉંબર ઉપર ઊભીને તેના તરફ તાકી રહેલી પેલી બાઇ તરફ, નજર કર્યા સિવાય રહી ન શકયો.

બિપિન જેવો દેખાતો બંધ થયો કે, બાઇ જરા પાછી ફરી ને એકદમ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

આ વળી નવું નાટક ભજવાતું જોઇને રસોઇયો સૂનમૂન જેવો થઇ રહ્યો. આખરે તેણે સાંત્વન આપતાં કહ્યું:

'તમે બહેન, બહુ દુખિયારાં લાગો છો !'

'માત્ર દુખિયારી જ નહિ, પાપીણી પણ.'

મહામહેનતે દબાવી રાખેલી વાત બળવો કરીને બહાર નીકળી આવી હોય એમ લાગ્યું. મનના આવેગને અંકુશમાં લેવા તે મથી રહી: 'ભાઇ, એ બધી વાત હવે કયાં કહેવા બેસું ? શેઠને કહેજો ને કે, બંગાળથી એક બાઇ રખડતી-રઝળતી અહીં આવી ચડી'તી. બિપિનને હેમખેમ ને લાયક જોઇને એનું પેટ ઠર્યું.'

અને બાઈએ જતાં રહેવા પગ ઉપાડયો.

'અરે, અરે ! એમ કયાં જાઓ છો ? શું આવ્યાં ? શું ચાલ્યાં ?' મહારાજે એકદમ વચ્ચે આવીને બાઇને રોકી.

'આવી હતી તો શેઠ પાસેથી કંઇક પડાવવા-જૂના નાતાને આધારે; પણ શેઠ પાસેથી પડાવવું એટલે બિપિનના ભાગમાં ભાગ પડાવવો. હવે તો એવું ન જ કરૂં. ભલે ને મરી જાઉં.'

રસોઇયાને બાઈ ઘેલી જેવી લાગી. જતી હોય તો છો ને જતી; નહિ તો શેઠને કયાંક નડશે, એમ મનમાં થયું. પણ બિપિનની લાગણી સાંભરી આવી. બાઇ બારણાં તરફ ચાલી એટલે કહ્યું:

'બિપિનભાઇ આવે પછી જજો. ત્યાં સુધી રોકાવાની તમે હા પાડી હતી ને ? લ્યો, હું ચા બનાવી લાવું, નાસ્તો લાવું.'

'નહિ, નહિ, હવે નહિ રોકાઉં. મારા જેવી પાપણીનો ઓછાયો પડયે બિપિનની પ્રતિષ્ઠાને બટ્ટો લાગે. એનો વિકાસ રૂંધાય. એના બાપુજીએ એની બાને અજબ કુનેહથી, અપાર ધીરજથી, અદ્ભુત ત્યાગથી માંડમાંડ પકવેલું મધુર ફળ કયાંક પાછું ખટાશ પકડી લે....હું તો જઇશ જ'. જાણે સ્વગત બબડતી હોય તેમ તે બોલી.

'પણ મારે શેઠને શું કહેવું ?'

'કહેજો ને કે એ બાઈ તો સ્વચ્છંદી નીકળી, ધૂની ને ઠેકાણા વગરની લાગી. કશું કહ્યા-કારવ્યા વગર એ તો ભાગી જ ગઇ-કોઇ જનમની ભાગેડુની જેમ.'

અને ખરેખર દોટ મૂકીને તે ઘરનાં પગથિયાં સડસડાટ ઊતરી ગઇ, પણ પોતે ખરેખર ધૂનીને ઠેકાણા વગરની છે, એનો જાણે પુરાવો આપતી હોય તેમ તે રઘવાયા જેવી તરત જ પાછી ફરીને બોલી:

'અને હાં, શેઠને એમ પણ કહેજો ને કે, 'બાઇએ તમારી માફી માગી છે, પોતે જતી રહી એ માટે; ને પોતા વતી બિપિનને વહાલ કરવાની વિનતિ કરી છે.....બીજું તો શું કહું ? શી જરૂર છે ?'

અને આ બધું રસોઇયો પૂરું સંભાળે, સમજે એ પહેલાં તો તે પોતાની આંખમાં ઝૂકી રહેલાં આંસુને લૂછવા પણ રોકયા સિવાય બાવરી શી, બાવીશેક વર્ષ પહેલાં ભાગી હતી તે જ ઢબે પણ જુદા જ આશયથી શેઠનું ઘર છોડી આજે પણ ભાગી ગઇ-હંમેશને માટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુકુલ તપોવનનાં પંખીઓ

શ્રી નરોત્તમભાઇ પલાણ, એમ. એ.
વ્યાખ્યાતાઃ ગુરુકુલ મહિલા કૉલેજ, પોરબંદર

ગુરુકુલ તપોવનનું કોઈ દિવસ આકાશ-દર્શન કર્યું છે? પૂર્વમાં ઋષિબાલોની સ્મૃતિ સાચવતું-ભારત મંદિર, પશ્ચિમમાં પૂજ્ય બાપુજીની શાંતિકુટીર, ઉત્તરમાં નટરાજનાં નર્તન અને દક્ષિણે પુરાણકાલીન પ્રાચીન અસ્માવતીનો પુનિત આરો. શું શું છે આ ઉપવનમાં? મહાકવિ કાલિદાસના પ્રિય શિરીષથી માંડી છેક દક્ષિણ અમેરિકાથી આવેલું ગ્લીરીસીડિયા અહીં છે! ભગવાન શ્રીકૃષ્ણ જેને દેવતાઓના ઉપવનમાંથી લાવ્યા તે પરિજાત એની સોળે કલાએ પૂજ્ય ભાઇજીની કુટીમાં ખીલ્યું છે તો સઘન અને વિશાળ રાવણાંનાં બે નયનરમ્ય વૃક્ષો આપણી કૉલેજનાં આંગણાને લળી લળી વંદન કરે છે! મનુષ્યની હસ્તી ઉપરાંતની આ હસ્તીને આંખ ઠારીને નિહાળી છે કોઇ દિ? અને આ ઉડતાં પુષ્પો?

આપણા ગુરુકુલ તપોવનની સૌથી મહાન સમૃદ્ધિ એનાં પંખીઓ છે. મોર અને ઢેલ તો ચણ નાખતાં આંગણે આવીને નર્તન કરે. તારા મંદિરના નેહરુ ઉપર પ્રભાતનો પહેલો ઉજાસ હજુ પડતો હોય અને પોતાના નીલા શ્યામ ચળકતાં રંગ સાથે સક્કરખોર તપોવનના પ્રત્યેક સદન દ્વારે 'વિચ્-વિચ્' ના ચેતનવંતા સૂર રેલાવી જાય! સ્હેજ વધુ ઉજાસ અને રાજવાડીમાંથી અનેક પંખીઓનો કલનાદ આપણને ઢંઢોળી રહે.

આવાસ અને વિદ્યાલયને જોડતા પુલને-'શુક-સેતુ' કહેવો જોઇએ. બન્ને બાજુનાં ભુંગળાઓમાં પોપટનાં રહેઠાણો છે. સાવ મંદ મંદ ચાંચપગના મણિ[illegible] સાથે પોપટરાજ બહાર પધારે, એનું ઊડવું ય કેવું લાવણ્યભર્યું? કાળીઆ કોશીને જોયો છે? પોતાની અંગ્રેજી 'વી' આકારની પૂછડી સાથે, જીવડાંને પકડવા, તાર ઉપરથી જે ડુબકી લગાવે. બસ અદ્ભુત!! એમ લાગે કે ચાલો, હવે સવાર થયું! અને દીવાલ ઉપર બેઠેલી ખિસકોલી પોતાની પૂંછડીને ઊંચી કરી કબૂતરોને ડરાવી રહે! ક્યારેક કોક પ્રભાત આ ખિસકોલીઓના ઝગડાને કારણે 'બસ મજા પડી ગઇ!' એવા સંતોષ સાથે ઊગે! ખિસકોલી અને કાબરની બાબતમાં 'ઝગડો' એના સૌથી મધુર રૂપે દૃષ્ટિગોચર થાય છે હોં! કોઇ માણસ પણ એવાં હોય છે ને કે એ ઝગડતાં હોય ત્યારે જોવાની ઔર મજા પડે! લેલાંઓનું પણ એવું જ છે. બરાબર નિયમિત સવારે આઠ-નવ વાગ્યે એનું ટોળું લેં-લેં-લેં કરતું આંગણે ઉતરી આવે! પૂંછડીને નીચી કરતાં કરતાં જે એકબીજા સામે ચાંચ મારવા ધસે....!! અને આખાં તપોવન ઉપર પોતાના રાખોડી-વાદળી રંગોને લહેરાવતાં કબૂતરોનાં ટોળેટોળાં ઊમટી હાલે! સૌથી વધારે મજા કબૂતરોનું ટોળું નટરાજની આજુબાજુથી પસાર થાય તે જોવામાં છે! ક્યારેક તો નટરાજનાં ચરણોમાં જ એ વિરામ લ્યે અને ત્યારે જ તો નટરાજની વરદ-મુદ્રા સાર્થક લાગે ને! કબૂતર અર્થે જ વરદ છે હોં! લૂચ્ચાં હોય તેને તો નટરાજ ચરણ તળે ચાંપે!

સવારે નવ વાગ્યે સ્મૃતિમંદિરથી ભારત-મંદિર સુધી ચાલવા જેવું છે. આખા તપોવનમાં સૌથી વિશાળ શિરીષ સ્મૃતિમંદિર સામે છે અને એની બખોલમાં કંસારાના રહેઠાણ. શિરીષ કે સરગવાની સૂકાઇને પોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલી ડાળીઓમાં કંસારો માળા બાંધે. એનું ભોણું પણ વડ અને પીપળા ઉપર. કંસારાનો મુખ્ય ખોરાક ટેટાં અને પેપડાં. સ્મૃતિમંદિર પાસે આ બધી વસ્તુઓ સુલભ એટલે પોતાની ભારેખમ ચાંચ સાથે, કપાળના લાલ રંગનું તથા ગળા ઉપરના પીળા રંગનું પ્રદર્શન કરતો, મોટે સાદે ટુક-ટુક-ટુક કરતો જ હોય ! સ્મૃતિમંદિરની પ્રતોલીમાં ઊભી સામે નજર કરતાં તુરત જ કંસારાના દર્શન થવાનાં! આગળ આવો તો ગુરુકુલનાં મુખ્ય દ્વાર પાસે માળીએ સુંદર ગોળ કાપેલા લીંમડાની ઘટાંમાં બુલબુલ જોવા મળવાનું ! વાળનો ટોબરો માથે ચડાવવાની ફેશન તો હમણાં આવી પણ આ બુલબુલ તો આદિકાળથી એમ જ વાળ ઓળે છે ! શું નર કે શું માદા-બન્નેના મસ્તકે જટા-મુકુટ તો હોવાનો જ ! અને એનો મધુર અવાજ ! આમ તો બુલબુલને સાંભળવાની મજા ઢળતી સાંજે છે. પણ ગુરુકુલનાં શાંત વાતાવરણમાં એ હમેશાં આકર્ષક લાગે છે.

'શુક-સેતુ' નીચે 'શુકો ઊડે છે ગીત હજાર ગાઇ' એ કલાપીની પંક્તિ ચરિતાર્થ થવાની જ. ક્યારેક બાજુના થાંભલા ઉપર હોલા ભગત 'પ્રભુ-તૂ પ્રભુ-તૂ' કરતાં બેઠાં હોય અને કોલેજનાં આંગણામાં કોકિલનાં કલગાન !! ખરેખર વસંતનો ઠાઠ જેવો ગુરુકુલની પ્રકૃતિમાં જોવા મળે છે એવો તો પોરબંદરમાં બીજે નહિ જ. કોલેજનાં બોરસલી અને રાવણાં ઉપર માત્ર ફૂલો જ નથી બેસતાં, સેંકડો પતરંગાઓનું એ નિવાસસ્થાન છે. આપણા આખા તપોવનમાં સૌથી વધારે વસ્તી આ પતરંગાની અને તેય કોલેજના રાવણાંઓ ઉપર જ. બન્ને રાવણાંઓની નીચે જમીનમાં એનાં ભોણ છે. પતરંગા પોતાના માળા જમીનમાં દર કરીને બાંધે છે. માળા સિવાયનો સમય આ રાવણાંઓની ડાળ ઉપર ખીચોખીચ, એક-બીજાને દબાઇ દબાઇને તેઓ બેસે ! ઝીણી નજરે ન જુઓ તો કયાં પાંદડું છે અને કયાં પતરંગો તેની ખબર ન પડે. શિયાળાની વહેલી સવારે, પોતાના ઘેરા લીલા રંગને ચળકાવતા તાર ઉપર હારબંધ બેઠેલા પતરંગાને નિહાળવામાં મેં ઠંડીની તાકાતને કોઇ દિવસ ગણકારી નથી. ગુરુકુળ તપોવનનું એ પરમ સૌંદર્યમંડિત-દર્શન છે. નીચે જીવડું જોતાં, એરોપ્લેનની જેમ પોતાની પાંખને સ્થિર પસારી પતરંગો જ્યારે નીચે આવે છે ત્યારે તો બસ-સાર્થક !

અમારા નિવાસની બાજુમાં લીંબડો છે. મારે એને લીંબડો ન કહેવો જોઇએ. પંખીઓની અસંખ્ય રંગલીલાઓનું દર્શન કરાવતા પરમ વડીલ, નવનવોન્મેષશાલી સૌંદર્યને ઝીલી બતાવતા પરમ સહૃદયી અને ઋતુ ઋતુના, સવાર-બપોર-સાંજના ભિન્ન મિજાજને પોતાની ડાળીઓમાં વ્યક્ત કરી સાક્ષાત્કાર કરાવતા પરમ ગુરુ કહેવા ઘટે. મારો પંખીશોખ, મારો વનસ્પતિ શોખ આ ઋષિને આભારી છે. એક વખત મને એ કહેતા હતા: 'અમે વૃક્ષો ફળોનો ભાર શા માટે સહન કરીએ છીએ તેની ખબર છે ? સૃષ્ટિની પેલી ઊડતી મબલખ સૌંદર્યશ્રી અમારી ડાળ ડાળ ઉપર ઝીલાય અને મનુષ્ય એનું પાન કરી શકે માટે.'

પાકેલી લીંબોળીઓ ખાવા અર્થે ડઝનબંધ પોપટના ટોળાંઓ લીંબડાને આંગણે ઉતરે, શ્યામ કોકિલ અને ટપકાં ટપકાંવાળી કોયલ લીંબડાની ઘટામાં ગીતના ભંડાર વહેતા મૂકે, લેલાં-કોશી-બુલબુલ અને પીળક જે અદાથી લીંબડાની ડાળ ઉપર અંગભંગનો વિન્યાસ કરે એ બધું આપણા સૌંદર્ય-પ્યાસી હૃદયને તરબતર કરી જાય. 'કાવ્યાનંદ' જ બ્રહ્માનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહોદર નહિ, પંખીદર્શન પણ એનાથી જરાય કમ નથી.

અને રાજવાડી ! પંખીરાજોની વાડી ! મોર અને ઢેલ, પોપટ અને કોયલ, પતરંગા અને ચાષ, હુડહુડ અને કોશી, બુલબુલ અને લેલાં, દરજીડો અને કુંભાર, અબાબીલ અને રાજાલાલ કોઇ અનેક રંગી પીંછા, કોઈ રાખોડી રંગ, કોઇ લીલો ચટ્ટાક, કોઇ જાંબુડો લાલ, કોઇ પીળી પીળી ઝાંય, કોઈ ભગવો ભભૂત, કોઇ લાલ લાલ લાલ, કોઇ આછો ગુલાલ-રંગની એક અજબ સૃષ્ટિ ! નાદબ્રહ્મનું પરમ સૌંદર્ય ! કથકલી, મણિપુરીની અનેક ચિત્તાકર્ષક લીલાઓ !

આપણું તપોવન ?

આપણું તપોવન પંખીઓને કારણે પરમ હૃદ્ય, પરમ રમણીય, પરમ શાંતિ દાતા.

ચાલો, એક પછી એક બધાને નિહાળીએ હું ?

卐

卐 નૃત્ય 卐

આ બ્રહ્માંડે નવલ ધવલા રૂપનું યે સ્વરૂપ
સર્જ્યું કેવું નટવર વરે નૃત્ય થૈકાર સૂરે !
બ્રહ્મા વિષ્ણુ સૃજનભરમાં નૃત્ય-આરાધનોનાં
ઊંચાં શૃંગો કરત સર તો, શંભુ સંહાર ખેલે !

એવાં નૃત્યો અકલ સરૂપા ઉચ્ચ ગાંભીર્યવંતા
શોભાવ્યાં ને સહજ ઉરની વાણી શાં આત્મસિદ્ધ
કીધાં, ને એ સમરસ-કલા જીવને સાધના શી
ધારી, જેનાં સ્વચ્છ સુ-રસ શાં ઘુઘવે બ્રહ્મવારિ.

શું એ દૈવી ધવલ શિખરે શંભુ શિવાસનેથી
આવી પોષે ઉર વિમલનું સ્વપ્ન ? કે શારદા-મા
પૂરે સ્પંદો ધ્વનિત લયથી છંદથી વ્યંજનાઓ ?
કે ગીર્વાણે તરલ રહી જે વૈખરી ચેતનાઓ ?

જે હો તે હો, જગત ઉપરે નૃત્ય-માંગલ્ય સ્ફુર્યું
ને આત્મામાં જીવન-રસનું મર્મ-ઔદાર્ય પૂર્યું !

—સુધાંશુ
(પોરબંદર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બામ્બુ-ડ્રિલ :



પૂ. દીદીના નેતૃત્વ નીચે તૈયાર કરાએલ વ્યાયામના વિવિધ દૃશ્ય—બામ્બુડ્રિલ દ્વારા સમતુલા જાળવવાના પ્રયોગો—પ્રાથમિક સારવારનું મહત્ત્વ સમજાવતું પ્રાયોગિક દૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પક્ષી અભિનન્દનમ્

પૂ. દીદી દ્વારા તૈયાર કરાવાએલ સાંસ્કૃતિક કાર્યક્રમ—પક્ષી અભિનંદનમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને રે શું કહીએ?

વારે ઘડીએ તને શું કહીએ,
ઓ પ્રીતમ તને તે શું કહીએ?
આવી સંતાકુકડી કેમ કરી સહીએ?

ઘડી ઘડી બોલાવે
અમે આવીએ દોડી દોડી
મારગ વચ્ચારે તું
જાય અમને છોડી છોડી.
મ્હેણાનો ભાર કેમ કરી વહીએ?
ઓ પ્રીતમ તને તે શું કહીએ?

ભરી ભરી મટકીમાં
ગોરસ લાવીએ ધોળાં ધોળાં
વનવગડામાં તું
સંતાય અમને છોડી છોડી.
મટકીનો ભાર કેમ કરી વહીએ?
ઓ પ્રીતમ તને તે શું કહીએ?

સાખી

ઘડી ઘડી બોલાવે, અમે આવીએ દોડી;
મારગ વચ્ચારે તું, જાતો અમને છોડી,
મ્હેણાનો ભાર કેમ કરી વહીએ?
મોંઘી રે મટૂકીમાં, ગોરસ મીઠાં મીઠાં;
તું વિણ આતમરામ, જીવતર ખોટાં ખોટાં,
વેદનાની વાત અમે કોને રે કહીએ?
ઓ પ્રીતમ તને તે શું કહીએ?

જ્યોતિબેન થાનકી
અધ્યાપિકા, મહિલા કોલેજ, પોરબંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીશકિત મહિમાશતક

દોહા

સ્ત્રી કન્યા ભગિનીપ્રસુ, દેવી દયાની ખાણ
નારી જગ વિધ વિધ સ્વરૂપ, કરત સદા કલ્યાણ ૧
માતસ્વરૂપ સંતાનકી, પત્ની સ્વરૂપ પતિદેવ
ભગિનીસ્વરૂપ નિજભ્રાતકી, ચાહત નારી સેવ ૨
દાતા ભકતન સૂર સંત, જ્ઞાની ધ્યાની ગુણવાન
નારી નરકા જન્મ દે, પાયાં ઉજ્જવલ પાન ૩
નારી તૂં નારાયણી, સંસારે સરજેલિ
નવપલ્લવિત નિત રાખતી, વિશ્વબાગની વેલિ ૪
તૂં રામાયણ ભાગવત, તૂં સઘળાં ય પુરાણ
તૂં ચંડી મહાભારતે, નારી દ્વિયણ નિર્વાણ ૫
હોત સદા નારાયણી, જા ઘર તવ સન્માન
તા ઘર નવનિધ્ધિ રમે, કહતે વેદ પુરાન ૬
તૂં દુનિયાં સર્જન કરે, તૂં કરે સર્વ વિનાશ
તૂં રૂઠ્ઠિ પલમાં કરે, નારી ખેલ ખલાસ ૭
લીધાં તે કહિ વ્રત કઠિન, કીધાં શીલ જતન્ન
પીધાં વિષ અમૃત કરી, દીધાં અજબ રતન્ન ૮
તૂં નારી સુરતરૂ સમી, ઇચ્છિત ફલ દેનાર
તૂં વિણ સૂનો લાગતો, વિશ્વ તણો વ્યવહાર ૯
તૂં ઝુઝી સંકટ સમે, શિયળ રાખવા સ્વચ્છ
દેખો યહ દુનિયાં મહીં, નારી પ્રભા પ્રત્યચ્છ ૧૦
તૂં હૈયાની હુંફથી, સ્વર્ગ બનત સંસાર
નારી તવ નિશ્વાસથી, નિશ્ચય નર્કાગાર ૧૧
સ્ત્રીમૂર્તિ સંતોષકી, માત દયા ધન માન
ભગિની છપા કી હે ભલી, સબ જન કહત શયાન ૧૨
રોગમેં ઔષધિ મિત્ર હે, ગૃહમેં ગૃહની મિત્ર
ધર્મ મિત્ર હે અંત મેં, પથમેં જ્ઞાનપવિત્ર ૧૩
વનિતા તૂં વિણ વિશ્વની, કદી ન વૃદ્ધિ થાય
શક્તિ સર્જનહારની, અવશ્ય અટકી જાય ૧૪
તૂં મહાકાલી જોગણી, તૂં દેવી દરસાય
તૂં માયા માહેશ્વરી, તૂં સ્વ રૂપ લખાય ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂં અનસુયા અરૂંધતી તૂં તારા લખમીહ
તૂં મૈત્રેયી ગાર્ગી, દુર્ગા દમયંતીહ ૧૬
ધર્મ સનાતન સ્થાપવા પંડિત પરિષદમાંય
તૂં બેઠી ન્યાયાસને નારી દેવા ન્યાય ૧૭
તેં સમજાવ્યો સ્વામીને પ્રભુ પરાયણ પંથ
તૂલસી જગતારન દિયે મહારામાયણ ગ્રંથ ૧૮
તારા તપના તેજથી ઝુકી ગયો જમરાજ
સોંપી દીધો સ્વામીને દૈવત જોઈ દરાજ ૧૯
ઊતાર્યો નહીં અંગથી સધવાનો શણગાર
ચોડી ભાલે ચાંદલો બેઠી અગન સોઝાર ૨૦
જીવી તો જોગણ બની ગાળ્યાં હાડ ને ચામ
પતિ વિયોગે પ્રેમદા તજ્યિું સુઃખ તમામ ૨૧
નારી તૂં અબલા નહીં સબલા સાચો સાચ
કો જન રહિયા બેફિકર પડય મોહને પાસ ૨૨
ગ્રહણી ગૃહસ્થાશ્રમ તણો ભલ વેંઢાર્યો ભાર
તેં રાખ્યો તપસા કરી ઉજવલ ઘર આચાર ૨૩
હાજર ઘરમાં હોય નહિ એક ટંકનું નાજ
અન્નપૂર્ણા બની ઇશ્વરી રાખી કુળની લાજ ૨૪
નારી તેં નિજનાં તજી કિયાં અવર બડભાગ
છે નારી સંસારમાં તારો અનહદ ત્યાગ ૨૫
તૂં બેઠી જીભાસને ગાયાં કવિયે ગીત
નારી નીંદણહાર તો ભૂલા સઘળી ભીત ૨૬
વનવાસી તો વિરહથી રડવડતાં શ્રીરામ
કયાં ગઈ સીતા કહિ કહિ પૂછત ઠામો ઠામ ૨૭
તૂં માધા સંગ માનુની રમતી દિવસ રાત
તૂં વિણ રાધા-કૃષ્ણનાં ગીત કવિ શું ગાત ? ૨૮
તૂં પતિ પરછાયો બની સુખ-દુઃખ સહતી સંગ
સરજી અણમૂલ સંસ્કૃતિ પિંગલ નેક પ્રસંગ ૨૯
તૂં જીવન સહ ચારણી પતિપરાયણ રૂપ
છતી આંખે અંધી બણી જોયું ન જગત સ્વરૂપ ૩૦
ઉજ્જવલ આલય દીસતાં નારી બિન નિસ્તેજ
રમની તૂં જા ઘર રમે તા ઘર પ્રગટે તેજ ૩૧
તૂં પિયુ ગ્રહમાં પાલવી શિલવંત નાર સુજાણ
મળિયાં દૂધને મીસરી દો કાયા એક પ્રાણ ૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂં વિશહથિ વાઘેશ્વરી તૂં હીંગોળ તૂં હોલ
તૂં ત્રિશૂરાળી તોતડી બોલી પાળ્યા બોલ ૩૩
અટકી જાતો આભમાં ભરે ન ડગલું ભાણ
લાજાળો લોપે નહીં આવડ, તારી આણ ૩૪
તૂં ખોડી તૂં ખૂબડી તૂં અંબિકા માત
તૂં સિહઢાયચ ચારણી પિંગલ કહે પ્રખ્યાત ૩૫
તૂં મૂંગી તૂં મેલડી તૂં માતા હિંગળાજ
તૂં વરદાઈ વીપળી રાખી કુળની લાજ ૩૬
તૂં બુટ બલ્લડ બહુચરા તૂં રવેચી રવરાઈ
તૂં રાજલ ઉદાતણી મઢવાળી મહમાઈ ૩૭
નવઘણ નવ સરઠોધણી જાહલ વારે જાય
વારીશ પીધો વરૂવડી અંજલી ભરીને આઈ ૩૮
પાવાગઢવાળી પ્રબળ મહિપતિ નમતા માત
તૂં કરૂણાઈ કાળિકા વિકરાળી વિખ્યાત ૩૯
તૂં મીરાં મજીરાં લઇ ગાયો ગિરધરલાલ
તૂં પોઢી મુમતાઝધર ઓઢી તાજ મહાલ ૪૦
તૂં લડી રણ કિરપાણ લઇ રાણી લક્ષ્મીબાઇ
તૂં ગાંધીસંગ જેલમાં બેઠી કસ્તુરબાઈ ૪૧
તૂં તોરલ લોયણ સતી તૂં દાળલ દે નાર
કામી ક્રોધી કુટિલને પલમાં કરિયા પાર ૪૨
તેં પાપી પલટાવિયા સ્થાપ્યાં શાસન સ્થિર
નરપતિ તો ચરણે નમેં નયણે ભરભર નીર ૪૩
તેં સાવજને સીકર્યો ગણી ગરીબડી ગાય
ચોરાડી ચાંપલ તણી રેખા નહ લોપાય ૪૪
નાગઇને નમિયો નહીં ભૂલા મંડળિક ભૂપ
જોયું મેં હરજોગની શકિત તોર સ્વરૂપ ૪૫
ભંગી કણબી બ્રામણાં કોળી થોરી કેક
જાનલ જૂદાં નાગણે આરે સરખાં એક ૪૬
ભાભી કહિ ભૂપત કરે રાવળ ધર્મનો લોપ
કીધો તેં કચ્છવા ઘરે કામઈ કાળો કોપ ૪૭
તૂં વિફરી વાઘણ્ય બણી અસુર ઉથાપન કાજ
શેખમિયાં સરધારનો બાકર માર્યો બાજ ૪૮
તૂં બંધાણી બોલથી લોઢા ઉપર રેખ
હાડ હિમાલય ગાળિયાં દુનિયાં રહિતી દેખ ૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂં પદ્માસમ પ્રેયસી અટકી નહી લગાર
ભટકી વનમાં ભૂતને મુક્તિ દેવણહાર ૫૦
ભૂંસી નાખી ભાલથી લાલકંકુની રેખ
છોડી અમ્મર ચૂંદડી ભગવો પહેર્યો ભેખ ૫૧
પુત્ર રમંતો પારણે કરે અડપલું કંત
લજ્જા નારી રાખવા આણ્યો જીવન અંત ૫૨
પાનબાઈ પરમોધવા ગંગા મુખ ગિરવાણ
વરસીધારા વેદની પાયાં અમૃતપાન ૫૩
તેં પતિવૃત્ત લઈ પદ્મની સ્વર્ગ કિયો સંસાર
તેં વેઠી કંહી યાતના ધર્મ સનાતન ધાર ૫૪
તૂં પૂતળી પાવન પરમ મોહન કેરી માત
તૂં વિજ્યા તૂં માયડુ તૂં અંદરાઅખ્યાત ૫૫
સુશીલ પુત્રી સંતોકની સવિતા સરસ્વતીરૂપ
મેધાવી મહીમંડળે નિર્મળ સુની અનૂપ ૫૬
તૂં બેઠી ભારત તખત પ્રથમ ઇંદિરા પાટ
નારીપ્રતિભા નિરખતાં ચકિત થયા સમ્રાટ ૫૭
લાખો નિરવાશ્રિતને આપ્યું આશ્રયસ્થાન
તવ ઇંદિરા રૂપતેં હરખ્યો હિંદુસ્તાન ૫૮
તેં બંગલા સોનારની કરી દૂર કઠનાઈ
મુક્તિ સાત કરોડને આપી અંદરાબાઈ ૫૯
અલ્ટીમેટમ યુદ્ધનું પાઠવે પાકિસ્તાન
જીલી લીધું જોગણી અખિલહિંદ અરમાન ૬૦
તેં યાહ્યાને આપીઓ જડબાંતોડ જવાબ
ખંડ નવે ત્યાં ખળભળ્યા ઉછળ્યા સાંયર આબ ૬૧
નારીશક્તિ નીરખતાં મૂછાલા મૂરઝાય
પરેશ પાકિસ્તાનની થરથર જાંગુ થાય ૬૨
થનગનતા સ્થિરા પરે આ ફળવા મદ અંધ
વિશ્વ પ્રવાસે વીચરી બાઈ કર્યા તે બંધ ૬૩
તૂં રૂઠી બોળી દિયે પેઢી એકોતેર
તૂં ત્રુઠી તારી લિયે બૂડંતી બહોંતેર ૬૪
મેલી જાણે મલકને ખેલી જાણે ખાગ
નર તે લહી જાણે નહીં તારો નારી તાગ ૬૫
પંડિત કે કોવિદ કવિ સાધક સાધૂ સંત
પાર કદિ પામ્યા નહી તો ઉપકાર અનંત ૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારી શીતળ છાંયડી નારી ધખતી ઝાળ
નારી વિષની વેલડી નારી અમૃતધાર ૬૭

જીવન પર આધિન બનત રાય બનત હે રંક
પંખ બિનાં જિમ પંખિયાં નર ઈમ જાણ નિશંક ૬૮

લાલન-પાલન બાલકો પુનિ ગૃહકા વ્યવહાર
સુશિલ ત્રિયા બિન કોક રે સમજ ભરી સંસાર ૬૯

તૂં કરણી મેહા તણી નાગઇ તૂં નકળંક
ત્રુઠી તો થાપ્યા તખત રૂઠી કીધાં રંક ૭૦

સંવત સોળ પંચાણુવે વદાં માસ વઈશાખ
સત લીધું તે ચારણી સુંદર મા સમરાથ ૭૧

ઉમર વરસાં આઠની બાળા જે સતબાઈ
ચોપેંથી કાઠે ચડી મા ભેળી મહમાઈ ૭૨

માતવિહોણા મલકમાં બાળક નીરખી બાઈ
ગરીબો લઇને ગોદમાં બેઠી રામીબાઈ ૭૩

ભરજોબન ભરવાડય તેં ભજિયા નકળંક ભૂપ
તૂં રાણી વીરા સધુ રાજકોટનું રૂપ ૭૪

તૂં કંડોરડે કોઠડી છે દેવી સાક્ષાત
ભજતા લીરલ ભાવથી મેરાણી હો માત ૭૫

તૂં અહલ્યા હોલકર જાણે સકલ જહાન
અડસઠ તીરથ સ્થાનમાં દીધાં અઢળક દાન ૭૬

બાઇ સદાવ્રત્ત બાંધિયું દેવા અન્નનું દાન
સેવા કીધી સાધૂની જાણે સકલ જહાન ૭૭

સંતોની સેવા કરી રટિયા રણછોડરાય
પરમા પ્રભુ પદ પામવા ઘરમાં ગઈ ઢંકાય ૭૮

તૂં ધાધડની ધીયડી બાળકુંવારી બાઈ
શીર પર બીજી ચૂંદડી ઓઢી ન મોંઘીઆઇ ૭૯

તૂં સોનલ હામાસધુ મઢડે પ્રગટી માત
ચારણ ત્રણુતારણુ શક્ત પિંગલ કહે પ્રખ્યાત ૮૦

તૂં પાલક માતા વડી તૂં પોષક પરિત્રાન
અવર નહીં અવની પરે સુખપ્રદ માતસમાન ૮૧

તેં બાળકને પોષવા કર્યું લોહીનું દૂધ
ધન્ય ધન્ય તવ દેહને સેવા ભાવી શુદ્ધ ૮૨

તૂં વ્યાપક રહી વિશ્વમાં આશાપુરી આઈ
જોયા મેં આ જૂગમાં બેહદ પરચાભાઈ ૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમો આદ નારાયણી સદા નમો સુખધામ
વારવાર વિંધ્યવાસિની પિંગલ કરત પ્રણામ ૮૪
નારી સાયર પ્રેમ કો નાવ ચલી મઝધાર
કો જન બૂડે બીચમેં કો જન ઉતરે પાર ૮૫
પતિ જતા પરલોકમાં ઘડયો ન દૂજો ઘાટ
સ્વામી સાથે સ્વામીની વઇકુંઠ લીધી વાટ ૮૬
મનહર રેવા માળિયાં ઇંદ્ર સમો આવાસ
જા ઘર લાગી હાય ત્યાં રમતી ડાકણ રાસ ૮૭
તો મુખ જયોતિ પ્રેમીકી ઝગમગ રહી સદાય
પર દીઠ બુઝે નહિ પવન તાતેં ઘૂંઘટ છાય ૮૮
પટ ઘુંઘટ ખોલત પ્રિયા નિરખત નાહ સનેહ
રાજત રમની મુખ શશી બાદલ બીખર તેહ ૮૯
મોમન લાગત માનુની રીસ ભરી ચખ લાલ
રાત બિતે પિયુ રાહમેં બેઠી ઉજાગર બાલ ૯૦
લોચન કાજલ સાયકે નાચત નેન તરંગ
માનહુ મુખ પંકજ ચઢી પંખ પ્રસારત ભ્રંગ ૯૧
સ્નેહલત્તા સુખે નહીં કારન યહ સમજાય
નીરખી પિયુ દૃગનીરભરિ સીંચી રહી સદાય ૯૨
પિયુ મુખ નીરખત પદ્મની મંદ મંદ મલકંત
જયું બાદલમેં બીજલી દમક રહી મુખ દંત ૯૩
નારી શરદ રૂતુ ચાંદની પિયુ પૂર્ણિમા ચંદ
સોહત ઘર ઉદ્યાનમેં સુ–મનસ બીચ સુગંધ ૯૪
મત ડારો . ગોરી ગલે હાર–ભાર ધરી હામ
ગુનતે શોભા દેત તના કહા આભૂષન કામ ૯૫
ક્રોધ મોહ અભિમાનય ઈર્ષા પુનિ ઉન્માદ
સુશીલ ત્રિયા તજી દેતહે પાખંડ દંભ પ્રમાદ ૯૬
ગોખ ઝરૂખે ગોદયેં સ્થાનક જહ તહ થાય
તૂં માતા બની માનુની પર્વતમાંય પૂજાય ૯૭
ભારત ઘર ઉદ્યાનકા નારી અનૂપમ ફૂલ
ત્યાગ ભકિત સૌરભતે મ્હેકી રહા અમૂલ ૯૮
કવિતા કિમિયો કામની એ ત્રણ અમૂલ ગણાય
પતિ મતિ હીણ પામતાં કિંમત કશી ન થાય ૯૯
નારી ચરિત્ર નીરકો અજબ ભર્યો અકુપાર
ઉદ્યમ કરે ઉલેચવા પામે ન પિંગલ પાર ૧૦૦

પિંગળશી મેઘાણંદ ગઢવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ અને સમન્વયવાદી ભાવના

લે૦ અરુણભાઈ મહેતા
ગુરુકુલ મહિલા કોલેજ

ભારતીય સંસ્કૃતિ વિષે જાણીએ તે પહેલાં સંસ્કૃતિનો અર્થ સ્પષ્ટ કરવા પ્રયત્ન કરવો જોઇએ. સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત ધાતુ સમ્+કૃ (सम्यक्, कृ) ઉપરથી ઊતરી આવ્યો છે. એટલે તેનો અર્થ સારી રીતે કરવું, યોગ્ય રીતે કાર્ય કરવું; એ મૂળ ઉપરથી થયો છે. પરંતુ સંસ્કૃતિનો અર્થ વિસ્તૃત થાય છે. ટેઇલરના શબ્દોમાં જોઇએ તો, સંસ્કૃતિ એટલે સમાજના સભ્ય તરીકે માનવીએ સર્જેલ જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈ ભાવનાઓ, રૂઢિ, વિશિષ્ટ શક્તિઓ વિગેરેનું એકમ. તો, વિઝલરના મતે કોઇપણ માનવ સમૂહના આચારો અને વિચારોના સરવાળા કરતાં કંઈ ઓછું નહીં તેમ વધુ નહીં તે સંસ્કૃતિ. કાકા કાલેલકર સંસ્કૃતની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : જીવનને શુદ્ધ, સમૃદ્ધ, સફળ અને સમર્થ બનાવવવાના પ્રયત્નને અંતે જે જીવન પદ્ધતિ અને જીવન વિસ્તાર કેળવાય છે તે આપણી સંસ્કૃતિ છે. સંસ્કૃતિનો સ્વભાવ સમન્વયકારી છે. જીવનની પરિપૂર્ણતા તે સંસ્કૃતિ. ટૂંકમાં, આપણે કહેવું હોય તો આપણી સંસ્કૃતિ એટલે આપણે જે કાંઈ છીએ તે અને આપણી સભ્યતા એટલે આપણે જે વાપરીએ છીએ તે.

જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિનું સ્થાન વિશિષ્ટ છે. જગતની અનેક પ્રાચીન સંસ્કૃતિઓ ગ્રીક, ઇજિપ્ત જેવી કાળની ગર્તામાં વિલીન થઈ ગઈ, પરંતુ ભારતીય સંસ્કૃતિ હજુ જીવંત છે. શ્રી નહેરૂ નોંધે છે કે, "હિન્દ સિવાય બીજે કયાંય સંસ્કૃતિની પરંપરા અખંડિત ચાલુ રહી નથી. ભારે પરિવર્તનો, ઉપદ્રવો અને આક્રમણો થવા છતાંય આ દેશમાં પ્રાચીન સંસ્કૃતિની ધારા અસ્ખલિત વહી રહી છે, જીવંત છે અને આજે પણ પ્રાચીન સંસ્કૃતિના પાયા પર હિન્દીઓની પ્રણાલી રચાયેલી છે." ભારતીય સંસ્કૃતિનું કાર્યક્ષેત્ર ઘણું વ્યાપક છે. પ્રાચીન સમયની ઘણી સંસ્કૃતિઓના ઘડતરમાં તથા વિકાસમાં આ સંસ્કૃતિએ મોટો ફાળો આપ્યો છે. આ સંસ્કૃતિ અત્યાર સુધી કેમ ટકી રહી તે માટેનાં અનેક મહત્ત્વનાં કારણોમાં એક મુખ્ય કારણ છે, આ સંસ્કૃતિની સમન્વયકારી નીતિ. આર્યોના આગમનથી આજ સુધી જુદા જુદા સમયે જુદા જુદા ધર્મો અને સંસ્કૃતિને પોતાનામાં સમાવિષ્ટ કરીને પોતાની સંસ્કૃતિ વિશાળ બનાવી. દા. ત. આર્યોની વર્ણવ્યવસ્થામાં શુદ્રનો વર્ગ—શુદ્ર વર્ગ એટલે જેનું કામ અંગત સેવાનું હતું તે. અનાર્યોનો આર્ય સમાજમાં ઊમેરો થતાં તેને ઝટ લઇને ઉપર ન ચડાવતાં ધીમે ધીમે ઉપર લેવાના ખ્યાલથી ઊભો થયો. શ્રી 'દર્શક' પોતાના 'વારસાં અને વૈભવ'માં આનું સુંદર ઉદાહરણ રામાયણમાંથી આપે છે. તે લખે છે કે— "સીતાની શોધ વાનરો વિના શકય નહોતી. એમની યાત્રાંની શરૂઆતમાં પિતા જેટલા વાત્સલ્યથી ગંગા પાર કરાવનારો કોણ છે? ગુહ–ભીલ. આગળ કોણ મળે છે? જટાયુ–ગીધ. એટલે ગીધના ધ્વજ ચિહ્નવાળો અનાર્ય જાતિનો કોઈ યુવક. હનુમાન, સુગ્રીવ વગેરેની મદદથી રામનો વનવાસ સુગંધિત બન્યો હતો." રામને પણ અનાર્યની મદદ વગર ચાલ્યું નથી અને એ રીતે અનાર્ય સંસ્કૃતિને આર્ય સંસ્કૃતિમાં ભેળવી દીધી. તેજ રીતે મુસ્લીમ યુગ અને બ્રિટિશ યુગમાંથી દાખલા આપી શકાય, એટલે કે, સમન્વય ભારતીય સંસ્કૃતિનું એક ઊજળું પાસું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. દીદી દ્વારા તૈયાર કરાવાએલ નૃત્ય–નાટિકા શેણી વિજાણંદનું એક આકર્ષક દૃશ્ય (૧૯૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શેણી–વિજાણંદ નૃત્ય–નાટિકાનું બીજુ દૃશ્ય—શેણી પોતાની સખી સાથે (૧૯૬૭)

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. દીદી દ્વારા તૈયાર કરાવાએલ નાટિકા સોમનાથની સખાતેના ભાવવાહી દશ્યો. (૧૯૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમધર્મ

લે. અધ્યાપક પં. રવિશંકર શર્મા
આ. ક. ગુરુકુલ

वेदः स्मृतिः सदाचारः
स्वस्य च प्रियमात्मनः ।
एतत् चतुर्विधं प्रोक्तं
साक्षात् धर्मस्य लक्षणम् ॥

ચાર વેદ મન્વાદિ સ્મૃતિ-ગ્રંથ સદાચાર તથા જે વસ્તુ આત્માને પ્રિય લાગે તે પ્રમાણે આચરણ કરવું એને મનુ મહારાજે ધર્મ માન્યો છે. આમાં પૂર્વ પૂર્વને પહેલાં લેવાનાં છે જેમકે પ્રથમ જે વસ્તુ આત્માને પ્રિય લાગે તેનું આચરણ કરવું તે. હવે એક પ્રશ્ન વિચારણીય બને છે દારૂડીયાને દારૂ પીવામાં, જુગારીને જુગારમાં વ્યભિચારીને વ્યભિચારમાં આનંદ આવે છે તેથી શું તેને ધર્મ કહી શકાય ? નહિ. આવે પ્રસંગે સદાચારને ધર્મનું સ્થાન આપવું ઘટે. સદાચારમાં પણ કોઈ સ્થાને કોઇ ઋષિએ આપદ્ધર્મમાં અનુચિત કાર્યને ઉચિત ગણ્યું છે તેથી તે સર્વદા માન્ય બનતું નથી. આવે સ્થાને મન્વાદિ સ્મૃતિ-ગ્રંથ પ્રમાણભૂત બને છે. વળી સ્મૃતિગ્રંથમાં પણ સમયે સમયે ફેરફાર થતો રહ્યો છે. આવે સમયે વેદ સર્વથા સર્વદા સૂર્યવત્ સ્વતઃ પ્રમાણ છે. વળી આપણી સંસ્કૃતિનો મૂળપાયો વેદ પર છે. તેથી ઋષિ દયાનંદે વેદના પઠન પાઠન તથા શ્રવણ શ્રાવણને પરમધર્મ કહ્યો છે.

ધર્મ અને પરમધર્મમાં મહદંતર છે. પરમધર્મમાં કોઈ કાળે તથા કોઇ રીતે જરાપણ ફેરફાર થતો નથી. આ પરમધર્મને ચાર મહાપુરૂષોએ જુદી જુદી રીતે વર્ણવ્યો છે. યથા.—

१. आचारः परमो धर्मः— मनुः
२. नहि सत्यात्परो धर्मः— वेदव्यासः
३. अहिंसा परमो धर्मः— बुद्धः
४. वेद-पाठः परमो धर्मः— दयानन्दः

ભગવાન મનુએ સદાચારને પરમ ધર્મ કહ્યો છે. તેનો માપદંડ વેદ છે. યથા. અને આ તેનાં વિધિનિષેધ વાક્યો છે.

१. आचार्याधीनो भूत्वा ब्रह्मचर्यं चर वेदमधीष्व । २. रात्रेः पश्चिमे यामे चोत्थाय शौच-दंतधावन स्नान-संध्योपासनेश्वरस्तुति प्रार्थनोपासना योगाभ्यासान्नित्य माचर ३. ब्राह्ममुहूर्ते या निद्रा सा पुण्य क्षय-कारिणी तां वर्जय । ४. मांस रूक्षाहारं मद्यादि पानं च वर्जय । ५. नित्ययुक्ता-हारविहारवान् भव । ६. सुशीलो मितभाषी च भव । ६ नित्यं पित्रोरभिवादनं कुरु ।
આ વિધિ અને નિષેધ વાકયોને સદાચાર માન્યાં છે.

માતા, ભગિની, દુહિતા અને પત્ની એ ચાર પુરૂષ જાતિનાં કલ્યાણ કેન્દ્રો છે. તેમાં પત્નીને ગમ્યા તથા બીજાં ત્રણેને અગમ્યા માન્યાં છે. મોટા ભાઈની પત્ની પણ માતા સમાન કહી છે છતાં નિયોગ પ્રક્રિયામાં તેને ગમ્યા માની છે. વળી બહુશ્રુતઃ બ્રાહ્મણઃ સ્ત્રીઃ બાળકને દેહાંતદંડની સજા કરવામાં આવે છે. આમ સદાચાર એ પરમધર્મ બનતો નથી.

વ્યાસજીએ સત્યને જ પરમધર્મ માન્યો છે. સત્યનિષ્ઠા, ભૂતદયા, તપ, અહિંસા તથા કર્તવ્ય પાલન એ ધર્મનાં અંગ છે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યને જ પરમધર્મ ગણવો એ યોગ્ય નથી યથા. નીતિમાં शठे शाठ्यं समाचरेत् એ નિયમ પ્રમાણે ઘણીવાર જીવનમાં પિતાને પણ સ્થાન આપવું પડે છે. મહાભારતમાં ગુરૂદ્રોણ, ભીષ્મપિતામહ તથા કર્ણની હત્યા અસત્ય આચરણથી કરવામાં આવી અને તે પણ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આ ત્રણે મહારથીઓની હત્યાની કથા દોહરાવવાની અત્રે કદી આવશ્યક્તા નથી. આ હકીકતને સર્વે જાણે છે. વળી ઉપર કહ્યું તેમ આતતાયીને 'प्रच्छन्नो वा प्रकाशो वा हन्यादेवाविचारयन्' । વળી ગાયાદિ નિર્દોષ પશુની રક્ષા અસત્ય બોલવાથી થતી હોય તો તેમ કરવામાં જરાપણ દોષ ગણાતો નથી. આથી વેદવ્યાસનું સત્યનું મહાકાવ્ય સિદ્ધ થતું નથી.

ભગવાન બુદ્ધ તથા મહાવીરે અહિંસાને પરમધર્મ કહ્યો છે. ધર્મ તરીકે અહિંસાનું સ્થાન ઊંચું છે જેમકે વ્યાસે પણ કહ્યું છે 'परोपकारःपुण्याय पापाय परपीडनम्' પણ જ્યારે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય કે સગર્ભામાતા કષ્ટ ક્રમ પ્રસૂતી વેદનાથી પીડાતી હોય. બાળક પેટમાં આડું થઇ ગયું હોય ડોકટરની કોઈ કારી ફાવે નહિ. આવે સમયે માતા અને બાળકનું જીવન ભયમાં હોય છે. અને બાળકની હત્યા કરી માતાને બચાવી લેવાય છે.

વળી હડકાયું કૂતરું સમાજમાં જ્યારે ત્રાસ વર્તાવી રહ્યું હોય છે ત્યારે 'બહુજન હિતાય' તેને મારી નાખવું ઉચિત બને છે. યુદ્ધમાં હજારો સૈનિકોનો નાશ થાય છે. છતાં યુદ્ધ કરવું અનિવાર્ય બને છે. આવા સમયે હિંસાથી ડરી બેસી રહીએ તો દેશ પરતંત્રતાની બેડીમાં જકડાય છે. આ રીતે અહિંસા પણ કદી પરમધર્મ બની શકતી નથી.

સ્વામી દયાનંદ મહારાજે વેદનું પઠન પાઠન તથા શ્રવણ શ્રાવણને પરમધર્મ કહ્યો છે. સંસારમાં ऋत અને सत्य એમ બે પ્રકારના નિયમો જોવામાં આવે છે ઋત અર્થાત્ ઇશ્વરી નિયમ "કાનુને કુદરત" જેમકે કાનથી સાંભળવું આંખથી જોવું માતા પિતાના યોગથી પુત્ર કે પુત્રીનું ઉત્પન્ન થવું. બીજો નિયમ સત્ય જે વિધિ તથા નિષેધ વાકય જે વેદથી જ જાણી શકાય છે. વળી સદાચાર અને દુરાચારનો માપદંડ પણ જેમ પહેલાં બતાવ્યું તેમ વેદ જ છે. ભાઇ બહેન કે પિતા પુત્રીનો સંયોગ સમાજમાં નિંદનીય છે. તેથી તે ભાગ્યે જ કયાંય જોવામાં આવે છે. ત્યારે પતિપત્નીના સંબંધને પ્રજોત્પાદન માટે વેદે પવિત્ર માન્યો છે. આથી એ સિદ્ધ થયું કે ઋત અને સત્ય વેદથી જણાય છે.

વેદદ્વારા કર્તવ્યાકર્તવ્ય સત્યાસત્ય તથા ધર્માધર્મનું જ્ઞાન થાય છે. વળી આપણી સંસ્કૃતિ વેદને આધારે છે. આથી એ સિદ્ધ થયુ કે વેદનું પઠનપાઠન તથા શ્રવણશ્રાવણ પરમાવશ્યક છે. અને વેદથી અવિદ્યા ("अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचि सुखात्मख्यातिरविद्या"–યોગસૂત્ર) નો નાશ થાય છે. અને વિદ્યાનો પ્રચાર થાય છે. જે સર્વથા ઇચ્છનીય છે. માટે વેદપાઠને પરમધર્મ કહેવો યોગ્ય છે. इति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસનું મહત્વ

શ્રી ગોદાવરીબહેન પટેલ
મુખ્યાધિષ્ઠાત્રી–આર્ય કન્યા ગુરુકુલ, પોરબંદર.

માનવજાતને જન્મની સાથે જ કુદરતે કેટલીક વૃત્તિઓ બક્ષિસ કરેલી છે. આ વૃત્તિઓમાં કુતૂહલવૃત્તિની આગવી વિશિષ્ટતા છે. માનવ આજે જે સ્થિતિએ પહોંચ્યો છે, તેના મૂળમાં આ વૃત્તિ જ રહેલી છે. નવું નવું જાણવાની જિજ્ઞાસા ન હોત તો માનવ આટલી પ્રગતિ કરી શકયો ન હોત.

જગતપ્રવાસીઓ કોલંબસ, વાસ્કો ડી ગામા, લીવીંગસ્ટન, ફાઈહિયાન, હ્યુએન સંગ, કેપ્ટન કુક વગેરેને જિજ્ઞાસાવૃત્તિએ જ વિશ્વપ્રવાસમાં ધકેલ્યા હતા. અને આજે આપણે જાણીએ છીએ કે તેને પરિણામે વિશ્વ કેટલું જ્ઞાનસમૃદ્ધ બન્યું છે, કેટલું નિકટ આવી ગયું છે.

આ જ વૃત્તિ વિદ્યાર્થીને પ્રવાસાભિમુખ બનાવે છે. આજનો વિદ્યાર્થી પ્રવાસ ખેડે છે તે આમ તો કોઇ અજ્ઞાતનો પ્રવાસ નથી, શાળા મારફત કે પ્રવાસના પુસ્તકો મારફત તેના વિષે તેને કંઇક જ્ઞાન તો હોય જ છે. પરંતુ આ જ્ઞાનને તે પ્રત્યક્ષ કરવા પ્રવાસે ઊપડે છે. આ રીતે પ્રાપ્ત કરેલું જ્ઞાન વિદ્યાર્થીના અસ્તિત્વનો એક ભાગ બની રહે છે. પુસ્તકના શબ્દો સાકાર બની રહે છે.

ઉપર જણાવેલા વિશ્વપ્રવાસીઓ પોતાના પ્રવાસમાં જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ વિશ્વકિતાબનાં એક પછી એક પૃષ્ઠો તેની નજર સામે ખૂલતાં ગયાં, વિશ્વનું વિરાટ દર્શન તેઓ ક્રમે ક્રમે પામી શકયા.

આજનો વિદ્યાર્થી પ્રવાસે ઊપડે છે ત્યારે કલ્પેલી વાતોનુ તેને વાસ્તવિક સ્વરૂપ જોવા મળતું જાય છે, વિશ્વની વિરાટતાનાં દર્શન થતાં જાય છે. ઉત્તર ભારતમાં ગંગામૈયા અને હિમાલયનો પ્રવાસ કરતાં, દક્ષિણ ભારતમાં કન્યાકુમારી સુધી જતાં, પૂર્વમાં મગધ અને બંગની મુલાકાત લેતાં અને પશ્ચિમમાં દ્વારકેશના દર્શને જતાં પોતે કેવી ભવ્ય સંસ્કૃતિનો વિરાટનો વારસદાર છે તેની તેને પ્રતીતિ થતી જાય છે.

પ્રવાસમાં તેની સાથે સાથીદારો અને માર્ગદર્શક તો હોય જ; ઉપરાંત તેનો સાથ કરવા તેની પોતાની આંતરબાહ્ય શકિતઓનો સંઘ પણ તેની સાથે પ્રવાસે ઊપડે છે.

પ્રવાસમાં અનેક અગવડો વેઠવાની હોય છે. પ્રવાસનું ગમે તેટલું પૂર્વઆયોજન કરેલું હોવા છતાં લાંબા પ્રવાસમાં અણધારી અગવડો પણ આવી પડે છે. અને આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે તેની સૂઝશક્તિ કસોટીએ ચડે છે. 'કોઠાસૂઝ'નો વાસ્તવિક જીવનમાં કેટલો બધો ઉપયોગ છે ? 'કોઠાસૂઝ' આમ તો આત્મશક્તિ છે પરંતુ 'શિક્ષણ' તેને પરિપૂર્ણ બનાવે છે. આજનું શિક્ષણ 'કોઠાસૂઝ'ને ખીલવે તો પણ શિક્ષણનો કેવડો મોટો હેતુ પાર પડી શકે છે ? પ્રવાસમાં સૂઝશક્તિ કેળવવાની મોટી તક રહેલી છે.

પ્રવાસથી પ્રાપ્ત થતું જ્ઞાન એ અનુભવથી મેળવેલું જ્ઞાન છે, પ્રવાસદ્વારા પ્રાપ્ત થતા સંસ્કારો એ પોતાના પ્રયત્નથી પ્રાપ્ત કરેલા સંસ્કારો છે, અને એથી પ્રાપ્ત થતી શક્તિ એ કસોટીએ ચડેલી શક્તિ છે. મગજ કે હૃદય ઉપર આ લાદવામાં આવેલું જ્ઞાન, સંસ્કાર કે શક્તિઓ નથી તેથી તેનો બોજો વિદ્યાર્થીને લાગતો નથી. આ જ્ઞાન, સંસ્કાર અને શક્તિ તેના જીવનનો એક ભાગ બની રહે છે.

પ્રવાસથી આ બધા લાભ તો છે પરંતુ પ્રવાસથી મળતો આનંદ તો એક અનોખો આનંદ છે. પોતાને માટે જે અજ્ઞાત છે તે જ્ઞાત થાય છે, પ્રત્યક્ષ થાય છે. નાનકડા વિદ્યાર્થી માટે અજ્ઞાત ઉપરનો જાણે કે એ વિજય બની રહે છે.

બીજ માનવ્યનું

અડગ નિશ્ચલ હૃદય; ધૈર્ય મેરુ સમું,
પ્રચંડ સાહસ-અબ્ધિ, સ્વપ્ન વણઝાર કૈંક,
સ્વપ્ન નિષ્કામ માનવ્યનું, કરવાં કર્તવ્યો કૈંક,
ઊભા થયાં સ્થાપત્યો, જન માંગલ્યકારી કંઇએ,
ઝણઝણ્યાં સંવેદનો, પથ્થરે પથ્થર અને માનવીએ,
આર્દ્રતા ઉરની કેવી ! સમય ચિર-વિદાયે
વરસી હેલી શ્રાવણની, નાની મોટી સૌ દૃગોએ.
કુલપિતાજી, ખીલ્યા, ખીલવ્યું તમે બીજ માનવ્યનું.

—હરસુખભાઈ આચાર્ય
અધ્યાપક : આર્ય કન્યા ગુરુકુલ
પોરબંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્ય-કલા

લે૦ પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા,
શિલ્પ-વિશારદ

નૃત્ય-કલાના આદિ સ્વરૂપ શિવના તાંડવ નૃત્ય મનાય છે. આથી નૃત્ય-કલાના આદ્ય-પિતા શિવ માનવામાં આવે છે. મહર્ષિ ભરતે નાટ્ય-શાસ્ત્ર પરત્વે એક સમૃદ્ધ ગ્રંથ સંસ્કૃત પદ્યમાં લખેલો છે. આ ગ્રંથ નૃત્યકલાનો પ્રમાણભૂત ગ્રંથ મનાય છે. વાદ્ય, તાલ, ગીત, સપ્તસ્વરાદિના ભેદ અને તાંડવ આદિ નૃત્ય-કલાના રૂપમાં '**अपराजित-सूत्र**' નામના શિલ્પ ગ્રંથમાં નિરૂપણ કરેલ છે. ઉગ્ર તાંડવની સાથે લાસ્ય તાંડવનો પણ ઉલ્લેખ છે.

શાસ્ત્ર-કારોએ નૃત્યના અંગભંગથી થતા અનેક ભેદોના વર્ણન આપેલા છે, પાદ, તાલ, કટિ, વક્ષ, ગ્રીવા, બાહુ, મુખ, નાસિકા અને દૃષ્ટિથી વ્યક્ત થતા ભાવ અને ભ્રમર રેખાથી પ્રગટ થતો ભાવ નૃત્ય-કલામાં થનાર અંગ-ભંગ દ્વારા અભિવ્યક્ત થાય છે.

નૃત્ય-કલામાં મુખ, હાથ, દૃષ્ટિ અને અંગ-ભંગના અભિનયની મહત્વની મુદ્રા મનાય છે. નૃત્ય, સંગીત અને તાલ એ સર્વ એકબીજાના પૂરક છે. તાંડવ નૃત્ય સામાન્ય નૃત્ય નથી, પરંતુ એ તો શિવનો પ્રલયકારી નૃત્ય છે. દ્રવિડ પ્રદેશોમાંના સ્થાપત્યમાં શિવ તાંડવની રૂદ્ર પ્રતિમા ઘણી જગ્યાએ જોવા મળે છે. ચિદમ્બરના નટરાજ મંદિરમાં ૧૦૮ પ્રકારના નૃત્ય સ્થાપત્યમાં અંકિત કરેલા છે. ઉત્તર ભારતમાં નટરાજની પ્રતિમાઓનું દક્ષિણ પ્રદેશના સમાન પ્રાધાન્યતવ નથી. ત્યાં શિવ-લિંગની પૂજાનું વિશેષ મહત્વ છે. દ્રવિડમાં પણ લિંગ-પૂજા તો છે જ.

કટિ-સમ નૃત્ય દ્રવિડ પ્રદેશમાં; લલિત-નૃત્ય ઇલોરામાં, લલાલ તિલક કાંજીવરમ્‌માં અને ચતુરમ્ તંજોરમાં પ્રચલિત છે. શિવ-નૃત્યમાં સૃષ્ટિની ઉત્પત્તિ, રક્ષા, અને સંહારનું મિશ્ર સ્વરૂપ સમાયેલું છે.

નૃત્યમાં વાદ્ય, તાલ અને ગીતનો મેળ હોય, તો જ આનંદ આપે છે આજકાલ મૂક-નૃત્યના પ્રયોગો ચાલી રહ્યા છે. પરંતુ તેમાં એટલો રસ ઉત્પન્ન થતો નથી. મુખ દ્વારા ગીતથી આલાપનો નિર્ણય થાય છે. નૃત્યમાં ભાવાનુસાર ભાવ સંક્રાંતિ પણ થવી જોઇએ. એ કેવળ કઠપુતલીનું નૃત્ય નથી પરંતુ હાથથી અર્થભાવની કલ્પના થાય છે, એ સર્વ નૃત્ય લક્ષણ છે.

આલિંઢ્ય, પ્રત્યાલિંઢ્ય, અને ઉત્કટિક એ સર્વ પાદ મુદ્રાઓનું નૃત્ય-કલામાં નિશ્ચિત સ્થાન છે.

**यतो हस्तस्ततो दृष्टिर्यतो दृष्टिस्ततो मनः ।
यतो मनःस्ततो भावो यतो भावस्ततो रसः ॥**

નૃત્યમાં હાથ જે વિષયનું સૂચન કરે તે વિષયનું સૂચન દૃષ્ટિ કરે છે. અને દૃષ્ટિ જેવું સૂચન મન કરે છે અને મન અને ભાવ જેવો રસ ઉત્પન્ન થાય છે.

**आस्येऽऽनालंबयेद् गीतं,
हस्तनार्थं प्रकल्पयेत् ।
चक्षुभ्यां च भवेद् भावो,
पादाभ्यां ताल-निर्णयः ॥**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્યમાં હસ્ત, પાદ (પગ), મુખ, અને શરીરના અવયવોની મુદ્રાઓ ભાવાભિવ્યક્તિનું પરમ સાધન છે. વિશેષતઃ ભાવ–ભાષા દ્વારા પ્રગટ થાય છે, પરંતુ નૃત્યની મુદ્રાઓ મૂક હોઇ તે ભાવાભિવ્યક્તિનું સર્વોત્તમ સાધન છે. મુખથી ગીતનો નિર્ણય થાય છે, હાથથી અર્થ ભાવની કલ્પના થાય છે, દ્રષ્ટિથી પણ ભાવની કલ્પના થાય છે અને પગથી તાલનો નિર્ણય થાય છે.

भङ्गो भङ्गे मुखं कुर्यात् हस्तो दृष्टिं च वर्तते ।
हस्तकार्यं भवेल्लोके कर्मणोभिनयोक्तिलम् ॥

—देवता-मूर्ति-प्रकरणम् ।

નૃત્ય કરતા સમય જેમ જેમ અંગભંગ થતા રહે છે, તે રીતે મુખ, હાથ અને દૃષ્ટિનું હલન–ચલન થાય છે.

શ્રી સવિતાબેન મહેતાની નૃત્ય સાધના અનેક વર્ષોની છે. તેમની કદર ગુજરાત લલિત-કળા એકેડેમી તરફથી બહુમાન સાથે થઈ. પરંતુ ભારત સરકારે તેમને તેમની આ સાધના બદલ પદવી પ્રદાન કરવી જોઇતી હતી. તે ભવિષ્યમાં થશે એમ માનવું રહ્યું.

વીણેલાં મોતી

૧ શૌર્ય કરતાં ધૈર્યનો વિજય હમેશાં વધુ ગૌરવભર્યો હોય.

૨ ગુલાબમાં કાંટા જોઇને દુઃખી થવું તેનાં કરતાં કાંટાળા છોડ પર પણ ગુલાબ ખીલતાં જોઈ હર્ષિત કાં ન થવું?

૩ આપણે જીવનમાં જમા મૂક્યું હશે એથી વધુ એ નહીં આપી શકે.

૪ જ્ઞાન એ સુખમાં ભૂષણ છે, દુઃખમાં વિસામો.

૫ આ ચાર વસ્તુ કદી પાછી નથી આવતી : બોલેલું વેણ, છૂટેલું તીર, ગુમાવેલી તક અને વીતી ગયેલી પળ.

૬ ગ્રહણમાં નહીં પણ અર્પણમાં પ્રેમનો સાચો વિકાસ છે.

૭ તમારા જે હાથ તે કર્મ માનો, તમારા જે પાય તે ભાગ્ય જાણો,
તમારું હૈયું જ છે બ્રહ્મ લેખ, એથી જુદું છે ન પ્રારબ્ધ કોઇ.

૮ રસ્તા પાડે જે નવા તે જવાન, ચીલે ચીલે તો બધાથી ચલાય,
ખેંચી કાઢે આખયું તો બધાય, જીવી જાણે જિંદગી તે જવાન.

૯ મધ્યમ માર્ગ :–

સદ્ગુણનું સાચું સ્વરૂપ મધ્યમ માર્ગમાં રહેલું છે. હિંમતનો મહાન ગુણ એ કાયરતા અને ઉતાવળાપણું એ બે વચ્ચેનો મધ્યમ માર્ગ છે.

રણ તો ધીરાનું ધીરાનું,
નહીં ઉતાવળા કાયરનું.

સંગ્રાહક : શ્રી ગોદાવરીબહેન પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ મ ર વા ણી

સંગ્રાહક : જગજીવન ર. માવદીઆ

"ઇશ્વર દરેક કાર્યનો સાક્ષી હોવા છતાં આપણે જૂઠું કેમ બોલીએ ? જૂઠ કેમ આચરીએ ? કોઇ પણ પાપ કેમ કરીએ." ?

— ગાંધીજી

o o o o

"જે સેવાની પાછળ તાળીના અવાજ નથી પણ પ્રભુના આશીર્વાદ છે. તે સેવા તે શાંત, ગરવી, પ્રભુ પ્રીત્યર્થ સેવા; પરમાત્મા એવી સેવા સાધવાની શક્તિ આપણને આપો."

— મ. મો.

o o o o

"श्रद्धा को प्राणों में खींचकर जो ज्ञान प्राप्त किया जाता है वही मुक्तज्ञान है। श्रद्धा ज्ञान का प्राणकोश है, उसके बिना ज्ञान शवमात्र है।"

— राजगोपालाचारी

o o o o

"કામ કરતી વખતે મનમાં સમજી રાખવું કે તમે જે કંઇ કરો છો તે ઇશ્વર પડે જુએ છે. વાત કરતી વખતે સ્મરણમાં રાખવું કે તમે જે કાંઇ બોલી રહ્યા છો તે ઇશ્વર પોતે સાંભળે છે અને મૌનાવસ્થામાં પણ એ યાદ રાખવું કે તમે જે કાંઈ વિચાર મનમાં કરી રહ્યા છો તે સુદ્ધાં ઇશ્વર જાણે છે."

— પુનીત મહારાજ

o o o o

"પોતાનાં સુખ, આરામ અને ફાયદા માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકાર રહેવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાનાં અંતરને ઢંઢોળી જોવું જોઇએ કે મેં મારા સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું." ?

— કાકા કાલેલકર

o o o o

"તલવાર મહાન છે પણ સોય એનાથીયે વધુ મહાન છે. તલવાર કાપે છે, અલગ કરે છે. સોય સાંધે છે, જોડે છે, કાપવું, અલગ કરવું એ તો ઘણું સરળ છે, સાંધવું, મેળાપ કરી આપવો એ જ મુશ્કેલ છે.

તલવાર મહાન છે, પણ સોય એથીયે વધુ મહાન છે."

o o o o

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपने लिये तो सभी जीते हैं, कमाते हैं और जोड़ते हैं परंतु उनका जीवन धन्य है जो सच्चे और पवित्र मनसे अपने साथियों, भाईओ और बहनो कि लिये कुछ करते हैं ।

— स्वामी विवेकानंद

o o o o

મારો ઉદ્દેશ એ છે કે શિક્ષણથી બાળકોના શારીરિક, બૌદ્ધિક તેમજ ચારિત્ર્યક વિકાસ થવો જોઇએ. માત્ર પંડિત બનાવે તે શિક્ષણ નથી.

શિક્ષણ તો એ છે કે જેનાથી બાળકની આંતરિક શકિત અને સૌન્દર્ય-ભાવનાનો વિકાસ થાય, અને તેથી શિક્ષણની શરૂઆત કાર્યથી થવી જોઈએ.

— ગાંધીજી

o o o o

આપણા હાથ પહોંચે ત્યાં સુધી જે હોય તેમનું યથાશકિત ભલું કરવું, એ કાર્યમાં જ આનંદ અને સુખ મેળવવાં ને તેનાં વિષે સર્વજ્ઞ ભગવાનમાં ભરોંસો રાખવો એ જીવનનો સર્વોત્તમ ઉપયોગ કરવાનો એક જ માર્ગ છે.

— ગોવર્ધનરામ ત્રિપાઠી

o o o o

નાનાં અને તુચ્છ લાગતાં સેંકડો નાનાં નાનાં કાર્યોમાં આપણા સ્વભાવ અને સૌજન્યની ઓળખ થઈ જાય છે, આપણી વિશેષતાઓ અને મર્યાદાઓ પ્રકટ થઇ જાય છે.

— વિનોબા ભાવે

o o o o

સ્વાભિમાન અને આત્મવિશ્વાસ એ ચારિત્ર્યનાં અત્યંત જરૂરી અંગો છે. પરંતુ જ્યારે સ્વાભિમાનની માત્રા વધે છે અને અતિમાનનું રૂપ લે છે, આત્મગૌરવ જ્યારે ગર્વનું રૂપ લે છે ત્યારે મનુષ્ય આંધળો બને છે અને પડવા લાગે છે.

— સોપાન

o o o o

"શિક્ષક–વિદ્યાર્થીના સંબંધો સારામાં સારી રીતે કેળવાય તે માટેનો સમયગાળો વધારેમાં વધારે શિક્ષણની ક્રિયા ચાલતી હોય છે તે પરિસ્થિતિમાં મળતો હોય છે."

— હરભાઈ ત્રિવેદી

o o o o

"તમારા બોલવામાં, ચાલવામાં, હસવામાં કોઇ પણ રીતે અતિશયતા કે કોઈ દોષ ન દેખાવો જોઇએ તમારા વિનોદમાં હૃદયનું માધુર્ય, પ્રેમ અને જ્ઞાનનો સુમેળ હોવો જોઇએ. જેના તમે વિનોદ કરો તેને પણ તેથી આનંદ થવો જોઇએ. અને દુઃખ તો કદી ન થવું જોઇએ. તેને જ નિર્દોષ આનંદ કહી શકાય. કોઇની મશ્કરી કરીને અથવા તેને ચીડવીને કે દુઃખ દઇને તમે વિનોદ કરતા હો કે આનંદ માણતા હો તો તે વિનોદ નહીં પણ દુષ્ટતા કહેવાશે."

— સ્વામી કેદારનાથજી

o o o o

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પૂ. કુલપિતાજીના જન્મોત્સવ પ્રસંગે સંબોધન કરતાં આચાર્યા પૂ. દીદી (૧૯૬૭)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સ્મૃતિ–મંદિરનો મુખ્ય દરવાજો—પૂ. આચાર્યા શ્રી દીદીના માર્ગ–દર્શન નીચે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધેય પૂ. કુલપિતાજીની પ્રથમ નિર્વાણ તિથિ ઉપર પૂ. દીદી દ્વારા તૈયાર કરાએલ ભાવાત્મક શ્રદ્ધાંજલિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते

श्री दीनदयालु जोशी शास्त्री
अध्यापक, आर्य कन्या गुरुकुल, पोरबन्दर

सनातन धर्म महासभा गगन में महामना पण्डित मदनमोहन मालवीय जी यदि सूर्य थे जो गोस्वामी गणेशदत्त जी महाराज चन्द्रमा। उनके अस्त होने के पश्चात् पुनः वैसे सूर्यचन्द्र उदय नहीं हुए। उनका तप एवं त्याग, ज्ञान एवं विज्ञान, महत्व एवं व्यक्तित्व, उमङ्ग एवं उत्साह, निश्चय एवं धैर्य, दान एवं मान उनके साथ ही विलीन हो गये। अपने निकटतम सम्पर्क में आनेवाले विश्वस्त, नम्र एवं भक्त व्यक्ति को गोस्वामी जी महाराज एक विचित्र किन्तु सत्य घटना सुनाया करते थे। वे कहते थे कि इस घटना को मैंने प्रातःस्मरणीय श्रद्धेय पूज्य मालवीय जी के मुखारविन्द से सुना। घटना निम्न प्रकार है :—

श्रीमान् मालवीय जी कहते थे कि "हम दोनों—मैं और पण्डित मोतीलाल जी नेहरू—एक ही नगर प्रयाग में रहते थे। हमारा पेशा भी एक था—वकालत। दोनों ब्राह्मण थे। दोनों में गहरी मैत्री थी। सायंकाल दोनों प्रायः एक साथ भ्रमण करने के लिए गंगा के किनारे दूर तक निकल जाते थे। अनेक बातों में हम में समानता थी। विषमता केवल यह थी कि सन्तान स्वरूप उनके सुताएँ तो थी किन्तु कोई सुत नहीं था। फलतः वे इतने ही दुःखी एवं चिन्ताग्रस्त रहते जितना महाराज दशरथ। राजा दशरथ की भान्ति उन्होंने अनेक उपाय भी किये थे। दान दिये, यज्ञ किये, मनौतियाँ मनाईं, ज्योतिषियों से पूछा, किन्तु उन्होंने टका सा जवाब दिया कि आपके भाग्य में पुत्र सन्तति का नितान्त अभाव है। वे मेरे पास अपना रोना रोते परन्तु जो बात विधाता के हाथ में है उसमें मनुष्य का क्या वश। मुझे भी उनके पुत्र न होने का महान् दुःख था। मैं समय समय पर उनको आश्वासन देता रहता था।

एक दिन पूर्ववत् हम भ्रमण करने निकले। गंगा का शीतल-मन्द-सुगन्ध पवन मन को आह्लादित कर रहा था। जल की छप-छप, कल-कल ध्वनि कानों में अमृत घोल रही थी, भागीरथी का विशाल प्रवाह सुदूर स्थित दोनों तटों को छूता हुआ अस्ताचल-गामी भगवान् भास्कर की स्वर्णमय किरणों में प्रतिविम्बित होता हुआ नयनामिराम दृश्य से नयनों को तृप्त करता था। मनोमुग्धकारी प्राकृत शोभा को देखते हुए हम आगे ही आगे बढ़ते चले जा रहे थे। लौटने का विचार तक मन में उत्पन्न नहीं हो रहा था। वस्ती बहुत पीछे छूट गयी थी। तब हम वन के समीप थे। इतने में हमने देखा कि एक महात्मा वृक्ष से नीचे उतरे गंगा में जाकर अञ्जलि भर कर पेट भर जलपान किया और पुनः वृक्ष पर चढ़ गये। तत्काल हम भी उस वृक्ष के नीचे गये। दोनों ने महात्मा जी को दण्डवत् प्रणाम किया।

मैंने महात्मा जी से कहा— "महाराज! आज आपके पुण्य पवित्र दर्शनों का सौभाग्य प्राप्त कर हम कृतकृत्य हो गये हैं। न जाने यह हमारे किस सुकृत का सुफल है। हम संसारी मनुष्य माया-मोह में पडे अनेक कष्टों को भोगते रहते हैं। अपने विषय में मैं आप

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

से कुछ नहीं कहता । ये मेरे मित्र हैं, यद्यपि आपसे कोई बात छिपी हुई नहीं है तथापि कहना मैं अपना कर्तव्य समझता हूँ । सन्तान का अभाव इनको अत्यन्त दुःख का कारण बना हुआ है । आप से नम्र निवेदन है कि इनको पुत्र प्रदान कर सन्तान सुख का भागी बनाने की कृपा करें ।

कुछ देर चुप रह कर महात्मा जी बोले—" मैं किसी का भाग्य-विधाता नहीं हूँ । जब इनके भाग्य में पुत्र नहीं तो तब मैं कैसे इनको पुत्र दे सकता हूँ । कृपया आप लोग स्वस्थान लौट जाइये । मेरे शान्त एकान्त जीवन में विघ्न-बाधा न कीजिए । "

मैंने फिर कहा—" महाराज ! आप क्या नहीं कर सकते ? अब जब आपके पादपद्मों में पहुँचे हैं तो खाली हाथ नहीं लौटेंगे । " इस प्रकार मेरे अनुनय विनय करने पर वे बोले—" अघटित घटना घटीयान् पटीयान् परमात्मा की लीला अपरम्पार है । क्या उसको यह स्वीकृत है ? महान् त्याग करना होगा इसके लिए । अस्तु पुत्र उत्पन्न होगा । यशस्वी, तेजस्वी, वर्चस्वी एवं मेधावी । या तो सिद्ध-पुरुष या बड़ा राजनीति पण्डित । प्रतीक्षा कीजिए । "

हम लौटे । पं. मोतीलाल बड़े प्रसन्न थे । वैसे ही जैसे कामधेनु-नन्दिनी नन्दिनी से वर प्राप्त करने पर महाराज दिलीप । दूसरे दिन भी हम वहाँ घूमते हुए पहुँचे । देखा कि वृक्ष के नीचे महात्मा का शव पड़ा हुआ था । हमने शव का विधि-पूर्वक संस्कार किया । इधर स्वरूप-रानी सगर्भा हुई । समय बीतने पर उनकी कुक्षि से पुत्ररत्न का जन्म हुआ । वही पुत्र संसार में पण्डित जवाहरलाल नेहरू के नाम से प्रसिद्ध हुआ ।

(२)

